# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## ભાગ-૮૦

ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા,
જૈન શ્રમણ

### પ્રકીર્ણ પ્રસાદ-૫

પ્રભાવ સામ્રાજ્ય પ.પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.

આઈ બસો ભગવાન



શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાન

(કાળુશીની પોળ – અમદાવાદ)



જેની ભક્તિ કરતાં

પામ્યા પંચમ પદ

પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મહારાજા

## શ્રદ્ધાંજલી



પૂ.આત્મારામજી મહારાજ



પૂ.આ.શ્રી કમલસૂરિ મહારાજ



પૂ.આ.શ્રી પ્રેમસૂરિ મહારાજ



પૂ.આ.શ્રી દાનસૂરિ મહારાજ



પૂ.ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મ.સા.

કૃપા માંગના કામ હૈ કચ્ચા,
કૃપા પાત્ર બનના કામ હૈ સચ્ચા...







સા.શ્રી હંસકીર્તિશ્રીજી (બેન મ.સા.) તથા સુમિત્રાબેન ચતુરભાઈ (સંસારી ભાભી) સ્વ. પૂ. ગુરુદેવશ્રીની ઊપાધિ ને સ્વસ્તિક લેખન કરી રહ્યા છે.



# અંતિમ પળે નયન ભક્તોના ઝળહળે



# ક્યાં ગોતુ સરનામું











# ગુરુમા, ગુરુમા...

# શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિર ખનન વિધિ કરતાં શ્રેષ્ઠીજનો
## શુભદિન : અષાઢ સુદ-૧૧, વિ.સં. ૨૦૫૨, સવારે ૫.૪૫ કલાકે





આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરિશ્વરજી જૈન સ્મૃતિમંદિરના ખાતમુર્હૂત પ્રસંગની તસ્વીરમાં શેઠ શ્રેણિકભાઈ, રજનીકાંતભાઈ, લલિતભાઈ કોઠારી, કુમારપાળ શાહ વગેરે દ્રષ્ટિ ગોચર થાય છે.

## જૈન સ્મૃતિ મંદિરના ખાત મુર્હૂત પ્રસંગે જૈનોની વિશાળ હાજરી

અમદાવાદ,તા.૧૯ આજે સવારે ૫-૩૦ કલાકે અમદાવાદના પાલડી વિસ્તારમાં પંકજ સોસાયટીમાં ભવ્ય ગુરૂમંદિર તથા વિશાળ ઉપાશ્રયનું ખાતમુર્હૂત શેઠ શ્રેણિકભાઈ કસ્તુરભાઈ રજનીકાંત કેશવલાલ, લલિતભાઈ કોઠારી, પ્રકાશ ભાઈ ઝવેરી, વગેરેના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કુમારપાળ વી. શાહે પૂ.શ્રીની ઓળખાણ કરાવતા 'સાદું જીવન એનુ નામ સાધુ'એ કેન્દ્રમાં રાખી રોચકભાષામાં વક્તવ્ય આપ્યું હતું. શેઠશ્રી શ્રેણિકભાઈએ સાહિત્યથી પોતાના જીવનમાં આવેલ પલટાને જણાવી સૌને સાહિત્ય વાંચવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે પૂ.પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી મહારાજ આદિ વિશાળ સાધુ-સાધ્વીજી તેમજ જૈનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમનું સંચાલન કલ્પેશ વી. શાહે તથા આભારવિધિ ભરતભાઈ માણસાવાળાએ કરી હતી.







# શ્રેષ્ઠીવર્યોનું સન્માન...














## વિધિ

સ્તુતિ, ગુરુવંદન, પૂજન, પ્રદક્ષિણા, મંત્રનો ૨૭ / ૫૪ / ૧૦૮ વાર જાપ

## સ્તુતિ

શ્રી દાનપ્રેમસૂરિ ગચ્છનભે સુજાણું,
વંદુ સદા સૂરિવરા ભુવનૈકભાનુ
માંગુ કૃપા તુમ તણી ગુરુદેવ આજે,
દો ધર્મલાભ મુખથી શિવરાજ કાજે.

**મંત્ર - ૐ હ્રીઁ શ્રી ભુવનભાનુસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ**

# ગુરુસ્મૃતિ





સ્મૃતિ ગ્રંથ


સ્મૃતિ મંદિર


સ્મૃતિ મહોત્સવ

**એક એવા મહોત્સવ ! જયાં બધી ખૂબીઓ વચ્ચે એક જ ઉણપ હતી,**
**"હતો જેના એ અવસર, સદેહે તેની ત્યાં હાજરી નહોતી"**






આ કોઈ દેલવાડાનું દેરું છે ?
ગિરનારનું કોઈ ગિરિમંદિર છે ?
કોરણી મઢ્યું કોઈ જુગ જૂનું જિનાલય છે ?
ના... ભાઈ... ના...
આ તો ભુવનભાનુનગરનાં ભૂષણ સમું
દાદા પારસનાથનું દેરું છે !



દરવાજે આંખો ચોંટી જાય, મંડપડે મહોત્સવ વીતી જાય.



આવી તંબૂનગરીઓમાં ૧૫૦૦ સાધુ-સાધ્વી અને ૫૦૦૦ શ્રાવક-શ્રાવિકાઓએ આઠ આઠ દા`ડાના પડાવ નાંખ્યા હતા.



કલાત્મક ચબૂતરાઓથી મઢેલો ભુવનભાનુનગરનો રાજપથ

# યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં



મંડાયેલી હજારો આંખોને કરુણામૃત પાતી આ બે આંખડીઓએ અને જોડાયેલા હજારો હાથોને આશીર્વાદથી પ્રતિસાદ આપતા આ બે હાથોએ ભુવનભાનુનગરનાં ખૂણેખૂણાને હર્ષ, હેત અને હૂંફથી ભરી દીધો હતો.



એક યુગપુરુષની પ્રેરક સ્મૃતિઓને
ઢંઢોળતું આ ધબકતું ધર્મસ્થાન
અમદાવાદનું આભરણ બની ગયું છે.





ગુરુમંદિરમાં બિરાજમાન થતા
પહેલાં જ હજારો હૃદયમંદિરમાં
જેની પ્રતિષ્ઠા થઈ ચુકી હતી
તે પતિતપાવન ગુરુમૂર્તિ

પૂજામૂલં ગુરોઃ પદમ્ ।।

શ્રમણવૃંદ





પ્રવચન મંડપના કેન્દ્રસ્થાને...

દરિયા જેવડા મહોત્સવ મંડપને પણ જે ચતુર્વિધ સંઘના મહેરામણે નાનકડા માંડવા જેવો બનાવી દીધો હતો.



શ્રાવકવૃંદ



શ્રાવિકાવૃંદ



સાધ્વી વૃંદ

# વિરાટ પ્રદર્શનમાં ભારતભરના કલાકારોએ પાથરેલો ધર્મપ્રેરક કલાવૈભવ







હાથીનું નિદર્શન, નયવાદનું દિગ્દર્શન



જંબૂવૃક્ષ અને ષડ્લેશ્યાનું મનોવિજ્ઞાન



ચાંદની ઢોળાય ધરતી પર...
ચિંતન ઢોળાય પાના પર...

## ભૂરીમાતાનું હાલરડું

પૂરવના કોઈ પ્રચંડ પુણ્યે, પામ્યો તું નર અવતાર
અર્જન પુણ્યનું કરવા કાજે, નરભવ મોટી બજાર
માંડી દેજે હાટડી રુડી, ઊભી કરજે પુણ્યની મૂડી...
હાલો હાલો લાડીલા લાલ, અંતરિયે ઉભરાયા વા'લ...૧

પ્રભુ-સેવા ગુરુવંદન ને, હૈડે ધરજે નવકાર
જિનની આણ શિરે ચડાવી, ઉતારજે કર્મનો ભાર
દીપાવજે કૂખ તું મારી, થાઉં ધન્યમાતા હું તારી...
હાલો... ૨

લલાટ તારું તેજ-ચમકતું, લક્ષણ અંગ અપાર
પૂરવનો કોઈ સાધક યોગી, આવી ચડ્યો મુજ દ્વાર
સાધના અધૂરી કરજે પૂરી, હાલરું ગાય માતા ભૂરી...
હાલો... ૩



જૈનોની જીવદયા



જૈન શ્રમણનો સાધનાપથ



આહાર શુદ્ધિ

શું આ ટમટમતા તારલાઓથી મઢેલું આકાશ છે ?
ના, ભુવનભાનુનગરની સમૂહ આરતીની એક ઝલક છે.













आचार्य विजयभुवनभानु सूरिश्वरजी म.सा. स्मृति मंदिर प्रतिष्ठा महोत्सव शुरु







જન્મસ્થળથી સમાધિસ્થળ સુધીની જે વિરાટ શોભાયાત્રાએ
હજારો હૈયામાં ધર્માનુરાગનાં બીજારોપણ કરી દીધા હતા.





૬ કિ.મી.
લાંબો
વિહાર માર્ગ

૬ કલાક
ચાલેલી
શોભાયાત્રા



પ્રાચીન
કલાસંસ્કૃતિના
રખોપાઓનો
ઊતરી
પડેલો
રસાલો






ઇન્દ્રપુરી પૃથ્વીતલ પર
ઊતરે તો કેવી લાગે ?
તે પ્રશ્નનો જવાબ જ્યાં જડતો
તે ભુવનભાનુનગરની ઝલકો

॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા

તથા

## જૈન શ્રમણ

### પ્રકીર્ણ પ્રસાદ-૫

## ભાગ-૮૦

:: પ્રભાવ સામ્રાજ્ય ::
ન્યાય વિશારદ,
સૈંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

:: પ્રકાશક ::
કુમારપાળ વિ. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૮૦)

# પ્રકીર્ણ પ્રસાદ-૫

**શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા તથા જૈન શ્રમણ**

**:: શુભાશિષ ::**

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય શ્રી વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા

**:: સંપાદન ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી **પદ્મસેનવિજયજી** મ.સા.

**પ્રથમ આવૃત્તિ :** ૨૫૦ **કિંમત :** ૧૫૦/-

**વિમોચન :** મહા સુદ-૧૩, વિ.સં.૨૦૭૨, તા.૨૦-૦૨-૨૦૧૬,શનિવાર
ગચ્છાધિપતિ પૂ.આચાર્યદેવ શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજાનો ૩૩મો આચાર્ય પદ દિન

**:: પ્રાપ્તિસ્થાન ::**

| | | |
|---|---|---|
| **દિવ્યદર્શન ટ્રસ્ટ** | **દિવ્યદર્શન ટ્રસ્ટ** | **શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાનશાળા** |
| ૩૯, કલિકુંડ સોસાયટી, | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, |
| ધોળકા. ફોનઃ૦૨૭૧૪-૨૨૫૪૮૨ | સેટેલાઈટ, અમદાવાદ | નવકાર જૈન દેરાસર સામે, |
| | ડૉ. સંજયભાઈ-સુરત | વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| | ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**

૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ) ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક

**જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)**

૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૧૪.
મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪ ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

# : પ્રકાશકીય :

અપ્રમત્ત, મૈત્રીભાવના સ્વામી, અનાસક્ત યોગી **પ.પૂ.આ.શ્રી વિ. ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાએ જીવોના રગેરગમાં જિનશાસનને વસાવવા, શાસન પ્રભાવનાના ઉત્કૃષ્ટ કાર્યો સાથે ચાંદનીના પ્રકાશમાં પણ, પોતાની નિદ્રાનો ત્યાગ કરી જે ચિંતનો લખેલા હતા તે દિવ્યદર્શન ટ્રસ્ટ વતી દિવ્યદર્શન સાપ્તાહિકમાં છપાયેલા હતા.

વર્તમાનકાળમાં સકલ સંઘના કલ્યાણઅર્થે **શ્રી ભુવનભાનુ-સૂરિજન્મશતાબ્દીનું નિમિત્ત પામી** જેઓશ્રીની સતત કૃપા અમારા ટ્રસ્ટ ઉપર છે એવા સુવિશાલ ગચ્છાધિપતિ **પ.પૂ.આ.શ્રી વિ. જયઘોષસૂરીશ્વરજી મહારાજા**ના આશિષ પામી તેમના શિષ્યરત્ન **પ.પૂ.આ.શ્રી વિ. જયસુંદરસૂરીશ્વરજી મહારાજા**ના માર્ગદર્શન હેઠળ તે અમૂલ્ય ચિંતનો-પ્રવચનોનો રસથાળ **"ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા"**માં સંગૃહિત કરવાનું નક્કી કર્યું છે. ભાગ-૫૭ થી ભાગ-૬૩ તથા ભાગ-૭૬ થી ભાગ-૭૯માં પૂ. ગુરુદેવશ્રીની કલમે લખાયેલ સાહિત્યનો સમાવેશ કરવામાં આવેલ છે. આ વિભાગમાં પૂ.આચાર્ય શ્રી વિ. ભુવનભાનુસૂરિ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ, ભુવનભાનુ એનસાઈક્લોપીડિયામાં આવતા કથાનકોની 'અ'કારાદિ અનુક્રમણિકા તથા પૂ. ગુરુદેવશ્રીના માર્ગદર્શન-પ્રેરણાથી તૈયાર થયેલ 'જૈન શ્રમણ' પુસ્તકનો અત્રે સમાવેશ કરવામાં આવ્યો છે.

વર્ષોથી સ્વર્ગસ્થ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનન્ય ભક્તિ-વૈયાવચ્ચ કરનાર **પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.** એ પુર્નમુદ્રણ માટે પરિમાર્જન કરી આપ્યું તે બદલ તેઓશ્રીને ખૂબ ધન્યવાદ.

આ સેટના મુદ્રણમાં જ્ઞાનખાતાનું દ્રવ્ય વાપરી સુકૃતના સહભાગી બનેલા સંઘો તથા વ્યક્તિગત લાભ લઈ સંપત્તિનો સદુપયોગ કરવા બદલ ભાગ્યશાળીઓનો તથા ગ્રંથનું ટાઈપ સેટીંગ તથા મુદ્રણ કરનાર **જય જિનેન્દ્ર ગ્રાફીક્સ, અમદાવાદ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)** ના અમે આભારી છીએ.

આ પુસ્તકમાં કોઈ પણ પ્રિન્ટિંગાદિ ભૂલ રહી ગયેલ હોય તો પ્રબુદ્ધજનો જણાવીને અનુગ્રહ કરશો.

**કુમારપાળ વિ. શાહ**

# સુકૃત અનુમોદન

## પરમ પૂજ્ય સાધ્વીજી
## શ્રી ચંદનબાલાશ્રીજી
## મહારાજ સાહેબની પ્રેરણાથી
## જેઠાભાઈ પાર્ક, અમદાવાદ
## જૈન ઉપાશ્રયની
## બહેનો તરફથી

આ પુસ્તક પ્રકાશનમાં
જ્ઞાનદ્રવ્યનો સદ્વ્યય કર્યો છે.

**ધન્યવાદ...**

॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષસૂરીશ્વર સદ્ગુરુભ્યો નમઃ ॥

# શ્રી ભુવનભાનુસૂરીશ્વર સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા

:: પ્રભાવ સામ્રાજ્ય ::
ન્યાય વિશારદ,
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

:: પ્રકાશક ::
કુમારપાળ વિ. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા, (અમદાવાદ)

## સાદર સમર્પણ

પ્રતિછાયાની જેમ આજીવન વડિલબંધુ પૂજ્યપાદ મુનિ/ પંન્યાસ શ્રી **ભાનુવિજય** ગણિવરની શાસનપ્રભાવનાદિ સાધનામાં ખભેખભા મિલાવીને પૂર્ણ સહયોગ દાખવનારા વિદ્વદ્વર્ય મુનિ-શ્રાવકસ્થિરી-કરણ કુશલ બ્રહ્મનિષ્ઠ તપસ્વી...

**પ.પૂ. પદ્મવિજય** ગણિવરશ્રીના કરકમલમાં

**સમ્પૂર્ણ ભાગ-૧ થી ૮૦**

**ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયાનું**

**સાદર શ્રદ્ધાંજલિ સમર્પણ**

**• શુભાશિષ •**

સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા

તથા તેઓશ્રીના શિષ્ય પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **જયસુંદરસૂરીશ્વરજી** મહારાજા

**• સંપાદક •**

પ.પૂ. પંન્યાસ શ્રી **પદ્મસેનવિજય** મ.સા.

**પ્રથમ આવૃત્તિ :** ૨૫૦ **કિંમત :** ૫૦/-

**:: પ્રાપ્તિસ્થાન ::**

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા. ફોનઃ૦૨૭૧૪-૨૨૫૪૮૨

**શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ.વી.રોડ,ઈર્લા-પાર્લા (વેસ્ટ)

**દિવ્યદર્શન ટ્રસ્ટ**
૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો,
સેટેલાઈટ, અમદાવાદ

**ડૉ. સંજયભાઈ-સુરત**
૯૮૨૫૧ ૨૧૪૫૫

**શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાનશાળા**
૩૬, જ્ઞાનમંદિર સોસાયટી,
નવકાર જૈન દેરાસર સામે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭
મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ)

**ટાઈપ સેટીંગ - મુદ્રક**

જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર) અમદાવાદ.

# અનુક્રમણિકા


| વિગત | પૃષ્ઠ |
|---|---|
| ● ૭૩ મી પાટે આવેલ વીસમી સદીના અજોડ શાસનપ્રભાવક સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ સાહેબ | ૧ |
| ● સદ્ધર્મરક્ષક, પ્રૌઢપ્રતાપી, નિસ્પૃહચૂડામણિ સ્વ. પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ | ૩ |
| ● સ્વ. પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ ઉપાધ્યાય મહારાજ શ્રી વીરવિજયજી ગણિવર | ૫ |
| ● સ્વ. સકલાગમરહસ્યવેદી સૂરિપુરંદર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી મહારાજ | ૭ |
| ● સ્વ. પૂણ્યનામધેય સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ | ૯ |
| ● ગુરુસ્મૃતિ | ૧૧ |
| ● પ્રભાવ-સામ્રાજ્ય | ૧૫ |
| ● એક વિરલ વ્યક્તિત્વ | ૧૭ |
| ● સહસ્રરશ્મિનું એક કિરણ : સૂરિપુરંદર | ૨૨ |
| ● એક એફીડેવીટ | ૨૭ |
| ● પ્રસંગ મહોદધિ | ૩૦ |
| ● પ્રસંગ બ્રહ્મપુત્રા | ૪૧ |
| ● પ્રસંગ કાવેરી | ૪૬ |
| ● પ્રસંગ ગોદાવરી | ૪૮ |
| ● પ્રસંગ યમુના | ૫૧ |
| ● પ્રસંગ વહેણ | ૫૬ |
| ● પ્રસંગ નિર્ઝર | ૫૯ |
| ● પ્રસંગ ઝરણું | ૬૦ |
| ● પ્રસંગ તાપી | ૬૦ |
| ● પ્રસંગ નહેર | ૬૩ |

- જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ ૬૩
- નમું નમું તુજને નમું રે ૬૬
- પ્રસંગ સંચય ૬૯
- વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની સંક્ષિપ્ત જીવન ઝરમર ૭૧
- સ્મૃતિ મંદિર ખાત મૂહૂર્ત ૭૪
- પૂજ્ય આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી **સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા-મહોત્સવ** ૭૭
- ભુવનભાનુ મહારાજ સાહેબના તેજકિરણો ૯૨
- ગુરુદેવના અંતિમઉપકરણા
- શ્રી પંકજ જૈન સંઘ-પ્રશસ્તિ ૧૨૯
- ઈંગ્લેન્ડના સી.એ. થનાર - **ગુજરાત સમાચાર**-આશ્લેષ શાહ ૧૩૩
- ગુરુ ભક્તિના ગીતો ૧૩૯
- **ભુવનભાનુ એન્સાઈકલોપીડિયા કથાનક અનુક્રમણિકા** ૧૪૭


## એક કથન

શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા ગ્રંથમાં જિનાજ્ઞા વિશેષાંક (વિ.સં. ૨૦૫૪)નો સમાવેશ કરવામાં આવેલ છે. તથા પૂ. પંન્યાસશ્રી પદ્મસેનવિજય મ.સા. દ્વારા થયેલી ઝીણી ઝીણી અપ્રગટ માહિતીનો અત્રે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

તથા ભુવનભાનુ એન્સાઈકલોપીડિયામાં આવતા **કથાનકોની યાદી** 'અ'કારાદિ અનુક્રમણિકા પાછળ આપેલ છે.

સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવનો ટૂંક અહેવાલ જ અત્રે આપેલો છે.

ભગવાન શ્રી મહાવીરસ્વામિની ૭૩ મી પાટે આવેલ

## વીસમી સદીના અજોડ શાસનપ્રભાવક સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ સાહેબ



શ્રી **મહાવીરસ્વામિજી** ભગવંતે શાસનનું સુકાન પંચમ ગણધર ભગવંત શ્રી **સુધર્માસ્વામિજીને** સુપ્રત કર્યું. તેઓશ્રીએ જગતના કલ્યાણ કાજે વહેતું રાખ્યું. ત્યારબાદ પાટ પરંપરામાં અનેક પૂર્વધર ભગવંતો, આચાર્ય ભગવંતો, શાસનના મહાપ્રભાવકો થઈ ગયા.

વીસમી સદીના અજોડ શાસનપ્રભાવક ન્યાયાંભોનિધિ પૂજ્યપાદ આચાર્યવર્ય **શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી** (આત્મારામજી) મહારાજ, **પૂજ્ય બુટ્ટેરાયજી મહારાજ** (દાદા)ના ચાર મુખ્ય શિષ્યોમાંના એક હતા.

સ્થાનકવાસીપણામાં સૂત્રના સાચા રહસ્યાર્થને પામી મૂર્તિની તારકતા અને પૂજ્યતા ઓળખી, અનેકોને સત્ય સમજાવી, સત્યને સમજાવતા અનેક પ્રકારના ઉપસર્ગોને સહન કરતા પંજાબમાંથી ૩૨ સાધુઓ સાથે ગુજરાતમાં પધાર્યા. જેમને પંજાબમાં તથાપ્રકારના સંયોગે કરી વાદમાં મહાત કરેલા તેમનું જ (પૂજ્ય બુટ્ટેરાયજી મહારાજનું) સરળભાવે શરણું સ્વીકારી વિનમ્રભાવે ગુરુદેવ તરીકે સ્થાપિત કર્યા. કેવી અજબ સમર્પિતતા ! કેવો અજબ ગુણાનુરાગ ! સત્ય તત્ત્વ ગવેષણાપૂર્વક સત્યમાર્ગ સંવેગી દીક્ષા લેવાથી ધર્મપ્રભાવનાનો બુલંદ પડઘો ગાજવા લાગ્યો. કુમતો બેબાકળા બન્યા.

તે વખતે અનેક કુમાર્ગો અને ઉત્સૂત્રપ્રરૂપણાઓ ચાલતી, ગૃહસ્થો ગુરુ બની બેઠા હતા. **'યતિ'** શબ્દ કોઈ જુદા જ અર્થમાં તરવાઈ આવતો, હાથમાં ઓઘો અને વર્તન ગૃહસ્થકક્ષાનું. આ સઘળાએ વાતાવરણને પૂજ્ય **આત્મારામજી** મહારાજે શાંત બનાવી દીધું. સત્યનો પૂર્ણ પ્રકાશ કર્યો. પાલીતાણા શ્રી સિદ્ધક્ષેત્રની પવિત્રભૂમિ ઉપર આચાર્યપદવી પ્રાપ્ત થઈ.

શ્રી સિદ્ધગિરિજીની પ્રથમ યાત્રા વખતે **'अब तो पार भये हम साथो श्री सिद्धाचल दर्श करी'** સ્તવનમાં પોતાના સ્થાનકવાસીપણાના હૈયાનો સાચો વલોપાત અને પશ્ચાત્તાપ નાભિના ઉદ્ગાર દ્વારા સ્પષ્ટ કર્યો છે.

સારું એ પંજાબ મૂર્તિમંડિત બનાવી દીધું. જૈન શાસનનો જય જયકાર ફેલાવી દીધો. ગુજરાતના અગ્રગણ્ય સુશ્રદ્ધાળુ સુશ્રાવકોએ તે મહાન કાર્યમાં પૂરો સાથ આપ્યો. તેઓશ્રીએ **'તત્ત્વનિર્ણય પ્રાસાદ', 'અજ્ઞાનતિમિર ભાસ્કર' 'તત્ત્વાદર્શ'** વગેરે ગ્રંથોની રચના કરીને જૈન શાસનના ઝળહળતા સત્યોનું સ્વરૂપ રજુ કર્યું. દેવદ્રવ્ય, પૃથ્વી વિષેની આજની ભ્રામક માન્યતા વગેરે વગેરે અનેક બાબતોનું સ્પષ્ટીકરણ કરી પ્રજાને સન્માર્ગે વાળી.

આસુરી શિક્ષણના તેઓશ્રી હિમાયતી ન હતા. આસુરી શિક્ષણમાં આજે તો ઈંડા, મચ્છી વગેરે હિંસાજન્ય પાઠો શિખવાડવામાં આવે છે, અને તેના કારખાના સમાન હાઈસ્કૂલો અને કોલેજોની હિમાયત તેઓશ્રીના ઉપદેશથી વિરૂદ્ધ દેખાય છે.

તેઓશ્રીનું ઓજસ્-તેજ ઠેઠ અમેરિકા સુધી વ્યાપક બન્યું હતું.

વર્તમાનમાં વિચરતા મુનિ મહારાજોનાં વિશાળ સંખ્યા મોટા ભાગના (૧૨૦૦ ઉપરાંત) તો તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યાદિ જ છે. જેમાંનાં કેટલાક તો પ્રખર શાસનપ્રભાવક સ્વ-પર કલ્યાણને સાધનારા છે. તેઓશ્રીની પાટને દીપાવનારા સદ્ધર્મસંરક્ષક પ્રૌઢપ્રતાપી અદ્વિતીય પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી મહારાજનું જીવન કવન પણ એવું જ આકર્ષક અને ધર્મપ્રેરક છે.

**જન્મ :** સં. ૧૮૯૩, ચૈત્ર સુદ ૧, લહેરા (પંજાબ)

ઢુંઢક દીક્ષા : સં. ૧૯૧૦, જીરા (પંજાબ)

**સંવેગી દીક્ષા :** સં. ૧૯૩૨, અમદાવાદ

**આચાર્ય પદ :** સં.૧૯૪૩, પાલીતાણા

**સ્વર્ગવાસ :** સં. ૧૯૫૨, જેઠ સુદ ૮, ગુજરાનવાળા.

• • •

## સદ્ધર્મરક્ષક પ્રૌઢપ્રતાપી નિસ્પૃહચૂડામણિ સ્વ. પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્વિજય કમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ



આ મહાપુરુષ **પૂજ્ય આત્મારામજી** મહારાજ સાથે ગુજરાતમાં પધારેલ. પૂજ્ય મુનિવરશ્રી **લક્ષ્મીવિજયજી** મહારાજના તેઓશ્રી શિષ્ય હતા. તેઓશ્રીનું શરીર જ પ્રતિભાનો પડછંદો પાડતું. મુખ ઉપરનું બ્રહ્મતેજ અનોખું હતું. એક આંખમાં આત્મશીતળતા, બીજી આંખમાં શાસન અને સત્યની રક્ષાનું અગ્નિતેજ ઝળકતું હતું. સ્પષ્ટ અને સત્યભાષી હતા. નિડર વક્તા, કોઈની સેહમાં તણાય નહિ. છાયા માત્ર એક મહાશાસનની, માયા માત્ર એક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની.

'અહિંસા' પર તેઓશ્રી જ્યારે બોલતા ત્યારે કંઈક કઠોર હૈયા પીગળી જતા. કંઈક રાજા, ઠાકોર, બાબુઓને હિંસાથી પરાઙ્મુખ બનાવી દીધા. તે સમયના રાજા જેવા કલેકટરને 'અહિંસા'નો પરચો પ્રત્યક્ષ થઈ ગયો હતો. ધર્મસિદ્ધાંત અને સામાચારીના તેઓશ્રી અપ્રમત્ત સંરક્ષક હતા. મનને મારી નાખ્યું હતું. એક જ આસને કલાકોના કલાકો બિરાજતા. આંખોમાં તેજ એવું હતું કે હઠી અધર્મી આઘો જ રહે. દેવદ્રવ્ય બાબતમાં પણ ખૂબ જ મક્કમ હતા.

બાર વરસની ઉંમરે યતિદીક્ષા લીધેલ, પણ તેમાં તેઓએ જોયું કે અહીં તો આરંભ સમારંભનો પાર નથી. આચારો શિથિલ છે. ખરેખર **'પાપનો ત્યાગ એ જ સાચો સંસાર ત્યાગ.'** આવો વિચાર કરી સ્થાનકવાસી દીક્ષા લઈ શ્રી વિસનચંદ્રજીના શિષ્ય બન્યા અને પછી પૂજ્ય આત્મારામજી મહારાજાની સાથે સંવેગી દીક્ષા ગ્રહણ કરી. તેમાં શ્રી વિસનચંદ્રજી (જેમનું નામ શ્રી લક્ષ્મીવિજયજી રાખેલ) તેમના શિષ્ય મુનિશ્રી **કમલવિજયજી** બન્યા. સ્થાનકવાસીમાં જે ગુરુ તે જ ગુરુ સંવેગી દીક્ષામાં

પણ કર્યા. સંયમ અને ત્યાગથી પોતાનું જીવન દીપાવ્યું, સ્વપર શાસ્ત્રો કંઠસ્થ હતા.

બંગાળ, પંજાબ, મેવાડ, મારવાડ, ગુજરાત આદિ પ્રદેશોમાં વિચરી ધર્મશાસનનો જયજયકાર બોલાવ્યો. તેઓશ્રીની સર્વતોમુખી પ્રતિભા જોઈ, પૂજ્ય આત્મારામજી મહારાજની પાટે સમુદાયના સર્વ મુનિવરોએ એકમતે ખૂબ આગ્રહ કરીને પાટણમાં આચાર્યપદારૂઢ કર્યા હતા, પણ તેઓશ્રીએ અનિચ્છાએ આચાર્યપદવીનો સ્વીકાર કર્યો હતો. તે વખતે પૂજ્યશ્રી વીરવિજયજી મહારાજને ઉપાધ્યાય પદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા, તે વખતે પાટણ સંઘે અદ્ભુત મહોત્સવ કર્યો હતો.

પૂજ્ય આચાર્યશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજે પોતાની આચાર્યપદવી થઈ ત્યારે સૌએ મળીને ઠરાવ કરેલો કે 'હવેથી યોગોદ્વહન સિવાય કોઈએ આચાર્યપદવી લેવી દેવી નહિ.'

પૂજ્ય આત્મારામજી મહારાજના અનન્ય પટ્ટધર પૂજ્ય આચાર્યશ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજ હતા. સ્વ. શ્રી કાંતિવિજયજી મ., શ્રી હંસવિજયજી મ., શ્રી વલ્લભવિજયજી મ. આદિ બધા તેઓશ્રીની આજ્ઞા માનતા હતા. આ વાત તેઓએ બનાવેલા સ્તવન, પૂજા વગેરે જોવાથી સમજી શકાય છે.

શિષ્યાદિની પરીક્ષામાં પૂજ્યશ્રી ખૂબ કુશળ હતા. ગુણાનુરાગી પણ તેવા જ હતા. સ્વશિષ્ય પૂજ્ય મુનિરાજશ્રી લબ્ધિવિજયજી મહારાજને શ્રી ભગવતીજી સૂત્રના યોગોદ્વહન ચાલતા હતા. તેમની વિશેષ પ્રતિભા જોઈ આચાર્યપદવી આપવા વિચારેલું પણ આચાર્યપ્રદાન કરતા પહેલા પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી ગણિવરના શિષ્ય પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી ગણિવર પણ આચાર્યપદને યોગ્ય હોવાથી પોતાના પ્રથમ પટ્ટધર સ્થાપી ઉભયને આચાર્યપદારૂઢ કર્યા હતા. તેઓશ્રીની હૃદયની વિશાળતાનું અને ગુણાનુરાગનું અનુપમ દૃષ્ટાંત છે. છાણીમાં સુંદર મહોત્સવ થયો હતો.

તેઓશ્રીના સ્વર્ગગમન બાદ ખરેખર જૈન શાસનમાં ઉત્તરોત્તર અરાજકતા અને ઉત્સૂત્રતા અમુક પ્રમાણમાં વધતી ગઈ છે. આ દુ:ખનો વિષય છે.

**જન્મ** : સં. ૧૯૦૮, સરસા (પંજાબ)

**યતિ દીક્ષા** : સં. ૧૯૨૦ (પંજાબ)

ઢુંઢક દીક્ષા : સં. ૧૯૨૯, જીરા (પંજાબ)

**સંવેગી દીક્ષા** : સં. ૧૯૩૨, અમદાવાદ

**આચાર્ય પદ** : સં.૧૯૫૭, મહા સુદ ૧૫, પાટણ

**સ્વર્ગગમન** : સં. ૧૯૮૩, જલાલપુર.

• • •

# સ્વ. પ્રશાંતમૂર્તિ પૂજ્યપાદ ઉપાધ્યાય મહારાજ
# શ્રી વીરવિજયજી ગણિવર



પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી વીરવિજયજી ગણિવર શાંતતાની આરાધક મૂર્તિ સમા હતા. પ્રેરણાનું કેન્દ્રસ્થાન. સુયોગ્યને યોગ્યસ્થાને સ્થાપવા પોતાને ઉપાધ્યાયપદારૂઢ થવું પડેલ.

ભાવનગર પાસે બાડી-પડવામાં ભાવસાર જ્ઞાતિમાં જન્મેલા પૂજય મુનિવર શ્રી થોભણવિજયજી મહારાજના પરિચયથી વૈરાગ્યવાસિત બનેલા, લગ્ન થયાને થોડો ટાઈમ થયેલો છતાં સંયમના રાગે પંજાબમાં દીક્ષા લેવા માટે ગયેલા પણ સંબંધીઓને ખબર પડતા પંજાબમાંથી પાછા લઈ આવેલા. તેમના માતુશ્રીએ કહ્યું કે 'તું એકનો એક મારે પુત્ર છે મારી સંભાળ કોણ લે ? તારી પત્નિને પુત્ર થાય ત્યારબાદ તારે દીક્ષા લેવી હોય તો ખુશીથી લેજે.' વીરજીભાઈએ માતાની આ વાત કબૂલ રાખી.

એક વખત વીરજીભાઈ આઠ આના અને તપેલી લઈને ઘી લેવા માટે જતા હતા. ત્યાં રસ્તામાં એક બ્રાહ્મણ મળ્યો તેણે સમાચાર આપ્યા કે 'વીરજી ! તારી વહુને દીકરો અવતર્યો.'

બસ, આ સાંભળી હાથમાં રહેલી તપેલી અને આઠ આના તે બ્રાહ્મણને આપી દીધા અને કહ્યું કે મારી માતાને કહેજો કે 'વીરજી દીક્ષા લેવા ગયો.'

માતાને ખબર પડતા સમજી ગયા કે 'હવે વીરજી પાછો નહિ આવે.'

વીરજીભાઈ સીધા પંજાબમાં પહોંચ્યા અને અંબાલામાં પૂજ્ય આત્મારામજી મહારાજ પાસે દીક્ષા લીધી અને તેમના શિષ્ય બન્યા.

મુનિ **વીરવિજયજી** જ્ઞાન-ધ્યાનમાં લાગી ગયા અને વ્યાખ્યાન પણ સુંદર આપતા હતા. ચમત્કાર જેવા અનેક પ્રસંગો બનેલા. તેઓશ્રી વચનસિદ્ધ હતા. અહીં માત્ર બે ત્રણ પ્રસંગ જોઈએ.

તેઓશ્રી ગુરુવર્યો આદિ સાથે સૌરાષ્ટ્રમાં પધારેલા ત્યારે **ભાવનગર** પાસે સાણોદર ગામે પૂજ્ય મુનિશ્રી **દાનવિજયજી** મહારાજ આદિએ સવારે વિહાર કર્યો અને પોતે નવકારશી વાપરવા રોકાયા, પછી આઠ વાગે વિહાર કર્યો, પૂજ્ય દાનવિજયજી મહારાજ દશ માઈલ ચાલીને કોળીયાક પહોંચ્યા ત્યાં તો પૂજ્ય મુનિશ્રી વીરવિજયજી મહારાજ ઉપાશ્રયમાં બેઠેલા જોયા. શ્રાવકોએ કહ્યું કે 'પૂજ્યશ્રી તો આઠ વાગ્યાના અહીં આવી ગયા છે તમે કેમ મોડા આવ્યા ? બધા આશ્ચર્ય પામ્યા.

શિહોરમાં મુંગો પોપટ ઉપાશ્રયમાં કામ કરે. એક વખત પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પધારેલા ત્યારે પોપટ ઉપાધ્યાયજી મહારાજના પગ દાબે, ઉપાધ્યાયજી મહારાજે પૂછ્યું કે 'કોણ છે ?' પોપટ મુંગો હોવાથી બોલે કેવી રીતે ? ત્યાં તો ઉપાધ્યાયજી મહારાજ બોલ્યા કે 'અબે બોલ બોલ, ક્યું નહિ બોલતા' ત્યાં તો પોપટ બોલતો થઈ ગયો.

એક વખત તેઓશ્રી ખંભાતમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. ત્યાં અચાનક પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પોતાના હાથમાં રહેલી મુહપત્તિ મસળવા લાગ્યા. આ જોઈ શ્રાવકોએ પૂછ્યું તો કહ્યું કે '**ભાવનગર વડવાના ઉપાશ્રય**માં પાટ સળગતી હતી તે બૂઝવી નાખી.'

શ્રાવકો આશ્ચર્ય પામ્યા અને ભાવનગર-વડવા તપાસ કરાવી તો બરાબર તે ટાઈમે પાટ સળગતી હતી અને બુઝાઈ ગઈ હતી.

આવા ચમત્કારો બનવાથી કેટલેક ઠેકાણેથી તો તેઓશ્રી તાબડતોબ વિહાર કરી જતા.

**જન્મ** : સં. ૧૯૦૮ પડવા
**દીક્ષા** : સં. ૧૯૩૫, અંબાલા (પંજાબ)
**ઉપાધ્યાયપદ** : સં. ૧૯૫૭, પાટણ
**સ્વર્ગવાસ** : સં. ૧૯૭૫, ખંભાત.

• • •

## સ્વ. સકલાગમરહસ્યવેદી સૂરિપુરંદર પૂજ્યપાદ આચાર્યદેવ

## શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી મહારાજ



પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **દાનસૂરીશ્વરજી મહારાજા**ની પ્રતિભા કોઈ અજબ હતી અને ગજબ સુકાની હતા. સાધુ તૈયાર કરવામાં સાચા હૈયાના કસબી કારીગર હતા. એ બક્ષિસ અર્પી નિજના પ્રેમને-પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને તથા પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને.

શાસન રક્ષા માટે લોક હેરીને ફગાવી દીધી હતી. શાસ્ત્રોના રહસ્યોને પામી તેની રક્ષામાં દત્તચિત્ત હતા. ભયંકર કોટિના ઉત્પાત કાળમાં પણ મહાન સિદ્ધાંતોનું રક્ષણ કર્યું, સ્વયં અને શિષ્યો દ્વારા, ગુણાનુરાગે શિષ્ય-પ્રશિષ્યોમાં તેજ ઝળકાવી દીધા. કટોકટીના પ્રસંગોએ પીઠ થાપડી. સત્યોને સહારો આપવાની કુશળતા સ્વભાવિક હતી. તેઓશ્રી પૂજ્ય આત્મારામજી મહારાજના માર્ગે હતા. અને તદનુસાર વર્ત્યા હતા. શાસનના અનેક પ્રસંગોએ પોતાનું ખમીર દાખવ્યું હતું.

બાવીસ વર્ષની ભરયુવાન વયમાં સંસાર ત્યાગી સંયમી બન્યા. સંસાર માર્ગ છોડી મુક્તિપંથે પ્રયાણ આદર્યું. વિલાસની મોહકતા અને વિષયની મધુરતાનો ત્યાગ કરી વિરાગની મસ્તી માણી. વિકારોનો સામનો કરવામાં મોજ માની, શ્રી જિનેશ્વર ભગવંતની અંત વિનાની જ્ઞાનપ્રભાને અનુસરવા પોતાનું જીવન ગુરુને ચરણે સમર્પિત કર્યું. જ્ઞાન, ધ્યાન, તપ, ત્યાગમાં તત્પર બન્યા.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી **વીરવિજયજી** ગણિવરના કુશળ હાથમાં પોતાની જીવન નૌકાનું સુકાન સોંપી, પોતે તે મહાપુરુષના અદના આજ્ઞાંકિત સેવક તરીકે તેઓશ્રીની આજ્ઞાના રાહે જીવનનૈયા હંકાવનાર બન્યા. પરિણામે આગમોના પ્રચંડ જ્ઞાતા બન્યા, જ્યોતિષશાસ્ત્ર ઉપર અજબ કાબૂ મેળવ્યો. ન્યાય, વ્યાકરણ વગેરેના તલસ્પર્શી જ્ઞાતા બન્યા, છતાં વિનય, વૈયાવચ્ચમાં અજોડ ગુરુ મહારાજની સેવા આનંદપૂર્વક અપૂર્વ કરી હતી.

ચારિત્ર જીવનનું ઝરણું પંચમહાવ્રતોની વિકટ ગિરિમાળાઓમાંથી ખળખળ વહેવા લાગ્યું. એ જીવન ઝરણામાં સમિતિ અને ગુપ્તિની જિનાજ્ઞારૂપી પ્રફુલ્લ લતાઓ પોતાનું મોહક પ્રતિબિમ્બ પાડતી હતી. સમતાની સૂરિલી કોયલ જીવન ઝરણાની પાળે બેસી ઝરણાના તાલમાં સૂર પૂરતી હતી. શમ, દમ, આર્જવ અને માર્દવરૂપ હંસલાઓ નિર્દોષપણે ઝરણામાં સ્નાન કરતા હતા. તપ, ત્યાગના ખડકો પર થઈને એ વેગીલું અને વિશાળ ઝરણું અવિરતપણે વહી રહ્યું હતું.

ચારિત્ર ધર્મના કઠોર પાલક થઈ અનેકોને ચારિત્ર માર્ગે સુદૃઢ કર્યા, આગમોના જ્ઞાતા બનાવી શિષ્યોને આચાર ધર્મમાં પ્રવીણ બનાવ્યા.

પૂજ્ય આચાર્ય શ્રીમદ્વિજય **કમલસૂરીશ્વરજી** મહારાજે આચાર્યપદવી આપી પોતાના પટ્ટધર બનાવ્યા. તેમની સાથે પૂ. મુનિ શ્રી લબ્ધિવિજયજી મહારાજને પણ યોગોદ્વહનપૂર્વક તૃતીયપદે આચાર્યપદારૂઢ કરી પટ્ટધર બનાવ્યા હતા.

પોતાના પરમ વિનેય શિષ્યરત્ન પૂજ્ય ઉપાધ્યાયપ્રવર શ્રી **પ્રેમવિજયજી** ગણિવરમાં પરમ યોગ્યતા જોઈ રાધનપુરમાં આચાર્યપદવી આપી શાસનરક્ષાનો ભાર સોંપી પોતાની પાટ સુપ્રત કરી. પોતાનું કાર્ય પૂર્ણ કરી પીસ્તાલીસ વર્ષનો દીર્ઘ નિર્મળ ચારિત્ર પર્યાય પાળીને **પાટડી** મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તેમને છ શિષ્યો હતા.

**જન્મ :** સં. ૧૯૨૪ કારતક સુદ ૧૪, ઝીંઝુવાડા

**દીક્ષા :** ૧૯૪૬ માગસર ૫, ઘોઘા

**ગણિ પંન્યાસ પદ :** સં. ૧૯૬૨ મા.સુદ-૧૧, ખંભાત

**આચાર્ય પદ :** સં. ૧૯૮૧ મા. સુદ-૫, છાણી

**સ્વર્ગવાસ :** સં.૧૯૯૧ મહા સુદ-૨, પાટડી

• • •

## સ્વ. પૂણ્યનામધેય સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ



'પ્રેમ'ના હૈયામાં પ્રેમ હતો નર્યો પ્રભુશાસનનો. સૌને પ્રેમ જ આપ્યો. બાળ કે વૃદ્ધ, ગરીબ કે તવંગર, જ્ઞાની કે અજ્ઞાની, જે પાસે આવ્યો તેને આપ્યો પ્રેમ પ્રભુશાસનનો અને તારક સંયમમાર્ગનો.

અજબ હતા એ જાદુગર, આંખમાં અમી હતી, હાથમાં કીમિયો હતો સાધુ સર્જનનો. હૈયું વિશાળ અને ભારે ઊંડું. એ હૈયાનો તાગ કોઈ પામી શકે નહિ, છતાં સરળતા સ્વાભાવિક અને સ્વાધ્યાય પ્રેમ અજબ ગજબનો.

કર્મસાહિત્ય સજર્યું-સર્જાવ્યું લાખો શ્લોક પ્રમાણ. ત્યાં પણ મમતા અને પ્રેમ પરા કોટીનો. હિતશિક્ષા દેવાની કળા તદ્દન જુદી. સોંસરી હૈયે ઉતાર્યે છૂટકો. પૂરી પાકટ વયે પણ યુવાની થનગનતી. શાસનરક્ષાની તમન્ના યુવાની જ લાવે ને ? સૌથી મોટું સર્જન કર્યું, ૩૦૦ શ્વેત કમળોનું.

આ મહાન બ્રહ્મચારી પૂજ્યવર્ય આચાર્યદેવ શ્રી **વિજય-પ્રેમસૂરીશ્વરજી** મહાયોગીશ્વરજીની આંખમાં કોણ જાણે શું એ ભર્યું હતું ! એ હૈયાસાગરમાં કેવાએ મોતીદાણા છૂપાયા હતા કે દર્શન કરો ને નિર્મળતા પામો. આંખમાં આંખ પરોવીને બોલતા **'ક્યાં સુધી આ સંસારમાં બેસી રહેવું છે ? સાધુ થયા વિના કલ્યાણ થવાનું છે ? બોલ હવે કેટલીવાર છે ?'** આ હતી એમની માર્મિકતા. વાત ટુંકી પણ પ્રશ્ન

હૈયા સોંસરો. આમ અનેકને જગાડ્યા. ભારે કલાધર. અનેક આત્માઓને મોક્ષપુરિના પથિક બનાવ્યા.

અર્પ્યા છે શાસનને આરાધકો-ત્યાગીઓ-પંડિતો-તપસ્વીઓ-વૈરાગીઓ-ઉપદેશકો-ગ્રન્થકર્તાઓ-ટીકાકારો-નવસાહિત્ય સર્જકો-કવિઓ-જ્યોતિર્વિદો-જ્યોતિષિઓ અને આગમમર્મના પ્રચંડ વ્યાખ્યાતા.

આ મહાન પ્રેરણામૂર્તિ સિદ્ધાંતમહોદધિ સ્વપરસાધક, અનેકોને અનેક રીતે દૃષ્ટાંતભૂત, આચાર્ય ભગવંતે છ'રી' પાળતા સંઘો, અંજનશલાકાઓ, પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાનો વગેરેમાં સક્રિય ભાગ લઈ ક્રિયામાર્ગને પણ તેટલો જ જ્વલંત વેગ આપ્યો. અને ચારિત્રના તો તેઓશ્રી અપ્રતિમ આરાધક હતા. સર્વગચ્છ સમુદાયમાન્ય આ કાળના એક અનુપમ તેજમૂર્તિ હતા. સંયમની સ્વપર આત્માની ખેવના એ તો એમના સાચા પ્રાણ હતા. સાથે સાથે સ્વપર સમુદાયમાં ગ્લાન આદિની વૈયાવચ્ચ કરવી-કરાવવી એ વ્યાપક ફોરમ એ ગુણનિધિની ગણાતી. ત્યાગી-વૈરાગી-નિસ્પૃહમાં તો અજોડ હતા. નહિ કોઈ પરિગ્રહ કે નહિ કોઈ મમતા. છાપા વગેરેને તો અડતા જ નહિ. આચાર્યપદનો સ્વીકાર અનિચ્છાએ કરવો પડેલો. પદનો કોઈ મોહ નહિ.

ભારતવર્ષનું એ મહાતેજ પોતાના શિષ્ય-પ્રશિષ્યોના મુખથી ચૌદપૂર્વના સારભૂત નમસ્કાર મહાશ્રુતસ્કંધનું શ્રવણ કરતા ૨૦૨૪ના વૈશાખ વદ ૧૧ની રાત્રીએ સુસમાધિપૂર્વક, મુક્તિમાર્ગની મંજિલ માટે અદૃશ્ય બની ગયું. કોટિ કોટિશઃ વંદનાવલી તે આચાર્ય ભગવંતના સુરભિ ચરણકમળોમાં.

**જન્મ :** સં. ૧૯૪૦ ફાગણ સુદ-૧૪, પિંડવાડા.

**દીક્ષા :** સં. ૧૯૫૭ કારતક વદ-૬, પાલીતાણા.

**ગણિપદ :** સં. ૧૯૭૬ આસો સુદ-૧૦, ડભોઈ.

**પંન્યાસપદ :** સં. ૧૯૮૧ માગસર સુદ-૫, અમદાવાદ.

**ઉપાધ્યાયપદ :** સં. ૧૯૮૭ કારતક વદ-૩, મુંબઈ.

**આચાર્યપદ :** સં. ૧૯૯૧ ચૈત્ર સુદ-૧૪, રાધનપુર.

**સ્વર્ગવાસ :** સં. ૨૦૨૪ વૈશાખ વદ-૧૧, ખંભાત.

• • •

# ગુરુસ્મૃતિ

## નામ-મંત્ર તુમ્હારો સાધ્યો, તે થયો મન-શોધનને રે



અમદાવાદના રિલીફ રોડ પર ભર બપોરે ડામરની ઉની ઉની સડક પર ખુલ્લા પગે નીચે દૃષ્ટિએ મંદ મંદ ગતિએ ચાલ્યો જતો નીચા કદનો કોઈ આદમી તમને દેખાય તો તેને જૈનાચાર્ય પ્રેમસૂરિ મહારાજ સમજજો...

અમદાવાદના દૈનિકોએ એકવાર આવા શબ્દોથી જેમની ઓળખાણ આપી હતી તે અધ્યાત્મતેજપુંજ પૂજ્યપાદ સ્વ.આચાર્યવર્ય શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા એટલે જૈન સંઘનું એક અણમોલ આભરણ. અજોડ બુદ્ધિ-પ્રતિભાના અને સુવિશુદ્ધ સંયમના એ સ્વામી હતા. જે કાળમાં 'કર્મપ્રકૃતિ' ગ્રન્થનું નામ પણ આજ જેટલું પ્રચલિત નહોતું અને જ્યારે આવા ગ્રન્થના અધ્યાપકો પણ કોઈ નહોતા એવા કપરા કાળમાં 'કર્મપ્રકૃતિ'ની પ્રત લઈને તેમાં રહેલા કર્મસિદ્ધાંત ઉપરના જટિલ ગણિતોના ખંભાતી તાળા ગુરુકૃપા અને અજોડ પ્રતિભાની માસ્ટર-કી દ્વારા ખોલીને પછીના કાળના અધ્યેતાઓ માટે એ ગ્રંથના જટિલ ગણિતો અને સૂક્ષ્મ સિદ્ધાંતોને સુગ્રાહ્ય બનાવવામાં તેઓશ્રીનો સિંહફાળો હતો. પ્રતિભાસંપન્ન યુવાન સાધુઓની એક વિશાળ ટીમ દ્વારા 'બંધવિધાન' ગ્રંથ ઉપર લાખો શ્લોક પ્રમાણ નવ્ય કર્મસાહિત્યનું સર્જન કરાવ્યું જે ૧૬ વોલ્યુમ્સમાં પ્રકાશિત થયેલું છે. 'સિદ્ધાંત મહોદધિ'નું ગૌરવશાળી પદ તેઓશ્રીને ગુરુ દ્વારા અપાયું હતું.

જયવંતા જિનશાસનનું ઝળહળતું ઝવેરાત હતા તેમ એક કુશળ ઝવેરી પણ હતા. ગામો અને શહેરોમાંથી અનેક કિંમતી રત્નો પારખીને હાથમાં લીધા અને સુયોગ્ય ઘડતર કરીને પ્રભુશાસનના દરબારમાં ચમકાવ્યા. ૩૫૦ થી અધિક સુવિહિત શ્રમણ સમુદાયના તેઓશ્રી નિર્માતા હતા. તેઓશ્રીએ ભેટ ધરેલી સેંકડો સંયમધરોની અમૂલ્ય મૂડીને શ્રીસંઘ ક્યારેય વિસરી શકશે નહીં.

સંયમીઓની વૈયાવચ્ચ માટે તેઓશ્રી સદાય તત્પર હતા. સમુદાય કે ગચ્છના ભેદથી - પર રહીને 'જો ગિલાણં પડિસેવઈ સો માં'ના જિનવચનને તેઓશ્રીએ જીવનસાત્ કરેલું હતું.

આહારની, ઉપધિની, શિષ્યોની કે પદવીની સ્પૃહાથી તેઓશ્રી ક્યારેય લેપાયા નહોતા. પાપભીરુતા એ તેમનો જીવનપર્યાય હતો. વીતરાગના શાસન પ્રત્યે અવિહડ રાગ હતો પણ વિષયો પ્રત્યે પ્રચંડ વૈરાગ્ય હતો. અકિંચન હતા પણ ગુણદાનમાં મહા ઉદાર હતા. સ્વયં મહાગુણનિધિ હતા અને ગુણાનુરાગ - એ નિધિનું ચળકતું ગુણરત્ન હતું. આ વિષમકાળમાં પણ જેમને વિકારનો પડછાયો પણ અડી શક્યો નહોતો એવા સુવિશુદ્ધ બ્રહ્મચર્યના તેઓ સ્વામી હતા. તેથી જ તેમના નામમાં બ્રહ્મમંત્રનું સામર્થ્ય હતું. તેમના નામ-સ્મરણ માત્રથી વિકારમુક્ત થયાનો અનુભવ અનેક વ્યક્તિઓએ કર્યો હતો.

જડ રાગ ભસ્મસાત્, જીવપ્રેમ આત્મસાત્ અને સંયમશુદ્ધિ જીવનસાત્, આ હતું તેમનાં વ્યક્તિત્વનું સ્ફટિકોપમ નિર્મળ પ્રતિબિંબ. સકલ સંઘ પ્રત્યે અપાર વાત્સલ્ય હતું. સંઘ-સમાધિ અને સંઘ-એકતા માટે હંમેશા ચિંતાતુર અને પ્રયત્નશીલ હતા.

આવા મહાન ગુરુદેવશ્રીનું શુભંકર સાંન્નિધ્ય જીવન પર્યંત પામીને, તેઓશ્રીના આજીવન ચરણોપાસક રહીને, તેઓશ્રીના વચનની મંત્રવત્ આરાધના કરીને, તેઓશ્રીની મનોભાવનાઓની પૂર્તિને જ જીવનધ્યેય બનાવીને અને આ બધા દ્વારા તેઓશ્રીની અનરાધાર કૃપાના ભાજન બનીને પૂ.આ.દે. શ્રી ભુવનભાનુસૂરિ મ. જીવનને સફળ અને સરસ બનાવી ગયા.

આ મહાન ગુરુદેવ પરમબ્રહ્મસ્વામી, વાત્સલ્યવારિધિ, સિદ્ધાંત-મહોદધિ, સુવિશાલ ગચ્છ નિર્માતા સ્વ.પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્**વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**ને વંદના...

## હે ગુરુદેવ !



આપની સ્વર્ગારોહણતિથિઓ ભલે ઉજવાય...

આપના સ્મૃતિમંદિરો, સ્મૃતિમહોત્સવો ને સ્મૃતિગ્રન્થો ભલે રચાય..

આપના નામની આગળ 'સ્વર્ગસ્થ'નું વિશેષણ ભલે લાગે... પરંતુ...

વર્તમાનમાં સંભવિત એવા આપના પરાકાષ્ઠાના ગુણમય વ્યક્તિત્વના પડછાયા હજુ પડે છે...

સેંકડો શ્રમણોની સુવિશુદ્ધ સંયમચર્યા અને અદ્ભુત શાસનસેવાની સુરમ્ય સૌરભરૂપે આજે ય આપ મહેંકો છો.

શિબિરોથી ઘડાયેલા હજારો યુવાનોની ધબકતી ધર્મચેતનારૂપે આજે ય આપ જીવંત છો.

દિવ્ય દર્શનમાંથી નીતરતી સંવેગ અને વિરાગની અમૃતધારારૂપે આજે પણ આપ મોજૂદ છો.

આપનાં શતાધિક પ્રકાશનોમાં ઝળહળતી નિર્મળ ધર્મજ્યોતરૂપે આજે પણ આપ ઉપસ્થિત છો.

સકલશ્રી સંઘના હીર, ખમીર અને કૌશલ્યના પ્રાણાધાર તરીકે આજેય આપનું અસ્તિત્વ અનુભવાય છે.

**કોણ કહે છે કે આપ હાજર નથી ?**

# જીવન-સંદર્ભ

## -: નામ :-

| | | |
|---|---|---|
| કાંતિલાલ | : | સંસારી નામ |
| ભૂરીબેન | : | સંસારી માતુશ્રી |
| ચીમનભાઈ | : | સંસારી પિતાશ્રી |
| મુનિ ભાનુવિજય | : | દીક્ષામાં નામ |
| પૂ.આ.દે.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. | : | ગુરુદેવ |
| પં. પદ્મવિજય મ.સા. | : | પ્રથમ શિષ્ય |
| આ.શ્રી વિજયગુણાનંદસૂરિ મ. | : | પ્રથમ આચાર્ય શિષ્ય |
| આ.શ્રી વિજયજયઘોષસૂરિ મ. | : | ઉત્તરાધિકારી પટ્ટધર |

## -: સ્થળ :-

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | જન્મ/સૂરિપદ/કાળધર્મ |
| ચાણસ્મા | : | દીક્ષા |
| પૂના | : | ગણિપદ |
| સુરેન્દ્રનગર | : | પંન્યાસપદ |
| કલકત્તા | : | ૧૦૦ ઓળી પૂર્ણાહૂતિ |
| મુંબઈ | : | ૧૦૮ ઓળી પૂર્ણાહૂતિ |
| પાટણ | : | પ્રથમ ચાતુર્માસ |
| સુરત | : | અંતિમ ચાતુર્માસ |
| ઈરોડ | : | ગચ્છાધિપતિ પદ |
| કારતક વદ-૧૩ (૨૦૫૩) | : | સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા |
| માગસર સુદ-૨ (૨૦૨૯) | : | આચાર્યપદ |
| પોષ સુદ-૧૨ (૧૯૯૧) | : | દીક્ષા |
| પોષ સુદ-૧૨ (૨૦૧૪) | : | ગચ્છાધિપતિપદ |
| મહા સુદ-૧૦ (૧૯૯૧) | : | વડી દીક્ષા |
| ફાગણ સુદ-૧૧ (૨૦૧૨) | : | ગણિપદ |
| ફાગણ વદ-૧૩ (૨૦૩૫) | : | ૧૦૮ ઓળીનું પારણું |
| ચૈત્ર વદ-૬ (૧૯૬૭) | : | જન્મ |
| ચૈત્ર વદ-૧૩ (૨૦૪૯) | : | કાળધર્મ |
| વૈશાખ સુદ-૬ (૨૦૧૫) | : | પંન્યાસપદ |
| આસો વદ-૧ (૨૦૨૬) | : | ૧૦૦ ઓળીનું પારણું |
| આસો વદ-૬ (૧૯૯૦) | : | ચતુર્થવ્રત સ્વીકાર. |

## પ્રભાવ-સામ્રાજ્ય

– પૂ.આ.ભ. શ્રી વિજયજયઘોષસૂરીશ્વરજી મ.સા.



જેમ પરમાત્માના ચાર નિક્ષેપા પૂજ્ય છે અને અનેક પ્રભાવોથી સંપન્ન છે તેમ વિશિષ્ટ આરાધકોના પણ ચારેય નિક્ષેપા જગતના જીવોનું અનેક પ્રકારે બાહ્ય-અભ્યંતર કલ્યાણ કરે છે. આ વાત જિનશાસનમાં પ્રસિદ્ધ છે. તેથી જ આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે- આચાર્યને નમસ્કાર સર્વ પાપનો નાશ કરે છે. અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. આ વાત પાંચેય પરમેષ્ઠી માટે સમજવી.

પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા અનેક ગુણોનાં ભંડાર હતા. અનેક સાધનાની સિદ્ધિને વરેલા હતા. અનેક શક્તિઓ અને લબ્ધિઓથી દીપતા હતા. તેઓશ્રીની મહાનતાનો અનુભવ હજારો મનુષ્યોએ અનેક પ્રકારે કરેલો છે. આવા એ મહાપુરુષ આપણી વચ્ચેથી પાર્થીવ દેહે વિલીન થવા છતાં નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવરૂપે આપણે એમની ઉપાસના દ્વારા એમના ગુણો, શક્તિ, લબ્ધિ અને આધ્યાત્મિક ભાવ મેળવી શકીએ છીએ અને આરાધનામાં નડતા વિઘ્નોને દૂર કરી શકીએ છીએ.

તેઓશ્રીનું નામ-સ્મરણ કરવાથી શાંતિ-માર્ગસૂઝ અને સત્ત્વ પ્રાપ્ત થાય છે. તેઓશ્રી અનેક વિશિષ્ટ ગુણોનાં સ્વામી હતા. તેથી જેમને ગુણપ્રાપ્તિની ઝંખના છે અને આંતરિક ઉન્નતિ જે ઇચ્છે છે તે ૧૦૮ વાર તેઓશ્રીનું નામસ્મરણ કરે તો કાર્યસિદ્ધિ થાય છે. એમની પ્રતિકૃતિનાં દર્શન-સ્મરણથી પણ જીવોને ધર્મની પ્રાપ્તિની યોગ્યતા પ્રગટે છે અને પુણ્યથી તથા ધર્મથી પુષ્ટ બને છે.

તેઓશ્રીના જીવનના અનેક પ્રસંગો વારંવાર યાદ કરવાથી આત્મા ભવાંતરમાં તેમને ગુરુ તરીકે મેળવે છે. તેઓશ્રીની સ્મૃતિ દ્વારા આ ભવમાં પણ આત્મા ગુણોને યોગ્ય બને છે. તેથી બધાને એક જ મુખ્ય ભલામણ છે કે- **'ભુવનભાનુનાં અજવાળાં'** વારંવાર વાંચશો. તેમાં આપેલા પ્રેરક પ્રસંગો યાદ રાખશો અને એ દ્વારા એ ગુરુદેવનું વારંવાર સ્મરણ કરશો. જેથી પ્રભુગુણગાનની જેમ ગુરુગુણગાનથી પણ આપણે પુણ્ય, ગુણ અને ધર્મમાં વિધિ સહિત આગળ વધીએ.

આજે અમદાવાદ, પંકજ સોસાયટીમાં સ્થાપના રૂપે તેઓશ્રીના ગુરુમંદિરનું સ્થાન છે ત્યાં, જે ભક્તિપૂર્વક, શ્રદ્ધાપૂર્વક અને આદરપૂર્વક પોતાની આરાધનાની ખૂટતી કડીઓ અને સાધનાના પરિબળને ઈચ્છે છે અને દૃઢ પ્રણિધાનપૂર્વક જાપ-ધ્યાન-પ્રાર્થના કરે છે તે સિદ્ધ થાય છે. અનેક વ્યક્તિઓએ આ પ્રભાવને અનુભવ્યો છે. વ્યાવહારિક-સામાજિક ક્ષેત્રે પણ મૂંઝાયેલો જીવ ગુરુમંદિરના આ પ્રભાવશાળી સ્થાનમાં જઈને સ્મરણ અને શરણ ગ્રહણ કરે છે તો તે સ્મરણ અને શરણ તેનાં વિઘ્નોનું નિવારણ કરી તેને આધ્યાત્મિક દિશામાં વાળે છે. આધ્યાત્મિક પૂજ્યો શ્રદ્ધાસંપન્ન અને ભક્તિસંપન્ન જીવોની વ્યાવહારિક, સામાજીક આદિ સમસ્યાઓ દૂર કરીને પણ આધ્યાત્મિક દૃષ્ટિ ખોલી આપે છે.

અમદાવાદના રહેવાસીઓને એમના ચરમસમાધિસ્થાનના દર્શન નિત્ય કરવા જેવા છે. તેનાથી ઉત્તમ આરાધકપણાની પ્રાપ્તિ થઈ શકે. મહાપુરુષોના સમાધિસ્થાન તીર્થ કહેવાય છે. જેમ વિચરતા મહાપુરુષો જંગમ તીર્થ છે તેમ મહાપુરુષોનાં સમાધિસ્થાન સ્થાવરતીર્થ છે. માટે પૂજ્યશ્રીના ઉપકારને પામેલા અને પામવાની ઈચ્છાવાળા જીવો અનેક રીતે તેમની ઉપાસના કરે તે જ અભિલાષા.

# એક વિરલ વ્યક્તિત્વ

**–પૂ.આ.દે. શ્રી વિજયભદ્રગુપ્તસૂરિ મ.**



વિ.સં. ૨૦૦૭, જેઠ મહિનો, મુંબઈનો રાજમાર્ગ. પાછળ આકાશમાં સૂર્ય તપતો હતો, અને એના સ્વચ્છ પ્રકાશમાં ધરતી પર એમની સૂકલકડી છાયા દેખાતી હતી. તેઓ પ્રખર તાપમાં ચાલી રહ્યા હતા. જાણીબૂજીને ! તેમનો આ 'તિતિક્ષાધર્મ' હતો. 'કાયક્લેશ' નામનો તપ હતો. આમ તો તેમણે વર્ધમાન આયંબિલ તપની ૧૦૮ ઓળીનો તપ કરી જીવન કૃતાર્થ કર્યું જ હતું ! આયંબિલમાં પણ બે-ચાર વસ્તુ જ ખાવાની !

વસ્ત્રોની કોઈ ટાપટીપ નહીં. મેલાં કપડાં પહેરવાં... અને ભરવાડની જેમ ખભે ગરમ કામળી નાંખી, હાથમાં દંડ લઈ તેઓ નીચી નજરે ચાલ્યા જતા ! મુંબઈનો એક પ્રબુદ્ધ યુવાન આ મહામુનિના આવા રંગ-ઢંગ પર મોહી પડ્યો. 'હું સાધુ થઈશ તો આમનો જ શિષ્ય થઈશ !' અને ખરેખર એ યુવાન વિ.સં. ૨૦૦૮ માં સાધુ બની ગયો ! આવી હતી સ્વર્ગસ્થ ગુરુદેવની તપ-ત્યાગ અને તિતિક્ષા.

તેઓ વૈદિક-વેદાંતદર્શનના, બૌદ્ધદર્શનના, યોગદર્શનના પ્રકાંડ અભ્યાસી હતા. તેમાંય નવ્ય ન્યાય દર્શનનું તો તેમનું ગહન અને વ્યાપક અધ્યયન હતું. ન્યાયની ભાષામાં, તર્કની ભાષામાં એમને ધર્મના વિષયમાં વાદ-વિવાદ કરતા સાંભળવા, એ

એક મધુર લહાવો હતો. જૈનાગમોનું તો અધ્યયન હતું જ, વિશેષમાં મહાન પૂર્વાચાર્યોના પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં રચાયેલા ગૂઢ, ગહન, ગ્રંથોના પણ તેઓ અઠંગ અભ્યાસી હતા. શ્રી હરિભદ્રસૂરિજી અને ઉપાધ્યાયશ્રી યશોવિજયજીના તો તેઓ જબ્બર પ્રશંસક હતા. તેમના ગ્રંથો ઉપર તેમણે ગુજરાતી ભાષામાં અનુવાદો-વિવેચનો કરેલાં છે. 'પરમ તેજ' ભાગ : ૧-૨, 'યોગદૃષ્ટિ સમુચ્ચય', ધ્યાનશતક, પંચસૂત્ર (ઉચ્ચ પ્રકાશના પંથે) વગેરે ૧૦૦ થી વધારે તેમના, રચેલાં પુસ્તકો છે.

હવે હું તેમનો કેવો ઊંડો કળાપ્રેમ હતો, તે બતાવું છું.

તેઓએ કોલ્હાપુરના ચિત્રકાર ઉદ્ધવરાવને પોતાની પાસે બોલાવીને ભગવાન મહાવીર સ્વામીના ૨૭ ભવોનાં ચિત્રો બનાવરાવ્યાં. અદ્‌ભુત કલાનિર્દેશન કર્યું. ત્યાર પછી ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં થઈ ગયેલા વિશિષ્ટ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓનાં ચિત્રો બનાવરાવ્યાં. હાવ-ભાવોની અભિવ્યક્તિ એવી કરતા કે કલાકાર કે કલાકાર ઉદ્ધવરાવ ફટાફટ ચિત્રાંકન કરી દેતા. એ બહુરંગી ચિત્રોનો સંપુટ મદ્રાસની એક સંસ્થાએ, મુનિવરશ્રી કેવળવિજયજીની પ્રેરણાથી પ્રગટ કર્યો હતો.

પછી તો બેંગલોરના કલાકાર શંકરરાવ હાથમાં આવ્યા ! અને સ્વ.ગુરુદેવ તેમની પાસે આવશ્યક ક્રિયાઓ ભાવપૂર્ણ થાય તે માટે શંકરરાવ પાસે ચિત્રો બનાવરાવ્યા... અને એનું આલ્બમ પણ પ્રકાશિત થયું. તેઓ જ્યારે કલાકારોને ચિત્રોના ભાવ સમજાવતા ત્યારે હું તો તેમને તાકીતાકીને જોયા જ કરતો ! હૃદયસ્પર્શી નિર્દેશન થતું હતું.

તેઓ સંગીતકળાના પણ પ્રેમી હતા. શાસ્ત્રીય રાગોમાં જ્યારે તેમના ગંભીર સ્વરે કાવ્યો... સ્તવનો... સજ્ઝાયો સાંભળતા ત્યારે જનતા ભાવવિભોર બની જતી. પ્રભુભક્તિની પૂજાઓ જ્યારે તેઓ ગાતા ત્યારે... એક જ પૂજામાં ત્રણ-ત્રણ રાગોને ગૂંથી લેતા ! ક્યારે ભીમપલાસમાંથી ભૈરવીમાં પહોંચી જાય... ક્યારે શિવરંજનીમાંથી માલકોંસમાં પ્રવેશી જાય... ખબર ન પડે ! અને રંગમાં આવી જતા ત્યારે તાલીઓના તાલે ઉપસ્થિત હજાર-બે હજાર સ્ત્રી-પુરુષોને સમૂહ-ગીતમાં લઈ જતા ! સ્વર્ગીય વાતાવરણ સર્જાતું હતું ત્યારે ! તેઓ ગાતાં-ગાતાં ઊભાં થઈ જતા... સહજ અભિનય સાથે તેઓ શાસ્ત્રીય રાગોને બહેલાવતા... નચાવતા... હારમોનીયમ વગાડનાર જો ભૂલ કરે કે તબલચી તાલ ચૂકે તો તરત પકડી પાડતા ! એમાંય 'અષ્ટાપદની પૂજા' તો તેમની સ્પેશ્યાલીટી હતી ! તેઓ ગયા... હવે એ પૂજા... એમની આગવી રીતે કોણ ગાશે ? બધું ખાલીખમ લાગે છે...

હવે તેમની સાહિત્યરચના અંગે કંઈક કહીશ.

કોઈવાર કાળો ઘેઘૂર અંધકાર અને માથે લટકતાં નક્ષત્રોનાં ઝુમ્મર હોય ! ક્યારેક ટમટમતા તારા આખી રાત તેમને સાથ આપતા, તો કોઈવાર આખો પરિસર શુભ્રચાંદનીથી ઉજ્જવલ બની ઊઠ્યો હોય ! એ અંધારાની કે ચંદ્રની ચાંદનીની સોબતમાં રાત ક્યારે પૂરી થઈ જતી, તેનું તેમને ભાન રહેતું નહીં ! એમણે ૨૫/૩૦ પાનાં લખી નાંખ્યાં હોય... ક્યારેક એક લીટી પર બીજી લીટી પણ ચઢી ગઈ હોય ! સવારે આવશ્યક ક્રિયાઓથી પરવારી બૂમ પાડતા - 'ઓ મણિપ્રભ-વિજયજી, આવો, આ લખાણ લઈ જાઓ. ફેર કરીને લઈ આવો... જુઓ, આજે જ પોસ્ટ કરવાનું છે.' તપસ્વી મણિપ્રભવિજયજી લખાણને ફેર કરી લાવે. પાછું તેઓ વાંચી જાય. સુધારા-વધારા કરીને આપે. કહે-'એકવાર વાંચી જઈને પોસ્ટ કરાવી દેજે !

આવો ક્રમ લગભગ રોજ ચાલે.

તેઓ જેવી રીતે અભ્યાસી હતા ષડ્દર્શનના, આગમગ્રંથોના અને પૂર્વાચાર્યોના ગ્રંથોના, તેવી રીતે તેઓ પશ્ચિમના ચિંતકો અને કવિઓને પણ વાંચતા હતા. તેમનું અંગ્રેજી ભાષા પર સારું પ્રભુત્વ હતું. તેઓ ગૃહસ્થ જીવનમાં G.D.A. (વર્તમાન C.A.) થયા હતા. શેક્સપીયર, વર્ડ્સવર્થ, ડેલ કાર્નેગી વગેરે લેખકો-કવિઓની કૃતિઓ વાંચતા... ને ક્યારેક મારા જેવાને સંભળાવતા પણ ખરા. મારા જેવા તેમના ૭/૮ શિષ્યો (વિ.સં. ૨૦૦૭, ૨૦૦૮, ૨૦૦૯)ને અંગ્રેજી ભાષાનું પણ જ્ઞાન મેળવવા માટે પ્રેરણા આપતા અને ભણવાની વ્યવસ્થા કરતા. જો કે અમે ૭/૮ સાધુઓ મેટ્રીક અને એની ઉપરના ભણેલા તો હતા જ. તેમની ઇચ્છા એવી હતી કે સંસ્કૃતમાં અને અંગ્રેજીમાં અમે ધારાવાહી પ્રવચન આપી શકીએ.

એટલું જ નહીં, તેઓ શિષ્યોનો કેવો સર્વાંગીણ વિકાસ કરવા માગતા હતા, એ બતાવું. અમને નવ સાધુઓને તેમણે શતાવધાની બનાવ્યા હતા. તેઓ સ્વયં પણ શતાવધાની હતા. એ કદાચ તમે સહું નહીં જાણતા હો ! તેઓ સંસ્કૃતમાં પણ શીઘ્ર કાવ્યરચના કરી શકતા હતા.

પરંતુ આ બધામાં, તેઓ કહેતા રહેતા - 'આ બધું ગુરુદેવશ્રીની (વિજયપ્રેમસૂરીશ્વરજીની) પરમ કૃપાનું ફળ છે ! હું તો અમદાવાદની બેંકમાં ધક્કા ખાતો હતો... એ પરમગુરુદેવે મને આ ઉચ્ચ સ્થિતિમાં લાવી મૂક્યો...' બોલતાં બોલતાં તેમની આંખો ભીની થઈ જતી, એ મેં જોયું છે.

હું ન ભૂલતો હોઉં તો વિ.સં. ૨૦૦૮ કે ૨૦૦૯ ની એક નવલી વાત છે. શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશી શાહ મુંબઈ-ઈરલા બ્રીજના ઉપાશ્રયે વિનંતી

કરવા આવ્યા. ગુરુદેવે મને કહ્યું : 'ચાલ અમૃતલાલ દોશીના બંગલે જવાનું છે.' અમે ગયા, અમૃતભાઈએ સ્વાગત કર્યું. ત્યાંનું દશ્ય જોઈને હું આશ્ચર્યચકિત થઈ ગયો. સ્ટેજ પર પુરુષોત્તમ ઉપાધ્યાય (પ્રસિદ્ધ સંગીતકાર) એમના સહગાયકો સાથે બેઠા હતા. એમની બાજુમાં કલ્યાણજીભાઈ (કલ્યાણજી આણંદજી) એમના માનીતા વાજિંત્ર સાથે ગોઠવાયેલા હતા.

અમૃતલાલ દોશીએ ગુરુદેવને કહ્યું : 'આપના સૂચન મુજબ 'અજિત-શાન્તિસ્તવ'ની ૨૧ ગાથાઓ ગેયપદ્ધતિએ તૈયારી થઈ છે. ધીરૂભાઈએ સારી મહેનત કરી છે. અત્યારે (બપોરે બે વાગે) એ ૨૧ ગાથાઓનું રીહર્સલ કરવાનું છે. આપ સંગીતના જાણકાર છો. કોઈ ભૂલો થતી હોય ઉચ્ચારણમાં કે બીજી રીતે તે આપશ્રી સુધારો એટલા માટે આપને બોલાવ્યા છે.'

પુરુષોત્તમ ઉપાધ્યાય આણિ મંડલીએ અને કલ્યાણજીભાઈએ ઊભા થઈ પૂ. ગુરુદેવને નમન કર્યું, આશીર્વાદ લીધા, અને કાર્યક્રમ શરૂ થયો. પુરુષોત્તમભાઈના સૂરીલા કંઠ અને કલ્યાણજીભાઈનું સંગીત ! પછી બાકી શું રહે ! એક પછી એક 'અજિત શાન્તિ' સ્તવનની પ્રાકૃત ભાષામાં રચાયેલી ગાથાઓ અભિનવ રાગોમાં ગવાવા લાગી... શબ્દોનું સૌન્દર્ય અને સમાધિની અવસ્થાનો જાણે સાક્ષાત્કાર થવા લાગ્યો. ગુરુદેવ પણ મસ્તીમાં ઝૂમી રહ્યા હતા. સાથે સાથે કાગળ પર કંઈક ટપકાવતા જતા હતા... વચ્ચે વચ્ચે 'વાહ ! વાહ ! અદ્‌ભુત' શબ્દો એમના મુખમાંથી સરી પડતા હતા.

૨૧ ગાથાઓનું ગાન પૂરું થયા પછી, ગુરુદેવ પુરુષોત્તમ ઉપાધ્યાયને પ્રેમથી થોડાંક ઉચ્ચારણોનો ફેરફાર સૂચવ્યો. પુરુષોત્તમભાઈએ એ ફેરફાર સ્વીકારીને, એ ચાર-પાંચ ગાથાઓ ફરીથી સંભળાવી !

મુંબઈમાં પૂજ્ય આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રેમાળ વ્યવહારથી અને પૂ. મુનિરાજશ્રી ભાનુવિજયજી મહારાજના તપ-ત્યાગ અને વૈરાગ્યથી ભર્યાં ભર્યાં રસભરપૂર પ્રવચનો સાંભળીને અનેક યુવાનોએ ઘરબાર છોડ્યાં. દીક્ષા લીધી. સંઘો સાધુ સમુદાય મોકલવાની વિનંતિ કરવા આવવા લાગ્યા. આચાર્યભગવંત સહુ સંઘોને કહેતા.

'મહાનુભાવો, મારી પાસે ૧-૨ વર્ષના નવા સાધુઓ જ વધારે છે. એમનો અભ્યાસ ચાલે. ૫/૭ વર્ષમાં તેઓને મારે એટલું જ્ઞાન આપવું છે અને તેમના સંયમનું ઘડતર કરવું છે કે પછી તમે લઈ જશો... ત્યારે તેમની પાસેથી તમારા સંઘોને શાસ્ત્રીય બોધ અને સારી પ્રેરણાઓ મળશે ! માટે અત્યારે આગ્રહ ન કરો.'

એક દિવસે પરમ ગુરુદેવે અમારા ગુરુદેવને (ભાનુવિજયજીને) કહ્યું : 'જો ભાનુવિજય, તારી જવાબદારી વધી છે. સારા ઘરના અને સારા ભણેલા-ગણેલા વિનયી-વિવેકી યુવાનો આપણા શરણે આવ્યા છે. તેમના જ્ઞાનમાં વૃદ્ધિ થાય, સંયમમાં શુદ્ધિ થાય અને બુદ્ધિ નિર્મળ થાય, એવા પ્રયત્ન આપણે કરવાના છે. હું ભણાવીશ, તું ભણાવજે અને પદ્મવિજય પણ ભણાવશે ! કોરું જ્ઞાન નથી આપવાનું, સાથે સંયમધર્મની પ્રેરણાઓ આપવાની છે,' અને જ્ઞાનયજ્ઞ મંડાઈ ગયો.

પૂજ્ય આચાર્યભગવંતે સાધુઓને દ્રવ્યાનુયોગનું અધ્યયન કરાવવા માંડ્યું. પ્રકરણો, ભાષ્યો, કર્મગ્રંથ... અને કમ્મપયડી સુધી અધ્યયન કરાવ્યું. તો પૂજ્ય ગુરુદેવે (ભાનુવિજયજીએ) યતિદિનચર્યા, ઓઘનિર્યુક્તિ, ઉપદેશમાળા અને જ્ઞાનસાર જેવા ગ્રંથો પર વાચનાઓ આપવા માંડી !

પૂ. ગુરુદેવશ્રીના લઘુભ્રાતા અને શિષ્ય, તેમણે અમુક સાધુઓને 'સિદ્ધહેમ-વ્યાકરણ'નું અધ્યયન કરાવવા માંડ્યું. પૂ. ગુરુદેવના નિર્દેશ મુજબ સંસ્કૃત વ્યાકરણની 'શોર્ટનોટસ' પૂ. પદ્મવિજયજી મહારાજે બનાવી કે જેથી અલ્પ સમયમાં વ્યાકરણનો બોધ થઈ શકે.

હવે એક રહસ્યનો વિસ્ફોટ કરીને લેખ પૂર્ણ કરીશ.

મુંબઈ લાલબાગ (ભૂલેશ્વર)ના ઉપાશ્રયે એક શ્રાવક આવ્યો. લગભગ બપોરે એક વાગ્યાનો સમય હશે. તેણે પૂ. ગુરુદેવશ્રીને પ્રણામ કર્યા અને જમીન પર બેઠો. તેમણે ધીર-ગંભીર અવાજે કહ્યું :

'મુનિરાજ ! તમારા ઉદ્ધારનો સમય તદ્દન સમીપ આવેલો છે. એમ મને દેખાય છે. તમને પ્રજ્ઞાકમળના દર્શન થાય, એટલી જ વાર છે. તમે જોજોને શો ચમત્કાર થાય છે ! તમને એક દિવસ શક્તિ સાંપડશે. આકાશનાં નક્ષત્રો તમારી પાંગતે પથરાશે. અને તમે ૧૦૮ થી વધારે શિષ્યોના ગુરુ થશો. પરંતુ બે વાતનું ધ્યાન રાખજો. તમારી દૃષ્ટિ અંતરતમના પ્રજ્ઞાકમળ પરથી વિચલિત થવા ન દેશો અને છેવટ સુધી તમારી છાયા (પૂ. ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજીની) ને દૂર ન કરતા. એકવાર દુનિયા આખી તમારાથી વિમુખ થઈ જાય પણ આ છાયા તો પૂર્ણરૂપે તમારામાં એકરૂપ થઈને રહેવી જોઈએ.'

એ શ્રાવકે જતાં જતાં મને કહ્યું : 'મહારાજ વાત બધી મનમાં રાખજો...' અને તેઓ ઉપાશ્રયનો દાદરો ઉતરી ગયા.

# સહસ્રરશ્મિનું એક કિરણ : સૂરિપુરદંર

— ડૉ. કુમારપાળ દેસાઈ



(પૂ.આ.ભ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા દ્વારા લિખિત **'સૂરિપુરંદર'** પુસ્તક ઉપર ડૉ. કુમારપાળ દેસાઈએ કરેલી આ સમાલોચના પૂજ્યશ્રીના લેખનકળાના વૈભવને પ્રદ્યોતિત કરે છે.)

આભને આંબતા ઊંચા ગિરિશિખર પરથી કલકલ નિનાદે ઝરણું વહેતું હોય, ચોપાસ હરિયાળી પ્રકૃતિ આનંદભેર ખિલખિલાટ હર્ષાનંદ અનુભવતી હોય, નિર્ઝરની એ ગતિમાં એક પ્રકારનો સાહજિક સ્વયંભુ પ્રગટેલો મસ્ત ઉલ્લાસ હોય અને વાતાવરણના એકાંતની વચ્ચેથી એ વહેતું હોય એવો અનુભવ જેમના રૂંવે રૂંવે સ્વાધ્યાય અને આત્મસાધના વસતા હતા તેવા ન્યાયવિશારદ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના **'સૂરિપુરંદર'** પુસ્તકનું અવગાહન કરતાં થાય છે. અધ્યાત્મનાં ઊંચા શિખરેથી આત્મસાધનાનું સંગીત વહેવડાવતું આ ઝરણું એની પ્રત્યેક ગતિએ ઉદાત્ત ગુણોનું પ્રગટન કરે છે. નિર્ઝરનો એ ઝણકાર અહીં આત્મમસ્તીના ઉલ્લાસમાં પરિણત થાય છે અને આખુંય ચરિત્ર માનવ હૃદયને એકાંતમાં સતત જીવન હેતુ વિષયક વેધક પ્રશ્નો પૂછતું રહે છે.

ચરિત્ર સાહિત્યમાં એક વિશિષ્ટ ચરિત્ર પ્રકાર છે - 'બાયોગ્રાફિકલ સ્કેચ'નો.

સામાન્ય રીતે ચરિત્ર-આલેખનમાં વ્યક્તિના જીવનની ઘટનાઓ એની ક્રમિક

સાલવારી મુજબ નિરૂપાતી હોય છે, પરંતુ 'બાયોગ્રાફિકલ સ્કેચ' એક એવી કલાકૃતિ છે કે જેમાં વ્યક્તિના જીવનની એકાદ રેખા આલેખવામાં આવે અને એ એકાદ રેખામાંથી ચરિત્રનાયકના જીવનનો વિશિષ્ટ ગુણ અને એનું આંતરજગતનું આખું ચિત્ર પ્રગટ થઈ જાય !

'સૂરિ પુરંદર' એ વિક્રમની છઠ્ઠી શતાબ્દિમાં થયેલા સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં ૧૪૪૪ ગ્રંથોના રચયિતા એવા પૂજ્ય આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીની યશોગાથા આલેખતો ચરિત્રાત્મક ગ્રંથ છે. આવી વિભૂતિનું ચરિત્ર એ તો એવા મહાસાગર જેવું છે કે જેના પ્રત્યેક બુંદમાં મોતી મળે ! કોઈ મરજીવાને મોતી મેળવવા માટે સાગરના ઊંડા પેટાળમાં ડૂબકી લગાવવી પડે. કેટલીયે મથામણ, મહેનત, મુશ્કેલી અને મોતના સોદા પછી એને મોતી હાથ લાગે, પરંતુ પૂ. આ. હરિભદ્રસૂરિજીનું ચરિત્ર જ એવું છે કે જેમના જીવનની કોઈપણ ક્ષણ પર મન ઠેરવીએ અને મોતી હાથ લાગે, આંખ સ્થિર કરીએ ને આખા આકાશનો અનુભવ થાય, દૃષ્ટિ માંડીએ અને સમગ્ર સમષ્ટિનું અજવાળું સાંપડે !

'યોગદૃષ્ટિ સમુચ્ચય', 'યોગબિન્દુ', 'અનેકાંત જયપતાકા', 'ધર્મબિન્દુ', 'ધર્મસંગ્રહણી', 'સમરાઈચ્ચ કહા' અને 'લલિત વિસ્તરા' જેવા મહાન શાસ્ત્રીય ગ્રંથોની રચના કરનાર પૂ.આ. હરિભદ્રસૂરીશ્વરજી મ.સા.ની જ્ઞાનોપાસનાની ઘડતરકથા આમાંથી મળે છે. મહાન ન્યાયાચાર્યના જીવનની સ્થૂળ ઘટનાઓની કશી કિંમત હોતી નથી. એમના ચિત્તજગતને-ભાવજગતને સંસ્કારનારી ઘટનાઓ જ મહત્ત્વની ગણાય. આ ચરિત્રનો સમગ્ર ઝોક જ એમના વિદ્યાજગતની ઘડતરકથા પર રહેલો છે.

ક્યારેક એવી વિરલ શક્યતા આકાર લે છે કે ચરિત્રનાયક અને ચરિત્ર-આલેખક બંને વચ્ચે અનોખું વ્યક્તિત્વ-સામ્ય સધાયું હોય !

ચરિત્ર આલેખકની દૃષ્ટિ કયા પ્રકારના ચરિત્રો પર ઠરે છે, તે પણ તેમના આંતરજગતની પરિચાયક બાબત બને છે. જ્ઞાનોપાસનાની જીવંત મૂર્તિ જેવા પૂ. હરિભદ્રસૂરીશ્વરજીનું ચરિત્ર પૂ.આ. વિજયભુવનભાનુસૂરીશ્વરજી આલેખે, તે કેવો વિશિષ્ટ-સુભગ સુયોગ કહેવાય ! ન્યાય-ગ્રંથોના ગહન અભ્યાસ માટે આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી અવિસ્મરણીય છે. જૈન ન્યાય ગ્રંથો ખુદને સમજવા કઠિન હોય ત્યાં બીજાને સમજાવવા કેટલા કઠિન બને ! એની ક્લિષ્ટ પરિભાષા ઉકેલવી એ વિદ્યાની આગવી કોઠાસૂઝવાળાનું જ કામ. આચાર્ય શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીએ ન્યાયગ્રંથોનું ગહન અવગાહન કર્યું. પોતાના શિષ્યો અને સહુ કોઈને અધ્યયન કરાવ્યું, એટલું જ નહિ, પણ પ્રાસાદિક ગુજરાતી ભાષામાં

એનું પ્રમાણભૂત આલેખન કર્યું. પૂ. આ. હરિભદ્રસૂરિજી મહારાજનો 'યોગદષ્ટિ સમુચ્ચય' નામનો ગ્રંથ એમણે પોતાની પ્રવાહી શૈલીમાં વાચના દ્વારા આપ્યો હતો. સંસ્કૃત ભાષામાં રચાયેલો 'યોગદષ્ટિ સમુચ્ચય' ગ્રંથ તે જૈન આધ્યાત્મિક સાહિત્યનું એક આગવું સીમાચિહ્ન છે અને પૂ.આ. હરિભદ્રસૂરિજીના એ ગ્રંથને એવી સરળ અને પ્રાસાદિક રીતે આ. વિજયભુવનભાનુસૂરિજીએ સમજાવ્યો છે એના પરથી ખ્યાલ આવે કે પૂ. હરિભદ્રસૂરિજીના ગ્રંથોને એમણે કેટલા બધા આત્મસાત્ કર્યા હશે !

એવી જ સરળ પ્રાસાદિક અને માર્મિક આલેખન પદ્ધતિ આ ચરિત્રગ્રંથમાં જોવા મળે છે. સામાન્ય રીતે ક્લિષ્ટ અને અટપટી ભાષા, પારિભાષિક શબ્દોનું વધુ પડતું ભારણ અને મૂળ ચરિત્રને બદલે આડ વાતોની અતિશયતા ઘણા ચરિત્રગ્રંથોમાં જોવા મળે છે. આ ગ્રંથની આગવી વિશેષતા એ એની સરળ ભાષા, આસપાસના સમાજમાંથી લીધેલાં ઉદાહરણો અને શાસ્ત્રોના જાણીતા પ્રસંગોની ગૂંથણીમાં જોવા મળે છે. એનો અર્થ એ કે આ કૃતિમાં આલેખાયેલા ચરિત્રનો ગુણવૈભવ વાચક સતત અનુભવતો રહે છે.

ચરિત્ર એ ચારિત્ર્ય-ઘડતરનું મહત્ત્વનું સાધન છે, એ દષ્ટિએ આ ગ્રંથમાં વિભૂતિના વિશિષ્ટ સદ્ગુણો, સુકૃત્યો અને ધર્મસાધના દર્શાવવામાં આવી છે. એના પ્રસંગોમાંથી વાચકને અનરાધાર પ્રેરણા મળે છે અને એવી એકાદ પ્રેરણા પોતાના જીવનમાં ઉતારવાનો ભાવ જાગે છે. ચરિત્રનાયકના ગુણો પ્રગટાવવા એ મુખ્ય બાબત ગણાય. ધુરંધર વિદ્વાન અને સમર્થ શાસ્ત્રકાર યોગપુરુષ હરિભદ્રસૂરિજી મહારાજના ચરિત્રના ગુણો કલમની પીંછીમાં રંગોની સુંદરતા ભરીને ઉપસાવ્યા છે. પૂ. હરિભદ્રસૂરિજીની નિખાલસતા અને સરળતા દર્શાવીને એમના જીવન અને એમના ગ્રંથોમાં એનું કેવું પ્રતિબિંબ દષ્ટિગોચર થાય તે બતાવ્યું છે.

આવી ઘટનાઓ આલેખતા કેટલાક ચમકદાર ચિંતનકણો આપોઆપ સરી પડે છે. જેમ કે, સરળતા અને પ્રામાણિકતાની વાત કરતા ચરિત્રકાર નોંધે છે : 'આત્માની ઉન્નતિ તો આંતરિક નિર્મળ પરિણતિ ઉપર આધારિત છે. (પૃ. ૩૮)

આવી જ રીતે જિનાગમ પર ભારોભાર અને અનન્ય બહુમાન દર્શાવતો ચરિત્રનાયકનો ગુણ પરિસ્થિતિના પલટા અને જીવનના વારાફેરા વચ્ચે પણ વધુને વધુ કેવો પ્રદિપ્ત થતો રહે છે તે દર્શાવ્યું છે. મહાન શાસ્ત્રકાર પૂ. હરિભદ્રસૂરિજીએ જીવનના પ્રારંભ કાળે એવો સંકલ્પ કર્યો હતો કે જગતમાં ન સમજાય એવું શાસ્ત્ર કોઈ કહે તો જીવનભર એનો ગુલામ થઈ જાઉં. મહાન સાધ્વી યાકિની મહત્તરાનું સાંભળેલું સૂત્ર તેઓ સમજી શક્યા નહિ. ચૌદ વિદ્યાના પારગામી અને દર્શનશાસ્ત્રના

જાણકાર એવા પંડિત હરિભદ્ર સાધ્વીજી પાસે ગયા અને પછી એનો અર્થ પામવા આચાર્યશ્રી જિનભદ્રસૂરિજી મહારાજ પાસે પહોંચી ગયા. અને અહીં જિન-આગમનો મહાભંડાર એમની સમક્ષ ઉદ્‌ઘાટિત થાય છે. જન્મ દેનારી માતા એક અને ધર્મની માતા જુદી. આના પરિણામે આ. હરિભદ્રસૂરિજીએ જે શાસ્ત્રો લખ્યા તેમાં નોંધ્યું છે કે, 'યાકિની મહત્તરાના ધર્મપુત્ર શ્વેતામ્બરાચાર્ય હરિભદ્રની આ રચના.'

આ ઘટનાને કેન્દ્રમાં રાખીને જૈન ધર્મમાં નારીનું ગૌરવ, નારીશક્તિની મહત્તા અને જિનશાસ્ત્રોની અપૂર્વતા આલેખી છે. નારી જાતિની મહત્તા દર્શાવતી વખતે તેઓએ - ચંપા શ્રાવિકા, સીતા, દમયંતી, સુલસા, ચંદનબાળા, રેવતી વગેરેના ઉદાહરણો આપ્યા છે. આમ એક ચરિત્રની સાથે અનેક પ્રેરણાદાયી ચરિત્રોની માળા ગૂંથી આપી છે.

આચાર્યશ્રીનું ચિંતન પણ સતત પ્રગટ થતું રહે છે. એમના ચિંતનમાં, તાત્ત્વિક્તા અને સાત્ત્વિક્તા - બન્નેનો સુયોગ છે. ક્યારેક આ ચિંતન પ્રશ્નોત્તરીરૂપે આવે છે : જેમ કે, પ્રશંસા સારી કે ખરાબ - એવા પ્રશ્ન અંગે સામાન્ય માન્યતા એવી છે કે પ્રશંસા કરવી જોઈએ નહીં, પરંતુ અહીં આચાર્યશ્રી કહે છે : 'પ્રશંસા, હકીકતમાં જે ગુણ હોય એ ગુણની કરવી.' (પૃ.૬૦)

પછી આની સમજૂતી આપતાં તેઓ કેવી સોનેરી સલાહ આપે છે, તે જોઈએ. તેઓ કહે છે, 'હવે જુઓ, પ્રશંસા કોને ન ગમે ? તમે સામાની પ્રશંસા કરો એટલે એનું તમારા તરફ આકર્ષણ થવાનું, તમારા પર એનો ભાવ વધે, પછી તમારે કડવું કહેવું હોય, ભારે કહેવું હોય તોય તે પ્રેમથી કહી શકો અને તે સાચે જ સ્વીકારે.' (પૃ. ૬૦)

આ ચરિત્રગ્રંથમાં ઠેરઠેર વેરાયેલા વિચારમૌક્તિકો સંગ્રહ કરવા જેવા છે. ભાષાની સરળતા અને ભાવની સચોટતાને કારણે એ અત્યંત હૃદયસ્પર્શી બની રહ્યા છે. જેમ કે,

'ભાવના આરે પહોંચી ગયા હોય એમને હવે ભવસાગરના ઝંઝાવાતો ન નડે.' (પૃ. ૫૫)

'જ્યારે વિઘ્નનું લગભગ નામનિશાન નથી ત્યારે ધર્મપુરુષાર્થ કરી લેવા બહુ સહેલો અને સસ્તો ! (પૃ. ૧૨૭)

'શુભ ભાવો કેળવ્યા વિના આ સંસારમાંથી ઊંચે આવવાનો અને સર્વથા મુક્તિ પામવાનો અવકાશ જ નથી.' (પૃ. ૭૯)

'સરળતામાં મહાનતા છે, મહાદંભમાં અધમતા છે.'

'મોક્ષ માયાવીને નથી મળતો, સરળને જ મળે છે.' (પૃ. ૩૯)

આ ચરિત્રગ્રંથમાં દષ્ટિરાગ ધરાવતા પંજાબના પંડિતજી, સમરાદિત્ય, કાશી નરેશ, મમ્મણ શેઠ, મેતારજ મુનિ જેવાનાં ઉદાહરણો મળે છે. આ ઉદાહરણો દ્વારા એમણે વિષયને વધુ સ્પષ્ટ બનાવ્યો છે. ક્યાંક ગુણને ઘટના સાથે પરોવી દે છે. જેમ કે, પંડિત હરિભદ્રના આત્માનું પરિવર્તન થયું તેનું કારણ સાધ્વીજીનો વિનય, નમ્રતા અને વાત્સલ્ય છે. એ જ રીતે ક્યાંક વ્યવહારની સમજણ આપતા કહે છે. 'જગતને સારા રૂપમાં જોતાં શીખો.' અથવા તો 'બીજાના વાંકે આપણું મન કાળું કરવું નહીં.'

આ ચરિત્રગ્રંથમાં આપોઆપ જ હિંદુ, જૈન અને બૌદ્ધ એ ત્રણે ધર્મોની તુલનાત્મક ચર્ચા આવે છે કારણ કે, હરિભદ્ર બ્રાહ્મણ પંડિત હતા. એમાંથી જૈન આચાર્ય બન્યા અને બૌદ્ધાચાર્ય સાથે એમણે વાદ-ચર્ચા કરી હતી. આ ઘટનાઓને સ્થૂળરૂપે જોવાને બદલે પ્રત્યેક ધર્મના સ્વરૂપ અને તત્ત્વજ્ઞાનની પીઠિકા પર એને જોવામાં આવી છે. આનું પરિણામ એ આવ્યું છે કે, આ ચરિત્રગ્રંથ સામાન્ય માનવીને પણ ધર્મ વિશેની સાચી અને તુલનાત્મક સમજણ અર્પી જાય છે.

આ ગ્રંથની સૌથી વિશેષ બાબત તો એની પ્રવાહી અને રસપ્રદ શૈલી છે. ભાવુક - એના દૃષ્ટાંતો, ઘટનાઓ, વિચારો અને ચર્ચાઓને સુગમતાથી સમજી શકે તે રીતની આ રજૂઆત છે. વળી અંતે પૂ.આ. હરિભદ્રસૂરિએ રચેલા ગ્રંથોની વિગત આપીને સમગ્ર ચરિત્રને યશકલગીરૂપ વાત પણ આચાર્યશ્રીએ નોંધી છે.

આમ આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજીની પ્રતિભાના અનેક અંશો જોવા મળે. સૂર્ય તો સહસ્રરશ્મિ છે. એ સૂર્યનું એક રશ્મિ તે 'સૂરિપુરંદર.'



# એક એફીડેવીટ

**–પૂ.મુનિરાજ શ્રી હૃદયવલ્લભવિજય મ.**



બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટના સંદર્ભમાં રતીલાલ પાનાચંદ ગાંધીએ મુંબઈ રાજ્યની સામે કરેલા ઐતિહાસિક કેસમાં સુપ્રીમ કોર્ટમાં જ્વલંત વિજય થયો હતો અને મુંબઈ રાજ્યની સરકારે ધાર્મિક ટ્રસ્ટો ઉપર લાદેલી કેટલીક ખતરનાક કલમો નાબૂદ કરવામાં આવી હતી. આ ઐતિહાસિક પિટિશનમાં તા. ૨૯-૫-૧૯૫૨ના દિવસે સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાએ (ત્યારે મુનિરાજ) પબ્લિક ટ્રસ્ટ એકટના વિરોધમાં એક એફીડેવીટ ફાઈલ કરી હતી. આ એફીડેવીટમાં તેઓશ્રીએ સ્પષ્ટ જણાવ્યું હતું કે જૈન ધાર્મિક ટ્રસ્ટોના વહીવટમાં સરકારની દખલગિરિ સ્થાપિત કરનારો પબ્લિક ટ્રસ્ટ એકટ જૈન ધર્મના સિદ્ધાન્તોનો ઘાત કરનારો છે. ભારત જો સેકયુલર સ્ટેટ કહેવાય છે તો કોઈપણ ધર્મની ધાર્મિક બાબતોમાં તે હસ્તક્ષેપ કેવી રીતે કરી શકે ?

૧૬ મુદ્દાની આ એફીડેવીટમાં અનેક યુક્તિઓ અને તર્કો દ્વારા પૂજ્યશ્રીએ પબ્લિક ટ્રસ્ટ એકટને પડકાર્યો હતો.

# No. 5

**Affidavit dated 29-5-1952 of**

**Muni Shri Bhanuvijayji in Support of th Petition**

In the High Court of Judicature at Bombay

IN ITS JURISDICTION UNDER ARTICLE 226

of the Comstitution of India

and

In its General and inhorent Jurisdiction.

Civil Application No. 880 of 1952.

In the matter of Conatitution of India,

And

In the matter of the Bombay Public Trust, Act XXIX of 1950

Ratilal Pannachand Gandhi .... .... .... .... Petitioner.

Versue.

The State of Bombay and Others .... .... .... Respondents.

I, Muni Shri Bhanuvijayji, a Jain Preceptor at Present residing at Lal Baug Jain Upashraya, without the Fort of Bombay, Solemnly affirm and as follows :

1. That I become a Sadhu about eighteen years baek. Prior to my becoming a Sadhu I had been and thereafter also have a close student of Sanskrit and have studied a number of Jain religiouss books and Shastras. I any that inthe course of my religious duty. I have given discoureses on Jian religious tenets and practices to many conugregation at different places in the whole of India. I any that several thousands of Swetamber Murti Pujak Jaine have attended my discoures.

2. I say that the Jains have distinct religion and a distrinct philosophy of their own. Their soial life is to a very large extent influenced by the religion and religious belife.

3. According to the Jain religious scriptures Jains are divided into 30 two classes namely, Sadhus and Shravaka. The Former are Jains who have renouneed life and worldly possession and have taken up asectieism.

11. According to Jain religion a person paying money in Sat Kahotra (Seven Objects) is considered to be diong a good and pious thing.

12. The enactment of the Bomay Public Trusta Act 1950 is aginst the prinoiples of Jain religion which provides for conduct management etc., of the Jain Public Religious Charitable Trust. The provisions of the Trusts Act and the enforement there of is against the long usage and ocston of the Jain and principles therein cited in Jain Religious Scriptures. This will cause irrepairable damage to the Jain Religion.

13. Bombay State is part of Bharat which is said to be a Secular State, hence in accordance with its Goal, it cannot intherefore with any Religious matters.

14. Religious funds are a total of personal expenses of indiviuals for centuries and hence the State should not interfere with or go against their wish.

15. Ahost of varied intricacies regarding the keeping of accounts, forms etc., provided in the Bombay Public Trusts Act, retardsthe main creation of religious funds and consequently the Jain Religion and Culture.

16. The powers alloted to the Charity Commissioner are the ones which can be only to the particuler religious Scriptural expert having faith in it.

Solomnly affirmed at Madhav Baug, Bombay
aforesaid this 29th day of May 1952.
At 4-30 P.M. **Sd/- Muni Bhanu Vijay.**

**Before me,**
**Sd/- A.R. Narayan Ayyer.**
**for Asst. Master.**

**Sd/- Thakordas Daru Hemany & Co.,**
**Petitioner's Attorneys.**

## પ્રસંગ મહોદધિ : પ્રસંગ-ગંગા

– પૂ.મુનિરાજ શ્રી પદ્મબોધવિજય મ.

### સૂત્ર લૂખાં ન બોલો



પૂજ્ય ગુરુદેવશ્રીનો એ નિત્યક્રમ હતો કે પ્રભાતના સમયે સમૂહમાં જિનાલયે જવું અને ચૈત્યવંદન કરવું. ગુરુદેવ જિનાલયે જવા નીકળ્યા... અને તેઓશ્રીના કર્ણપટલ પર શબ્દો અથડાયા... 'વિષય-કષાયના ગંજીયા...!' ઉપાશ્રયમાં એક શ્રાવક પ્રતિક્રમણ કરી રહ્યા હતા અને તેઓ આ દુહો બોલી રહયા હતા. ગુરુદેવ મારો હાથ પકડીને તે શ્રાવક પાસે ગયા અને બોલ્યા : 'કેમ ભાગ્યશાળી ! કેટલાં વર્ષોથી પ્રતિક્રમણ કરો છો ? 'ગુરુદેવ ! વર્ષોથી કરું છું... ખૂબ મજા આવે છે... સવારના આવા શાંત સમયે પાપો...' ગુરુદેવના સવાલથી તે શ્રાવક મસ્તીમાં આવી ગયા હતા ને બોલ્યે જતા હતા. ગુરુદેવ તેને અટકાવીને કહ્યું : 'પેલો દુહો જરા ફરીવાર બોલો તો...' તે શ્રાવકે જ્યારે દુહો લલકાર્યો ત્યારે ગુરુદેવ ખૂબ ગંભીર થઈને બોલ્યા : 'ભાગ્યશાળી ! કસ્તુરીનું પાર્સલ લઈને જવા છતાં નાક તેની સુગંધ સુંઘવા પણ ન પામે તેના જેવી કમનસીબ વાત છે...' 'વિષયકષાયના ગંજીયા તે કાંઈ હોતા હશે ? એમ બોલો કે, 'વિષયકષાય નાગંજીયા ...' સીમંધર ભગવાન વિષયકષાય રૂપી નાગ (હાથી)ને જીતનારા છે. સૂત્રો બોલ્યે જાવ છો પણ તેની અંદર રહેલા અર્થની સુવાસ જો સ્પર્શે નહીં, તો આપણી કમનસીબી જ કહેવાય...!'

ગુરુદેવે ત્યારે કહેલા વાક્યો આજે ય કાનના કોતરોમાં ગુંજે છે કે, 'સૂત્રો લૂખાં લૂખાં ન બોલો, એને અર્થથી ભીનાં ભીનાં કરીને બોલો તો જ તે અંતરને સ્પર્શશે !!!'

## ત્યાગનાં કવચમાં સંયમની સુરક્ષા

સાઉથના સંઘોની આગ્રહભરી વિનંતીથી ગુરુદેવ સાઉથમાં પધાર્યા હતા. પ્રથમ ચાતુર્માસ બેંગલોરમાં કર્યું. સાઉથમાં સાધુ ભગવંતોનું આગમન અતિ અલ્પ હોવાને કારણે ત્યાંના શ્રાવકોમાં સાધુઓ પ્રત્યે અત્યંત ભક્તિભાવ હોય છે. જીવતા ભગવાનની જેમ સન્માન કરે. ત્યાંના લોકોની આવી ગાંડી ભક્તિ જોઈને ગુરુદેવનું હૈયું ચિંતિત થઈ ગયું. ગુરુદેવના ચિત્તમાં ચિંતા પેસી ગઈ હતી કે મારા આશ્રિત સાધુઓની આસપાસ જો હવે હું ત્યાગતપનું રક્ષા-કવચ ઊભું નહીં કરું, તો આ ભક્તિના પૂરમાં મારો સાધુ તણાઈ જશે... લાલસાનાં ઘોડાપૂરમાં ફસાઈ જશે. બીજે દિ વાચનામાં ગુરુદેવે ત્યાગ-તપનું મહત્ત્વ વર્ણવ્યું અને વાત મૂકી કે, 'મારી ઈચ્છા છે કે આ ચાતુર્માસમાં ૧૦ તિથિ ફ્રુટ-મિષ્ટાન્ન-મેવો-ફરસાણ ગોચરીમાં નહીં આવવું જોઈએ.' અહીંના લોકો ભક્તિભાવથી વહોરાવે તે એમની ભક્તિ છે. પણ જો આપણે એ તરફ ઝૂકી ગયા તો જીવનની મહામૂલી મૂડી ગુમાવી બેસીશું...'

અને એ આખું ચાતુર્માસ-અને તે પછીના મહિનાઓ સુધી બેંગલોરની સ્થિરતા દરમ્યાન આ નિયમ અખંડ પળાયો. જાણે લાલસાના ઘોડાપુરને ત્યાગની વજ્ર દીવાલો આગળ માથા પટકીને પાછા હટી જવું પડ્યું ! મધદરીયે આવી ગયા પછી વહાણનો નાવિક તોફાન આવવાના એંધાણથી કેવી અગમચેતી વાપરીને વહાણને અને યાત્રિકોને હેમખેમ ઉગારી લે, બસ ! ગુરુદેવ અમારા તો નાવિક હતા. તોફાનના એંધાણને પારખી જવાની હોશિયારીથી સંભવિત ખતરાને કેવો દૂર-દૂર ખસેડી મૂક્યો...!!

## રાત્રિ સ્વાધ્યાયનો યજ્ઞ

મા ઘરનું કામકાજ કરતી હોય અને બાળક તેનું ક્યાંક રમવા ચાલી ગયું હોય તો માનું ચિત્ત પણ તેની પાછળ ને પાછળ જશે... થોડી થોડી વારે પોતે ઊભી થઈને જોઈ આવશે કે મારું બાળક સલામત તો છે ને !

સાઉથના વિચરણ સમયની આ વાત છે. કોલ્હાપુર, મહાવીરનગરમાં પ્રતિષ્ઠા મહોત્સવ ચાલી રહ્યો હતો : કો'ક પ્રખ્યાત સંગીતકાર આવ્યો હતો, ને રાત્રિના સમયે ભાવનાનો કાર્યક્રમ પૂરબહારમાં જામ્યો હતો. ત્યાં જ ગુરુદેવનું મા-હૈયું ચિંતિત થઈ ઊઠ્યું. રખેને મારા આશ્રિત સાધુઓ આ ગીત-સંગીતના વાતાવરણમાં રાત્રી-સ્વાધ્યાય વિસરી જાય, ક્યાંક ગીતગાનના રાગરાગીણીઓમાં ખેંચાઈ જાય. માટે, પ્રતિક્રમણ જેવું પૂર્ણ થયું કે ગુરુદેવે ટહેલ નાંખી : 'બધા જ પોતાના આસનો લઈને મારી પાટની આજુબાજુ બેસી જાવ. આજથી આપણે રાત્રીસ્વાધ્યાય માંડલી



શરૂ કરી દઈએ. ગુરુદેવ વચ્ચે બેસીને સૂરિમંત્રનો જાપ કરે અને બધા મહાત્માઓ સ્વાધ્યાયનો ગુંજારવ કરે. સંગીતકારના સંગીતના અવાજો... વિવિધ રાગના પ્રલાપો તો ક્યાં છૂ થઈ ગયા તે ખબર જ ન પડી... !

આ સ્વાધ્યાય માંડલી એટલી તો અસરકારક રહી કે મગજની પાટી પર ભૂંસાવા આવેલા સૂત્રો ફરી ઉપસી આવ્યા. પછી તો બેંગલોરના ચોમાસામાં પણ ૪ મહિના આ સ્વાધ્યાય માંડલી ચાલુ જ રહી...!!! જ્યાં આવી ગુરુ-મા પોતાના શિષ્યબાલકની સલામતી માટે આટલી સાવધાન હોય ત્યાં ખુદ મોહરાજા બારણે આવીને ઊભો રહે તો પણ તેને હતાશ થઈને રવાના જ થઈ જવું પડે !!!

## સૂક્ષ્મ સાવધાની

કેમ ગુરુદેવ ! પગમાં કાંઈ વાગ્યું છે, જેથી ખોડંગાતા ચાલો છો ? દેરાસરમાંથી ગુરુદેવ નીકળી રહ્યા હતા, ને એક શ્રાવકે પ્રશ્ન કર્યો. હકીકતમાં પગે કશું વાગ્યું ન હતું પરંતુ સવારના દેરાસરમાં કાચું પાણી ઢોળાયેલું હતું, સફેદ આરસ પર પાણી ન દેખાતા તેના પર ગુરુદેવનો અજાણતાં પગ પડી ગયો હતો. અને ગુરુદેવના પગે ક્યારેક પણ આ રીતે કાચું પાણી સ્પર્શી જાય ત્યારે - જ્યાં સુધી પગને લાગી ગયેલું કાચું પાણી, તે ભાગમાંથી સ્વાભાવિક રીતે સૂકાય નહીં, ત્યાં સુધી પગ ઊંચો રાખીને જ ચાલે... જેથી પાણીના એક એક ટીપામાં રહેલા અસંખ્ય જીવો ચગદાઈ ન જાય !

કેવી સૂક્ષ્મ સાવધાની ! આવી સૂક્ષ્મ સાવધાનીની સાક્ષી અમારી સહુની આંખો છે ! અંતર પર તેની અમીટ છાપ છે !

## જાતીનું વોરન્ટ

દક્ષિણ ગુજરાતના એક ગામના પ્રતિષ્ઠા મહોત્સવ વખતની આ વાત છે. સવારના રાઈમુહપત્તિ કર્યા પછી પૂ. ગુરુદેવે ધડાકો કર્યો. 'જેમની પાસે ઘડિયાળ હોય તે બધા ઘડિયાળો મને આપી જાય. એક એક ઘડિયાળ એટલે વાઉકાયના જીવોના વિનાશનું કતલખાનું ! ઘડિયાળના કાંટા એટલે જાણે તલવાર ! વાઉકાયના જીવો પર તે સતત ચોવીસે કલાક વીંઝાતી જ રહે. ઘડિયાળની અંદરનું લોલક-સુદર્શનચક્રની જેમ ફરતું રહીને વાઉકાયના ગળા કાપ્યા જ કરે !' આવી હિંસક ઘડિયાળો દરેકને રાખવાની જરૂર શી છે ? જેને પણ સમય જોવો હોય ઉપાશ્રયની ઘડિયાળમાંથી જોઈ લે, દરેકે 'પર્સનલ' ઘડિયાળ રાખવાની જરૂર નથી. અને ગુરુદેવે બધી જ ઘડિયાળો જપ્ત કરી લીધી. અમારા દરેકના મુખ ઉપર આશ્ચર્ય સાથે આનંદની લકીરો પણ ફેલાઈ ગઈ હતી.

કેવા મહાન ગુરુદેવ છે ! સંયમ-વિરાધનાની ઊંડી ખીણમાં અમે ગબડી ન પડીએ તેની કેટલી કાળજી લે છે ! ગુરુદેવની આવી ઝીણી ચીવટ અને કાળજી દેખીને ઘડિયાળની હિંસકતા સમજીને ઘણા મુનિવરોએ ઘડિયાળનો ત્યાગ કર્યો !

## વિનયની ટોચ

પોતાના ગુરુ જીવતા હોય ને હાજર હોય ત્યારે તેઓનો વિનય સાચવનારા શિષ્યો તો ઘણા હોય છે. પણ, ગુરુની ગેરહાજરીમાં, ગુરુ દિવંગત થયા પછી પણ તેઓનો વિનય સાચવનાર શિષ્યો વિરલ હોય છે.

આવી વિરલ ઘટનાનો હું સાક્ષી છું. આવી વિરલ ઘટના નજરે નિહાળ્યાનો આનંદ છે. વાત એમ છે કે :- ગુરુદેવ લગભગ કેટલીય વાર અમને લોકોને કહેતા રહેતા કે તમારે મારા સંથારામાં ત્રણથી વધારે આસન ન પાથરવા. પણ ગુરુદેવની સેવામાં રહેલા મુનિવરો ભક્તિથી ક્યારેક ત્રણથી વધારે આસન પણ પાથરી દેતા.

ઘણી વખતની જેમ એક વખત પૂ. ગુરુદેવ ઉતરપટ્ટો ખસેડયો અને ત્રણથી વધારાના આસન બહાર કાઢી નાંખ્યા. સેવામાં રહેલા મુનિવરે ઘણી મના કરી, વિનવણી કરી, પણ ગુરુદેવ ન જ માન્યા... બધાએ કહ્યું કે, 'ગુરુદેવ ! આપને શું વાંધો છે, ત્રણથી વધારે આસન પાથરીએ તો ? આપનો ત્રણ આસન જ રાખવાનો આટલો આગ્રહ કેમ છે ? આપનું શરીર અત્યારે કૃશ થઈ ગયું છે અને ચામડી પર કરચલીઓ પડવા લાગી છે. તેથી આસન થોડુંક જાડું હોય તો આરામ રહે.' અમારા બધાની આવી દલીલો, સમજાવટનો ગુરુદેવે માત્ર એક જ વાક્યથી છેદ ઉડાવી દીધો.

'હું જો ત્રણથી વધારે આસન વાપરું તો મને ગુરુદેવના અવિનયનો દોષ લાગે' પૂ. ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજે પોતાની જીંદગીમાં ત્રણથી વધારે આસનનો ઉપયોગ ક્યારેય કર્યો નથી, જો હું ત્રણથી વધારે આસન વાપરું તો ગુરુદેવની આશાતના ન થાય ? ગુરુના આસનથી વધારે જાડા આસનનો ઉપયોગ કરનાર શિષ્યનો વિનય ક્યાં રહે ? ગુરુદેવના કથનથી જાણે અમારા મોઢાં સિવાઈ ગયા. ત્યારે અમને ખબર પડી કે ગુરુદેવનો વિનય કેટલો સર્વોત્કૃષ્ટ છે !

## માર્ગ-સંરક્ષક ગુરુદેવ

પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે નવપદમાંની આચાર્યપદની પૂજાની ઢાળમાં એક પંક્તિ મૂકી છે.

'પંચાચાર જે સુધા પાળે...'

આચાર્ય એ જ કહેવાય કે જે પંચાચારના પાલનમાં પૂરેપૂરા હોય. પાલનપુરની આ વાત છે. દૈનિક પ્રવચનો અને શિબિરો દ્વારા એ ચાતુર્માસમાં જાગૃતિની એક આખી લહેર ફરી વળી હતી. પૂજ્ય ગુરુદેવ તો ચાતુર્માસ ઊઠે એટલે વિહાર કરી જ દે. પણ પાલનપુરવાસીઓ હજી પણ પૂજ્ય ગુરુદેવના સત્સંગને ઝંખતા હતા. એટલે ચાતુર્માસના છેલ્લા દિવસોમાં શ્રીસંઘે ગુરુદેવની નિશ્રામાં ઉપધાનતપ કરાવવાનું નક્કી કર્યું.

ઉપધાનનું નામ પડતાં જ વિશાળ સંખ્યામાં નામો નોંધાઈ ગયા. ગામનો ઉપાશ્રય નાનો પડે એવું લાગ્યું. તેથી ગામ બહાર નવી બંધાયેલી સોસાયટીના મકાનોમાં ઉપધાન કરવાનું નક્કી કર્યું. એક વિશાળ બંગલામાં પૂ. ગુરુદેવ સહિત સાધુ ભગવંતોનો ઉતારો રાખ્યો હતો. આજુબાજુના બંગલામાં શ્રાવક-શ્રાવિકાઓનો ઉતારો રાખ્યો હતો.

આ ઉપધાન ચાતુર્માસ શરૂ થયા પછી નક્કી થયા હતા. તેથી તે બંગલાઓમાં મુહપત્તિ પડિલેહણની વિધિ કરી ન હતી અને ચાતુર્માસમાં જે સ્થાનમાં મુહપત્તિ-પડિલેહણની વિધિ ન થઈ હોય તે સ્થાનમાં રહેવાનો નિષેધ છે. ઉપધાન તો ચાતુર્માસમાં શરૂ થઈ ગયા હતા. તેથી પૂજ્ય ગુરુદેવે તરત જ કહી દીધું કે—

'બધાં મહાત્માઓએ ઉપધાનમાં આવવાની જરૂર નથી. કેમકે ત્યાં આપણે મુહપત્તિ પડિલેહણની વિધિ કરી નથી. તેથી મારી સાથે થોડા જ સાધુઓએ આવવાનું છે. અને જે પણ આવે તેણે સમજી લેવાનું કે સૂવા માટે આપણે દલપતભાઈના મકાનમાં જવાનું છે.'

દલપતભાઈના મકાને મુહપત્તિ પડિલેહણની વિધિ કરી હતી. મને હજી એ

દશ્ય યાદ આવે છે કે રોજ સાંજે પાણી ચૂકવ્યા પછી પૂજ્ય ગુરુદેવ સહિત બધા મહાત્માઓ સૂવા માટે દલપતભાઈના મકાને જતા હતા, અને સવારે પાછા ઉપાશ્રયમાં આવી જતા. આ ક્રમ ચાતુર્માસની પૂર્ણાહુતિ સુધી અખંડ રીતે જાળવ્યો.

આવી અડગ અને અટલ આચાર-ચુસ્તતા હતી ગુરુદેવની !

## અખિંચનમેં અવિકારા



એક સુશિક્ષિત ભાઈ રોજ ગુરુદેવના પ્રવચનમાં ઉપસ્થિત રહેતા. એકવાર તે ભાઈ ગુરુદેવની પાસે આવી બોલ્યા કે, 'મહારાજ ! હું મહિનાઓથી તમારા પ્રવચનાં હાજર રહું છું. પર્વત ઉપરથી ઝરણું જેમ નિરંતર ખળખળ કરતું વહ્યે જાય, એમ તમારા મુખમાંથી વાણીનો પ્રવાહ અસ્ખલિતપણે વહે જાય છે. વિપુલ સંખ્યામાં ભાઈ-બહેનો તમારા પ્રવચનના શ્રવણ માટે હાજર થઈ જાય છે. પણ આટલા મહિનાઓમાં મેં એક વાતની નોંધ લીધી છે કે પ્રવચન દરમ્યાન આપની દૃષ્ટિ ક્યારેય સ્ત્રીઓની સભા તરફ ગઈ જ નથી ! એક અછડતી નજર પણ તે ક્યારેય તે તરફ નાંખી નથી ! એટલું જ નહીં પણ વ્યાખ્યાનમાં બહેનો કેટલાં આવ્યા છે તે જોવાની દરકાર પણ આપે કરી નથી. ખરેખર ! આનાથી હું ખૂબ પ્રભાવિત થયો છું. તમે વિદ્વાન તો છો જ, સાથે સંયમવાન પણ છો. આપનાં સંયમ અને વિશુદ્ધિ અદ્‌ભુત કોટિના છે.

## ખુરશી રડે છે.

ગુરુદેવ નડીયાદમાં બિરાજમાન હતા ત્યારે સુરતથી એક ભક્ત શ્રાવક એક વજનમાં હલ્કી અને ફોલ્ડીંગ ખુરશી લઈને આવ્યા. આ ખુરશીમાં વિશેષતા એ હતી કે બેસવા પણ કામ લાગે અને સૂવા માટે પણ ! અને પાછી કાપડની બનાવેલી હતી.

પૂ. ગુરુદેવને છેલ્લાં કેટલાંક મહિનાઓથી હળવો પેરેલીસીસનો હુમલો હેરાન કરતો હતો. બેસવા-ઉઠવા માટે બીજાની મદદ લેવી પડતી હતી. તેથી એક શ્રાવક આ ખુરશી લાવ્યા હતા, જેથી બેસવા-ઊઠવામાં રાહત રહે.

શ્રાવકે વિનંતી અને આજીજીના સૂરે ગુરુદેવને કહ્યું કે, 'સાહેબજી ! આ ખુરશીમાં ક્યાંય પણ સ્પંચ કે ગાદીનો ઉપયોગ થયો નથી. તદ્દન સફેદ કાપડની આ ખુરશી આપને ખપે તેવી જ છે ! આપ પાટને બદલે આ ખુરશી ઉપયોગ કરો.

પરંતુ લકવાનો હુમલો તો ગુરુદેવના તન ઉપર થયો હતો. મન તો મજબૂત અને નક્કર હતું. સુખશીલતાના લકવાનો હુમલો તો કાચાપોચાઓનાં મન ઉપર થાય. ગુરુદેવે ઘસીને સ્પષ્ટ ના પાડી દીધી કે-'સાધુઓનો આચાર આવી ખુરશીનો ઉપયોગ કરવાની સંમતિ નથી આપતો. ખુરશી ભલે કાપડની છે, પણ ફોલ્ડિંગ તો છે ને ! અને તેના ખાંચામાં કો'ક ભૂલો પડેલો જીવ આરામ ફરમાવતો હોય ત્યારે હું આરામ કરવા માટે ખુરશી લંબાવું-ખેંચું ત્યારે પેલા ભરાયેલા જીવનું શું થાય ?, અને ગુરુદેવે ધરાર એ ખુરશીનો ઉપયોગ ન કર્યો ! તે ન જ કર્યો ! તે શ્રાવકભાઈ ખુરશી મૂકીને ગયા અને આજે પણ નડિયાદના ઉપાશ્રયમાં એ ખુરશી ગુરુદેવની સંયમ અંગેની સાવધાનીનું સંગીત ગાતી પડી છે. જાણે તે પોતાની મૂક વાણીમાં, જોનારને કહી રહી છે કે, 'આટલી બધી ઝીણી ઝીણી ચીવટ અને કાળજીને કારણે ગુરુદેવના પવિત્ર સ્પર્શથી હું વંચિત રહી ગઈ.

## ચંદ્રને ખોટું ન લાગી જાય ?

પાલનપુરનું ચાતુર્માસ એ મારા દીક્ષાજીવનનું સૌપ્રથમ ચાતુર્માસ હતું. એ પ્રથમ ચાતુર્માસમાં ગુરુદેવના ગુણવૈભવની જે સમૃદ્ધિ જોવા મળી તેની અમીટ છાપ મારા માનસપટ પર હજી અંકાયેલી છે.

અમારો સાધુઓનો એ નિત્યક્રમ હતો : સવારે ગુરુદેવ સાથે જિનાલયે સામૂહિક ચૈત્યવંદન કરવાનું. ત્યારબાદ સામૂહિક રાઈ-મુહપત્તિ. સવારની રાઈ-

મુહપત્તિ બાદ રોજ અચૂક એક મીઠો લાડકો ટહૂકો ગુરુદેવના મુખેથી હું સાંભળતો : 'ચલો અજિતશેખરમ્ ! પાઠ લેવા !' ગુરુદેવ રોજ આટલી બધી વ્યસ્તતા વચ્ચે પણ ત્યારે પૂ. અજિતશેખર વિ.મ.ને ન્યાયશાસ્ત્રના કોઈક કઠિન ગ્રંથનો પાઠ આપતા હતા. તે મુનિશ્રી ઘણીવાર ગુરુદેવને આજીજી કરતા કે 'ગુરુદેવ ! આજે પાઠ રહેવા દો. આજે રવિવાર છે, શિબિર છે. આટલા બધા શ્રમ વચ્ચે પાઠ મુલતવી રાખો. પણ ગુરુદેવ તે આજીજીને ઠુકરાવી નાખતા અને નિયમિત પાઠ આપે જ ! ત્યારે મારા બાળમાનસમાંથી એક પ્રશ્ન ઉઠતો કે - 'આટલા બધા શ્રમથી ગુરુદેવ થાકતા નહીં હોય ?' સવારના સૂર્યના પ્રથમ ઉજાસથી કાર્યની યાત્રા શરૂ થાય તે ઠેઠ સાંજના સૂર્યના અંતિમ ઉજાસના બિંદુ સુધી વણથંભી રીતે ચાલે ! એટલું ઓછું હોય તે પાછી-કાર્યની યાત્રા રાત્રીના સમયે પણ શરૂ થઈ જતી.

આવું બધું જોઈને મારાથી બાળસુલભ ભોળપણથી એકવાર ગુરુદેવને પૂછાઈ ગયું કે, 'ગુરુદેવ ! આપ દિવસે તો એકધારી રીતે કામ કરો જ છો... તો રાત્રે તો આરામ કરો ને ! આપને રાત્રે ઊંઘ નથી આવતી ? મને તો બહુ ઊંઘ આવે છે. ગુરુદેવે મારા બાળમગજમાં જલ્દી ફીટ થઈ જાય તેવો જવાબ આપ્યો કે, 'સાંભળ ! તમે બે બાળમુનિઓ હોવ અને પેલાને હું વધારે સાચવું અને તને ન સાચવું તો તને ખોટું ન લાગી જાય ? તું રીસાઈ ન જાય ? એમ, હું સૂર્યના પ્રકાશમાં કામ કરું, અને ચંદ્રના અજવાળામાં કામ ન કરું તો ચંદ્ર મારાથી રીસાઈ જાય, ને પછી આકાશમાં ઊગે જ નહીં. માટે સમજ્યો કે શ્રમ કરવાથી ક્યારેય સ્વાસ્થ્ય બગડતું નથી. ઉલટાનું શ્રમથી સ્વાસ્થ્ય સુધરે. આટઆટલા ઉત્સાહી શિષ્યો સેવા માટે ખડે પગે તૈયાર હોય, છતાં ગુરુદેવે ક્યારેય આરામને આશ્રય આપ્યો જ નહોતો, કાયમ શ્રમનો જ મહિમા ગાયો'તો.

## ત્યારે ગાત્રો ધ્રૂજી ઉઠ્યા

આજે દેવગુરુની કૃપાથી અને તમારા પુણ્યપ્રભાવથી હું હેમખેમ બચી ગયો. નહિતર અત્યારે હું ઉપાશ્રયની પાટને બદલે ક્યાંક અન્યત્ર પડ્યો હોત. કેમ ? કેમ ? ગુરુદેવ, આવું કેમ બોલ્યા ? ચારેબાજુથી સાધુઓના મુખમાંથી અરેરાટી નીકળી ગઈ. પાલનપુરના ઉપધાન વખતની આ વાત છે. ત્યારે રાત્રે સૂવા માટે સુશ્રાવક શ્રી દલપતભાઈના મકાને ગુરુદેવ જતા હતા. કેમકે જ્યાં ઉપધાન ચાલતા હતા તે જગ્યાએ મુહપત્તિ પડિલેહણની વિધિ થઈ નહોતી. માટે ત્યાંથી રાત્રિ સંથારા માટે દલપતભાઈના મકાને આવતા હતા. ત્યાં પડિલેહણની વિધિ થઈ હતી.

વાત એમ બની કે તે રાતે ઠંડીનું પ્રમાણ પુષ્કળ હતું. આખું વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું. તેવા સમયે રાત્રે ગુરુદેવને માત્રાની શંકા થઈ. માત્રું કૂંડીમાં

કરીને થોડીવાર મૂકી રાખ્યું. રાત્રીના સમયે જે મહાત્મા ગુરુદેવની સેવામાં હતા તે પણ આજે ઠંડીમાં ટૂંટીયું વાળીને ઘસઘસાટ સૂતા હતા. આમ તો અચૂક તે મહાત્મા થોડાક જ સળવળાટથી જાગી જાય. પણ આજે ઠંડીનો ચમકારો કો'ક જુદા જ મિજાજનો હતો.

અખૂટ દયાભંડાર ગુરુદેવે વિચાર કર્યો કે-લાવ આજે હું જાતે જ માત્રું પરઠવી આવું. આવી સીતમગાર ઠંડીમાં ભલેને સૂતો ! નકામો ક્યાં જગાડવો ? અને ૨૫૦ શિષ્યોના ધણી ગુરુદેવ જાતે માત્રાનો પ્યાલો ઊંચકીને ઊભા થયા. ગુરુદેવે સવારે જે શબ્દો કહ્યા હતા તે હજીય અંતરપટ પર અંકિત થાય છે કે- 'આગળ ડંડાસણ ફેરવતો ફેરવતો હું ચાલ્યો તો ખરો... પણ સાંજના વસતી જોયેલી નહીં તેથી ખ્યાલ નહીં કે માત્રું ક્યાં પરઠવાનું છે ? અનુમાનને આધારે હું આગળ વધ્યો. મને એમ કે અગાસીને છેવાડે માત્રુ પરઠવાનું હશે. તેથી તે તરફ ચાલ્યો. પણ અગાસી તો આગળ પૂરી થઈ જતી હતી. અગાસીની આજુબાજુ ભીંત ચણવાની બાકી છે તે મને ખબર નહીં. જેવો અગાસીનો છેડો આવ્યો કે મારા હાથમાં રહેલું ડંડાસણ નીચે સરકવા લાગ્યું અને હું ચમક્યો કે અગાસી તો અહીં પૂરી થાય છે. અંધારામાં ભીંત છે કે નહીં તે પણ ખ્યાલમાં ન આવ્યું. જો હાથમાં ડંડાસણ ન હોત તો હાથમાં પ્યાલા સહિત હું નીચે પડત ! તે પછી મારી શી દશા હોત, તે ભગવાન જાણે ! પણ ગુરુદેવ હજી સ્વર્ગમાંથી મને સહાય કરી રહ્યા છે.

હૈયાને દઝાડી દે તેવા આ ગુરુદેવના શબ્દોથી અમે બધા સન્ન થઈ ગયા હતા. તેવી કાતિલ ઠંડીમાંય અમારા ગાત્રો પરસેવાથી ભીના થઈ ગયા અને આંખો અશ્રુઓથી ભીંજાઈ ગઈ ! સહેજ શરતચૂક થઈ હોત તો કેવી મોટી હોનારત સર્જાઈ જાત ? અમે બધાએ ઊભા થઈને ગુરુદેવના પગ પકડીને કાકલૂદી કરી કે- ગુરુદેવ, ફરીવાર આવું સાહસ આપ ન કરતા. કાળઝાળ ગરમી હોય, કે માઝામૂકતી ઠંડી હોય - આપે અમને આવા સમયે જગાડી જ દેવા.'

છતાંય મુખપર મીઠી મુસ્કાન રેલાવતા ગુરુદેવ બોલ્યા કે-'આમાં વાંક મારો જ છે. મેં જ સાંજની વસ્તી જોવાનો આચાર મૂક્યો એટલે જ આ નોબત આવી. ભલેને હું તમારા બધાનો ગુરુ હોઉં અને આચાર્ય હોઉં પણ સૌ પ્રથમ તો હું સાધુ છું, તેથી મારે પણ એ આચાર પાળવાનો જ હોય.

તે પછી ઘણીવાર આ આંખેથી જોયું છે કે સાંજના સમયે મકાનની આજુબાજુમાં એક નજર તો ગુરુદેવ અચૂક ફેરવી લેતા. ગુરુદેવની એ આંખોમાં આચારપાલનની ચમક અને ચુસ્તતા દેખાતી.

# એક લટાર જીવન—ઉપવનમાં

ઉપવનમાં ફરવા નીકળ્યા હોઈએ ત્યારે એમ લાગે કે આપણે સુગંધની દુનિયામાં-સુવાસના દરિયામાં આવી પહોંચ્યા છીએ, એમ ગુરુદેવના જીવનના ઉપવનમાં જ્યારે લટાર મારીએ ત્યારે અસલ તેવો જ અહેસાસ થાય. ત્યાં નકરી આચાર-પાલનની જ સુવાસ વર્તાય. અમૂક આચારોના પાલનને ગુરુદેવે એટલું જડબેસલાક અને નિયમિત બનાવી દીધું હતું કે ગમે તેવી મુશ્કેલીમાં પણ તે આચારોનું પાલન થાય જ.

૧. પાંચ તિથિએ ચૈત્યપરિપાટી કરવાનો ગુરુદેવનો ક્રમ હતો. દરેક તિથિએ અલગ અલગ દેરાસરોએ પધારતા.

૨. પાંચ તિથિએ વિશેષ તપ કરવાનો એટલે કરવાનો જ ! આમાં કોઈ જ બાંધછોડ નહીં. ચોમાસામાં તો ક્યારેક એવું બનતું કે પાંચ તિથિને દિવસે જ રવિવાર આવે. તે દિવસે શિબિરના પ્રવચનો પણ કરવાના હોય તો પણ વિશેષ તપ છોડતા નહિ.

અમે બધા ઘણીવાર પગે પડીએ અને કહીએ કે-આજે તો નવકારશી કરો. આજને બદલે આવતી કાલે એકાસણું કરી લેજો. અમારી આ દલીલને વીંધી નાંખતું તીર ગુરુદેવના મુખમાંથી નીકળતું જ કે : 'જ્યારે જમડો લેવા આવે ત્યારે એને કહેજો કે આજને બદલે આવતી કાલે લેવા આવજોને !

૩. લોકોની સતત અવરજવર, વાસક્ષેપ નાખવાનો હોય તેથી અને પ્રવચન વગેરેને કારણે કપડા મેલા થાય એટલે સેવામાં રહેલા મુનિવર નવા કપડા પહેરવા આપે કે તરત જ ગુરુદેવનો હિસાબ તૈયાર હોય, કે 'ભાઈ, હજી તો અઠવાડીયું જ થયું છે, ૧૫ દિવસ પહેલા કાપ હોય નહીં. કેટલાંય જીવોના ઈંધણ પછી આધાકર્મી પાણી તૈયાર થાય છે. માટે રહેવા દો. માંડ માંડ સમજાવીને અઠવાડીએ કાપ કાઢવા માટે સંમત કરવા પડતા હતા. ત્યારે ય અમને મનમાં ફડક તો રહેતી જ કે આજે ગુરુદેવ ના તો નહીં પાડી દે ને !

૪. વદ દસમ આવે એટલે ગુરુદેવનો નિયમ કે ૧૦૮ 'ઉવસગ્ગહરં'ની માળા ગણવાની. રોજનો સૂરિમંત્રનો જાપ તો ખરો જ. દસમના દિવસે રોજના કરતાંય વહેલા ઉઠી જાય અને પાર્શ્વનાથ ભગવાનનો જાપ શરૂ કરી દે. ક્યારેય યાદ કરાવવું નથી પડયું કે - 'ગુરુદેવ, આજે દસમ છે અને જાપ કરવાનો છે. એકાસણું છે આજે.'

# અનુપ્રેક્ષા અવ્વલ કોટિની

એક વારના વિહારની આ વાત છે. જલગાંવથી ભુસાવળ તરફનો વિહાર હતો. ગુરુદેવે એક સવાલ વહેતો મૂક્યો : ઈન્દ્રભૂતિ ગૌતમ પ્રભુ વીર સમક્ષ વાદ કરવા ગયા ત્યાં એમના અહંકારનો હિમાલય ઓગળી ગયો. ત્યાં ને ત્યાં જ સંયમ સ્વીકારી પ્રભુના શિષ્ય બની ગયા. પ્રભુના ચરણે જીવન સમર્પિત કરી દીધું. ત્યારે પોતાના કુટુંબીજનોને પૂછવા કેમ ન ગયા કે હું મહાવીરનો શિષ્ય બનું ?

ઘણી અટકળો લગાવી, પણ અમે કોઈ સંતોષકારક સમાધાન આપી ન શક્યા. ત્યારે પૂજ્યશ્રીએ રહસ્યફોટ કરતાં કહ્યું : ઈન્દ્રભૂતિએ એક જ વિચાર કર્યો કે જ્યારે હું મિથ્યાત્વધર્મને વળગેલો હતો ત્યારે ક્યાં પરિવારને પૂછવા ગયો હતો કે હવે આજે મને જ્યારે સાચો ધર્મગુરુ મળ્યા છે ત્યારે પરિવારને પૂછવા જાઉં. આવી જ કોઈ વિચારણા પર ક્ષણનોય વિલંબ કર્યા વગર ગૌતમ ત્યાંને ત્યાં જ પ્રભુના ચરણસેવક બની ગયા.

કથા પ્રસંગ હોય કે કાવ્યની કડી, શાસ્ત્રપંક્તિ હોય કે સૂત્રની ગાથા, શ્લોક હોય કે વિધિનો ક્રમ... દરેક બાબતમાં સ્વયં ઉહાપોહની આગવી હથોડી હતી.



## પ્રસંગ—બ્રહ્મપુત્રા

– પૂ.મુનિરાજ શ્રી કુલભાનુવિજય મ.

### ગ્લાનસેવા માટે દોડી જતા ગુરુદેવ



કોઈ પણ નાના કે મોટા સાધુ બીમાર પડે એટલે પૂજ્યશ્રી પોતે જ તરત સેવામાં પહોંચી જાય. ગ્લાનની કોઈપણ પ્રકારની સેવા કરવામાં જરાય નાનપ ન અનુભવે.

એક શ્રમણે પૂજ્યશ્રીને પૂછ્યું : 'ગુરુદેવ, સેવા કરનારા, અમે આટલા બધા છીએ - છતાં આપ શા માટે સેવા કરો છો ?

પૂજ્યશ્રીએ પ્રત્યુત્તર આપ્યો : 'જુઓ ભાઈ, તમે નથી કરતા માટે હું કરું છું - એવું નથી. પરંતુ, ગ્લાનસેવા તો મારું પણ કર્તવ્ય છે અને ગ્લાન સાધુને વિશેષ હૂંફ, શાતા અને પ્રસન્નતાને જોઈને અનુભવ થાય કે, 'પૂજ્ય ગુરુદેવ મારી સેવા માટે આવી ગયા.' અને તે ભાવથી જ તેનો અડધો રોગ ગાયબ થઈ જાય.

### સત્તર કામ પડતા મૂકીને પહેલી ગ્લાનસેવા

સુરતના અંતિમ ચાતુર્માસની આ વાત છે. ઉપરના માળે પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ.સા.નું આસન હતું. તેમની તબિયત અસ્વસ્થ હતી. દેરાસર પણ જઈ શકે તેવી સ્થિતિ નહોતી. પૂજ્યશ્રી ગોચરી વાપરતા હતા ત્યારે તેમને સમાચાર મળ્યા કે, - પૂ. દેવસુંદરવિજયજી મ.સા.ની તબિયત નાજુક થઈ છે. ગોચરી વાપરવાનું છોડીને તરત પૂજ્યશ્રી તેઓશ્રીને નિર્યામણા કરાવવા ઉપરના માળે પહોંચી ગયા.

ગ્લાનની સેવા અને સમાધિ આગળ પૂજ્યશ્રીને મન બધા કાર્યો ગૌણ હતા.

## સદાબહાર જાગૃતિ

પૂજ્યપાદશ્રી દક્ષિણ ભારતમાં વિચરણ કરી રહ્યા હતા. એક મુમુક્ષુ તેના માતા-પિતા સાથે પાલીતાણા નવ્વાણું યાત્રા કરવા ગયો. યાત્રાર્થે જતા પૂર્વે તે મુમુક્ષુને બેસાડીને પૂજ્યશ્રીએ માર્મિક હિતશિક્ષા આપી : તેમાં ગિરિરાજનો અદ્ભુત મહિમા દર્શાવીને તેના હૃદયમાં અદ્ભુત ભક્તિભાવ ઊભો કર્યો. સાથે સાથે વિધિ, જયણા અને વૈરાગ્યની રક્ષા માટે માર્મિક પ્રેરણા કરી. મુમુક્ષુ પાલીતાણા ગયા પછી પુનઃ પત્ર દ્વારા હિતશિક્ષા પાઠવી તે હિતશિક્ષાના માર્મિક શબ્દો હતા.

'ગિરિરાજની યાત્રા દરમ્યાન ઊતરવામાં ભલે સમય વધારે લાગે પણ જીવોની જયણાનો ખાસ ખ્યાલ રાખવો. ઊતરવામાં ધડાધડી ન કરવી. જીવોના પ્રતિ કરુણાભાવ એ શ્રેષ્ઠ યાત્રા છે, કારણકે, તેનાથી મોક્ષાનુકૂળ શુદ્ધ નિર્મળ પરિણતિ આપણાં દિલમાં નિર્માણ પામે છે. ગિરિરાજની અને દાદાની યાત્રાથી એ જ પ્રાપ્ત કરવાનું છે.'

સ્વયં તો જાગૃત હતા પણ બીજાને જાગૃત રાખવામાં પણ પૂજ્યશ્રી કેટલા જાગૃત હતા !

## વૈરાગ્યનું માધુર્ય



પૂનાથી કોલ્હાપુર તરફનો વિહાર હતો. કેરીની સીઝન નજીકમાં હતી. ગામે ગામ વ્યાખ્યાનોમાં અને શ્રમણોની વાચનાઓમાં પૂજ્યશ્રીએ વૈરાગ્ય અને ત્યાગનો રસ વહેતો મૂક્યો. રાગના સંકલેશમાં થતી આત્મગુણોની કતલનું હૃદયસ્પર્શી વર્ણન પૂજ્યશ્રીની વાણીમાં વહેવા લાગ્યું. તેના પ્રભાવે શ્રાવકગણમાં અને શ્રમણવૃંદમાં કેરી ત્યાગના પચ્ચક્ખાણોની રેલમછેલ થઈ ગઈ. વૈરાગ્યરસના માધુર્ય આગળ આમ્રરસનું માધુર્ય સાવ ફીક્કું પુરવાર થયું.

દર વર્ષે પૂજ્યપાદશ્રી કેરીની સીઝનમાં કેરીના ત્યાગની પ્રભાવના પુષ્કળ કરતા.

## પ્રમોદભાવનું વહેતું ઝરણું

પૂજ્યશ્રીની ૧૦૮મી ઓળીના પારણાંનો એ પાવન અવસર હતો. મોહમયીમાં તપનો વિરાટ યજ્ઞ મંડાયો હતો. તપ અને ત્યાગની ધૂમ મચી હતી. અનેક સાધુ ભગવંતોએ ૧૦૮ ઓળીની અનુમોદનાર્થે માસક્ષમણ, સિદ્ધિતપ, સોળભત્થુ, અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યાઓનાં મંડાણ કર્યા હતા. પૂજ્યશ્રીએ ૧૦૮મી ઓળીના છેલ્લા આયંબીલો હતા. આયંબીલ કરીને પોતાના આસને પૂ. ગુરુદેવશ્રી પધાર્યા અને એક મુમુક્ષુ પૂજ્યશ્રીના પગ દબાવવા પહોંચી ગયો. પૂજ્યશ્રીએ તરત તેને અટકાવ્યો : 'અરે ભગત, મારી શું સેવા કરે છે ? હું તો હાલ વાપરીને આવ્યો છું, તપસ્વીઓની ભક્તિ કરો : 'જો, બધા મહાત્માઓ કેવી મોટી તપશ્ચર્યાઓ માંડીને બેઠા છે ! એમની સેવા કર.'

પોતાની પ્રભાવક દીર્ઘ તપશ્ચર્યા હોવા છતાં, અન્ય તપસ્વીઓ પ્રત્યેનો નીતરતો પ્રમોદભાવ અને પોતાની લઘુતા ગાતા આ ગુરુદેવ કેવા મહાન આદર્શો મૂકીને ગયા છે ?

### પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય ભદ્રગુપ્તસૂરિ મ.સા.ના<br>સ્વમુખે સાંભળેલા કેટલાક પ્રસંગો

## ગજબની ગ્લાનસેવા

મુંબઈ-લાલબાગમાં ચાતુર્માસ હતું. મને ત્યારે ટાઈફોઈડ થઈ ગયો : પાંચ ડિગ્રી તાવ હતો. ઘણાં દિવસો સુધી તાવ ઊતરે નહિ. ઘણા મહાત્માઓ ખડે પગે સેવામાં તૈયાર અને તત્પર હતા તે છતાં પૂ. ગુરુદેવશ્રી મારી બધી કાળજી લેતા. દિવસમાં ૧૫-૧૫ વાર શાતા પૂછવા સંથારા પાસે આવી જતા. મેં દવા લીધી કે નહિ ? અનુપાન લીધું કે નહિ ? વગેરે દરેક બાબતની ઝીણવટભરી કાળજી પૂજ્યશ્રી પોતે રાખતા.

કોઈ પણ સાધુ ગ્લાન હોય ત્યારે સત્તર કામ પડતા મૂકીને પૂજ્યશ્રી ગ્લાનસેવામાં લાગી જતા.

## દીક્ષાના દાનવીર

વૈરાગ્યદેશના અને વૈરાગ્યપ્રેરણા દ્વારા કોઈ નવયુવાનને સંસારથી વિરક્ત બનાવવાની પૂજ્યશ્રી પાસે કુશળતા હતી. તેમ વિરક્ત સંતાનોને દીક્ષાની અનુમતિ આપવા મોહાધીન માતાપિતાને સમજાવવાની પણ પૂજ્યશ્રી પાસે કુશળતા હતી

અને કોઈ વાર ગુપ્ત દીક્ષા સામે વિરોધનો વંટોળ ફૂંકાયો હોય તો સુંદર સમજાવટથી તેને શાંત કરવાની પણ અજબગજબની પૂજ્યશ્રી પાસે કુશળતા હતી.

મારી ખાનગી દીક્ષાને કારણે માતાની ગેરહાજરીમાં મને ઉછેરીને મોટો કરનાર મારા ફોઈબા ખૂબ રોષમાં હતા. પણ, પૂજ્ય ગુરુદેવશ્રી મને સાથે લઈને જ ફોઈબાને ત્યાં વહોરવા ગયા અને વૈરાગ-ગંભીર વાણીથી ફોઈબાને સાંત્વનના એવા શબ્દો કહ્યા કે ફોઈબાને પોતે કરેલાં રોષ બદલ ખૂબ પસ્તાવો થયો, રડી પડ્યા, ક્ષમા યાચી અને દીક્ષાની ખૂબ અનમોદના કરી.

● એક યુવાનની દીક્ષા થતાં ઊભા થયેલા રોષના વાતાવરણ સામે પૂજ્યશ્રીએ સૌમ્યતા સેવીને વિરોધ કરવા માટે આવેલાઓને અત્યંત પ્રભાવિત કરી દીધા હતા. દીક્ષાનો વિરોધ કરવા આવેલા લોકો દીક્ષાની અનુમોદના કરતા પાછા ફર્યા.

## બાલદીક્ષા સંરક્ષક ગુરુદેવ

પૂજ્યપાદ પરમ ગુરુદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં આપણા પૂ.ગુરુદેવશ્રી આદિ વિશાળ સમુદાયનું પૂનામાં ચાતુર્માસ હતું. તે વખતે બાળદીક્ષા-વિરોધનું બીલ મૂકાવાનું હતું. પૂ.ગુરુદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના આશિષ અને આદેશથી પૂ. ગુરુદેવશ્રી ભાનુવિજય મહારાજ સાહેબે તે બીલનો પ્રચંડ વિરોધ શરૂ કર્યો. પૂનામાં આર.એસ.એસ. પર પ્રતિબંધ હતો, તે છતાં તે સંગઠન તરફથી ખૂબ પીઠબલ મળ્યું. ગામથી બહાર ૩ કિ.મી. દૂર વિરાટ સભાનું આયોજન થયું. પૂ. ગુરુદેવશ્રી પણ ત્યાં પધાર્યા અને વેધક વાણીમાં પ્રવચન ફરમાવતાં કહ્યું કે-'બાળદીક્ષા પરનો પ્રતિબંધ એ તો હેમચંદ્રાચાર્ય અને શંકરાચાર્યોનું અપમાન છે. બાળદીક્ષાને કારણે આવી મહાન વિભૂતિઓ આ દેશને પ્રાપ્ત થઈ છે.'

પૂજ્યશ્રીએ આ વિચારો વહેતા મૂકીને બાલદીક્ષાના પ્રતિબંધ સામે પ્રચંડ લોકમત ઊભો કર્યો. અને સખત લડત ચલાવીને બાલદીક્ષાના બીલને ઉડાડી દેવાની જ્વલંત સિદ્ધિ સંપાદિત કરી.

## ગુરુસેવા જીવનમંત્ર

પૂજ્યપાદ પરમ ગુરુદેવ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા સ્વરૂપગંજ બિરાજમાન હતા અને પૂજ્યશ્રી પિંડવાડામાં બિરાજમાન હતા. પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાની તબિયત રોહીડા વિહારમાં અચાનક બગડી. છાતીમાં સખત દુઃખાવો થયો. પિંડવાડામાં આ સમાચાર મળતાં જ પૂજ્યશ્રી અત્યંત ચિંતાતુર

બન્યા અને તરત જ સ્વરૂપગંજ તરફના વિહારનો પ્રારંભ કર્યો. એક સાથે ઉગ્ર વિહાર કરી પિંડવાડાથી સીધા સ્વરૂપગંજ ગુરુદેવશ્રીની સેવામાં પહોંચી ગયા.

ગુરુદેવશ્રીની આજ્ઞા એ તેઓશ્રીનો પ્રાણ હતો.

ગુરુદેવશ્રીની સેવા એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો.

ગુરુદેવશ્રી પ્રત્યેનો ઉભરાતો અહોભાવ તેમના હૃદયનો વૈભવ હતો. માટે જ, તેઓશ્રી અત્યંત ગુરુકૃપાના પાત્ર બન્યા હતા.

## ગ્લાનસેવાથી મોટું કામ બીજું કયું હોય ?

વિ.સં. ૨૦૧૬માં અમદાવાદમાં લગભગ ૬૦ ઠાણા બિરાજમાન હતા : ફલુના તાવનો જોરદાર વાયરો અમદાવાદમાં ફેલાયો હતો. બધાં સાધુઓ વારાફરતી તાવમાં પટકાઈ રહ્યા હતા. ગોવિંદપ્રસાદ વૈદ્યની સૂચનાથી જેમને ફલુ થાય એ બધા સાધુને પૂજ્યશ્રી છઠ્ઠ કરાવતા અને પારણાનાં દિવસે માત્ર મગનું પાણી વપરાવતા. પૂજ્યશ્રી જાતે જ તમામ બીમાર સાધુઓની કાળજી લેતા અને સહુને પ્રસન્નતા આપતા.

ગ્લાનસેવાનો અવસર આવે ત્યારે પૂજ્યશ્રીને મન જાણે તેનાથી મોટું કોઈ કામ ન હોય તેમ ગ્લાનસેવામાં લાગી જતા.



## પ્રસંગ—કાવેરી

— પૂ. પંન્યાસ શ્રી જયસોમવિજય મ.

### સોળે કળાએ ખીલેલું સત્ત્વ



ઉનાળાના ગરમી ઓકતા દિવસો હોય...

લાંબી લાંબી ઓળીની તપશ્ચર્યા ચાલુ હોય...

સાધુ ભગવંતોને નિત્ય વાચના આપવાનું ચાલુ હોય...

શિબિરમાં રોજના ૬-૬ કલાકના વ્યાખ્યાનનો પરિશ્રમ હોય...

રાત્રિના સમયે ટોળે વળીને ઘેરી વળતા શિબિરના યુવાનોને વૈરાગ્યરસ પીરસાતો હોય...

શાસ્ત્રના ગહન પદાર્થો કુશળતાપૂર્વક, શીરાની જેમ ઊતારી જાય તેવી સરળ રીતથી યુવાનો સમક્ષ પૂજ્યશ્રી દ્વારા રજૂ થતા હોય...

તે શિબિરના જ્ઞાનસત્રના દિવસો આજે પણ નજર સમક્ષ તરવરે છે ત્યારે સોળે કળાએ ખીલેલા પૂજ્યશ્રીના સત્ત્વને માથું ઝૂકી પડે છે.

### પારણું બગડે તો તપ લજવાય

પૂજ્યશ્રી તપ કરાવવામાં કુશળ હતા, તેમ તપ પછી પારણું કેવી રીતે કરાય તે બાબતમાં પણ તપસ્વીઓની પૂરી તકેદારી રાખનારા હતા.

વાલકેશ્વરમાં એક શ્રાવિકા બેને મોટી તપશ્ચર્યા કરી. પૂજ્યશ્રીને સમાચાર મળ્યા કે પારણા બાદ શ્રાવિકાબેનની તબિયત બગડી છે તેથી તેમને હોસ્પીટલમાં દાખલ કર્યા છે. ડોકટરોએ ગ્લુકોઝના બાટલા ચડાવવાના શરૂ કર્યા હતા. પૂજ્યશ્રીએ કડક સૂચના કરીને તે તપસ્વી બેનને હોસ્પીટલમાંથી પાછા બોલાવી લીધા. પૂજ્યશ્રીએ પારણા બાદ રાખવાની તકેદારી સૂચવી અને તે મુજબની તકેદારીથી તપસ્વીબેન જીવલેણ ઉપદ્રવમાંથી બચ્યા. પારણું બગડે તો તબિયત બગડે, અને તબિયત બગડે તો તપ નિંદાય. તેથી તપ કરનારને પારણું સાચવવાની પૂજ્યશ્રી ખાસ સૂચના કરતા.

## માધુકરી ભિક્ષા-મધુર ભિક્ષા

જયપુરથી કલકત્તા તરફના વિહારમાં અજૈનોનાં ઘરોમાંથી નિર્દોષ, સક્તુ-શેકેલો ચણાનો લોટ લાવીને તેનાથી હું આયંબિલ કરતો. નિર્દોષના આગ્રહી પૂજ્યશ્રી શારીરિક પ્રતિકૂળતા છતાં આ લૂખા આહારને જ ગ્રહણ કરતા. બીજી ગોચરીની સગવડતા હોવા છતાં પૂજ્યશ્રી તેને ગણકારતા નહિ અને નિર્દોષ ગોચરીનો આગ્રહ જ જારી રાખતા.

## તિરસ્કાર કરવાથી તાવ ભાગી જાય

સં. ૨૦૩૫માં અમલનેરથી મુંબઈ તરફના વિહારમાં પૂજ્યશ્રીએ વર્ધમાન તપની ૧૦૮મી ઓળીનો પ્રારંભ કર્યો. રસ્તામાં શુભ મુહૂર્તે એક ઝાડ નીચે ઊભા રહી શ્રી સીમંધરસ્વામીની દિશા સન્મુખ મુખ રાખી ભાવોલ્લાસપૂર્વક આયંબીલનું પચ્ચક્ખાણ કરી ઓળીનો પ્રારંભ કર્યો. વિહારમાં ધરણ ગામ આવતા પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય બગડ્યું. ૧૦૨ ડિગ્રી તાવથી શરીર તપવા લાગ્યું. તે દિવસે ગરમ પાણીમાં સૂંઠ નાંખી બનાવેલો માત્ર ઉકાળો વાપરીને આયંબીલ કર્યું. બીજા દિવસે સહવર્તી મુનિવરોએ આયંબીલની બીજી ગોચરી વાપરવા ખૂબ વિનંતી કરી, તે છતાં બીજા દિવસે પણ માત્ર ઉકાળો, મગનું પાણી અને સુદર્શન ઘનવટી લઈને આયંબીલ કર્યું. પૂજ્યશ્રીએ કહ્યું, 'મીયાં મસાલા પર કૂદે.' તાવમાં લાંઘણ ખેંચી લઈએ તો તાવને રવાના થવું જ પડે. અને ખરેખર પૂજ્યશ્રીએ બે દિવસમાં જ સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી અને ઓળી ખૂબ ઉલ્લાસથી પૂર્ણ કરી.

## નેતાઓ મોંમાં આંગળાં નાંખી ગયા

પૂનામાં સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.સા.ના સાંન્નિધ્યમાં વિશાળ સમુદાયનું ચાતુર્માસ હતું. વિશાળપાયે ઉપધાન ચાલુ હતા. નાના નાના બાળકો પણ ઉપધાનમાં જોડાયેલા હતા. ધારાસભ્ય પોપટભાઈ અનેક મંત્રીઓ અને નેતાઓને ઉપાશ્રયમાં જૈન શાસનનું ઉપધાનનું વિશિષ્ટ અનુષ્ઠાન નિહાળવા લઈ આવતા હતા. તે બધા નેતાઓ સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજા (ત્યારે મુનિ) ઉપધાનના અનુષ્ઠાનનું રહસ્ય તર્ક અને યુક્તિથી સમજાવતા. ૧૦૦ ખમાસમણ, ૧૦૦ લોગસ્સનો કાયોત્સર્ગ, નીવી, ઉપવાસ વગેરે તપશ્ચર્યા આદિનો વૈજ્ઞાનિક, મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક અભિગમ સચોટ રીતે અંગ્રેજી અને મરાઠી ભાષામાં તેમને સમજાવતા. તે સાંભળીને વરીષ્ઠ નેતાઓ પણ મોંમાં આંગળા નાંખી જતા અને કહેતાં : '**असा तपत्याग तो आमच्या धर्मामध्ये बिलकुल नाहिः लहान मुले उपवास करतात ।**

## પ્રસંગ—ગોદાવરી

– પૂ. પંન્યાસ શ્રી ગુણસુંદરવિજય મ.

### એક દુકાન બંધ તો બીજી દુકાન ધમધોકાર



પૂજ્યશ્રીના સંસારી લઘુબંધુ અને પ્રથમ શિષ્ય પૂ.પં.શ્રી પદ્મવિજયજી ગણિવરને કેન્સરનો રોગ હતો. અત્યંત સમાધિપૂર્વક એઓશ્રી રોગને સારી રીતે સહન કરતા હતા. દવા વગેરેના કારણે એમને છૂટી નવકારશીનું પચ્ચકખાણ ગુરુવર્યો કરાવતા. ચૌદશનો દિવસ. સવારે એમના માટે સેવાભાવી મુનિઓ નવકારશીનું વહોરીને લાવ્યા અને એઓએ એમને પચ્ચક્ખાણ પારવા વિનંતિ કરી.

તપપ્રિય એ મુનિપ્રવરશ્રીને ચૌદશના દિવસે છૂટું વાપરવું સો સો વીંછીના ડંખ સમાન હતું. એમની મનોવેદના સમજી મુનિવર્યોએ પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવરને (પછીથી પૂ.આ.દેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.) બધી વાત કરી. પોતાનાં નાના ભાઈ અને પ્રથમ શિષ્ય પદ્મવિજયજીની આરાધનાનો પ્રેમ જોઈ પૂજ્યપાદશ્રી ખુશ થયા. એઓ એમની નજીક આવ્યા એટલે પૂ. પૂજ્યપાદશ્રી ખુશ થયા. એઓ એમની નજીક આવ્યા એટલે પૂ. પદ્મવિજયજી મહારાજ રડવા જેવા થઈ ગયા. 'સાહેબ ! મારે ચૌદશને દિવસે છૂટૂં વાપરવાનું ?'

'જુઓ પદ્મવિજયજી ! આપણે સંયમ લીધું એટલે આરાધનાનાં અનેકાનેક

યોગો આપણી પાસે આવ્યા. હવે કદાચ પરિસ્થિતિવશ આપણે એકાદ યોગ ન સાચવી શકીએ તો આપણે રડવાનું શું કામ ? તમો રોગોને સારી રીતે સમતાથી સહન કરો છો એ સંવરની સુંદર સાધના કરી રહ્યા છો. હવે કદાચ સંયોગાધીન તપની દુકાન ન ચાલતી હોય અને આ સંવરની દુકાનમાંથી ધમધોકાર નફો મળતો હોય તો આપણે રડવાનું શું કામ ?' પોતાની આગવી શૈલીથી દાખલા-દલીલો દ્વારા પૂજ્યશ્રીએ પૂ.પદ્મવિજયજી મ.સા.ને હસતાં કરી દીધા. સંવરની કમાણી પર અધિક લક્ષવાળા બનાવી દીધા.

ધન્ય ધન્ય શાસનમંડન મુનિવરા !

## લેશ્યા આરાધનાની

જીવનભર પૈસા ભેગા કરવામાં તત્પર રહેનાર ગૃહસ્થોને પાછલી જિંદગીમાં અને મરણપથારીએ પણ એ જ લેશ્યા મોટે ભાગે રહેતી હોય છે. અને, જીવન આખું જેણે આરાધના અને સુકૃત્યોની કરણીમાં પસાર કર્યું હોય તેના મનમાં પાછલી જિંદગીમાં પણ આરાધનાનાં જ ગુંજન ચાલતા હોય છે.

સુરતના અંતિમ ચાતુર્માસમાં પૂજ્યશ્રીની તબિયત ખૂબ નાદુરસ્ત હતી. શરીર ખૂબ દુર્બળ બન્યું હતું. તે છતાં જીવનભર આરાધના ઘૂંટેલી હોવાથી વારંવાર પૂજ્યશ્રીને તપ-ત્યાગની આરાધનાઓ કરવાના નિત કોડ થતાં.

ક્યારેક કહેતા - હું વર્ષીતપ કરું.

ક્યારેક કહેતા - મારે ફરી વર્ધમાન તપનો પાયો નાંખવો છે.

ક્યારેક કહેતા - મારે સૂરિમંત્ર પંચમ પીઠીકાની આરાધના કરવી છે.

ગંભીર માંદગીમાં પણ જેના આવા કોડ થયા કરે તે મહાપુરુષે રોમ-રોમમાં આરાધનાને જીવનભર કેવી ઘૂંટી હશે ?

## દક્ષ વ્યાપારી શૂરા

એક યુવાને પૂજ્યશ્રી પાસે સાઢપોરિસિનું પચ્ચકખાણ માંગ્યું. પૂજ્યશ્રીએ પચ્ચકખાણ આપ્યું. પૂછતાં ખબર પડી કે યુવાન રોજ સાઢપોરિસિનું પચ્ચકખાણ કરતો હતો. પૂજ્યશ્રીએ તેની આ આરાધનાની અનુમોદના કરી અને બીજી આરાધનાના સમાચાર પૂછ્યા. પૂછતાં ખ્યાલ આવ્યો કે, રોજ સાઢપોરિસી કરનાર આ યુવાન સાંજે ચોવિહાર નહોતો કરતો. રાત્રીભોજન પણ રોજ કરતો હતો. રાત્રે ખાવાની આદત એવી પડેલી કે ઘણા પ્રયત્નો કરવા છતાં પણ તે છૂટતી

નહોતી. પૂજ્યશ્રીએ તેને માર્મિક ટકોર કરી.

'માથે પાઘડી હોય અને નીચે ધોતીયું ન પહેર્યું હોય તો કેવું લાગે ? રાત્રીભોજનથી તો તારી સાઢપોરિસિની ઉત્તમ આરાધના લજવાય !'

આટલી નાનકડી માર્મિક ટકોર તે યુવાનને એવી અસર કરી ગઈ કે તે જ ક્ષણે જીવનભર માટે રાત્રીભોજનને તિલાંજલી આપી દીધી.

## દેવદ્રવ્યની શુદ્ધિ

સોલાપુર શ્રી જૈનસંઘમાં દેવદ્રવ્યની રકમથી ઉપાશ્રય આદિ બંધાવાયેલ. આ રીતે દેવદ્રવ્યની અશુદ્ધિ ચાલી રહી હતી. પૂજ્યશ્રીએ વિશાળ વ્યાખ્યાનસભામાં દૃષ્ટાંતપૂર્વક દેવદ્રવ્યની શુદ્ધિના લાભો સમજાવ્યા. અને પૂજ્યશ્રીની પ્રેરણા પામી સકલ શ્રીસંઘે દેવદ્રવ્યની શુદ્ધિ માટે પૂજ્યશ્રી જેમ કહે તેમ કરવાની સમ્મતિ વ્યક્ત કરી. ૧૧ વર્ષ પહેલાં દેવદ્રવ્યની શુદ્ધિ માટે ટીપ પૂ. મુનિરાજ શ્રી જયચંદ્ર મ.સા.ની પ્રેરણાથી પ્રારંભ થઈ હતી. તેમાં સંઘના ૧૧ શ્રાવકોએ સારી રકમ લખાવી હતી. પરંતુ તે ટીપ પૂરતી ન હતી. પૂજ્યશ્રીની પ્રેરણા પામી શ્રીસંઘે તે ટીપ આગળ વધારવાની અથવા તો વ્યાખ્યાન હોલ આદિ પર નામકરણની બોલી બોલાવી દેવદ્રવ્યની ઋણમુક્તિ માટે તૈયારી બતાવી હતી. આ સમયે-પૂર્વે ૧૧ દાતાઓએ ટીપ આપી હતી તેમણે જ વિનંતી કરી કે-'પૂજ્યશ્રી દેવદ્રવ્યની ઋણમુક્તિ માટે જે રકમ કહે તે રકમ અમે ૧૧ વ્યક્તિઓ સાથે મળીને ભરી દઈશું.' તેમની વિનંતી માન્ય રખાઈ અને પૂજ્યશ્રીએ વ્યાજના વ્યાજ સહિત બધી જ ગણત્રી કરી એ હિસાબે પોતાનો ચુકાદો આપ્યો. સંઘની ૧૧ વ્યક્તિઓએ પૂરેપૂરી રકમ ચૂકવી આપવાનું સ્વીકાર્યું. દેવદ્રવ્યની વ્યક્તિગત સંપૂર્ણ શુદ્ધિ માટે પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'પ્રત્યેક પરિવાર ચુલાદીઠ ૧૦૦-૧૦૦ રૂપિયા દેવદ્રવ્યમાં દંડ તરીકે ભરે' તે વાતનો પણ શ્રી સંઘે સહર્ષ સ્વીકાર કર્યો. આમ દેવદ્રવ્યની સંપૂર્ણ શુદ્ધિ થતાં શ્રીસંઘમાં આનંદ-આનંદનું વાતાવરણ છવાઈ ગયું.

## પ્રસંગ—યમુના

—પૂ. મુનિરાજ શ્રી હસરત્નાવિજય મ.

### ફજુલ વાતો માટે ફુરસદ નહિ

અધ્યાત્મ પૂજ્યશ્રીના રોમ-રોમમાં એવું વણાઈ ગયું હતું કે જ્યારે જાઓ ત્યારે અધ્યાત્મની જ વાત. ફાલતું અને ફજુલ વાત પૂજ્યશ્રી પાસે ક્યારેય સાંભળવા ન મળે.

પૂજ્યશ્રીના વર્ષોનાં સાંન્નિધ્યમાં ક્યારેય પૂજ્યશ્રીના મોઢે ફજુલ વાતો સાંભળી નથી : જેવી કે,



- આજે વિહાર બહુ લાંબો નીકળ્યો !
- આજે રસ્તો બહુ ખરાબ હતો !
- આજે ગરમી બહુ લાગી !
- આજે ઠંડીમાં ઠરી ગયા !
- આજે વિહારમાં પગ છોલાઈ ગયા !
- આજે વરસાદ ઘણો પડ્યો !

આવી ફાલતું અને ફજુલ વાતો માટે પૂજ્યશ્રી પાસે એક ક્ષણની પણ ફૂરસદ નહોતી.

### પૂજારીને પ્રતિબોધ

પૂજ્યશ્રી શિષ્યવૃંદને સાથે લઈને જિનલાયમાં દર્શન કરવા ગયા. પૂજારી પ્રભુજીને વાળાકૂંચી ઘસતો હતો, તે જોઈને પૂજ્યશ્રીએ તરત પૂજારીને અટકાવ્યો.

અરે પૂજારીજી ! ભગવાન વાણીયાના, પૂજવાના વાણિયાને અને તમે શા માટે આ વાળાકૂંચી ઘસીને પાપ બાંધો છો ? ભીનાં કપડાંથી છબછબીયા કરવાથી કેસર તરત નીકળી જશે. ત્રણ લોકના નાથને આવા ગોદા મરાતા હશે !

આવી વેધક વાણીથી ઠેર ઠેર પૂજ્યશ્રીએ વાળાકૂંચીનો ઉપયોગ બંધ કરાવ્યો હતો.

## કોને શું કહેતા ?

આબાલવૃદ્ધ સહુની સાથે ભળી જાય તેવું વિરલ વ્યક્તિત્વ એટલે પૂજ્યપાદ ગુરુદેવશ્રી.

કોઈ સંગીતજ્ઞ આવે તો પૂજ્યશ્રી તેમની સાથે શાસ્ત્રીય રાગોની ચર્ચા કરતા અને ભક્તિસંગીતમાં ખોવાઈ જતા. કોઈ સંઘના અગ્રણીઓ આવે તો બે મીઠા શબ્દોથી વાત્સલ્ય પ્રદર્શિત કરી તેમની વિનંતી કે વાત એકાગ્રચિત્તે સાંભળતા અને યોગ્ય પ્રત્યુત્તર આપતા.

કોઈ નાનો બાળક આવે તો પૂજ્યશ્રી તેમને કહેતા :- 'મારી બધી જવાબદારીઓ કોઈ સંભાળી લે તો તારી જેમ ગોખવા બેસી જાઉં અને ઉપાશ્રય ગજવું.'

કોઈ સ્વાધ્યાયી મુનિ આવે તો કહેતા :- જવાબદારીઓને કારણે શાસ્ત્રોનાં પાનામાં જ ખોવાઈ જવા માટે સમય ઓછો મળે છે. આખો દિવસ તેમાં જ ખોવાયેલા રહેવાનું મળે તો કેવું સારું !

પ્રવચનકાર સાધુ મળે તો તેની પ્રવચનપદ્ધતિ જાણતા અને તે માટે ખૂબ સુંદર સુધારા સૂચવતા.

કોઈ વૃદ્ધ પુરુષ મળે તો તેને સમાધિની ચાવીઓ શીખવતા.

કોઈ નૂતન મુનિ મળે તો તેને અભ્યાસક્રમ અને અભ્યાસની સરળ યુક્તિઓ શીખવતા.

સામે કોણ છે ? તે કેવા છે ? તેમને શું જચે ? તેમને શું ખપે ? આ બધી ઓળખ અને પરખ કરવાનું પૂજ્યશ્રીનું કૌશલ્ય અદ્‌ભુત કોટિનું હતું.

## વિનયની સૂક્ષ્મ કાળજી

વિહારમાં એક જગ્યાએ પૂજ્યશ્રી વિશ્રામ કરવા બેઠા. ઊભા થયા ત્યારે એક મુનિના ખભે લટકતું પાકીટ જોયું. તે પાકીટના પટ્ટા પર સાવ નીચે સ્થાપનાચાર્યજી બાંધેલા હતા. તે જોઈને પૂજ્યશ્રીએ તરત મુનિને ઠપકો આપ્યો : 'આ શું ? સ્થાપનાચાર્યજી આટલા નીચે ? નાભિથી નીચે સ્થાપનાચાર્યજી ન રખાય, તરત જ પૂજ્યશ્રીએ સ્થાપનાચાર્યની ગાંઠ જાતે છોડીને પટ્ટાના ઉપરના ભાગમાં છાતી પાસે સ્થાપનાચાર્યજી બાંધી દીધા.

ઉચ્ચ કક્ષાનો વિનયભાવ પૂજ્યશ્રીના રોમરોમમાં વ્યાપેલો હતો.

## અપ્રમત્ત યોગી

પૂજ્યપાદ ગુરુદેવશ્રી એટલે જાણે જીવંત અપ્રમત્તતા !
ક્યારેય ભીંતે ટેકો દઈને બેઠેલા જોવા ન મળે.
ક્યારેય પગ લાંબા કરીને બેઠેલા જોવા ન મળે.
ક્યારેય પગ ઉપર પગ ચઢાવીને બેઠેલા જોવા ન મળે.
ક્યારેય અમસ્તા લાંબા થઈને પડેલા જોવા ન મળે.
અરે ! પલાંઠી વાળીને બેઠેલા પણ ભાગ્યે જ જોવા મળે.

તેઓ મોટે ભાગે વાંદણાની મુદ્રામાં જ બેસતા : પગ ઉભડક હોય અને પાછલો ભાગ એક વીંટીયા પર ટેકવેલો હોય - આ તેઓશ્રીની સહજ મુદ્રા હતી.

ક્યારેય નવરા બેઠેલા જોવા ન મળે. હંમેશાં વાંચન-લેખન આદિમાં એકાગ્ર થઈને પ્રવૃત્ત બનેલા જ હોય. તેમની પાસેથી કોઈ પસાર થાય, કે કોઈ અવાજ થાય તો પણ તેમની એકાગ્રતામાં ભંગ નહોતો પડતો !

## ટેન્શન નહિ - એટેન્શન

પૂજ્યશ્રી શાસનનું રત્ન હતા... વિશાળ સમુદાયના અધિપતિ હતા... તેથી, અનેક સમસ્યાઓ તેમની સમક્ષ આવે, અનેક ચિંતાકારક ઘટનાઓ બને. ક્યારેક સાધુઓના ચોયણા-પડિચોયણા માટે કડક પણ બનવું પડે !

આવા કોઈ પણ પ્રસંગ બને તેની અસરમાંથી પૂજ્યશ્રી તરત મુક્ત થઈ શકતા હતા. કોઈ ચિંતા કે ટેન્શનથી ઉદાસીનતા રહે. લાંબો સમય સુધી બીજા યોગમાં ચિત્ત ન ચોંટે... વગેરે વિક્રિયાઓ તેઓશ્રીમાં જોવા નહોતી મળતી.

## યોજકસ્તત્ર દુર્લભઃ ॥

સંવત ૨૦૩૫ની સાલમાં મુંબઈ-લાલબાગમાં ચાતુર્માસ હતું. દૂરના આયંબિલખાતામાંથી પાણી લાવવાનું હતું. એક વિદ્વાન મુનિરાજે આ પાણી લાવવાની જવાબદારી સંભાળી. એક વાર પાણી લઈને આવતા મુનિશ્રીને પૂજ્યશ્રીએ જોયા કે તરત માંડલીની વ્યવસ્થા સંભાળનાર મુનિશ્રીને ઠપકો આપ્યો. આ વિદ્વાન મુનિરાજને દૂરથી પાણી લાવવાનું કામ કેમ સોંપ્યું ? એમને સમય વધારે મળશે તો શાસ્ત્રના વધારે અર્ક કાઢશે. આ મુનિરાજને બને ત્યાં સુધી કામકાજની જવાબદારીથી મુક્ત રાખવા. આ મુનિરાજ શાસ્ત્રસર્જન અને શાસ્ત્રસંશોધન કરે છે તે પણ મોટી સેવા છે.

## સમયની કરકસર

'**समयम् मा पमायए ।**' આ સૂત્રને પૂજ્યશ્રીએ હૃદયમાં ખૂબ ઝીલ્યું હતું. એક ક્ષણ પણ ફોગટની ન વેડફાય તેની જાગૃતિ અદ્‌ભુત કોટિની હતી. જીવનની એક એક ક્ષણને લાખેણી સમજનાર પૂજ્યશ્રી ક્ષણ-ક્ષણનો પૂરો ઉપયોગ કરી લેતા. એક ક્ષણ પણ નિરર્થક ન વેડફાય માટે જ.

● સાંજે વિહાર કરીને મુકામે પહોંચ્યા હોય અને બે મિનિટ પણ ઉજાસની મળે તો પૂઠું-પેન કાઢીને તરત લખવા બેસી જાય. બે મિનિટના ઉજાસનો પણ ઉપયોગ કરી લેતા.

● સાધુ ભગવંતો સામૂહિક રાઈ-મુહપત્તી કરે તે દરમ્યાન પૂજ્યશ્રી અતીત-વર્તમાન-અનાગત ચોવીસીને નામપુરસ્સર વંદના કરી લેતા.

● મુહપત્તીનો છેડો વાળેલો રાખતા, જેથી પડિલેહણ કરતી વખતે મુહપત્તી ખોલતા સમય ન લાગે.

● પેન ઉપર સેલોટેપ લગાવતા, જેથી પેન હાથમાં પકડતા તરત ઢાંકણું ખુલી જાય. સમય ન બગડે.

● પાકીટનું પૂંઠું લખાણ વખતે ટેકા તરીકે ઉપયોગમાં લેતા, તેથી પૂંઠું કાઢવામાં વધારે સમય ન બગડે અને તરત કાઢી શકાય તે રીતે પૂંઠું સહેજ ઊંચું રાખતા.

● ચોવીસ કલાકના દિવસમાં ૨૬ કલાકના કામનો માથે ભાર રાખતા જેથી એક મિનિટ પણ બગાડવાની પાલવે નહિ.

● વ્યાખ્યાન પછી જાહેરાત વગેરે થાય તેટલા સમયનો પણ લેખન કે વાંચનમાં સદુપયોગ કરી લેતા.

● પ્રતિક્રમણમાં પોતાનો કાઉસ્સગ્ગ પરાઈ ગયો હોય પણ બીજાને પારવાનો બાકી હોય તે સમયમાં અરિહંતધ્યાન વગેરે કરતા.

● રાત્રિના ચાંદનીના પ્રકાશમાં પણ લેખનકાર્ય કરતા.

● ઓઘો ઝડપથી કેવી રીતે બાંધી શકાય તેની રીત મુનિ ભગવંતોને શીખવતા, જેથી ઓઘો બાંધવામાં વધારે સમય ચાલ્યો ન જાય.

## રજોહરણ શા માટે છે ?

એક સાધુ મહારાજે પાણી ગાળીને પરાત ભીંતને અઢેલીને મૂકી. પણ મૂકતા પહેલા પૂંજવાનું ભૂલી ગયા. પૂજ્યશ્રીની નજર પડી ગઈ. તરત પૂજ્યશ્રીએ તે મુનિરાજને પોતાની પાસે બોલાવ્યા અને ઠપકો આપતા કહ્યું : 'આ રજોહરણ કાંખમાં રાખીને ફરવા માટે છે ? આ રજોહરણ શ્રાવકના ઘરમાંથી ગોચરી-પાણી ઉઘરાવવા માટે છે ? કોઈપણ વસ્તુ લેતા-મૂકતા પ્રમાર્જનાનો ઉપયોગ રાખો. પરાત પૂંજ્યા વગર ન મૂકાય.'

આશ્રિતોને અષ્ટ-પ્રવચન-માતાના સુચારૂ પાલનની જાગૃતિ પૂજ્યશ્રી સતત આપતા રહેતા હતા.

## ઔદાર્યના મહાનિધિ

પૂજ્યશ્રીના જીવનમાં ડગલે ને પગલે અદ્ભુત કોટિની ઉદારતાના દર્શન થતા હતા.

● અન્ય સમુદાયના સાધુઓ પણ ભણવા કે ઘડતર માટે આવે તો પોતાના જ માની તેમનું સુંદર ઘડતર કરતા, અને ભણાવીને તૈયાર કરતા.

● પોતાનાં પ્રવચન-પ્રેરણાઓથી વૈરાગ્ય પામીને દીક્ષા માટે તત્પર બનેલા મુમુક્ષુઓને પોતાના જ શિષ્ય બનાવવાનો આગ્રહ ન રાખતા, બલ્કે મોટે ભાગે પોતાના શિષ્ય-પ્રશિષ્ય વગેરેના શિષ્ય બનાવતા.

● પોતે બાજુમાં બેસીને અનેક શિષ્યો-પ્રશિષ્યોને વ્યાખ્યાન આપવાની જવાબદારી સોંપીને સમર્થ વ્યખ્યાતાઓ તૈયાર કર્યા.

● અન્યના અપરાધોને બિલકુલ ભૂલી જઈને ઉદારતાથી માફ કરી દેતા.

● અન્ય સમુદાયના આચાર્ય ભગવંત આદિ નજીકમાં બિરાજમાન હોય તો નાના-મોટાનો વિચાર કર્યા વિના સામેથી મળવા જતા.

## પ્રસંગ વહેણ

—પૂ. મુનિરાજ શ્રી અજિતશેખરવિજય મ.

### આપણો બીજા પ્રત્યે શો અભિગમ છે ?



પૂજ્યપાદ ભવોદધિત્રાતા ગુરુદેવ સાથે અમે વિહારમાં હતા. ગુજરાતના એક શહેરમાં એક આચાર્ય ભગવંત શારીરિક અસ્વસ્થતાના કારણે બિરાજમાન હતા. તેમની સુખશાતાહેતુ અને બિમારીમાં સમાધિ મળતી રહે એ હેતુથી પૂજ્યપાદ ગુરુદેવે ત્યાં થોડા દિવસ રોકાણનો કાર્યક્રમ બનાવ્યો.

'સ્વાધ્યાય સંયમનો પ્રાણ છે' અને 'ગચ્છ-સમુદાય કે એવા બીજા કોઈપણ પ્રકારના સ્વ-પરના ભેદ વિના સાધુઓને જૈનશાસન માટે તૈયાર કરવા' આવી ઉદાત્ત ગણતરીવાળા પૂજ્યપાદ અનંતોપકારી ગુરુદેવે એ જૈનાચાર્યના સાધુઓને સામેથી બોલાવી ન્યાયભૂમિકાનો પાઠ આપવાનો શરૂ કર્યો. ન્યાયના કર્કશ અભ્યાસમાં સરળતાથી પ્રવેશ થઈ શકે એ હેતુથી અનુભવ અને પ્રતિભાના માધ્યમે શોધેલી સરળ ચાવીઓ બતાવવાની શરૂ કરી. પૂજ્યપાદ ગુરુદેવશ્રીની ગણતરી થોડા દિવસમાં 'અપાય એટલું આપી દેવું' એ હતી. તેથી ત્રણ-ચાર પાઠ રોજના ચલાવવા માંડ્યા.

સામે પક્ષે એ સાધુઓ કેટલીક વિપરીત માન્યતાઓથી પીડાતા હશે કે

કેમ ? પણ પૂજ્યપાદ ગુરુદેવશ્રી પર તેટલો બહુમાનભાવ તો ધરાવે નહીં, પણ વર્ષોના ચિંતનના નિચોડરૂપે મળી રહેલી આ અલભ્ય શ્રુતનિધિપ્રતિ પણ અરુચિભાવ ધરાવે. આટલા મોટા પ્રભાવક આચાર્યદેવશ્રી પોતાના અમૂલ્ય શાસન પ્રભાવનાના કાર્યોમાંથી સમય કાઢી ભણાવે તે અંગે પણ કોઈ કૃતજ્ઞતાભાવ નહીં. તેથી ભણતી વખતે, અને ભણીને ઊઠ્યા પછી પણ છૂપો છૂપો અણગમો-અરુચિભાવ બતાવ્યા કરે. ઘણી વખત તો આ ઉદ્ધતાઈ પ્રગટપણે વર્તાતી. અમારાથી પૂજ્યપાદ ગુરુદેવશ્રીનો આ ઉપહાસ-પરાભવ સહન થાય નહીં. છતાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીને કહેવાની હિંમત ચાલે નહીં. એક વખત અતિ થવાથી સહન ન થવાથી મેં એકાંત જોઈ ગુરુદેવશ્રી આગળ બળાપો ઠાલવતાં કહ્યું - આપ આટ-આટલી વ્યસ્તતા વચ્ચે સમય કાઢી ઉત્સાહથી ભણાવો છો, અને તેઓ તો આ રીતે આપનો ઉપહાસ કરે છે તે અમારાથી સહન નથી થતું ! આપ પાઠ આપવાનો બંધ કરો તેવી વિનંતી છે.

ત્યારે પૂજ્યપાદ ગુરુદેવે મુક્ત હાસ્ય કરી આશ્વાસન આપ્યું. અને કહ્યું - જો અજિતશેખર ! બીજા આપણા પ્રત્યે કેવો વર્તાવ કરે છે, કેવો અભિગમ રાખે છે, એ આપણા માટે મહત્ત્વનો નથી, કેમકે એના પર આપણને કેવળીઓ માર્ક આપતાં નથી કે, કર્મનિર્જરા વગેરેનો લાભ થતો નથી. આપણે બીજા માટે શું ધારીએ છીએ ! બીજા સાથે કેવો વર્તાવ કરીએ છીએ કે બીજા પ્રત્યે કેવો અભિગમ રાખીએ છીએ, એના પર આપણને માર્ક મળે છે અને નિર્જરા થાય છે. માટે આવી ખોટી કલ્પનાના ગણિતો છોડી આપણે તો એ જ જોતા રહેવું કે મારે બીજા પ્રત્યે કેવો અભિગમ રાખવો મારા માટે હિતકારી છે ?

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આ વિશાળદૃષ્ટિ, અજબની મૈત્રીભાવના અને હંમેશા પ્રસન્નતા ટકાવી રાખવાની ચાવી અને ગદ્ગદ્ બનાવી ગઈ.

## મહાપુરુષોના ગણિત ઊંડા હોય છે !

મારા દીક્ષાજીવનના શરૂઆતના વર્ષો હતા. પૂજ્યપાદ ગુરુદેવશ્રી પાસે ન્યાયભૂમિકા ભણવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. પાઠ ચાલુ થયો. મારું ગણિત એવું હતું કે ફટાફટ ન્યાયભૂમિકા સમજી લઈ-ન્યાયના ઉપરના ગ્રંથો ભણવાનું શરૂ કરી દઉં.

પણ પૂજ્યપાદ ગુરુદેવે તો પાઠમાં ઘણા સાધુઓને બેસાડ્યા. મને મારી દૃષ્ટિએ ઘણા ઓછા ક્ષયોપશમવાળા લાગતા સાધુઓને પણ પૂજ્યપાદ ગુરુદેવે આ પાઠમાં બેસાડ્યા, તે ગમ્યું નહીં. આમાં અમારો સંઘ કાશીએ ક્યારે પહોંચે ?

મેં મારા મનની મુંઝવણ પૂજ્યપાદ ગુરુદેવશ્રી આગળ રજુ કરી. પૂજ્યપાદ

ગુરુદેવે મને મીઠો ઠપકો આપતાં કહ્યું-અજિતશેખર ! ન્યાયના ગ્રંથોમાં જલ્દી ભણી લેવું મહત્ત્વનું નથી, પણ જુદી જુદી દૃષ્ટિઓથી - તર્કોથી વિચારી બુદ્ધિ અને બોધને વિશદ કરતાં જવું એ મહત્ત્વનું છે. જો તું એક જ પાઠમાં હોય તો હું તને ભણાવું, તું સમજી જાય, તો કામ જલ્દી પતે, પણ પછી એકની એક વાતને જુદા જુદા તર્ક-દૃષ્ટાંતોથી સમજાવવાની રહી જાય, જો થોડા નબળા સાધુઓ સાથે હોય, તો એમને સમજાવવા મારે નવી નવી તરકીબ, તર્ક-દૃષ્ટાંતો બતાવવા પડે. તો તને એ બધા સમજવાનો લાભ મળે કે ન મળે ? અને રાતે તું એ બધાને આ જ વાત ફરીથી સમજાવવાનો પ્રયત્ન કરે, તો તારે પણ કેવું સરસ પુનરાવર્તન થઈ જાય. આ હિસાબ રાખ !

પૂજ્યપાદ ગુરુદેવશ્રીની આ દીર્ઘદૃષ્ટિ અને ઊંડા ગણિતથી હું માત્ર આશ્ચર્યચકિત નહીં, પણ પ્રભાવિત પણ થયો. અને ખરેખર કબૂલ કરવું પડે, કે અંતે તો મને પૂજ્યપાદ ગુરુદેવશ્રીનું આ ગણિત ખૂબ જ લાભકારી નીવડ્યું.



# પ્રસંગ નિર્ઝર

—પૂ. પંન્યાસ શ્રી અભયશેખરવિજય મ.

## મહાન બનવાની ચાવી



એકવાર વિહાર દરમ્યાન રસ્તામાં એક સાધ્વીવૃન્દ પૂજ્યશ્રીની પ્રતીક્ષા કરી રહ્યું હતું. પૂજ્યશ્રી ત્યાં પહોંચવા પર મુખ્ય સાધ્વીજી મહારાજ બોલ્યા : અમને સમાચાર મળ્યા કે આપશ્રી અહીંથી પધારવાના છો... એટલે આપશ્રીના દર્શન વંદનનો લાભ મળે અને આપના શ્રીમુખે પચ્ચક્ખાણ મળે એટલે આપશ્રીની પ્રતીક્ષા કરી રહ્યા હતા. પૂજ્યશ્રીએ પૂછ્યું : કેટલી રાહ જોઈ? 'લગભગ ૨૦-૨૫ મિનિટ થઈ હશે...' પૂજ્યશ્રીએ નવો પ્રશ્ન કર્યો. આ ૨૦-૨૫ મિનિટ શું કર્યું...? 'આપ હમણાં આવશો... હમણાં આવશો' એમ રાહ જોઈ... પૂજ્યશ્રીએ સવાત્સલ્ય કહ્યું, 'જુઓ, આપણને સમય ફોગટ જાય એ ન પાલવે... તમારે પચ્ચક્ખાણ કરવું હતું ને ! એના સૂત્રના એક એક શબ્દના અર્થ, આગારો, પચ્ચક્ખાણનું મહત્ત્વ... આવું કંઈક વિચારવાનું ચાલુ કરી દેવાનું... એટલે સ્વાધ્યાયનો સ્વાધ્યાય થાય... ને પચ્ચક્ખાણ વધારે આદર-બહુમાન ઉપયોગપૂર્વક લેવાય...

મને એક વિચાર આવે છે - પૂજ્યશ્રીએ ગર્ભિત રીતે બીજું પણ એક માર્ગદર્શન પેશ કર્યું હતું... સાધ્વીજી ભગવંતોને પચ્ચક્ખાણનું જેમ પ્રયોજન હતું તેમ પૂજ્યશ્રીના દર્શન-વંદનનું પણ પ્રયોજન હતું જ. પચ્ચક્ખાણ વધારે બહુમાનપૂર્વક થાય એ માટે એની મહત્તા વધારે વિચારવી આવશ્યક છે તો પૂજ્યશ્રીના દર્શન-વંદન વધારે આદરપૂર્વક થાય એ માટે તેઓશ્રીની મહત્તા-આરાધના વગેરે વિચારવા પણ કેમ આવશ્યક ન બને ? પણ પૂજ્યશ્રી તો ખરેખર મહાપુરુષ હતા. તેઓશ્રીએ મહાન બનવાની ચાવી શીખવાડી.-'મારી મહત્તા બીજાઓ ગાય-વિચારે' આવી ઈચ્છા પણ નહીં રાખશો તો મહાન બની શકશો.

## પ્રસંગ - ઝરણું

—પૂ. મુનિરાજ શ્રી અરિજિતશેખરવિજય મ.

### સૂત્રો ગોખવા પર કેવો જબરદસ્ત ભાર !

બીજાપુર (કર્ણાટક)માં પૂજ્યપાદશ્રીને સવારે રાઈ મુહપત્તિ કરીને 'કંઈ કામકાજ છે' એવું પૂછવા ગયો. ત્યારે ગુરુદેવશ્રીએ પૂછ્યું 'શું ગોખે છે ?' 'હમણાં તો હું કંઈ ગોખતો નથી. સંસ્કૃત વાંચન કરું છું. અવસરે કંઠસ્થ કરેલ દશવૈકાલિકસૂત્રનું રાત્રે પુનરાવર્તન કરું છું.' એ વખતે ગુરુદેવશ્રીના મુખમાંથી સરી પડેલાં ટંકશાળી શબ્દો હજુ પણ યાદ આવે છે.

'મહાપુરુષોએ રચેલ સૂત્રો તો આપણો મહાન ભાગ્યોદય હોય તો જ મળે, મુખ પર ચઢે. સૂત્રો મોંઢેથી બોલવાથી ૧૪ રાજલોકમાં વ્યાપ્ત ત્રસ્ત જીવોને પણ થોડો શાતાનો અનુભવ મળે. વિશેષમાં સાંભળનાર પણ ધન્ય બને કારણ કે '**श्रुतं हन्ति पापानि**' માટે દરરોજ એક કલાક તો ગોખવાનું રાખવું જ. આમેય પ્રથમ પોરિસિમાં તો આપણે સૂત્રો જ ગોખવાના છે. આથી ગોખવાનું ચાલુ કર. અને એ વખતે રોજ એક કલાક ગોખવાનો નિર્ણય કર્યો.

## પ્રસંગ - તાપી

—પૂ. મુનિરાજ શ્રી મુક્તિવલ્લભવિજય મ.

### આશ્રિતોની ક્રિયામાં ચૈતન્યનો સંચાર



મારી દીક્ષા બાદ નડીયાદમાં પ્રથમ વાર જ પૂજ્યશ્રીનો મેળાપ થયો. પૂજ્યશ્રીને મળવાની - વંદના કરવાની ખૂબ ઝંખના હતી. જે દિવસે પૂજ્યશ્રીના

દર્શન થયા તે દિવસ ચૌદસનો હતો. મનમાં પ્રતિક્રમણ ભણાવવાની ખૂબ હોંશ હતી. પ્રતિક્રમણનો સમય થતાં વહેલો વહેલો માંડલીમાં પહોંચી ગયો. પૂજ્યશ્રી પધારતાની સાથે આદેશ માંગ્યો. બીજા પણ અનેક મહાત્માઓએ આદેશ માંગ્યો. પૂજ્યશ્રીએ શરત મૂકી : 'લોગસ્સ સૂત્રમાં ૨૪ ભગવાનના નામ આવે છે. 'એક એક ભગવાનના નામ પર ઉપયોગ રાખી ભાવથી નમસ્કાર કરવાના. આવા લોગસ્સ ગણવાની ઉછામણી બોલો.'

'૨૫-૫૦-૧૦૦-૧૫૦-૩૦૦-૫૦૦... કરતાં કરતાં ચડાવો ૨૫૦૦ લોગસ્સ સુધી પહોંચ્યો. છેવટે ૩૦૦૦ લોગસ્સ બોલીને મેં આદેશ લીધો. ત્યારે તો મનમાં પૂજ્યશ્રીની નિશ્રામાં પક્ખી પ્રતિક્રમણ ભણાવવાનો લાભ મળ્યાનો આનંદ હતો. પણ જેમ જેમ ૨૪ ભગવાનને ભાવનમસ્કારના ઉપયોગપૂર્વક લોગસ્સ ગણતો ગયો તેમ ખબર પડી કે પૂજ્યશ્રીએ માત્ર પક્ખી પ્રતિક્રમણ ભણાવવાનો લાભ આપવાનો જ નહિ, તેનાથી કાંઈ ગણો મોટો ઉપકાર કરી દીધો. રોજ દરેક ક્રિયામાં અનેકવાર લોગસ્સ ગણવાનો આવે. ૩૦૦૦નો આંકડો પૂરો કરવા માટે દરેક લોગસ્સ તે રીતે ઉપયોગથી ગણતા એકાદ મહિનામાં ૩૦૦૦ લોગસ્સ પૂર્ણ કર્યા.

આવા અનેક નુસખાઓથી શ્રમણોને ક્રિયામાં ભાવપ્રાણ ઉમેરવાનો અભ્યાસ પૂજ્યશ્રી સહજમાં પાડી દેતા.

## પુષ્પ-સુવાસનો પ્રસાર ચોમેર

હમણાં જ અન્ય સમુદાયના એક સ્વાધ્યાયી મુનિવર મળ્યા. અભ્યાસ અને સ્વાધ્યાયની ઘણી વાતો નીકળી. તેમણે શાસ્ત્રાભ્યાસ દરમ્યાન બનાવેલી નોંધપોથી બતાવી. તે નોંધપોથી જોઈને હું દિંગ થઈ ગયો !

શાસ્ત્રની કથાઓ સંક્ષેપમાં જુદી નોંધેલી.

વિશિષ્ટ શાસ્ત્રીય પદાર્થોની નોંધ પાછી અલગ.

મનગમતા હૃદયસ્પર્શી શ્લોકોની નોંધ અલગ.

અન્ય શાસ્ત્રો કરતા કોઈ વિલક્ષણ વાત, કે મતાંતર આવે તો તેની નોંધ અલગ.

આવી વિભાગવાર નોંધ જોઈને હું પ્રભાવિત થયો. મેં તેમની ખૂબ અનુમોદના કરી... ધન્યવાદ આપ્યા.

પેલા મુનિવરે કહ્યું : 'આ ધન્યવાદના અધિકારી તો તમારા સ્વ.પૂ. ગુરુદેવશ્રી છે. દીક્ષાના શરૂઆતના વર્ષોમાં જ એકવાર તેઓશ્રીને મળવાનું થયેલું. મારા પર ઉપકાર કરીને અડધો કલાક બેસાડી તેમણે મને સુંદર માર્ગદર્શન આપેલું અને તેમાં અભ્યાસની નોંધ કરવાની આ પદ્ધતિ મને તેઓશ્રીએ જ શીખવેલી.

## ચકોર - ટકોર

હું પૂજ્યશ્રી પાસે બેઠો હતો ત્યારે એક યુવાન પૂજ્યશ્રી પાસે વાસક્ષેપ નંખાવવા આવ્યો. પૂજ્યશ્રીએ તેને પૂછ્યું. 'કેમ ભાગ્યશાળી ! શું આરાધના કરો છો ? રોજ ભગવાનની પૂજા કરો છો ?'

યુવાને જવાબ આપ્યો : 'પૂજા કરવાનો સમય નથી મળતો.' તરત પૂજ્યશ્રીએ વેધક વાણીમાં તેને કહ્યું :

'કરોડપતિ બાપે પોતાનો કરોડોની સંપત્તિનો વારસો દીકરાને નામે કરી દીધો અને પછી ખરચવા માટે સો રૂપિયા દીકરા પાસે માંગ્યા અને અંગૂઠો બતાવીને ના પાડી દે તો તે દીકરો કેવો નાલાયક કહેવાય ?'

'આ સુંદર માનવજીવન પ્રભુની કૃપાના પ્રભાવે મળ્યું છે. ગત જન્મમાં જાણતા-અજાણતા ભગવાનના માર્ગની આરાધના થઈ માટે આ માનવભવના ૭૦-૮૦ વર્ષની જિંદગી મળી. હવે એ ૭૦-૮૦ વર્ષની જિંદગી જેમની કૃપાથી મળી તે ભગવાનને રોજની ૧૫ મિનિટ આપવાની પણ ફુરસદ નથી - તો આપણે લાયક કહેવાઈએ કે નાલાયક ?'

પૂજ્યશ્રીની આ માર્મિક ટકોર પેલા યુવાનને અસર કરી ગઈ અને તે દિવસથી જ રોજ પ્રભુપૂજા કરવાનો સંકલ્પ કરીને ત્યાંથી નીકળ્યો.

## વિનયની વાચના

રોજ સવારે બધા સાધુઓ સામૂહિક રીતે પૂજ્યશ્રીને રાઈ-મુહપત્તિ કરતા. રાઈ-મુહપત્તિ બાદ તરત બધા ત્યાં જ બેસી જતા અને પૂજ્યશ્રી ૧૦-૧૫ મિનિટની માર્મિક વાચના આપતા.

એકવાર રાઈ-મુહપત્તિ બાદ તરત બધા વાચના માટે બેસી ગયા. પૂજ્યશ્રીએ ઉપાલંભની ભાષામાં સીધો પ્રશ્ન કર્યો : વાચના સાંભળવા બેઠા છો, પણ વિનય ક્યાં છે ?

બધા આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. એકબીજાની સામે જોવા લાગ્યા. કોઈને ખ્યાલ ન આવ્યો કે આપણે શું અવિનય કર્યો ? શું વિનય ચૂક્યા ? વંદન કરીને વાચના લેવા બેઠા છીએ-બહુમાન સાથે બેઠા છીએ, અવિનય ક્યાં થયો ?

કોઈને કાંઈ સમજાયું નહિ. પછી પૂજ્યશ્રીએ જ કહ્યું : 'વિનય માત્ર વાચનાચાર્યનો જ જાળવવાનો કે રત્નાધિકનો પણ જાળવવાનો ? તમે બધા મારી સામે કયા ક્રમથી બેઠા છો ? ઘણાં મોટા પર્યાયવાળા સાધુઓ પાછળ બેઠા છે અને

નાના પર્યાયવાળા આગળ બેસી ગયા છે. એક દિવસ પણ પર્યાયમાં જે મોટા છે તે પણ રત્નાધિક છે, તેની આગળ પણ ન બેસાય ! રત્નાધિકની આગળ બેસી જવું તે અવિનય છે.'

તરત જ ટપોટપ સાધુ ભગવંતો રત્નાધિકના ક્રમથી આગળ-પાછળ થઈ ગયા. તે દિવસની વાચના પૂજ્યશ્રીએ વિનયના વિષય ઉપર જ આપી.

## પ્રસંગ - નહેર

એક ડોકટર

## મરણોત્તર પરિચય

સ્વ. પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્‌વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનો સ્મૃતિમહોત્સવ ભુવનભાનુનગરમાં ઉજવાઈ રહ્યો હતો, તે જોવા હું ગયો ત્યારે જ મને જાણ થઈ કે અમદાવાદની ધરતી ઉપર જન્મેલા આ એક મહાપુરુષ થઈ ગયા છે. જીવનમાં મન મેડિકલ લાઈનનાં પુસ્તકોના વાંચનનો જ રસ હતો. આ મહાપુરુષનો મરણોત્તર પરિચય થતા તેઓશ્રીના પુસ્તકોનું વાંચન મેં શરૂ કર્યું. સચોટ યુક્તિઓથી વેધક ભાષામાં લખાયેલા આ પુસ્તકો ખરેખર હૃદયસ્પર્શી છે અને જીવનમાં પરિવર્તન લાવવા સમર્થ છે. તેઓશ્રીના તમામ પુસ્તકો વસાવવાનો અને વાંચવાનો મારો સંકલ્પ છે.

## જ્ઞાનીની ગોઠડી મીઠડી રે લોલ...

—પૂ.આ.દે.શ્રી વિજયપ્રદ્યુમ્નસૂરિ મ.



વિદ્વાનો જેની પંક્તિ વાંચીને માથું ડોલાવવા લાગે તે લલિતવિસ્તરા ગ્રંથ

અને તેના ગુજરાતી વિવરણ સ્વરૂપ પરમતેજ ગ્રંથને સામે રાખી યત્કિંચિત્ આચમન રૂપ થોડુંક વિશ્લેષણ અહિ પ્રસ્તુત છે.

પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી ભુવનભાનુસૂરિજી મહારાજનો આવશ્યક સૂત્ર ઉપરનો પ્રગાઢ પ્રેમ શ્રી સંઘમાં ખૂબ જાણીતો છે અને તેની કાયમી સાક્ષી, તેને સંપાદિત કરીને પ્રકાશિત કરાવેલો સચિત્ર પ્રતિક્રમણ સૂત્રોનું આલ્બમ છે.

એક બીજી નાની ઘટના પણ આ સંદર્ભમાં યાદગાર ગણાય કે દેવસી પ્રતિક્રમણમાં કોઈ વ્યક્તિ લઘુશાંતિ શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલે અને પોતે સાંભળે તો રાજીના રેડ થઈ જાય અને તેની સક્રિય અનુમોદના માટે વળતે દિવસે એકાસણું પોતે કરે આવું ક્યારે બને ?

એમણે લલિતવિસ્તરા જેવા આવશ્યક સૂત્રોના ગંભીર વિવેચનરૂપ ગ્રંથને વાંચનામાં લઈને શ્રીસંઘ ઉપર અમાપ ઉપકાર કર્યો છે. તેઓએ આ વિવરણમાં માત્ર વિસ્તાર જ નથી સાધ્યો. ઊંડાણ પણ એટલું જ સાધ્યું છે.

પ્રસંગે પ્રસંગે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના તમામ યોગગ્રંથોના પોતાના વર્ષોના પરિશીલનનો નિચોડ અહીં પાને પાને ઠાલવેલો નજરે ચઢે છે. અને વાચકને એક જ સાથે બધા તે તે વિષયના મહાગ્રંથના દોહનનો અનાયાસે લાભ મળી જાય છે.

એક જ દૃષ્ટાંત લઈએ : ભાગ-૧, પૃષ્ટ-૬૯ ઉપર 'ભાવ અનુષ્ઠાનના છ સાધન' એ વિષયનું નિરૂપણ છે. મૂળ તો આ વાત એ અનુસંધાનમાં આવી છે કે- બહુમાન, વિધિ અને ઔચિત્ય એ ત્રણ. તેમાં વિધિ તત્પરતાના પાંચ લક્ષણ : તે પૈકીનું પાંચમું પાઠોપયોગ. અને પાઠોપયોગના વિવરણમાં તદર્થોપયોગની વિચારણા આવી. અને એ તદર્થોપયોગ-ભાવઅનુષ્ઠાનના ૬ સાધન પૈકીનું એક છે, માટે તેનું અહીં પ્રયોજન છે. વાત તો ત્યાં માત્ર તદર્થોપયોગની છે. પણ તેઓની શૈલી જ એવી છે કે આજુબાજુનું પણ પ્રસંગોપાત સમજાવે.

હા, તો તદર્થોપયોગમાં તેઓ યુક્તિસંગત રીતે સમજાવે છે કે, સૂત્રોચ્ચાર વખતે તે શબ્દના અર્થ પણ મનમાં રમવા જોઈએ.

અર્થ એટલે માત્ર ભાષાંતર નહિ પણ - 'પદથી જે વસ્તુ કહેલી છે' તે અને તેને જ અર્થ કહેવાય અને એ વાતની પુષ્ટિ માટે 'યોગવિંશિકા' ટીકામાં જે સ્થાન વગેરે પાંચ યોગની વાત કરી છે તેમાં-સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબનની વિસ્તૃત સમજ આપી છે.

અર્થનો ખ્યાલ રાખીને જ બોલવામાં આવે અને - અર્થનો ખ્યાલ ન હોય ને બોલવામાં આવે તો કેટલો તફાવત પડે, તેનું ઉદાહરણ સચોટ આપ્યું છે - વંદિત્તાસૂત્રમાં ત્રીજી ગાથામાં :

કારાવણે અ કરણે, પડિક્કમે દેસિઅં સવ્વં ॥

આમાં 'અ' જો 'કરણે'ની સાથે જોડીને બોલવામાં આવે તો કેવો અનર્થ થઈ જાય ? 'અને' એવા અર્થમાં આવતા 'ચ' અર્થમાં અહિ 'અ' પદ છે. તે છૂટું બોલો તો જ એ પદ રહે, અન્યથા 'અકરણે' થઈ જાય અને તેથી-'ન કરાવ્યું હોય' એવો અસંબદ્ધ અને વિપરીત અર્થ થઈ જાય, જે અર્થ અહીં અભિપ્રેત નથી. આમ સૂત્રોચ્ચાર વેળા અર્થાનુસંધાન આવશ્યક છે એવું અહીં સચોટ પ્રતિપાદન કર્યું છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ પોતે પણ અર્થની સમજણપૂર્વકનો જ પાઠ કરવો એ મતના છે. એટલે તેઓએ 'લલિત-વિસ્તરા'માં છેલ્લે જે સૂત્રના અર્થને ન જાણતા હોઈએ એ સૂત્રના પાઠને **'શુષ્ક-ઈક્ષુ ચર્વણ પ્રાયઃ'** એટલે કે - સૂકાયેલી શેરડીને ચાવવા જેવો કહ્યો છે : અર્થાત્, સૂકી શેરડીને ચાવવાથી જેમ રસનો સ્વાદ ન મળે તેમ અર્થના અનુસંધાન વિના, માત્ર શબ્દોચ્ચારથી - કોઈ રસ કે આનંદનો અનુભવ ન થાય. અર્થ એ રસ છે.

પ્રાસંગિક રીતે સૂત્રશ્રવણ માટેની એક સોનેરી સૂચના તેઓશ્રીએ 'યોગશતક' (ગાથા બાવન)માં આપી છે.'અપરિપાચિત મલસ્રંસનકલ્પં હિ અપાઠં શ્રવણમ્.' જે સૂત્રનું શ્રવણ કરવાનું હોય તે સૂત્રનો પાઠ પોતે કરેલો હોવો જોઈએ. જો પાઠ કર્યા વિના સૂત્ર શ્રવણ કરે તો સૂત્રના કોઈ સંસ્કાર સ્થિરતા ન પામે. શ્રવણનું બાષ્પીભવન થઈ જાય.

**'પરમતેજ'**માં આવશ્યક સૂત્રોના વિવિધ અર્થો અને મર્મોનું વિશદ રહસ્યોદ્ઘાટન, અત્ર-તત્ર-સર્વત્ર નજરે ચઢે છે. પૂજ્ય ભુવનભાનુસૂરિજી મહારાજે આવશ્યક સૂત્રોના અર્થોનું ચિંતન અને અનુપ્રેક્ષા-દીર્ઘકાળ સુધી સત્કારપૂર્વક અને નિરંતર કરેલી, એના પરિપાકરૂપે આ ગ્રંથ લખાયો છે.

આ ગ્રંથનું વાંચન કરતા કરતા આપણને એવું લાગે છે કે, આપણે કોઈ જ્ઞાની પુરુષની સાથે જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યા હોઈએ. તેઓએ પોતાનો જ્ઞાનખજાનો શ્રીસંઘને લૂંટાવ્યો છે. આ વિવેચન ચિરકાળ સુધી જિજ્ઞાસુઓની જ્ઞાનતરસ છીપાવતો રહેશે - તૃપ્ત કરતો રહેશે.

## શાસનના અજવાળાંને, સંઘતણા રખવાળાને

## નમું નમું તુજને નમું હું, ગુણોતણા સરવાળાને !

**– પૂ. મુનિરાજ શ્રી ઉદયવલ્લભવિજય મ.**

વર્તમાનનો વિષમકાળ એટલે દરિદ્રતાનો કાળ. રોગીઓને જોઈએ તો લાગે કે આજે સ્વાસ્થ્યની દરિદ્રતા ખૂબ વધી છે. ગરીબોને જોઈએ તો લાગે કે સંપત્તિની ગરીબાઈ ઘણી વકરી છે. પણ સૌથી વધુ ફૂલીફાલી ગરીબાઈ તો છે ગુણોની ગરીબાઈ. પાપોથી ઉભરાતા વિશ્વમાં ગુણો તો જાણે મ્યુઝિયમ પીસ લાગે. ઉમાસ્વામિજી મહારાજે કહ્યું છે - **'જં પાવિયઈ ગુણલેસો વિ તં મન્નહ મહચ્છરિઅં'** ક્યાંક નાનકડો પણ ગુણ નજરે ચડી જાય તો તેને કોઈ મોટી આશ્ચર્યકારી ઘટના માનજો. આજના તબક્કે આ વાત અત્યંત યથાર્થ જણાય છે. અને એથી જ આજે ગુણીયલ વ્યક્તિઓ ક્યાંક નજરે ચડે તો મસ્તક અહો-અહોના ભાવ સાથે સહસા ઝુકી જાય છે. દસ કાંટાઓની વચ્ચે રહેલું એકાદ પણ ગુલાબ જેમ ધ્યાનાકર્ષક બને છે તેમ અનેક નબળાઈઓની વચ્ચે દેખાતો એકાદ પણ ગુણ, તેની સુવાસ જનાકર્ષક બની જાય છે. એકાદ ગુણ, તેનો અંશ પણ દુર્લભ ગણાય ત્યારે એક જ વ્યક્તિમાં બધા જ ગુણો કે અનેક ગુણો અને તે પણ સંભવિત પરાકાષ્ઠાની વિકસિત અવસ્થામાં જોવા મળે ? લગભગ અસંભવ !

કાપડની દુકાને કાપડ મળી જાય પણ કરિયાણું ન મળે. કરિયાણાની દુકાને અનાજ મળી જાય પણ વાસણ ન મળે. વાસણની દુકાને વાસણ મળી જાય પણ ઘરેણાં ન મળે. સ્પેશ્યાલાઈઝેશનના અને ઉપભોક્તાવાદના આજના કાળમાં તો કાપડની દુકાનમાં પણ બધી જાતનું કાપડ મળવું દુર્લભ છે. ત્યારે તે સિવાયની વસ્તુઓની પ્રાપ્તિ તો તે જ દુકાનમાંથી ક્યાંથી થાય ? પણ મોટા શહેરોમાં ક્યાંક વિરાટકાય ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ ઊભા હોય છે જ્યાં બહાર જ લખ્યું હોય છે 'એ ટૂ ઝેડ ! ફર્સ્ટકલાસ' તમારે જે જોઈએ તે અહીંથી મળશે અને તે પણ ઉચ્ચ ગુણવત્તાવાળું.

સદ્ગુણની સૃષ્ટિના સમ્રાટ શ્રીતીર્થંકરદેવો આવા ડિપાર્ટમેન્ટલ સ્ટોર જેવા છે. દરેક ગુણો તેના પ્રકર્ષપ્રાપ્ત સ્વરૂપમાં ત્યાં જોવા મળે. 'તિત્થયર સમો સૂરિ'ની ધરી પર ચાલતા એમ કહેવાનું મન થાય છે કે સ્વ. પૂજ્યપાદ ગુરુદેવ પણ આવા જ કોઈ ડિપાર્ટમેન્ટલ સ્ટોર હતા. આટામાં લૂણ જેટલા ગુણ પણ જીવનમાં મળવા દુર્લભ ગણાય તેવા કાળમાં આ મહાપુરુષના જીવનમાં કયા ગુણની ઉણપ હતી તેવા પ્રશ્નનો જવાબ એક જ મળી શકે 'કોઈ જ નહીં.'

વિદ્વત્તા, બહુશ્રુતતા અને પદાર્થધારણા એવી હતી કે ઘડીભર મનમાં પ્રશ્ન થાય કે શું તેમના મગજમાં દોઢ અબજને બદલે દોઢસો અબજ સેલ હશે ? સ્વયં જાણકાર હોવું તે એક અલગ બાબત છે અને રસાળ પદ્ધતિએ જાણકારીનો વિનિયોગ કરવાની હથોટી હોવી તે અલગ બાબત છે. તેઓશ્રીનું અધ્યાપન કૌશલ્ય તો એવું હતું કે વિદ્યાર્થીની ભણવાની રુચિ અને યાદદાસ્ત બન્ને વધતી જ જાય. કથાનુયોગમાં નિપુણતા તો એવી કે હજારો (હા, હજારો) કથાપ્રસંગો જીભને ઝૂલે ઝૂલતા હોય. પ્રવચનકૌશલ્ય પણ એવું ગજબનું કે સાંભળ્યા જ કરીએ. તર્ક અને ઉદાહરણની મિલાવટ સાથે રજુ થતો પદાર્થ શ્રોતાવર્ગ પર ધારી અસર ઉપજાવીને જ રહેતો. તેઓએ શરૂ કરેલી શિબિરો દ્વારા ઊભા થયેલા હજારો શાસનભક્ત યુવાનો આનો બોલતો પુરાવો છે. એમની સાથે એકાદ-બે વર્ષ રહો તો ખ્યાલ આવે કે તેઓશ્રીને ઓછામાં ઓછા અઢીસો સ્તવનો અને શતાધિક સજ્ઝાયો મુખપાઠ હોવા જોઈએ. પાછી સંગીતની જાણકારી પણ ગજબની. અંદરથી ઘુંટાઈને નીકળતો તેમનો સૂર ક્યારેક માલકૌંસમાં, તો ક્યારેક ભૈરવીમાં, ક્યારેક આશાવરીમાં તો ક્યારેક દરબારીમાં, ક્યારેક ચલતીમાં તો ક્યારેક આલાપ સાથે વહેતો થાય ત્યારે શ્રોતાવર્ગને પણ રીતસર ભક્તિપ્રવાહમાં તાણી જાય. આજે જ્યારે પણ અષ્ટાપદની પૂજા ભણાતી હોય ત્યારે પૂજ્યશ્રીની યાદ અચૂક આવે અને ઉણપ અચૂક સાલે.

પૂજ્યશ્રીની કલાસૂઝ પણ કોઈ અદ્ભુત કોટિની હતી. પ્રતિક્રમણ સૂત્ર ચિત્ર આલ્બમ આનો શ્રેષ્ઠ નમુનો છે. સૂત્રના ક્યા પદે ક્યા પ્રકારની ભાવસૃષ્ટિ હોવી જોઈએ તેનું આબેહૂબ કલ્પનાશિલ્પ તેઓ કલ્પી શકતા.

તેઓશ્રીની નિરંતરચિંતનશીલતા અને લેખનકૌશલ્યના દસ્તાવેજી પુરાવા સ્વરૂપે આજે પણ તેઓશ્રીના સિદ્ધ હસ્તે લખાયેલા શતાધિક પ્રકાશનો ઘરઘરના ઘરેણા બનીને સચવાયા છે. એક જ વાત કહું ! સળંગ ૪૨ વર્ષ સુધી દિવ્યદર્શન ટ્રસ્ટના ઉપક્રમે પ્રકાશિત થનારા સાપ્તાહિક દિવ્યદર્શનમાં પ્રાયઃ તમને ક્યાંય પુનરુક્તિ જોવા ન મળે. 'હવે નવું ક્યાંથી કાઢવું' આવી મુંઝવણ તેમને ક્યારેય થતી નહીં કારણ કે ક્ષયોપશમ જ કોઈ ગજબનો હતો. અંદાજે લાખથી વધુ પાનાઓનું તાત્ત્વિક અને સાત્ત્વિક સાહિત્ય પીરસી જનારા તેમના ધન્ય હસ્તને શ્રદ્ધાંજલિ અર્પીએ.

આ બધું જોતા એમ લાગે કે તેઓશ્રી ગજબના પ્રભાવક હતા. પણ સબૂર ! તેઓશ્રીના જીવનમાં પ્રભાવકતા અને સાધકતા વચ્ચે જબરો સુમેળ હતો. વર્ધમાનતપની ૧૦૮ ઓળી, જીવનભર માટે કઠોર ત્યાગનું પાલન, જીવનમાં સાદગી ને ઉપધિની અલ્પતા, ભારે વ્યસ્તતાઓ વચ્ચે પણ દૈનિક જાપ વગેરેની ચુસ્ત નિયમિતતા, અપ્રમત્તતા અને દૃઢ ઉપયોગ સાથેનું પ્રતિક્રમણ, ચશ્માની દાંડી

પણ ખોલતા પૂર્વે પ્રમાર્જવાની તાકીદ, વડીલોનો અજબગજબનો વિનય, ગ્લાનસેવામાં સતત ઉદ્યમ, કેટલું કહીએ ? મોરપિંછના રંગોનું વર્ગીકરણ થોડું થાય?

સામાન્યથી તર્કપ્રતિભા અને ભક્તિયોગને આભગાભનું છેટું હોય છે. પણ પૂજ્યશ્રી આમાં બાકાત હતા. ભગવાન સામે બેઠેલા તેઓને જોઈએ તો લાગે કોઈ નખશીખ ઓલિયો ગાઈ રહ્યો છે. કડક સ્વભાવ હોવા છતાં આશ્રિત શ્રમણવર્ગ ઉપરનું તેમનું નેહ નીતરતું વાત્સલ્ય જાણવું હોય તો તેમના બાલમુનિઓને પૂછો કે 'દીક્ષા બાદ તમને કદી તમારી મા યાદ આવી છે ?' જવાબમાં જ્યારે સજ્જડ નનૈયો મળે ત્યારે જ તે જણાશે.

એકાદ ગુણને પ્રકર્ષ સુધી આત્મસાત્ કરવા જઈએ તો બીજા કેટલાય ગુણો અને શક્તિઓનો પ્રાદુર્ભાવ જ અટકી પડે તેનો લગભગ ઘણાને અનુભવ હશે. ત્યારે શાસનસ્તરે લગભગ દરેક ક્ષેત્રોમાં પ્રચંડ યોગદાન અને આત્મસ્તરે દરેક ગુણોનો સાંપ્રત સંભવિત લગભગ પરાકાષ્ઠાનો વિકાસ જોઈને હાથ અનાયાસે અંજલિ રચે છે, નેત્રો સહજ ભીંજાઈ જાય છે, હૃદય પુલક્તિ બને છે અને મસ્તક અનાયાસે ઝૂકી પડે છે.

કોઈ સફળ વ્યાપારીની પાસબુકમાં એવી મોટી મોટી રકમોની એન્ટ્રીઓ હોય કે જોઈને ય નયનો વિસ્ફારિત થઈ જાય તો તે રકમોનો સરવાળો તો કેવડો હશે ? પૂજ્યશ્રીનો ગુણખજાનો આવા તોતિંગ સરવાળા જેવો હતો. શાસ્ત્રો કહે છે કે સાધર્મિકભક્તિ એ સર્વશ્રેષ્ઠ અનુષ્ઠાન છે કારણ કે તેમાં સર્વસુકૃતો સમાવિષ્ટ છે. કારણ કે કોઈ પણ સુકૃતનો કર્તા તો સાધર્મિક જ રહેવાનો. મને કહેવા દો કે આ ગુરુદેવના ગુણાનુવાદ એ શ્રેષ્ઠકોટિનો પ્રમોદભાવ છે કારણ કે તેમાં દરેક ગુણોની ઉપબૃંહણાનો લાભ અનાયાસે પ્રાપ્ત થાય છે.



## પ્રસંગ સંચય

**– પૂ. મુનિરાજ શ્રી હૃદયવલ્લભવિજય મ.**



'સંભારણાં સૂરી પ્રેમનાં' ગ્રન્થમાં પૂ.આ.ભ. શ્રી વિજય-મુક્તિચન્દ્રસૂરિ મ. સાહેબે એક પ્રસંગ નોંધ્યો છે. વડોદરા સરકાર તરફથી 'અનેકાંત જય પતાકા' ગ્રન્થ છપાતો હતો. તેના સંશોધન અને સંપાદનનું કાર્ય હીરાલાલ રસિકલાલ કાપડીઆએ સંભાળ્યું હતું. પરંતુ ગ્રન્થ અત્યંત ગહન અને જટિલ હોવાથી તેમણે પૂ.આ.ભ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાને આ મહાન દાર્શનિક ગ્રન્થનાં પાનાં તપાસી આપવા વિનંતી કરી. પૂજ્યપાદશ્રીએ ઉદારતાથી આ ગ્રન્થનું સંશોધન કરી આપ્યું. પૂજ્યપાદશ્રીએ આ સંશોધનનાં કાર્યમાં નવ્ય ન્યાયના પ્રખર અભ્યાસી મુનિશ્રી ભાનુવિજયજીને જોડ્યા. ગુરુદેવની આજ્ઞાથી તેમણે પણ ગ્રન્થના બધા ફરમા તપાસી આપ્યા અને જે અશુદ્ધિઓ રહી ગઈ હતી તેની શુદ્ધિ કરી આપી.

મુનિશ્રી ભાનુવિજયજીની દીક્ષા વિ.સં. ૧૯૯૧માં થઈ હતી. આ પ્રસંગ વિ.સં. ૧૯૯૪ના ચાતુર્માસનો છે. શ્રમણસૂત્રો, પ્રકરણગ્રન્થો, સંસ્કૃત વ્યાકરણ, કાવ્યો વગેરે પાયાના વિષયોનો અભ્યાસ કરીને ન્યાયનાં વિષયમાં પણ અનેક ગ્રન્થોનો અભ્યાસ કર્યો હોય અને જબ્બર પકડ પ્રાપ્ત કરી હોય ત્યારે 'અનેકાન્ત જયપતાકા' જેવા જટિલ ગ્રન્થનું સંશોધન કરવાની ક્ષમતા પ્રાપ્ત થાય ! દીક્ષા પછીના માત્ર ત્રણ વર્ષમાં જ કેવી પ્રચંડ જ્ઞાનસાધના કરી હશે તેનો અંદાજ આ પ્રસંગ પરથી આવી શકે છે.

# એક મજાનો વાર્તાલાપ



'સંભારણાં સૂરિ પ્રેમનાં' ગ્રન્થમાં પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખર વિજય મ. સાહેબે (હાલ પંન્યાસ) એક લેખમાં સ્વ. પૂજ્યપાદ આ.ભ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના ટંકશાળી વચનોનો સુંદર સંગ્રહ કર્યો છે. તે લેખમાં નોંધેલો એક વાર્તાલાપ અહીં પ્રસ્તુત છે.

વાર્તાલાપ દિવસ/સ્થળ : આસો વદ-૮, ૨૦૨૦, પિંડવાડા

વક્તા : પૂ.આ.ભ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ.

શ્રોતા : સુશ્રાવક રમણલાલ વજેચંદ અને

સુશ્રાવક સુન્દરલાલ કાપડીયા

'શિબિર અંગે કેટલાક સુશ્રાવકો વિરોધ કરી રહ્યા છે તે હજુ મારી સમજમાં આવતું નથી. શિબિરનો વિરોધ કરનારે એકવાર શિબિરનું કાર્ય જોવું જોઈએ. કેટલાય વિદ્યાર્થીઓ કેવા કેવા ત્યાગ કરે છે ? કેટલાક કોલેજીયનો તો સર્વવિરતિ પ્રત્યે ઉત્કટ રાગ ધરાવતાં થઈ ગયાં. કેટલાક વિદ્યાર્થીઓ પોતાના ગામમાં જઈને ગામના વિદ્યાર્થીઓને ધર્મનું તત્ત્વ સમજાવે છે. વિરોધ કરવો જ હોય તો એવા ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તેનો વિરોધ કરો.'

• • •

॥ શ્રી સંભવનાથાય નમઃ ॥

# વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની

## સંક્ષિપ્ત જીવન ઝરમર

અમદાવાદના **કાળુશીની પોળમાં** સુસંસ્કારી શ્રી **ચીમનલાલ** અને શ્રીમતી **ભૂરીબહેન**ની કૂખે વિ.સં. ૧૯૬૭ **ચૈ.વ.૬** ના જન્મેલા કાંતિલાલ ખરેખર વ્યાવહારિક અને ધાર્મિક ક્ષેત્રમાં અત્યંત કાંતિમાન બન્યા. શિક્ષણક્ષેત્રમાં આજની સી.એ.ની સમકક્ષ તે વખતની **જી.ડી.એ.** (ગવર્મેન્ટ ડિપ્લોમા ઈન એકાઉન્ટસી)નો અભ્યાસ કર્યો. ત્યારબાદ ઈંગ્લેન્ડની અને આઈ.આઈ.બી. ઈન્ડિયાની ઈન્સ્ટીટ્યુટ ઓફ બેંકર્સ અને આઈ.એસ. ઈન્કોર્પોરેટેડ સેક્રેટરીઝની પરીક્ષા સપુરસ્કાર ઉત્તીર્ણ કરીને દેશ અને કુટુંબની શોભામાં ચાર ચાંદ લગાડ્યા. કોલેજમાં ભણતા કાંતિલાલ કોલેજના માદક રંગે ન રંગાતા પૂ. ઉપાધ્યાય પ્રેમવિજયજી મ. (તે વખતે) ના વૈરાગ્યના રંગે રંગાતા ગયા. ત્રેવીસ વર્ષની ભર યુવાન વયે પોતાના નાનાભાઈ પોપટલાલ સાથે ચાણસ્મામાં વિ.સં. ૧૯૯૧ ના **પો. સુ. ૧૨** ના દિવસે ચારિત્ર લઈ અનુક્રમે **ભાનુવિજયજી** અને **પદ્મવિજયજી** એમ શિષ્ય-પ્રશિષ્ય બન્યા.



તેઓશ્રીની તીક્ષ્ણ બુદ્ધિ અને પ્રચંડ શક્તિને જોઈને પૂજ્ય ગુરુદેવશ્રીએ તેઓશ્રીને દર્શન શાસ્ત્રના અભ્યાસમાં જોડ્યા **'ન્યાયવિશારદ'** તરીકે જૈન શાસનમાં બહુમાન પામ્યા. ગુજરાતી-હિંદી-અંગ્રેજી ભાષામાં ૧૦૦ થી પણ વધુ પુસ્તકોનું

લેખન અને ૪૨ વર્ષથી સતત પૂજ્યશ્રીએ પોતાની કલમમાંથી નીતરતી વૈરાગ્યસભર વાણીને **'દિવ્ય દર્શન'** સાપ્તાહિક દ્વારા અનેક દિશા વિહિન બનેલા લોકો સુધી તત્ત્વજ્ઞાન પિરસી વાંચકોને વૈરાગ્યરસમાં તરબોળ કરી દીધા. વ્યાખ્યાન-વાચના અને શિબિરો દ્વારા અનેક ગુમરાહ યુવાનોને ચારિત્રના માર્ગે વાળીને કુશળ વક્તા-લેખક-ચિંતક અને સુસંયમી સાધુઓની જૈન શાસનને અણમોલ ભેટ આપી છે. સવા બસોથીય અધિક શ્રમણોના તેઓ કુશળ શિલ્પી બની જિનશાસનને બેનમૂન શિષ્યોની ભેટ ધરી છે.

સમ્યગ્જ્ઞાનની સાધના સાથે તપાચારના આંતરિક વૈભવ સહકૃત બાહ્ય તપાચારમાં વર્ધમાનતપની ૧૦૦ ઓળીના એવરેસ્ટ શીખરને સર કરી ઉપર ૮ ઓળીનો કળશ ચઢાવી કુલ ૧૦૮ ઓળીની અપ્રતિમ સાધના કરવા દ્વારા આહાર સંજ્ઞા ઉપર અંકુશ મેળવેલો. વર્ધમાનતપની ૧૦૮ ઓળી સુધી પહોંચી ગયેલા. વિ.સં. ૨૦૨૯ **માગસર સુદ ૨** ના પાવન દિવસે ભાનુવિજયમાંથી આચાર્યદેવશ્રી વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** તરીકે જાહેર થયા.

વર્ષો સુધી ગુજરાત-મહારાષ્ટ્ર-રાજસ્થાન-બિહાર-બંગાળમાં વિચરી છેલ્લા પાંચ વર્ષમાં કર્ણાટક-આંધ્ર-તામિલનાડુમાં જૈન શાસનની અજોડ પ્રભાવના સાથે બેંગ્લોર પાસે બનનાર નવા અત્યાધુનિક યાંત્રિક કતલખાનાનો ભારે વિરોધ કરીને તે બંધ કરાવી દક્ષિણમાંથી ગુજરાત પધારી વિ.સં. ૨૦૪૮નું ચાતુર્માસ સુરત કર્યું. હાર્ટની નબળાઈ અને પેરાલીસીસની બીમારીને લીધે ગુરુભક્તોનો મુંબઈ લઈ જવાનો આગ્રહ હોવા છતાં અમદાવાદમાં બિરાજમાન પોતાના વડીલ આચાર્ય ભગવંતોના દર્શનાદિ માટે પધાર્યા. સ્વાસ્થ્ય દિનપ્રતિદિન સુધરતું હોવા છતાં વિ.સં. ૨૦૪૯ ચૈ.વ. ૧૨ના સાંજે ૬-૦૦ કલાકે હાર્ટ એટેકથી સ્વાસ્થ્ય બગડતા બાજુમાં જ ડૉ. સંદીપભાઈ હતા તેમને બોલાવાયા. એમણે તબિયત તપાસી દવાખાનામાં દાખલ કરવાની સલાહ આપી. સુશ્રાવક બિપીનભાઈ મયાભાઈએ બધી જ વ્યવસ્થા ગોઠવી. પ્રેરણા હોસ્પિટલ (ડૉકટર હાઉસ)માં દાખલ કરાયા. હાર્ટએટેક ભારે જોખમી છતાં બહુ જ સમયસરની ટ્રીટમેન્ટ મળી ગઈ. પ્રેરણા હોસ્પિટલના **સર્વશ્રી ચંદુભાઈ વારૈયા** ખુદ ખડે પગે પોતાના પુત્રો સહિત સેવામાં લાગી ગયા હતા. ચૈ.વ.૧૩ સોમવારનું પ્રતિક્રમણ જાતે જ કર્યું. હાર્ટના સ્પેશિયાલીસ્ટ સહિત સૌને લાગ્યું કે "હવે તો વળતા પાણી થઈ ગયા. નવું જીવન મલ્યું." પણ એકાએક બપોરના ૧-૧૦ કલાકે ઊલટી થઈ. પછી ૧-૩૦ કલાકે અરિહંતનું શરણ-નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરાવતા-કરતા ૮૨ વર્ષની વયે તા. ૧૯-૪-૧૯૯૩ના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

યોગાનુયોગ જન્મના દિવસે જ કાળધર્મ પામ્યા. કરોડો વ્યક્તિઓમાં ભાગ્યે જ એવી એક જ તારીખ કોઈપણ વ્યક્તિ માટે આવતી હોય છે કે જન્મની તારીખે

જ અવસાન પામે. પૂજ્યશ્રીનો ૮૨ વર્ષ પૂર્વે તા. ૧૯-૪-૧૯૧૧ના રોજ જન્મ થયો હતો.

બીજો યોગાનુયોગ પ્રસંગ એ છે કે અમદાવાદમાં કાળુશીની પોળમાં જન્મીને જગતની-યુવાનોની કાળાશોને અમદાવાદમાં દૂર કરી પાલડી પંકજ સોસાયટી ભટ્ટા મધ્યે પૂજ્યપાદશ્રી નશ્વર દેહને છોડીને મોક્ષમાર્ગે પ્રયાણ કરી ગયા.

બાદ પૂજ્યશ્રીને પંકજ સોસાયટીના જૈન ઉપાશ્રયમાં અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યા હતા. ૩૦૦ થી વધુ જૈન સંઘોના જૈન ભાઈ-બહેનો તથા હજારો જૈનેતરોએ અશ્રુ નીતરતા નયને પૂજ્યશ્રીના દર્શન માટે હરોળમાં ઊભા રહી શિસ્તબદ્ધ રીતે અંતિમ દર્શન કર્યા હતા.રાત્રે તત્કાલિન ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલે પંકજ સોસાયટી ઉપાશ્રયની મુલાકાત લીધી હતી. પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલિ આપી.

ગુરુદેવ જીંદગી એવી જીવી ગયા કે જેમના સ્વર્ગવાસના સમાચારો થોડી જ પળોમાં તો ભારતના ખૂણેખૂણે પ્રસરી ગયા હતા... પૂજ્યશ્રીના દેહાંતના સમાચાર મળતાં મુંબઈ, સુરત, વડોદરા, નાસિક, પુંના, બેંગલોર, મદ્રાસ, કલકત્તા આદિ મહાનગરોમાંથી અને મહારાષ્ટ્ર, ગુજરાત, તામિલનાડું, કર્ણાટક, રાજસ્થાન, બંગાળ વગેરે અનેક રાજ્યોમાંથી ભક્તોની ભારે ભીડ અમદાવાદના આંગણે ઉતરી પડી હતી. મુંબઈ મહાનગરના અનેક અગ્રણી શ્રાવકો પ્લેન, ટ્રેન, બસનું જે સાધન મળ્યું તે પકડીને અમદાવાદ પહોંચતા થયા હતા. વડોદરા, સુરત વગેરે મહાનગરોમાંથી સ્પેશ્યલ બસોની વ્યવસ્થા કરવામાં આવી હતી.

**અંતિમ યાત્રા :** લાખો માનવોની મેદની વચ્ચે મંગળવાર તા. ૨૦-૪-૧૯૯૩ ના રોજ પૂજ્યશ્રીની પાલખી પંકજ જૈન ઉપાશ્રયથી શરૂ થઈ. મુંબઈના જૈન યુવકોની બેન્ડ પાર્ટીએ ધાર્મિક સ્તવનોની સુરાવલી સાથે આજુબાજુના વાસણા, લાવણ્ય સોસાયટી, ધરણીધર દેરાસરથી સીધા વિકાસગૃહના રસ્તે મહાલક્ષ્મી ચાર રસ્તા થઈ, વિશ્વકુંજ સોસાયટી થઈ પુનઃ પંકજ સોસાયટી આવી. સમગ્ર રાજમાર્ગો 'જય જય નંદા' 'જય જય ભદ્દાના' મંગલનાદથી ગાજી ઉઠ્યા હતા. અમદાવાદના રાજમાર્ગો પણ જાણે કે યમરાજા ઉપર ગુસ્સે ભરાઈ ગયા હોય તેમ ગુલાલ ઉડવાને કારણે લાલચોળ બની ગયેલા. કુદરતની કમાલ પણ કેવી છે કે જે દિવસ સ્નેહિ-સ્વજનો માટે આનંદનો હતો તે જ દિવસ શોકના વાતાવરણમાં બદલાઈ ગયો. જે ધન્ય દિવસે આ અવની તટ ઉપર જીવોના ઉદ્ધાર માટે પગલાં પાગર્યા. તે જ દિવસે આપણા ખૂટતાં પુન્યોદયે સંહરી લીધા. જે દિવસે જીવન ઉષાનો બન્યો. તેજ દિવસ જીવન સંધ્યાનો બની ગયો.

અગ્નિ સંસ્કાર આપવા માટેના સ્થાન અંગે વાસણા-લાવણ્ય સોસાયટી વગેરે જગ્યા પસંદ કરી કુમારપાળભાઈ વગેરે ગુરુભક્તો પધાર્યા છતાં વર્ધમાન તપોનિધિ

પરમ પૂજ્ય આ. શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી આ ધરતી ઉપર જ અંતિમ સંસ્કાર આપવાનું નક્કી થયું, નક્કી થતાં આ ભૂમિ તીર્થ સ્વરૂપ બની.

પૂજ્યશ્રીના અનન્ય ઉપકારોનું સ્મરણ કરી ભક્તજનોએ મન મૂકીને અગ્નિસંસ્કાર આદિની ઉછામણીઓનો લાભ લીધો હતો. અગ્નિસંસ્કારનો લાભ મુંબઈના પૂજ્યશ્રીના ભક્તજન શ્રી રજનીભાઈ કેશવલાલ તથા શ્રી લલિતકુમાર રતનચંદ કોઠારીએ લાભ લીધો હતો.

પાલડી પંકજ સોસાયટીમાં બપોરે દોઢ વાગે પૂજ્યશ્રીના પાર્થિવદેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો ત્યારે પૂજ્યશ્રીના આજીવન અદના સેવક અને પૂજ્યશ્રીના અત્યંત કૃપાપાત્ર બનેલા વર્ધમાન સેવા કેન્દ્રના સરસંચાલક કુમારપાળ વિ. શાહ પોકે પોકે અને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા હતા. એ દૃશ્ય એટલું કરુણ હતું કે અગ્નિ સંસ્કારની ભૂમિની આજુબાજુ ઊભેલી સઘળી મેદનીએ મોં ફાટ રૂદનના પડઘાઓથી વાતાવરણને ભરી દીધું હતું.

**– પૂ. પંન્યાસ શ્રી પદ્મસેનવિજય મ.સા.**

## અગ્નિ સંસ્કારના વિવિધ ચડાવાના લાભાર્થી

રજનીકાંત કેશવલાલ શાહ, લલીતભાઈ રતનચંદ કોઠારી, દીપકલા પરિવાર, જયેશ ભણશાળી, કુમારપાળ વિ. શાહ, શારદાબેન પોપટલાલ, ચતુરદાસ ચીમનલાલ પરિવાર, અનુભાઈ પ્રેમચંદ, હસમુખભાઈ, કનકરાજજી ખીંચીયા-ઘાણેરાવ, ચંદુલાલ વારૈયા, પદ્મ રસીક પરિવાર સંગમનેર વગેરે વગેરે.

## આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વર જૈન સ્મૃતિમંદિર ખાતમુહૂર્ત

પૂ.આચાર્યદેવ શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ મુકામે વિ.સં. ૨૦૪૯ ચૈત્ર વદ ૧૩, તા. ૧૯-૪-૧૯૯૩ ના સમાધિપૂર્વક કાળધર્મ પામેલ. એઓશ્રીનો અગ્નિસંસ્કાર શ્રી પંકજ જૈન સંઘની પુણ્યભૂમિમાં કરવામાં આવેલ.

એમના ગુણો અને ઉપકારોની ચિરંજીવી સ્મૃતિ રહે તે અંગે સમાધિ સ્થળે ગુરુમંદિર તથા ભવ્ય ઉપાશ્રય નિર્માણ કરવાનું નિર્ધાર્યું. આ કાર્ય માટે પૂજ્યશ્રીના **અંતેવાસી પૂ. પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી મહારાજ** આદિની નિશ્રામાં ખાતમુહૂર્ત વિ.સં. ૨૦૫૦ અષાઢ સુદ ૧૧ મંગળવાર તા. ૧૯-૭-૧૯૯૪ સવારે કલાક ૫-૩૦ મિનિટે કરવામાં આવેલ. ખાતમુહૂર્ત કરનાર ભાગ્યશાળીઓ શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, લલિતકુમાર રતનચંદ કોઠારી-મુંબઈ, રજનીકાંત કેશવલાલ શાહ-મુંબઈ, બિપીનચંદ્ર ચીમનલાલ શાહ-નંદુરબાર, લક્ષ્મીચંદભાઈ નાનજીભાઈ ગડા-મુંબઈ, નરેશભાઈ અમૃતલાલ શાહ-માટુંગા, વર્ધમાનભાઈ મોહનભાઈ શેઠ, કુમારપાળભાઈ

વિ. શાહ, જયેશભાઈ, શ્રી પ્રકાશભાઈ ઝવેરી, ભાણાભાઈ આદિએ શ્રી ચતુર્વિધ સંઘની વિશાળ હાજરીમાં કર્યું.

જયેશભાઈએ સ્નાત્ર જળને સમગ્ર સંકુલમાં છાંટી જમીન શુદ્ધ કરેલ. ત્યારબાદ બાંધેલા વિશાળ મંડપમાં પૂ. પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી મ.ની નિશ્રામાં પ્રાસંગિક પ્રસંગને અનુસાર પ્રવચન થયા. સંઘ તરફથી નવકારશી થઈ.

ખનનવિધિ કરનાર સૌ મહાનુભાવોએ જે ચાંદીના કોદાળી-પાવડા વડે ખનન મુહૂર્ત કરેલ તે સૌને યાદગીરી રૂપે શ્રી સંઘ તરફથી સાદર ભેટ આપવામાં આવેલ.

## પ્રભાવક ચાતુર્માસનો સુવર્ણ કળશ



યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં

પૂ.પંન્યાસશ્રી **પદ્મસેનવિજય** મહારાજ તથા **કુમારપાળ વિ. શાહ**ના માર્ગદર્શન મુજબ પંકજ સોસાયટીમાં સ્મૃતિ મંદિર નિર્માણ પામી રહ્યું હતું. ચાતુર્માસ બાદ પ્રતિષ્ઠા મહોત્સવ નિર્ણિત થયો. તેથી **પંકજ જૈન સંઘમાં** ઉલ્લાસ અને જાગૃતિ વધે તે માટે ગચ્છાધિપતિએ **પંન્યાસશ્રી હેમરત્નવિજયજી** ગણિવર ઉપર નીચેનો પ્રેરણા પત્ર લખ્યો.

## "પંકજ સોસાયટીમાં મહર્ધિક દેવોના સેવકોનું અધિષ્ઠાન છે"

તમારે ચોમાસું પંકજમાં કરવાનું છે. ના કેમ પાડો છો ? તમારી આવડત હજારોને અનુકૂળ કરવાની છે. જ્યારે પંકજ સોસાયટી ગુરુ અગ્નિસંસ્કાર ભૂમિ જે પ્રભાવક છે તેને વધુ પ્રભાવક, આકર્ષક અને મહત્ત્વની બનાવવા તમારી કલા અહીં અજમાવવાની છે. આ જો ન અજમાવી તો જિંદગી સુધી ડંખ્યા કરશે અને જો અજમાવી તો જીંદગી સુધી એ સેવાનો આનંદ મળશે.

પૂજ્યશ્રીની ભૂમિને કળથી, પ્રેમથી, વાત્સલ્યથી સાનુકૂળ બનાવવી એ નવા દસ ક્ષેત્રો ખેડવા કરતાં લાભકારી છે. સામેથી જઈ લોકોને પ્રેમથી વશ કરી, ગોળ ગોળ કરી, અનુકૂળ કરીને ધર્મમાં વિશેષ જોડવા સામેથી જવું. આ તકે તમારી આવડત વિકસાવવા જેવી છે. ૫ વર્ષ કળથી કામ કરી પછી ગુરુભૂમિનું ગૌરવ અનુભવવાનું. ગૃહસ્થને જેમ જન્મ સ્થળ, એમ ગુરુવર્યની અગ્નિ સંસ્કારભૂમિ વિકસાવવી. એ ભૂમિ પ્રભાવક છે તે પ્રભાવિત બનાવવી જરૂરી છે. મહર્ધિક દેવના સેવક દેવોનું આ અધિષ્ઠાન સ્થાન કહેવાય."

શ્રી પંકજ જૈન સંઘે પણ પંન્યાસજીને આગ્રહ ભરી વિનંતિ કરતા ગચ્છાધિપતિએ પંકજ જૈન સંઘમાં ચાતુર્માસની આજ્ઞા કરી. તેઓશ્રીની શિબિરો અને પ્રવચનો દ્વારા સંઘમાં ખૂબ ઉલ્લાસનું વાતાવરણ સર્જાયું. તેઓશ્રીનું પંકજ સોસાયટીનું ચાતુર્માસ યશસ્વી બની રહ્યું. પૂ. પંન્યાસજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ વિરાટ પ્રદર્શન અને મહોત્સવના ભવ્ય આયોજનોની ભવ્ય તૈયારીઓ યુવાનોએ કરી. પૂ. પંન્યાસજી મ.ની વિશિષ્ટ સૂઝને કારણે અજૈનોને પણ પ્રભુશાસન પ્રત્યે આકર્ષિત કરે તેવો ઓપ મહોત્સને આપવા માટે આયોજકોને ખૂબ કિંમતી માર્ગદર્શન મળ્યું.

પૂ. પં. શ્રી જયતિલકવિજય મ. તથા પૂ. પંન્યાસશ્રી હેમરત્નવિજયજી આદિ ઠાણાની નિશ્રામાં દર રવિવારે યુવા ઉત્કર્ષ શિબિર શરૂ થતાં શિબિરાર્થિઓનો આંક ૫૫૦૦ સુધી પહોંચ્યો. હૈયે હૈયું દબાઈ જાય એવી આ પ્રચંડ મેદનીનું દૃશ્ય જ ગદ્‌ગદ થઈ જવાય એવું હતું. ત્રીજી રવિવારીય શિબિરમાં નૂતન ગુરુ મંદિરના શિલાસ્થાપનનો દશ મિનિટનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કારણ કે સંપૂર્ણ મારબલમાં તૈયાર થનાર ગુરુમંદિરના શિલાસ્થાપન પૂ. પં.શ્રી પદ્મસેનવિજયજી ગણિવર્યની નિશ્રામાં તા. ૧૬-૮-ના મંગળ મુહૂર્તે હોઈ જે યુવાનો પ્રતિષ્ઠા મહોત્સવ સુધી બ્રહ્મચર્યાદિ વ્રતનો સ્વીકાર કરે તેમના શુભ હસ્તે પં.શ્રી પદ્મસેનવિજયજી મહારાજની નિશ્રામાં શિલાસ્થાપન કરવાની જાહેરાત થતાં ચારસો યુવાનો ખડા થઈ ગયા હતા તે સહુ મસ્તક પર ગુરુમંદિરની શિલાને ધારણ કરીને સભા વચ્ચે થઈને ગુરુમંદિર સ્થળે ગયા હતા. શિલાને ઉપાડીને જતી વેળાનું દૃશ્ય એટલું બધું મનોહર લાગતું હતું કે ભલભલાની આંખો ભીની થઈ ગઈ હતી. તા. ૮-૧૨-૯૬ના રોજ થનાર ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ માટે ૧૦૦૦ યુવાનોએ એકેક માસ સુધી સમય ભોગ આપવા માટે નામ નોંધાવાયેલ.

સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૫૩ના વર્ષની શરૂઆતમાં થાય તે અંગે વિચાર-વિમર્શ થતાં પૂ. ગચ્છાધિપતિશ્રીએ શક્ય એટલા મહાત્માઓના ચાતુર્માસ અમદાવાદ આસપાસ ગોઠવ્યા. જેથી પ્રતિષ્ઠા પ્રસંગે સૌ લાભ લઈ શકે. તે પ્રમાણે ચાતુર્માસ ગોઠવાયા. આ. શ્રી ભદ્રગુપ્તસૂરિજી મ.નું સેટેલાઈટ-શ્યામલમાં શારીરિક

તંદુરસ્તીની અપેક્ષાએ રાખવામાં આવ્યું હતું. પૂ. પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી મહારાજનું એમની સાથે નક્કી કર્યું. ચાતુર્માસ પૂર્ણ થયે સાબરમતીથી વિદ્વદ્વર્ય મુનિશ્રી મુક્તિવલ્લભવિજયજી મ. આદિ, પં. શ્રી હીરચંદ્રવિજયજી મ.સા., પં.શ્રી કલ્યાણબોધિવિજયજી મ. આદિ મહાત્માઓ સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવના કાર્યોમાં ગુરુભક્તિથી તલ્લીન બન્યા. પં. હેમરત્નવિજયજી મ.ના માર્ગદર્શન મુજબ સૌએ અલગ અલગ વિભાગમાં પોતાની મર્યાદા જાળવીને કાર્યશક્તિ વ્યક્ત કરી. પં. શ્રી જયતિલકવિજયજી મ. તથા ગુરુભક્ત મુનિશ્રી રવિકાંતવિજયજી પ્રથમથી જ ચાતુર્માસ પંકજ સોસાયટીમાં સાથે રહી સહાયક બનતા હતા. મુંબઈમાં પૂ.પં. નંદિભૂષણ-વિજયજી મ.સા. કાર્યરત હતા.

## પૂજ્ય આચાર્યશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા-મહોત્સવ

## જૈન ઈતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ

મૃત્યુ પછી પણ જે જીવે તે ખરેખરા મહાપુરુષ- આ ઉક્તિનો સાક્ષાત્કાર અમદાવાદના આંગણે ઉજવાયેલા ભવ્ય પ્રતિષ્ઠા-મહોત્સવમાં થયો. ૮૨ વર્ષના જીવનપંથને સર્વક્ષેત્રીય ઉત્તમોત્તમ સાધનાથી અજવાળી ગયેલા સ્વ. પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના જીવંત અસ્તિત્વના ભણકારા ચારેકોર સંભળાતા હતાં. **ભુવનભાનુનગરની** તસુએ તસુ જમીનમાં તેમની અદશ્ય ઉપસ્થિતિનો રણકાર ગૂંજતો હતો. સમગ્ર કર્ણાવતીની ગલીએ ગલીએ તે મહાપુરુષના પ્રેરક અસ્તિત્વની ઝાંખી થતી હતી.

આ મહોત્સવ પ્રચંડ મરણોત્તર પુણ્યના સ્વામી પૂજ્યપાદશ્રીના ગુરુસ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા-મહોત્સવ હતો... સ્મૃતિ મહોત્સવ હતો... પ્રેરણા-મહોત્સવ હતો... અનુમોદના-મહોત્સવ હતો. આ મહોત્સવ માત્ર જૈનોનો નહિ, અજૈનોનો પણ હતો. માત્ર એક સમુદાયનો નહિ, સર્વ સમુદાયનો હતો. માત્ર પંકજ જૈન સંઘનો નહિ, સકલ જૈન સંઘનો હતો. માત્ર અમદાવાદનો નહિ, સમગ્ર ગુજરાતનો, સમગ્ર ભારતનો અને એથીય આગળ વધીને સમગ્ર વિશ્વનો હતો. ઈન્ટરનેટ પર મહિનાઓથી મહોત્સવ ગૂંજી રહ્યો હતો. આ મહોત્સવને માણવા કલકત્તાથી અને કોઈમ્બતૂરથી, ઈન્દોરથી અને અજમેરથી, મુંબઈથી અને મદ્રાસથી એન્ટવર્પથી અને મોમ્બાસાથી... ઠેર-ઠેરથી... ગામ-ગામથી... પ્રાન્ત-પ્રાન્તથી... દેશ-દેશથી... ગુરુભક્તો અમદાવાદમાં પધારી ગયા હતા. આ બધાનું કારણ એ હતું કે ગુરુદેવ કોઈ એકના નહોતા... સહુના હતા.

કાળના પંથ ઉપર ચિરંજીવ સંભારણાં મૂકી ગયેલા આ પ્રતિષ્ઠા મહોત્સવે

જૈન શાસનની ઉજ્જવલ ગરિમાનું જગતને દર્શન કરાવ્યું છે, જૈન સંસ્કૃતિના જાજવલ્યમાન તેજકિરણો પ્રસારિત કર્યાં છે, જૈન સંઘની શિસ્ત, ઓજસ્વિતા અને ઔદાર્યની પ્રતીતિ કરાવી છે, સમગ્ર સંઘના અસાધારણ તેજ અને ઐક્યની ખાત્રી કરાવી છે, જૈન શ્રમણીઓની સંયમ-સાધનાનો જયધ્વનિ ઘોષિત કર્યો છે, સકલ જૈન સંઘની ગરિમા અને ખમીરની ઓળખ કરાવી છે, પ્રભુશાસનની ચરણરજ સમા હજારો નવયુવાનોની અજોડ કાર્યક્ષમતા અને અપ્રતીમ શાસનભક્તિનું પ્રતિબિંબ પાડ્યું છે. આ મહોત્સવમાં ખર્ચાયેલી એક એક પાઈએ જેની કિંમત આંકી ન શકાય તેવું વળતર વાળ્યું છે. હજારો-લાખો હૈયામાં બોધિબીજનું વાવેતર કર્યું છે. "અહો જૈન શાસન ! અહો જૈન શાસન !"ના ઉદ્ગાર-તોરણોથી હજારો-લાખો મુખડાંને શણગાર્યાં છે.

આ પ્રતિષ્ઠા-મહોત્સવે જૈન સંઘ સમક્ષ એક નવો આદર્શ સ્થાપ્યો છે. ખરા અર્થમાં શાસન-પ્રભાવક બની રહે તેવો મહોત્સવનો એક નવો અનુકરણીય ચીલો આ મહોત્સવે પાડ્યો છે.

## મહોત્સવ માર્ગદર્શિકા

**મહોત્સવ પ્રારંભ**
કા.વ. ૬, રવિવાર
તા. ૧-૧૨-૯૬

**અષ્ટાપદ પૂજા**
કા.વ.૮, મંગળવાર
તા. ૩-૧૨-૯૬

**પદ પ્રદાન**
કા.વ.૯, બુધવાર
તા. ૪-૧૨-૯૬

**સમૂહ સામાયિક**
કા.વ. ૧૦, ગુરુવાર
તા. ૫-૧૨-૯૬



**બારવ્રત પ્રદાન**
કા.વ.૧૧, શુક્રવાર
તા. ૬-૧૨-૯૬

**રથયાત્રા**
કા.વ. ૧૨, શનિવાર
તા. ૭-૧૨-૯૬

**પ્રતિષ્ઠા**
કા.વ.૧૩, રવિવાર
તા. ૮-૧૨-૯૬

**• મહોત્સવ સ્થળ •**

ભુવનભાનુ નગર, ટેલીફોન એકસચેંજની પાછળ,
બેરેજ રોડ, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**• પ્રતિષ્ઠા સ્થળ •**

**પૂ.આ.દે.શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર**
પંકજ સોસાયટી, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

• નિમંત્રક •

**શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ, પાલડી**

**પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી સ્મૃતિ મંદિર પ્ર.મ.સમિતિ**

પંકજ સોસાયટી, ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭

ફોન : ૪૧૪૧૯૭

**હરખઘેલું તેડું**

પ્રભુશાસન પામ્યાની પનોતી પુન્યાઈના ધારક
શ્રી ચતુર્વિધ સંઘને પ્રણામ સહ સુવિદિત કરવાનું કે
પ્રતિષ્ઠા-મહોત્સવના પુનિત પ્રસંગે અંતરના ઉમંગથી
આપની ઉપસ્થિતિને અમે પ્રાર્થીએ છીએ...

**સ્મૃતિમંદિર નિર્માણ અનુમોદકો**

- શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ, પાલડી
- શ્રીમતી કેસરબેન રતનબેન કોઠારી (ભગુર) મુંબઈ
- શ્રીમતી જયકુંવરબેન અમૃતલાલ શાહ, મુંબઈ
- શ્રીમતી શોભનાબેન રજનીકાન્ત કે. શાહ (થલવાડા), મુંબઈ
- શ્રીમતી હંસાબેન ચંપકલાલ એચ. ભણસાલી, અમદાવાદ
- શ્રીમતી જસુબેન બિપીનભાઈ સી. શાહ (નંદુરબાર) સુરત
- શ્રીમતી ભાનુબેન નરેન્દ્રભાઈ જી. શાહ, મુંબઈ
- શ્રી હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર, અમદાવાદ
- શ્રીમતી ભાણબાઈ નાનજીભાઈ ચનાભાઈ ગડા, મુંબઈ
- શ્રીમતી કલાવતીબેન વિમળભાઈ એમ. શાહ, વિજાપુરવાળા

**પ્રતિષ્ઠા મહોત્સવને મંગલ કામના**

| | | |
|---|---|---|
| **રથયાત્રા સ્વામીવાત્સલ્ય**<br>તા. ૭-૧૨-૯૬<br>શ્રીમતિ જસુબેન બિપીનભાઈ ચીમનલાલ શાહ (નંદુરબારવાળા) સુરત | **પ્રતિષ્ઠા સ્વામીવાત્સલ્ય**<br>તા. ૮-૧૨-૯૬<br>શ્રી કે.પી. સંઘવી રીલીજીયસ ટ્રસ્ટ સુરત | **પદ પ્રદાન સ્વામીવાત્સલ્ય**<br>તા. ૪-૧૨-૯૬<br>શ્રી યુ.એન. મહેતા સમસ્ત પરિવાર, અમદાવાદ |

## મહોત્સવ આધારસ્તંભ

- શ્રીમતી કેસરબેન રતનચંદ કોઠારી (ભગુર) મુંબઈ
- જયકુંવરબેન અમૃતલાલ આર. શાહ (માટુંગા) મુંબઈ
- શ્રીમતી લીલાવતીબેન ચીનુભાઈ શાંતિલાલ શાહ (દેત્રોજવાળા) અમદાવાદ
- શ્રીમતી ભાનુબેન નરેન્દ્રભાઈ ગુલાબચંદ શાહ (વેરાવળવાળા) મુંબઈ
- શ્રીમતી કાન્તાબેન રસિકલાલ શાહ (નાસિક)
- શ્રી મહાસુખભાઈ મણિલાલ શાહ અને અનીલભાઈ ગાંધી

## મહોત્સવ અનુમોદકો

- સ્વ. રતીલાલ ત્રિભોવનદાસ શાહ, મુંબઈ
- શ્રીમતી શોભંનાબેન રજનીકાંત કેશવલાલ શાહ, મુંબઈ
- શ્રી અનુભાઈ ગીરધરલાલ જીવણલાલ
- શ્રી છગનલાલ નાનચંદ શાહ પરિવાર, મલાડ-મુંબઈ
- શ્રી નાનચંદ મૂલચંદ દોશી પરિવાર, મુંબઈ
- શ્રી ચંદુલાલ મગનલાલ ગાંધી (નડીયાદ) તથા
  શ્રી રમેશભાઈ ધીરજલાલ શાહ (મુંબઈ)
  પૂ.મુ.શ્રી વરબોધિ વિજય ગણી મ.ની ૧૦૦ મી ઓળી નિમિત્તે
- મૂળીબેન અંબાલાલ રતનચંદ શાહ પરિવાર, મુંબઈ
- શ્રી શાંતિચંદ્ર બાલુભાઈ ઝવેરી, મુંબઈ
- હંસાબેન ચંપકલાલ ભણશાલી, અમદાવાદ
- શ્રી હિંમતમલ રૂગનાથજી (બેડાવાળા), મુંબઈ
- શ્રી કેશવલાલ મોતીલાલ શાહ, મુંબઈ
- શ્રીમતી પ્રેમીલાબેન મહેન્દ્રકુમાર શાહ, વડનગરવાળા, મુંબઈ
- ગીતાબેન એચ. જૈન, મુંબઈ
- પ.પૂ.સા.શ્રી હંસકીર્તિશ્રીજી (બેન મહારાજશ્રી) ના સદુપદેશથી ગુરુભક્તો તરફથી
- દાદર આરાધના ભવન જૈન પૌષધશાળા, મુંબઈ
- શ્રી પારસમલ કે. જૈન (બેંગ્લોર) પૂ. કુલભાનુ વિ.મ.ની પ્રેરણાથી
- શ્રી ધર્મનાથ પો. હે. જૈનનગર શ્વે.મૂ.જૈન સંઘ, અમદાવાદ
- શ્રી નવજીવન જૈન શ્વે. મૂર્તિ. સંઘ, મુંબઈ
- વર્ધમાન સંસ્કૃતિ ધામ, ઈર્લા (મુંબઈ)

- શ્રીમતી ભાણબાઈ નાનજીભાઈ સી. ગડા, મુંબઈ
- શ્રી અમૃતલાલ મોહનલાલ ગોળાવાળા, મુંબઈ
- શ્રીમતી વીરમતીબેન દીપચંદભાઈ લલ્લુભાઈ, મુંબઈ
- સ્વ. સુશીલાબેન મુક્તિલાલ કોઠારી, મુંબઈ
- શ્રી રોહિતભાઈ ચીમનલાલ જસરાજભાઈ શાહ, અમદાવાદ
- સૌ. કુસુમબેન હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર, અમદાવાદ
- શ્રી ચંદ્રકુમાર બાબુભાઈ સી. જરીવાળા, મુંબઈ
- શ્રી પ્રકાશભાઈ પી. ઝવેરી, મુંબઈ
- શ્રી જૈન સંઘ પીંડવાડા (રાજસ્થાન)
- શ્રી વનમાળીદાસ ગાંડાલાલ શાહ, સાંતેજવાળા અમદાવાદ
- શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ, ઈર્લા (મુંબઈ)
- શ્રી અરવિંદભાઈ કેશવલાલ શાહ, મુંબઈ
- શ્રી ચંદ્રકાંતભાઈ જગજીવનભાઈ શાહ, મુંબઈ
- શ્રી ચતુરદાસ ચીમનલાલ શાહ પરિવાર, અમદાવાદ
- શ્રીમતી તારાબેન હરખચંદ કાંકરીયા, કલકત્તા
- વિમળાબેન શાંતિલાલ દેવચંદ, મુંબઈ (વિલેપાર્લા)
- શાઈન સ્ટાર હ. વેણીચંદ લલ્લુભાઈ, મુંબઈ
- મહેતા પરિવાર (મલાડ) મુંબઈ
- શ્રી હીરસૂરીશ્વરજી જૈન સંઘ, મલાડ
- શ્રીમતી પદ્માબેન રમણીકલાલ મણિલાલ (બાસલ ગાંવવાળા)

## જિનશાસન શણગાર વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાના પાવન ચરણોમાં કોટિ કોટિ વંદન

• પંકજ સોસાયટી જૈન સંઘ • સાબરમતી રામનગર જૈન શ્વે.મૂ.સંઘ-સાબરમતી. • શ્રી સુમતીનાથ જૈન શ્વે.મૂ.સંઘ-મેમનગર. • શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન મૂ. સંઘ-વાસણા. • શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈનનગર શ્વે. મૂ. જૈન સંઘ-જૈનનગર. • શ્રી જૈન શ્વે. મૂ. હીરપુર સંઘ-કાંકરીયા. • શ્રી જૈન શ્વે. મૂ. સંઘ-વાસણા. • રૂપવિજયજી મહારાજ ડહેલાના ઉપાશ્રયનો શ્રી જૈન સંઘ-દોશીવાડાની પોળ. • શ્રી કાળુશીની પોળ પંચ ઉપાશ્રય ટ્રસ્ટ-કાલુપુર. • શ્રી જૈન સોસાયટી જૈન સંઘ-એલિસબ્રિજ. • શ્રી દશાપોરવાડ સોસાયટી જૈન સંઘ-પાલડી. • શ્રી

મહાવીર જૈન શ્વે. મૂર્તિ સંઘ-ઓપેરા સોસાયટી. ● શ્રી સેટેલાઈટ શ્વે. મૂ. જૈન સંઘ-સેટેલાઈટ. ● શ્રી મહાવીર શ્વે. મૂ. જૈન સંઘ-વિજયનગર. ● શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વે. મૂ. સંઘ-મહાસુખનગર-કૃષ્ણનગર. ● શ્રી વેજલપુર જૈન શ્વે. મૂ. સંઘ-વેજલપુર. ● શ્રી આદીશ્વર જૈન દેરાસર સંઘ, રાજનગર-પાલડી. ● શ્રી વર્ધમાન શ્વે. જૈન સંઘ, ચોકસીપાર્ક-જીવરાજપાર્ક. ● શ્રી નવરંગપુરા જૈન શ્વે. મૂ. સંઘ, નવરંગપુરા. ● મેઘાણીનગર શ્વે. મૂ. જૈન સંઘ-મેઘાણીનગર. ● શ્રી શાંતિનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, તૃપ્તિ સોસાયટી-પાલડી. ● શ્રી ગોડી પાર્શ્વનાથ પદ્માવતી તીર્થજીર્ણોદ્ધાર ટ્રસ્ટ-પ્રેરણાતીર્થ સેટેલાઈટ. ● શ્રી આદિનાથ શ્વે. મૂ. જૈન સંઘ, મલબારહીલ-સેટેલાઈટ. ● શ્રી સોલારોડ શ્વે. મૂ. જૈન સંઘ-સોલારોડ.● શ્રી પ્રેમવર્ધક જૈન આરાધના સમિતિ-ધરણીધર દહેરાસર. ● શ્રી ભુવનભાનુસૂરિ આરાધના ભવન. શ્રી અરિહંત પાર્શ્વશાંતિ શ્વે. મૂ. જૈન સંઘ, રેવા-વાસણા. ● શ્રી પુરુષાદાનીય પાર્શ્વનાથ શ્વે.મૂ. જૈન સંઘ-દેવકીનંદન. ● શ્રી વાડજ શ્વે. મૂ. જૈન સંઘ-નવાવાડજ. ● શ્રી શાંતિનગર શ્વે. મૂ. જૈન સંઘ-આશ્રમરોડ. ● શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ-પાલડી. ● શ્રી વર્ધમાન જૈન શ્વે. મૂ. સંઘ-મેમનગર. ● શ્રી પરિમલ જૈન સંઘ-આંબાવાડી. ● શ્રી વર્ધમાન શ્વે. મૂ. જૈન સંઘ-ઉસ્માનપુરા. ● શ્રી સીમંધર સ્વામી શ્વે. મૂ. જૈન સંઘ-અંકુર. ● શ્રી ઋષભદેવ શ્વે. મૂ. જૈન સંઘ, મિરામ્બિકા સ્કૂલ રોડ-નારણપુરા. ● શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ, પટેલ ચંદ્રકાન્ત મણિલાલ આરાધના ભવન-ભગવાનગર ટેકરો-પાલડી. ● શ્રી વાસુપૂજ્ય સ્વામિ શ્વે. મૂ. સંઘ, અમૂલ સોસાયટી-પાલડી. ● પુષ્પદંત શ્વે. મૂ. જૈન સંઘ-સેટેલાઈટ. ● શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. સંઘ, મહિમા-જીવરાજપાર્ક. ● શ્રી લાવણ્ય જૈન શ્વે.મૂ. સંઘ-લાવણ્ય સોસાયટી. ● નિલમ એપાર્ટમેન્ટ જૈન સંઘ-આંબાવાડી. ● શ્રી આદિનાથ શ્વે.મૂ. જૈન સંઘ-નારણપુરા. ● હિમાલ્યા સિલ્ક સેન્ટર-બેંગ્લોર. ● શ્રી શેફાલી શ્વે. મૂ. જૈન સંઘ-વાસણા. ● શ્રી રાજનગર જૈન શિક્ષક સંઘ-અમદાવાદ. ● શ્રી આંબાવાડી શ્વે. મૂ. જૈન સંઘ-આંબાવાડી. ● લુણસાવાડ મોટી પોળ જૈન સંઘ-અમદાવાદ. ● ચંદ્ર સંઘયશા સ્મૃતિ ટ્રસ્ટ, સંસ્કૃતિ ભવન-શાંતિનગર. ● શ્રી સંવેગી ઉપાશ્રય જૈન સંઘ-હાજા પટેલની પોળ. ● શ્રી નિર્ણયનગર શ્વે. મૂ. જૈન સંઘ-નિર્ણયનગર. ● જૈન મર્ચન્ટ સોસાયટી જૈન સંઘ-જૈન મર્ચન્ટ-પાલડી.

**જે પૂજ્યોને મહોત્સવમાં પધારવા અમે આગ્રહપૂર્ણ વિનંતી કરી છે.**
**જે પૂજ્યોનાં શુભ સાન્નિધ્યથી મહોત્સવ અલંકૃત બનશે...**

- પૂ.આ.દે. શ્રીમદ્ વિજય રામસૂરીશ્વરજી મ.સા. (ડહેલાવાળા)
- પૂ.આ.દે. શ્રીમદ્ વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.
- શ્રુતસ્થવિર પૂ. પ્રવર્તક શ્રી જંબૂવિજય મ.સા.

● પૂ.આ.દે. શ્રી વિજય અરિહંતસિદ્ધસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી વિજય વિનયચન્દ્રસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી વિજય કલ્પજયસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી વિજય અરવિંદસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી વિજય યશોવિજયસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી વિજય હેમપ્રભસૂરિ મ.સા. (પૂ.કેસર સૂરિ. સમુદાય)
● પૂ.આ.દે. શ્રી વિજય હેમપ્રભસૂરિ મ.સા. (પૂ.નીતિ સૂરિ. સમુદાય)
● પૂ.આ.દે. શ્રી નવરત્નસાગરસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી ઈન્દ્રસેનસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી માનતુંગસૂરિ મ.સા.
● પૂ.આ.દે. શ્રી સિંહસેનસૂરિ મ.સા.
● પૂ.પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી મ.સા.
● પૂ.પંન્યાસ શ્રી મુનિચંદ્રવિજયજી મ.સા.
● પૂ.પંન્યાસ શ્રી મહાયશસાગરજી મ.સા. આદિ અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો, અન્ય પદસ્થો તથા મુનિ ભગવંતો આદિ...

**વિશાળ શ્રમણીવૃંદની પાવન ઉપસ્થિતિ**

**(તા. ૭-૧૧-૯૬ સુધીમાં નક્કી થયેલાં વૃંદોની નામાવલી)**

(૧) **પૂ.બાપજી મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી જયાશ્રીજી, સાધ્વીશ્રી મહિમાશ્રીજી, સાધ્વીશ્રી વિજ્ઞાનશ્રીજી, સાધ્વીશ્રી તીર્થશ્રીજી, સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી, સાધ્વીશ્રી શ્રી પદ્મલતાશ્રીજી, સાધ્વીશ્રી યશોભદ્રાશ્રીજી, સાધ્વીશ્રી ત્રૈલોક્યપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી ઉદયપૂર્ણાશ્રીજી આદિ...૧૩૭

(૨) **પૂ.આ.યશોદેવસૂરિ મ.સા.નો સમુદાય :**

(અ) **પૂ.આ.શ્રી રાજેન્દ્રસૂરિ મ.સા.ના આજ્ઞાવર્તી :** સાધ્વીશ્રી ભાગ્યોદયાશ્રીજી સાધ્વીશ્રી વિનયપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી આદિ...૯૯

(બ) **પૂ.આ.શ્રી જિતેન્દ્રસૂરિ મ.સા.ના આજ્ઞાવર્તી :** સાધ્વીશ્રી પુણ્યરેખાશ્રીજી આદિ...૨૮

(૩) **પૂ.આ. કલાપૂર્ણસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી હેમન્તશ્રીજી, સાધ્વીશ્રી અનુપમાશ્રીજી, સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી, સાધ્વીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજી આદિ...૫૩

(૪) પૂ.આ. રામસૂરિ મ.સા. (ડહેલાવાળા)નો સમુદાય : સાધ્વીશ્રી ચંદ્રોદયાશ્રીજી, સાધ્વીશ્રી મૃગલોચનાશ્રીજી, સાધ્વીશ્રી સૂર્યપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી વિમલાશ્રીજી આદિ...૫૫

(૫) **પૂ. ધર્મસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી કુમુદપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી મયૂરકલાશ્રીજી, સાધ્વીશ્રી હર્ષપ્રભાશ્રીજી આદિ...૨૯

(૬) **પૂ. નેમિસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી તિલકપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી ચંદ્રપૂર્ણાશ્રીજી આદિ...૨૮

(૭) **પૂ. બાપજી મ.સા.નો સમુદાય :** સાધ્વીજી સુલોચનાશ્રીજી આદિ...૮

(૮) **પૂ. સાગરાનંદસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી નિત્યાનંદશ્રીજી આદિ..૩૮

(૯) **પૂ. કેસરસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી નેમશ્રીજી આદિ...૪૭

(૧૦) **પૂ. ભક્તિસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી, સાધ્વીશ્રી સૂર્યયશાશ્રીજી આદિ...૪૮

(૧૧) **પૂ. લબ્ધિસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી સુભદ્રાશ્રીજી મ.સા.આદિ...૮

(૧૨) **વિમલગચ્છ સમુદાય :** સાધ્વીશ્રી સુલોચનાશ્રીજી, સાધ્વીશ્રી મંજુલાશ્રીજી આદિ..૨૩

(૧૩) **પૂ. બુદ્ધિસાગરસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી વસંતશ્રીજી આદિ...૧૦

(૧૪) **પૂ. ભુવનશેખરસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી નંદીષેણાશ્રીજી આદિ...૩

(૧૫) **પૂ. જયન્તસેનસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી પ્રેમલતાશ્રીજી આદિ...૩

(૧૬) **પૂ.ૐકારસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી, સાધ્વીશ્રી પુષ્પમિત્રાજી, સાધ્વીશ્રી રત્નત્રયાશ્રીજી, સાધ્વીશ્રી જયોતિપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી વિદ્યુતલતાશ્રીજી, સાધ્વીશ્રી સત્યરેખાશ્રીજી, સાધ્વીશ્રી સદ્‌ગુણાશ્રીજી, સાધ્વીશ્રી કલ્પલતાશ્રીજી, સાધ્વીશ્રી રમ્યગુણાશ્રીજી આદિ...૬૨

(૧૭) **પૂ. વલ્લભસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી સુજ્ઞાનશ્રીજી આદિ...૫

(૧૮) **પૂ. નીતિસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી સુનદાશ્રીજી આદિ...

(૧૯) **પૂ.આ.વિબુધપ્રભસૂરિ મ.સા.નો સમુદાય :** સાધ્વીશ્રી પદ્મરેખાશ્રીજી, સાધ્વીશ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી, સાધ્વીશ્રી મૃગેન્દ્રજયાશ્રીજી આદિ...૧૬

## નગર રચના

**(૧) શ્રી ભુવનભાનુનગર :** પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ભારતભરમાંથી લાખોની સંખ્યામાં ભાવિકો પધારવાના હોવાથી સાબરમતી નદીના કિનારે વાસણા વિસ્તારના મ્યુનિસિપલ મેદાનમાં એકાંત અને ભવ્ય વાતાવરણમાં નેવું (૯૦) એકર જમીનમાં વિરાટ ભુવનભાનુનગરનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં કુલ ૪,૦૦,૦૦૦ સ્કેવરફીટમાં મંડપો બાંધવામાં આવ્યા છે. કુલ **મુખ્ય પાંચ વિભાગોમાં** આ નગર વહેંચાયેલું છે. (૧) જિનાલય (૨) પ્રદર્શન (૩) સભામંડપ (૪) આવાસ-નિવાસ (૫) ભોજનાલય.

**(૨) ભવ્યાતિભવ્ય પ્રવેશ દ્વાર :** શ્રી ભુવનભાનુનગરનું પ્રવેશ દ્વાર ૧૨૦ ફૂટ લાંબુ અને ૪૦ ફૂટની ઊંચાઈએ ઊભું કરવામાં આવેલ છે. આ પ્રવેશદ્વારની ટોચ ઉપર ભગવાન મહાવીર દેવની ભવ્ય પ્રતિકૃતિ શોભે છે. સાઈડના બે દ્વારોની ટોચ ઉપર આદ્ય ગણધરશ્રી ગૌતમસ્વામી તથા પંચમ ગણધરશ્રી સુધર્માસ્વામીની પ્રતિકૃતિ દશ્યમાન થાય છે. દરવાજાના કલાત્મક ઊભા પીલરો ઉપર સ્વ. જૈનાચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. તથા સ્વ. જૈનાચાર્ય વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની આબેહૂબ ચિત્રકૃતિઓનાં દર્શન થાય છે.

**(૩) પથ દર્શન :** મુખ્ય પ્રવેશદ્વારેથી પ્રવેશ કરતાંની સાથે જ બરાબર સામે ૩૦૦ ફૂટ દૂરથી વિશાળ જિનાલયનાં દર્શન સંપ્રાપ્ત થશે. આ ૩૦૦ ફૂટ લાંબા માર્ગની બન્ને બાજુ પક્ષીઓના ચણ નીરતા વિશાળ ચબૂતરાઓ મૂકવામાં આવ્યા છે. વચ્ચે વચ્ચે શાસન ધ્વજો લહેરાઈ રહ્યા છે. માર્ગની વચ્ચે ઊભા ૪૦ X ૩૦૦ ફૂટના પટ્ટામાં પચ્ચીસફૂટ ઊંચા કમલાસનમાં બિરાજમાન થઈને ચારે દિશામાં સહુને આશિષ આપતા સ્વ.પૂ.ગુરુદેવનું પાવન દર્શન થાય છે.

રૂપથી રતિને પણ પરાજિત કરનાર રાજુલનો ત્યાગ કરીને ગિરનારની ગુફામાં ચાલ્યા જઈ સાધનાની ધૂણી ધખાવતા ૨૨ માં તીર્થપતિ ભગવાન શ્રી **નેમનાથ સ્વામી**ની ભવ્ય ચોરીનાં દર્શન થાય છે. અત્યંત પ્રાચીન અને કલાત્મક ઝૂલામાં ઝૂલતા ભગવાન મહાવીર અને માતા ત્રિશલાદેવીનું નયનાભિરમ્ય દશ્ય છે. જિનાલયનાં પ્રાંગણમાં ભક્તિની દીગંતવ્યાપી છોળો ઉછાળતા સંગીતમય ફુવારાઓ અને જલકુંડો તથા અક્ષતથી વધામણાં કરતા બાળકુંવરો છે.

**(૪) વિરાટ જિનાલય :** ધરતી પરથી ૩ ફૂટ ઊંચી ૬૦' X ૪૦' ફૂટની વેદિકા પર વાંસ કાપર, કાગળ અને કાપડમાંથી નિર્મિત થયેલ પ્રાચીન તીર્થની ભ્રાંતિ કરાવતું વિશાળ જિનાલય અને મનોહર જિનમૂર્તિનું દર્શન. આ જિનાલયમાં

રોજના હજારો ભાવિકો દર્શન-પૂજન અને ચૈત્યવંદન કરશે.

**(૫) પૂ. 'ભૂરી-બા' કલામંદિરમ્ (પ્રદર્શન વિભાગ)** : સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીના સંસારી માતુશ્રીના પુણ્ય નામથી સંકલિત કરવામાં આવેલ આ કલામંદિરમાં સ્વ.પૂ. ગુરુદેવની શાસનમંદિરમ્ માટેની જે કલ્પનાઓ હતી તેને સાકાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં–

● મહોત્સવની નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ નિમિત્તે શ્રીસંઘોમાં ઘરેઘરમાં નમસ્કાર મહામંત્રના જાપની આરાધનાઓના મંડાણ થયા. કુલ **૧૨ા ક્રોડ નમસ્કાર મહામંત્રનું** જાપ પારાયણ થયું.

● પૂજ્યશ્રી વર્ધમાન તપોનિધિ હોવાથી ઠેર ઠેર સંઘોમાં વર્ધમાનતપના પાયા નાખવાનું તપ અભિયાન શરૂ થયું.

● પૂજ્યશ્રીના જીવનબાગમાં તો હજારો પ્રસંગ પુષ્પો મહેંકતા હતા. કેટલાક પ્રસંગો પર ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું, હજારો નર-નારીઓએ મહિનાઓ સુધી મહેનત કરીને સુંદર ચિત્રો બનાવ્યા. જે પ્રદર્શનમાં હાજર કરવામાં આવ્યા.

**પરમાત્માના પાંચ કલ્યાણક**

તીર્થંકર પરમાત્માના જીવનની પાંચ ઘટનાઓ અલૌકિક અને અદ્વિતીય હોય છે. તે ઘટના જ્યારે બને છે ત્યારે સમગ્ર વિશ્વમાં આનંદના પૂર ઉમટે છે, સૃષ્ટિમાં પ્રસન્નતાની પરિમલ વ્યાપી જાય છે. આ પાંચ કલ્યાણકની ઘટનાઓને સુમેરપુરના સુપ્રસિદ્ધ કલાકારોએ હાલતી ચાલતી જીવંત રચનાઓમાં પ્રદર્શિત કરી છે.

**(૧) ચ્યવન કલ્યાણક** : ત્રિલોકનાથ પરમાત્મા દેવલોકનું જીવનપૂર્ણ કરીને આ લોકમાં અવતરણ કરે છે, તેનું નામ ચ્યવન કલ્યાણક. પરમાત્માનું અવતરણ થવાનું હોય ત્યારે માતા ૧૪ મહાસ્વપ્નોના દર્શન કરીને ધન્ય બને છે.

**(૨) જન્મ કલ્યાણક** : જ્યારે પરમાત્માનો જન્મ થાય છે ત્યારે નવજાત પરમાત્માને મેરુ પર્વત પર લઈ જઈને દેવેન્દ્રો તેનો અભિષેક કરે છે અને ૫૬ દેવકુમારીકાઓ જન્મોત્સવ ઉજવે છે. આ જન્મપ્રસંગની ભવ્યતાને રચનાઓમાં આકારિત કરવામાં આવી છે.

**(૩) દીક્ષા કલ્યાણક** : દોમ-દોમ સાહ્યબી અને અપાર સુખ-વૈભવનો ત્યાગ કરીને કુમારાવસ્થામાં જ સાધનાના કઠોર પંથે પ્રયાણ કરતા તીર્થંકર પરમાત્માના ભીષ્મ સંસારત્યાગની આ રચના હૃદયના તાર ધ્રુજાવી દે તેવી છે.

(૪) **કેવલજ્ઞાન કલ્યાણક :** ઘોર સાધનાના અંતે પૂર્ણ જ્ઞાન પામતા પરમાત્માનું પાવન દર્શન આ રચનામાં કંડારવામાં આવ્યું છે.

(૫) **નિર્વાણ કલ્યાણક :** અનાદિકાળથી ચાલતી સંસારયાત્રાનું સમાપન કરીને પરમશ્રેયના શાશ્વત સ્થાને પરમાત્મા સીધાવે છે, તે મહાન ઘટના આ રચનામાં દર્શાવવામાં આવી છે.

**● ઐતિહાસિક પાત્રોની જીવન ઝલકો :**

સુમેરપુર (રાજસ્થાન)ના કલાકારોનો કલાવૈભવ અને ઈતિહાસના વિરલ પાત્રોના જીવન-વૈભવનો સુંદર સુમેળ અહીં સધાયો છે. એક એક ઐતિહાસિક પાત્રની પ્રેરક જીવન-ઘટનાઓ **હાલતી-ચાલતી રચનાઓ** દ્વારા પ્રેરણાનો સંદેશ રેલાવી રહી છે. ચાલો, એ સંદેશને હૃદયમાં ઝીલીને એ જ્વલંત આદર્શોને આંબવા જહેમત ઉઠાવીએ.

**● આરાધનાના ઉપકરણો :**

૩૬ સુશોભિત ચંદરવા અને પૂંઠીયાની નીચે પૂજ્ય ગુરુદેવશ્રીના અણમોલ સાહિત્યનાં દર્શન કરી શકશો. ૪૨-૪૨ વર્ષ સુધી દર સપ્તાહે ચિંતનના કટોરા સમું જે સાપ્તાહિક પીરસીને હજારો વાંચકોને પ્રેરણાનું અમૃત પાયું છે તે **'દિવ્ય દર્શન'** સાપ્તાહિકની ૪૨ વર્ષની ફાઈલો અને વિવિધ ભાષાઓમાં પ્રગટ થયેલા પૂજ્ય ગુરુદેવશ્રીના સેંકડો પુસ્તકો તેઓશ્રીની વિરલ લેખનયાત્રાના માઈલસ્ટોન સમા શોભી રહ્યા છે.

પૂજ્યશ્રીના હસ્તલિખિત ઉપદેશવચનોની એક વિસ્તૃત શ્રેણી પણ અહીં દૃષ્ટિગોચર થશે.

ઉપકરણ દર્શન, જિનમંદિરમાં વપરાતા સાધનો તથા સાધુઓના ઉપયોગમાં આવતી ચીજોનું પ્રદર્શન વચ્ચે ટેબલો પર આપ જોઈ શકશો.

**● ગુરુદેવશ્રીના પ્રેરક જીવન પ્રસંગો :**

બંગાળના કુશળ કારીગરોએ નિર્મિત કરેલી આ પાંચ રચનાઓ જોઈને પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનની **પાંચ મહાન ઘટનાઓથી** પરિચિત થશો. ૧૩ વર્ષના કાન્તિલાલને ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજીનો પ્રથમ પરિચય, બંધુબેલડીનો ગૃહત્યાગ, ૧૦૮ ઓળીનાં પારણે પોતાના વહાલસોયા બાલુડાને વહોરાવી દેતી માવડી... વગેરે પ્રસંગોની જીવંત રચનાઓ એક વિરલ વિભૂતિના અલગારી વ્યક્તિત્વનું પ્રતિબિંબ પાડી રહી છે.

● **આહારશુદ્ધિ પ્રદર્શન :**

માનવીનું પેટ એ કચરાપેટી નથી અને કબ્રસ્તાન પણ નથી. ભક્ષ્ય અને અભક્ષ્યની ભેદરેખા ન હોય તો માનવી અને પશુમાં તફાવત શું ? પ્રદર્શનના આ વિભાગમાં અઢળક અભક્ષ્ય પદાર્થોથી તમે માહિતગાર થશો. જો માંસાહારી પદાર્થો અભક્ષ્ય છે, તો વાસી ખોરાક પણ અભક્ષ્ય છે. માદક પીણાં ન પીવાય તો ઠંડા પીણાં પણ ન પીવાય. તમારા ડાઈનીંગ ટેબલની શોભા તેની ઉપર પડેલા સોફેસ્ટીકેટેડ ગ્લાસ-વેર પરથી નથી. પણ, જો તેની ઉપર કોઈ અભક્ષ્ય પદાર્થોની ડિશ પડેલી નથી તો જ તેની શોભા છે. અભક્ષ્ય પદાર્થોની તન, મન અને જીવન ઉપર કેવી ઘાતક અસરો છે તેના હૈયું હચમચાવી દે તેવા જીવંત ચિત્રો તમારી ભોજનની ડિશને અભક્ષ્ય પદાર્થોથી મુક્ત બનાવી દેવાની ચેલેન્જ કરી રહ્યાં છે. આકર્ષક રચનાઓ, અસરકારક ચિત્રો અને વિશાળ કટ-આઉટ દ્વારા શુદ્ધ આહારની સાત્ત્વિકતા અને અભક્ષ્ય આહારની ભયંકરતાનો તાદૃશ ચિતાર આ વિભાગમાં ખડો કરવામાં આવ્યો છે:

જૈન શાસ્ત્રોમાં દર્શાવેલા **ભક્ષ્યાભક્ષ્ય વિચાર**ને આધુનિક શૈલીમાં અનેક અભક્ષ્ય અને અપેય પદાર્થોનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કર્યો હતો.

● **જૈન ક્રિયાવિધિનું જીવંત દર્શન :** (લાઈવ ડેમોન્સ્ટ્રેશન)

પ્રત્યેક ધર્મ તેના શાસ્ત્રોક્ત અનુષ્ઠાનોથી ધબકતો રહે છે. જૈન ધર્મ પાળનારા ગૃહસ્થોને શ્રાવક કહેવાય છે. જૈન ધર્મશાસ્ત્રોમાં જૈન શ્રાવકો માટે અનેકવિધ દૈનિક ધર્મક્રિયાઓનું વિધાન છે. આજે પણ જૈનો તે ધર્મક્રિયાઓનું આરાધન કરીને પોતાના જીવનને ધર્મરંગથી શોભાવે છે. અહીં છ વિભાગમાં જૈન ક્રિયાવિધિનું જીવંત દર્શન કરાવવામાં આવે છે. કિશોરવયના બાલક-બાલિકાઓ જીવંત મુદ્રાઓ દ્વારા વિવિધ ક્રિયાઓનો પરિચય કરાવે છે.

**(૧) સામાયિક :** આ સામાયિક એટલે ૪૮ મિનિટનો સંન્યાસ. જે જીવનભરનો સંન્યાસ સ્વીકારી ન શકે તે છેવટે ૪૮ મિનિટ માટે પણ તમામ પાપક્રિયાઓથી મુક્ત બની કામચલાઉ સંન્યાસનું પાલન કરી શકે છે. ૪૮ મિનિટના આ સામાયિકમાં જૈનો સ્વાધ્યાય, કાયોત્સર્ગ, વાંચન, જાપ, ધ્યાન વગેરે દ્વારા કેવી રીતે આત્મભાવમાં લીન બને છે, તે આપ અહીં સાક્ષાત્ નિહાળી શકશો.

**(૨) પ્રતિક્રમણ :** દિવસભરમાં થયેલા પાપોનો નિખાલસ એકરાર અને તેનું આંખમાં અશ્રુ સાથે પ્રાયશ્ચિત્ત કરવા માટેનો મહાન ક્રિયાયોગ એટલે પ્રતિક્રમણ. પ્રતિક્રમણની આ ક્રિયામાં જૈનો શાસ્ત્રોક્ત સૂત્રોનું ઉચ્ચારણ કરીને પોતાના પાપોનું

પ્રક્ષાલન કરે છે. પ્રતિક્રમણ દરમ્યાન કરાતી અનેકવિધ મુદ્રાઓ દ્વારા અનેક યોગાસનો પણ સ્વાભાવિક રીતે આ પ્રતિક્રમણવિધિમાં ગોઠવાયેલાં છે.

(૩) **જિનપૂજા :** જૈનોના ઈષ્ટદેવને જિનેશ્વર કહેવાય છે. જૈનો નિત્ય સવારે સ્નાનથી દેહશુદ્ધિ કર્યા બાદ શુદ્ધ અને પવિત્ર વસ્ત્રોમાં સજ્જ થઈને ઉત્તમ દ્રવ્યોથી જિનેશ્વરદેવની વિવિધ પ્રકારે પૂજા કરે છે. પંચામૃતથી અભિષેક કરે છે. કેસર-ચંદન અને પુષ્પોથી અર્ચના કરે છે, ધૂપ અને દીપ ધરે છે, ફળ અને નૈવેદ્ય ચડાવે છે. આ પવિત્ર પૂજાવિધિનું જીવંત દર્શન પરમાત્મા પ્રત્યેનો પૂજ્યભાવ પ્રગટ કરશે.

(૪) **આરતિ :** સંધ્યાટાણે ઝાલર, ઘંટ અને શંખના નાદ સાથે પાંચ દીવાની આરતિ ઉતારતા બાલ શ્રાવકોને જોઈને હૃદય ગદ્ગદ બની જશે.

(૫) **ગુરુવંદન :** પરમાત્માની જેમ ગુરુને પણ આરાધ્ય તત્ત્વ તરીકે સર્વ ધર્મો સ્વીકારે છે. ગુરુની આરાધના માટે જૈનો શાસ્ત્રોક્ત વિધિથી રોજ ગુરુને વંદન કરે છે. આ ગુરુવંદના અહીં તમે સાક્ષાત્ નિહાળી શકશો.

(૬) **પાઠશાળા :** જૈન ધાર્મિક અધ્યયન માટે 'પાઠશાળા'ની પાવન પરંપરા જૈન સંઘમાં આજે પણ જીવંત છે. ભારતભરની હજારો પાઠશાળાઓમાં મોટી સંખ્યામાં જૈન બાળકો ધાર્મિક સૂત્રોનું અધ્યયન કરે છે અને ધર્મસંસ્કારોથી જીવનનું ઘડતર કરે છે. તેનું એક મનમોહક દશ્ય તમે અહીં નિરખી શકશો.

● **આગમ દર્શન :** પ્રત્યેક ધર્મનો પોતાના સિદ્ધાન્તો પ્રદર્શિત કરનારો એક ધર્મગ્રંથ હોય છે. જૈનધર્મના સિદ્ધાંતો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનને જણાવનાર ધર્મગ્રંથ માત્ર એક નહિ પણ ૪૫ છે. તેને ૪૫ આગમો કહેવામાં આવે છે. અહીં તમે આ પવિત્ર નામ તથા તેનાં વિષય-વિભાગનો ટૂંકો પરિચય મેળવી શકશો. જૈન આગમોના વિસ્તૃત વિષય-ક્ષેત્રને જાણ્યા પછી તમે ઝૂમી ઉઠશો કે - અહો ! જૈન આગમોના જ્ઞાન-પ્રકાશનું ક્ષેત્રફળ કેટલું બધું વિરાટ અને વ્યાપક છે !

સમ્યક્ જ્ઞાનના ઉપાસકોની આરાધ્યદેવી શ્રી સરસ્વતી માતાની ભવ્ય અને મનોહર મૂર્તિનાં દર્શન કરીને આપનું હૃદય પુલકિત થશે.

● **વ્યસન મુક્તિ :** કાળે કરવટ બદલી છે. સમય બદલાયો છે. યુવાપેઢી ગૂમરાહ બની છે. ટી.વી., વીડિયો, ચેનલોની જાહેરાતો જોઈ જોઈને યુવાનોએ પોતાનું માથું બગાડી નાખ્યું છે. પાન મસાલાઓ, સિગારેટો, તમાકુ અને શરાબ જેવા પદાર્થો કેટલી હદે જીવનનું સત્યાનાશ કાઢે છે, તેના ઉઘાડા દાખલા અહીં રજૂ કર્યા છે. શું તમે તમારી આવી સીકલની કલ્પના કરી શકો છો ? જો ના, તો

'ટર્નીંગ પોઈંટ ઓફ લાઈફ' આજથી જ પાછા વળી જાવ અને વ્યસનોને છોડી દો.

● **જૈનદર્શનનાં ત્રણ અણમોલ ભેટણાં :** જૈનદર્શને આ વિશ્વને અનેક અણમોલ ચીજોની ભેટ ધરી છે. વિશ્વની કેટલીય સળગતી સમસ્યાઓ પર આ સિદ્ધાંતો શીતલ છંટકાવ સ્વરૂપે પૂરવાર થાય તેમ છે. જૈનદર્શનની તે અદ્દભુત વાનગીઓનું રસપ્રદ દર્શન નિહાળી હૈયું આ મહાન દર્શન પ્રત્યે ઓવારી જશે.

(૧) **અનેકાંતવાદ :** Law of Relativity : સાપેક્ષવાદ કે સ્યાદ્વાદના પર્યાયવાચક નામોથી ઓળખાતો અનેકાંતવાદ વિશ્વશ્રેષ્ઠ સિદ્ધાંત જો વિશ્વવ્યાપી બને તો વિશ્વમાં એક પણ સંઘર્ષ ટકી શકે નહિ. એક હાથી અને ૬ અંધ પુરુષોની આબેહૂબ રચના જૈનદર્શનના આ મહાન સિદ્ધાંતને ખૂબ સહજતાથી અને સરળતાથી સમજાવી દે છે. ઓરિસ્સાનાં નિષ્ણાત કારીગરોએ આ રચનાનું નિર્માણ કર્યું છે.

(૨) મધુબિંદુ : સંસારનાં સુખોની ક્ષણિકતા અને અસારતાનો આબેહૂબ ચિતાર ખડું કરતું કલાસીક ઉદાહરણ એટલે મધુબિંદુનું ઉદાહરણ, મધુબિંદુના એક ક્ષણિક સ્વાદ જેવા સંસારસુખની ખાતર કેટલી ભયંકર ઉપાધિઓની જીવ અવગણના કરે છે. જીવની તે મૂર્ખતાનું આબેહૂબ દર્શન કરાવતી આ રચના વૈરાગ્યપ્રેરક છે.

(૩) **ષડ્ લેશ્યા :** મનના ભાવોની મલિનતા અને નિર્મળતાને ૩-૩ ભેદમાં વિભાજિત કરીને ષડ્ લેશ્યાની અદ્દભુત વિભાવના જૈન દર્શને જગતને ભેટ ધરી છે. જંબૂવૃક્ષ અને ૬ પુરુષોના દૃષ્ટાંતથી મનોભાવોના વિભાગીકરણની આવી અદ્દભુત સંકલના કયાંય જોવા મળે ? આ રચના એક બેરોમીટર છે. આપના મનોભાવો ૬ પુરુષોમાંથી કયા પુરુષને મળતા આવે છે, તે જોઈને આપની લેશ્યાનો તાગ મેળવી શકશો અને અશુભ લેશ્યામાંથી શુભ લેશ્યામાં જવાની મૂક પ્રેરણાને પણ ઝીલી શકશો.

● **જૈન સાધ્વાચાર :** ભગવાન મહાવીરદેવના શ્રમણ-શ્રમણીઓ ઘણી મોટી સંખ્યામાં આજે પણ ધરતી પર વિચરે છે. પાંચ મહાવ્રતોનું પાલન, પંચાચારનું પાલન, અષ્ટ પ્રવચનમાતાનું પાલન, નવવિધ બ્રહ્મચર્યનું પાલન તેઓ ચુસ્તપણે કરે છે. જૈન સાધુ-સાધ્વીજીઓ માથાના વાળ વર્ષમાં બે વાર હાથેથી ચૂંટીને કાઢે છે, જેને લોચ કહેવાય છે. જૈન સંતો જ્યાં પણ જાય ત્યાં પદપાળા જ જાય છે, જેને વિહાર કહેવાય છે. જૈન શ્રમણો ક્યારેય કાચા પાણી, વનસ્પતિ કે અગ્નિનો સ્પર્શ કરતા નથી. તેઓ ભીક્ષાર્થે ભ્રમણ કરે છે. તેને ગોચરી કહેવાય છે. સાધુઓ આખો દિવસ લગભગ જ્ઞાન, ધ્યાન, જાપ અને ભક્તિમાં મસ્ત રહેતા હોય છે. લાઈટ, પંખા, કાર, જુત્તાં છત્ર જેવા સુખ-સાધનોનો પણ તેઓ ક્યારેય ઉપયોગ કરતા નથી.

● **ધનની વાવણી કરવાના નવ ખેતરો :** લક્ષ્મીનું વાવેતર કરવા માટે જૈન ધર્મમાં નવ સ્થાનો બતાવવામાં આવ્યા છે. જિનમૂર્તિ અને જિનમંદિરથી માંડીને દીન-દુ:ખીયાની અનુકંપા અને અબોલ પશુઓની જીવદયા સુધીના નવ સ્થાનોમાં પ્રતિવર્ષ જૈન સંઘ કરોડો રૂપિયાનો સદ્વ્યય કરે છે. ગામે-ગામ શોભતા દેવવિમાન સમા જિનાલયોથી માંડીને ઠેક-ઠેકાણે ઊભેલી પાંજરાપોળો જૈનોના ઔદાર્ય અને દાનવીરતાના જીવંત પ્રતીકો છે. જીવદયા અને માનવ-સેવા પાછળ પણ જૈનો કરોડો રૂપિયાનો વ્યય કરે છે. દાનવીરતા માટે જૈન કોમ સમગ્ર વિશ્વમાં અવ્વલ કોટિની પ્રતિષ્ઠા ધરાવે છે.

● **જૈનોની કુલદેવી જીવદયા :** જીવદયાના જાગીરદારો તરીકે જૈનો સકલ વિશ્વમાં પ્રસિદ્ધ છે. જીવદયાનું જે સૂક્ષ્મ અને વ્યાપક સ્વરૂપ જૈન ધર્મમાં છે, તેવું બીજે કયાંય જોવા મળે ? ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, રાજસ્થાન વગેરે પ્રાંતોમાં ગામે ગામ તમને એક અદ્ભુત કરુણા-તીર્થ જોવા મળશે. તેનું નામ છે પાંજરાપોળ. જૈન મહાજનો દ્વારા સેંકડો પાંજરાપોળોમાં લાખો અબોલ પશુઓનું પોતાના સંતાનની જેમ જતન થાય છે. જીવદયા પ્રેમી જૈનો પ્રતિદિન લાખો રૂપિયાનો સદ્વ્યય કરીને આ પાંજરાપોળોની સુંદર સંભાળ કરે છે. પ્રદર્શનના આ વિભાગમાં જૈનોની કરુણાનું જીવંત દૃશ્ય ખડું કરવામાં આવ્યું છે. પાંજરાપોળોમાં વહેતું જૈનોની કરુણાનું નિર્મળ ઝરણું જોઈને તમારી આંખડી ઠરી જશે. આપણાં જીવદયા-તીર્થોની વિસ્તૃત.યાદી આપની આંખોને કરુણાશ્રુના તોરણોથી શણગારશે. જૈનોની જીવદયાનો તાદૃશ ચિતાર નિહાળીને સહુ કોઈ ઓવારી જતાં.

## ● જીવન પ્રસંગોનું ચિત્ર-પ્રદર્શન :

પૂજ્ય ગુરુદેવશ્રીના મહાન જીવનના વિવિધ પાસાઓ ઉપર પ્રકાશ પાથરતા બેનમૂન પ્રસંગચિત્રો મૌનની ભાષામાં પૂજ્યશ્રીના ભવ્ય જીવન માટે ઘણું ઘણું કહી જાય છે. એક વિરલ વિભૂતિના ભવ્ય જીવનને અતીતમાંથી વર્તમાનમાં લાવી મૂકતા આ ચિત્રોમાં જીવંતતા છે અને અદ્ભુત કલાત્મકતા છે.

પ્રતિષ્ઠા મહોત્સવને અનુલક્ષીને આયોજિત કરાયેલી ચિત્ર-સ્પર્ધાના સ્પર્ધકો કોઈ વ્યવસાયિક ચિત્રકારો નથી પરંતુ કલાના પ્રેમીઓ અને ગુરુદેવશ્રીના ઉપાસકો છે. તેમણે પોતાની ભાવનાના રંગો પૂરીને પૂજ્યશ્રીના જીવનપ્રસંગોને ચિત્રફલક પર જીવતા કરવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે. આ ચિત્રોના કેટલાક ચિત્રકારો તો બાલ્યવયના છે. આ ચિત્ર પ્રદર્શનનું દર્શન તમને ગમશે.

## ભુવનભાનુ મહારાજ સાહેબના તેજકિરણો

## ચિત્રસ્પર્ધા



### (૧) મેરા નામ કરેગા રોશન, જગમેં મેરા રાજદુલારા

કર્ણાવતી મહાનગરી...

કાળુપુર રોડ... એની અંદર આવેલી કાળુશીની પોળ... પોળમાં લાઈનબંધ જૈનોના ઘર... વચ્ચોવચ રત્નચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય જિનાલય, પોળમાં પ્રવેશતાં ડાબી બાજુની ખડકીમાં શ્રેષ્ઠીવર્ય પિતા ચીમનભાઈનું મકાન... માતા ભૂરીબેન બાલ 'કાંતિ'ને પારણિયામાં ઝુલાવે છે. માતાની આંખોમાં બાલુડાના ઉજ્જવલ ભાવિના સોનેરી સ્વપ્નો છે અને પિતાના અંતરમાં હર્ષના કિરણો છે. શું ત્યારે એમને ખ્યાલ આવી ગયો હતો કે મારો આ કુળદીપક સૂર્યની જેમ જગતમાં અજવાળું કરનાર 'ભાનુ' બનીને ચમકશે ?

### (૨) સુસંસ્કારી કુમાર કાંતિ...

કર્ણાવતી મહાનગરી... કાળુપુર રોડ... એની અંદર આવેલી કાળુશીની પોળ... સવારનો સમય.. જૈનોના સંખ્યાબંધ બાળકો, યુવાનો અને વૃદ્ધજનો પરમાત્માના દર્શન કરવા માટે દેરાસર જઈ રહ્યા છે. કુમાર 'કાંતિ' પૂજાનાં કપડાં ધોતિયું ખેસમાં સજ્જ થઈ, હાથમાં અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી લઈને કાળુશીની

પોળના જિનાલયના ભોંયરામાં બિરાજમાન શ્રી રત્નચિંતામણી પાર્શ્વનાથદાદાની ભક્તિ કરવા જાય છે. ત્યારે કોઈ નહોતું જાણતું કે આ કુમાર, કુમાર મટી જઈ જગતના જીવોનો ઉદ્ધાર કરનારો જૈનાચાર્ય બની જશે.

## (૩) ગુરુદેવની પ્રથમ નજરે...



અમદાવાદની અંદર દોશીવાડાની પોળમાં વિદ્યાશાળાનો ભવ્ય ઉપાશ્રય... પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજ સહ વિશાલ મુનિગણ... મુનિભગવંતોનો વિશાળ સમુદાય વિદ્યાશાળામાં પધાર્યો છે તે જાણી 'કાંતિ' પ્રકરણ ભાષ્યની ચોપડી લઈને ઉપાશ્રયમાં આવે છે. પૂ.આ.શ્રી દાનસૂરિ મ.સા.ની બાજુમાં બેઠેલા પૂ. **પં. પ્રેમવિજયજી** મ.સા.ની પાસે 'કાંતિ' ગાથા ગોખવા બેઠો છે. માત્ર ૫ મિનિટમાં જ ભાષ્યની ૫ ગાથાઓ કરીને પૂ.પં. પ્રેમવિજયજી મ.સા.ને 'કાંતિ'એ કડકડાટ સંભળાવી દીધી. 'કાંતિ'ની આ ધારદાર બુદ્ધિ જોઈને પૂ.પં. પ્રેમવિજયજી મ.સા.ની નજર 'કાંતિ' પર ઠરી ગઈ. કદાચ આ નજર જ 'કાંતિ'ના જીવનમાં ક્રાન્તિ સર્જાવનારી બની હશે.

## (૪) આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા...

લગભગ આજથી ૬૫ વરસ પૂર્વે ઈન્સ્ટિટ્યુટ ઓફ બેન્કર્સ ઈંગ્લેન્ડની વર્તમાનકાલીન C.A. સમકક્ષ G.D.A.ની પરીક્ષા મેરિટ સાથે પાસ કરનાર યુવાન 'કાંતિ'ને સંસારના સોનેરી સ્વપ્નાઓ... ભૌતિક સુખોની સંભાવનાઓ... ભાવિની સુખદ કલ્પનાઓ... અનેકવિધ પ્રલોભનો આપવામાં આવે છે. પરન્તુ ગુરુ ઉપદેશામૃતથી અભિષિક્ત થયેલો યુવાન **'કાંતિ'** પૂ.પં. શ્રી **પ્રેમવિજયજી** મ.સા.ના

શ્રીમુખે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરે છે. આ પ્રતિજ્ઞા માત્ર 'કાંતિ'ને જ સંયમની પ્રાપ્તિ કરાવી એમ નહિ, અનેક પુણ્યાત્માઓને સંયમની પ્રાપ્તિ કરાવવામાં નિમિત્ત બની ગઈ.

## (૫) સંયમસફરના સહયાત્રી બંધુબેલડી

વૈરાગ્યરસથી તરબોળ બનેલ યુવા 'કાંતિ' માત-પિતા પાસે સંયમની અનુમતિ માંગે છે. મોહાદિથી વશ થયેલ માત-પિતા પાસેથી અનુમતિ ન મળતાં વૈરાગી એવા નાના ભાઈ પોપટને સાથે લઈ ચાણસ્મા ગામે બિરાજમાન પૂ. પં. શ્રી પ્રેમવિજયજી મહારાજ સાહેબ પાસે પહોંચી જાય છે. ચાણસ્મા ગામ સુંદર શોભી રહ્યું છે. ત્યાં ઉપાશ્રયમાં બિરાજમાન પૂજ્ય ગુરુદેવની અનુજ્ઞા મળતાં જ મંગળ મુહૂર્તે, નાણ અને સંઘ સમક્ષ બંધુ-બેલડીએ સંયમજીવનનો સ્વીકાર કર્યો... ભાઈ 'કાંતિ' મુનિ શ્રી **ભાનુવિજય** બન્યા. ભાઈ 'પોપટ' મુનિ શ્રી **પદ્મવિજય** બન્યા. આ સંયમી બંધુ બેલડી સંયમ સફરના સહયાત્રી બની મુક્તિ મંજિલની શોધ માટે નીકળી પડ્યા.

## (૬) સ્વાધ્યાય એ સાધુનો સખા..

ઉપાશ્રયના એક ખૂણે બેસીને નૂતન મુનિ શ્રી ભાનુવિજયજીએ તપ, ત્યાગ જ્ઞાન, ધ્યાન, વિનય વૈયાવચ્ચાદિ સાધનાનો યજ્ઞ માંડી દીધો છે. અધ્યયન કરવા માટે સમય મળે માટે છઠના પારણે છઠ કરી, કાશીના બ્રાહ્મણ પંડિત બદ્રીનાથ શુક્લ પાસે કલાકો સુધી અધ્યયન કરે છે. પંડિત પાઠ આપતા થાકતા નથી મુનિશ્રી પાઠ લેતા ધરાતા નથી.

## (૭) સંયમની લહાણી કરતી વાણી

પૂ.આ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ ચિંતિત અને વ્યથિત છે... મુનિ શ્રી ભાનુવિજય ગુરુદેવને ઉદાસીનતાનું કારણ પૂછે છે... ગુરુદેવે કહ્યું, સાધુઓ ઓછા થઈ રહ્યા છે. જૈનો સત્ત્વહીન બની રહ્યા છે, શું થશે જિનશાસનનું ? સતત રહેતી આ ચિંતા મારા મનને કોરી ખાય છે. ગુરુદેવની વ્યથાને સમજી, મુનિ ભાનુવિજય અને મુનિ પદ્મવિજય બન્ને ગુરુદેવની અનુજ્ઞા અને આશીર્વાદ લઈને મહાનગરી મુંબઈ તરફ પ્રયાણ કરે છે. પ્રવચન કળા અને સંગીત કળાને વરેલા આ ગુરુ-શિષ્યની જોડીએ મુંબઈની પ્રજાને ઘેલી કરી દીધી. ઉપાશ્રયમાં માનવમહેરામણ ઉમટવા લાગ્યું... મુનિશ્રીની વાણી દ્વારા વહેતા વૈરાગ્યના ધોધે એવો બોધ આપ્યો કે બે-ત્રણ કે તેર નહિ પણ ત્રીસ-ત્રીસ યુવાનોએ સંસારનો ત્યાગ કરી સંયમના પુનીત પંથે પ્રયાણ કર્યું.

## (૮) ઘર-ઘરમાં ઝગડા

'બા, હું પણ તારી સાથે વ્યાખ્યાનમાં આવું ?' ના, છાનો-માનો ઘરમાં બેસ, કાંઈ જવું નથી. 'બા, તું તો કહેતી હતી કે વ્યાખ્યાનમાં જવાથી સારા સંસ્કારો આવે, જીવન સુધરી જાય.' હા, વાત સાચી છે પણ આ ભાનુવિજયના વ્યાખ્યાનમાં તારું કાંઈ કામ નથી. 'બા, એમના વ્યાખ્યાનમાં તો વૈરાગ્ય નીતરે છે. મારા ઘણા મિત્રો એમના વ્યાખ્યાનમાં આવે છે.' એટલે જ તારે નથી જવાનું. જે જાય છે તે ઘરમાં રહેવાનું નામ નથી લેતો. બધાને દીક્ષા લેવાની ભાવના થઈ જાય છે. સં. ૨૦૦૭/૮ માં મુંબઈમાં જૈનોના ઘર-ઘરમાં મા-દીકરાના આવા ઝઘડા શરુ થઈ ગયા હતા.

## (૯) બાળદીક્ષા પ્રતિબંધ પ્રતિકાર

૨૮ એપ્રિલ, ૧૯૫૫ના મુંબઈ લેજિસ્લેટીવ કાઉન્સિલમાં બાલદીક્ષા પ્રતિબંધક બિલ દાખલ કરવામાં આવ્યું. પૂ.આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.ને આ સમાચાર મળતાં જ મુનિ શ્રી ભાનુવિજયને બોલાવીને આ અંગે વિચારણા કરે છે. મુનિ ભાનુવિજયજીએ પ્રધાનમંત્રી મોરારજી દેસાઈને આ અંગે દોઢ કલાક સુધી એવા જડબેસલાક દલીલોથી સમજાવ્યા કે વિધાનસભામાં મોરારજી દેસાઈ આ બિલના વિરોધમાં ખૂબ બોલ્યા... છેવટે આ બિલ લોકમત ઉપર મૂકવાની જાહેરાત થઈ. મોરારજીભાઈએ મુનિ ભાનુવિજયજીને કહેવડાવ્યું કે 'હવે આપ બિલના વિરોધમાં પ્રચંડ જનમત જાગૃત કરો. બિલ ઊડી જશે. જોરશોરમાં આ અંગે કામ શરૂ થયું... બિલ કેન્સલ થયું... અને જિનશાસનના એક મહત્ત્વપૂર્ણ કાર્યમાં સફળતા સાંપડી.

## (૧૦) બનારસના વિદ્વાન પંડિતો ઓવારી ગયા.

બનારસની વિશ્વવિખ્યાત વિદ્યાલયનો વિશાળ ગેટ... કંપાઉન્ડમાં પ્રવેશ કરતા જ બન્ને બાજુ વૃક્ષોની હારમાળા... વચ્ચે-વચ્ચે વિદ્યાર્થીઓની કુટીરો... ગેટની સામે જ મોટો પ્રવચન હોલ... અનેક વિદ્વાન પંડિતો, બ્રાહ્મણ સાધુઓ, બૌદ્ધસાધુઓ, ખેસધારી શાસ્ત્રીઓ અને ચોટલીવાળા હજારો વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં "**मानवसृष्टि के उत्थान में जैनधर्म का योगदान**" વિષય પર બે કલાક સુધી પાટ પર બેસીને પૂજ્યશ્રી પ્રવચન ફરમાવે છે. જીવવિજ્ઞાન, કર્મવાદ, વિરતિ અને સ્યાદ્વાદની તાર્કિકયુક્તિસંગત છણાવટ જોઈ-સાંભળી બ્રાહ્મણ પંડિતો મોંમાં આંગળાં નાખી ગયા.

## (૧૧) સંભળાવે બાળકને સ્વમુખે નવકાર...

ચિંતન, લેખન, વાંચન વગેરે શાસનના અનેક કાર્યોમાં પૂજ્યશ્રી વ્યસ્ત છે... કો'ક શ્રાવિકા પોતાના નાનકડા બાળકને હાથમાં લઈને પૂજ્યશ્રી પાસે દર્શનાર્થે આવે છે... બાળકને જોતાં જ પૂજ્યશ્રી આનંદવિભોર બની જાય છે અને માલકૌંસ રાગમાં નવકારમંત્ર સંભળાવે છે. પોતાના બાળકને પૂજ્યશ્રીના સ્વમુખે મળેલો નવકારમંત્ર લઈને બાળકની માતા ધન્ય ધન્ય બની જાય છે.

## (૧૨) યુવા શિબિરના આદ્યપ્રણેતા...

૧૯૬૩ના ગ્રીષ્મકાળમાં... માઉન્ટ આબુના સુરમ્ય પર્વત પર... જ્યાં વસ્તુપાલ-તેજપાલના ભવ્ય જિનાલયો છે... ધર્મશાળા અને ભોજનશાળાની સુવ્યવસ્થા છે... યાત્રા કરનારા ભાવિકોની ચિક્કાર સંખ્યા છે... ત્યાં પૂજ્યશ્રી વૈભવ-વિલાસ અને વ્યસનોમાં પોતાની જિંદગી વેડફી નાંખનારા યુવાનોના સુસંસ્કારોની સુરક્ષા માટે 'જૈન આધ્યાત્મિક શિક્ષણ શિબિર'ના આયોજન દ્વારા જ્ઞાનગંગા વહાવે છે. એ જ્ઞાનગંગામાં સ્નાન કરતા કરતા હજારો યુવાનોના જીવન પર બાઝેલા કુસંસ્કારોના થર નીકળી રહ્યા છે. અને દરેક યુવાનો અવનવી તાજગીનો અનુભવ કરી રહ્યા છે.

## (૧૩) પ્રભુ દર્શનમાં તન્મયતા...

પૂજ્યશ્રી સાથે દેરાસરમાં ચૈત્યવંદન કરવું એ એક રોમાંચક અનુભૂતિ હતી. સુવિશાલ શિષ્ય-પરિવાર સાથે પૂજ્યશ્રી દેરાસર પધારે છે... પ્રભુભક્તિની દિવ્યસૃષ્ટિમાં પોતે તો તલ્લીન બની જાય છે પણ સાથોસાથ અનેકને તલ્લીન બનાવી રહ્યા છે. પૂજ્યશ્રી જે દેરાસર જાય તે દેરાસરનું સમગ્ર વાતાવરણ તીર્થભૂમિ જેવું બની જાય છે. સુમધુર કંઠે, વિવિધ રાગોમાં, પૂજ્યશ્રીના સ્તવનો સાંભળવા એ એક જિંદગીનો લહાવો હતો.

## (૧૪) ક્રિયા શુદ્ધિ

પૂજ્યશ્રીના જીવનમાં જ્ઞાન અને ક્રિયાનો અજોડ સંગમ હતો. ક્રિયા ભલે પ્રતિક્રમણની હોય કે એક ખમાસમણની હોય પૂજ્યશ્રીની પ્રત્યેક ક્રિયા મહાન યોગ બની રહેતી. પૂજ્યશ્રી મુદ્રાઓ, વિધિની શુદ્ધિ અને તન્મયતા પૂર્વક પ્રતિક્રમણ કરી રહ્યા છે. ભાવવિભોર બનીને બોલાતું નમુત્થુણં સૂત્ર... ૧૭ સંડાસાપૂર્વક અપાતા વાંદણા... અશ્રુભીની આંખે બોલાતી પગામસજ્ઝાયની પંક્તિઓ... પૂજ્યશ્રીની તન્મયતા-તલ્લીનતા જોઈને દરેક જોનારા અહોભાવથી ઝૂકી પડે છે.

તેથી જ ઘણા આચાર્યભગવંતો કહેતા હતા. 'પ્રતિક્રમણ જોવું હોય તો જુઓ ભુવનભાનુસૂરિનું.'

## (૧૫) વાચના જ નહિ, આત્મનિરીક્ષણનું દર્પણ

સં. ૨૦૧૦ના અહમદનગરમાં ચાતુર્માસના દિવસો હતા. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજે મુનિ શ્રી ભાનુવિજયને બોલાવીને બધા સાધુઓને મહાનિશીથ સૂત્રના પ્રથમ અધ્યયનની વાચના આપવાની આજ્ઞા કરી. વાચના શરૂ થઈ. દોઢ-બે મહિના આ વાચના ચાલી... વાચનામાં બેસનારા ૨૫ સાધુઓના હૃદય ધ્રુજી ઊઠ્યા... રડતા રડતા સહુ સાધુભગવંતો પૂજ્યશ્રી પાસે સૂક્ષ્મમાં સૂક્ષ્મ દોષોની આલોચના કરે છે. કેવી હશે એ હૃદયવેદક વાચનાઓ !

## (૧૬) અષ્ટાપદની પૂજામાં માસ્ટરી...

દીપવિજયજી કૃત **અષ્ટાપદ પૂજા** પૂજ્યશ્રીને અત્યંત પ્રિય હતી. એ પૂજાની ઢાળો પૂજ્યશ્રીને ગાતાં જેને પણ જોયા છે તેઓ વાહ ! વાહ ! કર્યા વિના રહ્યા નથી. વિશાળ મંડપ... મંડપની અંદર અષ્ટાપદની રચના... અષ્ટાપદજી પર ૨૪ તીર્થંકર પરમાત્માની રત્નજડિત પ્રતિમા... આખો ય મંડપ પબ્લિકથી ખીચોખીચ... પબ્લિકની વચ્ચે ઊભા થઈને પૂજ્યશ્રી પૂજાનો અર્થ અને રહસ્યો સમજાવે છે. 'વિચરંતા પ્રભુજી આયા રે...' એ આયા... એ આયા...' કહીને એવી રીતે જુએ કે બેઠેલી તમામ પબ્લિક ગેટ તરફ જોવા માંડે કે કોણ આવી રહ્યું છે. ૪/૫ કલાક સુધી ચાલતી આ પૂજામાં સહુ એવા તરબોળ બની જાય છે કે કોઈને ખ્યાલ પણ નથી હોતો સમય કેટલો પસાર થઈ ગયો.

## (૧૭) શિતલ ચાંદનીના પ્રકાશમાં...

આખું ય વિશ્વ જયારે નિશારાણીની ગોદમાં પોઢ્યું હોય ત્યારે પૂજ્યશ્રી હાથમાં કાગળ અને કલમ લઈ, ઉપાશ્રયની બારીમાંથી જ્યાં ચંદ્રનો પ્રકાશ રેલાતો હોય ત્યાં આસન જમાવી કલાકો સુધી જગતના કલ્યાણ કાજે શાસ્ત્રોના રહસ્યો કલમ દ્વારા કાગળ પર કંડારે છે. ૮૦/૮૧ વરસની ઉંમર સુધી પૂજ્યશ્રીએ રાત્રીની નિરવ ક્ષણોને આ રીતે સાર્થક કરી હતી.

## (૧૮) વાત્સલ્યવારિધી...

જેઠ મહિનાની સખત ગરમી... તપી ગયેલી ડામરી સડકો અને પ્રસન્નતાથી એની ઉપર પૂજ્યશ્રી વિહાર કરી રહ્યા છે. એક નૂતન દીક્ષિત બાલમુનિ પણ પૂજ્યશ્રી સાથે ચાલતા હતા. નાજુક શરીરના કારણે બાલમુનિના પગમાં ચાંદા પડી

ગયા... પૂજ્યશ્રીને ખ્યાલ આવતાં જ તરત રોડની બાજુમાં ફૂટપાથ પર બેસી ગયા... દફતરમાંથી મલમ કાઢીને બાળમુનિના પગના તળિયે લગાડ્યો... કપડાંનો ચીરો ફાડીને પગે પાટો બાંધ્યો... રસ્તા વચ્ચે એક બાલમુનિની વૈયાવચ્ચ કરવામાં પણ પૂજ્યશ્રીને ક્યારે ય કોઈ શરમ નડી નથી. આ હતો એમના વાત્સલ્યનો અગાધ સાગર !

## (૧૯) બેંગલોરમાં ભવ્ય નગર પ્રવેશ

સં. ૨૦૪૪માં ચાતુર્માસ માટે પૂજ્યશ્રી શિષ્યાદિ સહ કુંભોજગિરિથી બેંગલોર સુધીના ૮૨ દિવસના છ'રી પાલિત સંઘ સાથે બેંગલોર પધારે છે. સમસ્ત દક્ષિણ પ્રદેશમાં ઉલ્લાસ અને આનંદનું વાતાવરણ છવાઈ ગયું છે. દક્ષિણના પ્રથમ પદાર્પણ ત્યાંના શ્રી સંઘે એવા ઉમળકાપૂર્વક વધાવ્યો હતો કે બેંગલોર શ્રી સંઘના ઈતિહાસમાં પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું ગૌરવનું એક અંગ બની જાય છે.

## (૨૦) સાધુએ આકર્ષક વસ્તુથી દૂર રહેવું

એક સાધુ મહાત્મા સરસ મજાની પેનથી કાગળ પર કાંઈ લખી રહ્યા હતા. પૂજ્યશ્રીની નજર મહાત્મા પર પડી. એમના હાથમાં રહેલી પેનને જોતાં જ પૂજ્યશ્રીએ મહાત્માને પોતાની પાસે બોલાવ્યા. 'સાધુજીવનમાં આકર્ષકતા મારક બને છે.' એમ કહી રંગનો ડબ્બો મંગાવ્યો. પાત્રા રંગવાના કાળા રંગથી પેનને રંગી કાઢીને કહે-હવે લખ તારે જેટલું લખવું હોય એટલું. પેલા મહાત્મા તો જોતાં જ રહી ગયા.

## (૨૧) ૧૦૮ મી ઓળીનો શુભારંભ

પૂજ્યશ્રી જલગામથી અમલનેર તરફ વિહાર કરી રહ્યા છે. વચ્ચે નાનકડું એવું ધરણગામ આવ્યું. પૂજ્યશ્રી મુનિવૃંદ સાથે રોડની બાજુના એક વિશાલ વૃક્ષની નીચે ઊભા રહી ગયા. આજે ૧૦૮મી ઓળીનો શુભારંભ કરવાનો પવિત્ર દિવસ હતો. મંગલમુહૂર્તે પૂજ્યશ્રીએ આયંબિલના પચ્ચક્ખાણ કર્યા. વૃક્ષ પર કિલકિલાટ કરતાં પક્ષીઓ જાણે સુંદર શુકન આપી રહ્યા છે, ઝાડ પર કોયલ ટહુકો કરે છે, બાજુના કોઈ મંદિરમાં ઘંટનાદ થાય છે, મંદિરના શિખર પર મોર કળા કરે છે. જાણે એ બધા પૂજ્યશ્રીના તપધર્મથી અનુમોદના કરતા ન હોય !

## (૨૨) સજ્ઝાય જામી ગઈ...

રાતના ૮ વાગ્યાનો સમય... બોટાદના ઉપાશ્રયમાં પૂજ્યશ્રી, શિષ્ય અને શ્રાવકો સાથે પ્રતિક્રમણ કરી રહ્યા છે. પ્રતિક્રમણની અંદર પૂજ્યશ્રીએ ધન્ના

અણગારની સજ્ઝાય ગાવાની શરૂ કરી. "છઠ્ઠ તપ આંબેલ પારણે, કરવો યાવજ્જીવ, ઈણ મહીં ઓછો નહિ, એ તપ કરવો સદૈવ" વૈરાગ્યરસમાં શ્રોતાઓને ઓતપ્રોત કરી દીધા. સજ્ઝાય સાંભળતા શ્રોતાઓ ચોંધાર આંસુએ રડે છે. બધાયને સજ્ઝાય ખૂબ જામી ગઈ. બીજે દિવસે ગોચરીની અંદર શિષ્યગણે પૂજ્યશ્રીને મિષ્ટાન્નનો આગ્રહ કર્યો. પૂજ્યશ્રી કહે રાત્રે ધન્નો મને પણ જામી ગયો. આજીવન ફૂટ અને મીઠાઈનો ત્યાગ કર્યો છે.

## (૨૩) શિથિલ તન, લોખંડી મન

જેણે અમારા જીવનનો ભાર ઊંચક્યો છે એવા પૂજ્યશ્રીને ખભે ઊંચકવા માટે શિષ્યાદિ ગણ ભક્તિભાવથી સ્ટ્રેચર તૈયાર કરીને પૂજ્યશ્રીને એની અંદર બેસવા માટે આગ્રહ કરે છે. અત્યન્ત આગ્રહના કારણે થોડો સમય સ્ટ્રેચરમાં બેસે ન બેસે ત્યાં તો પૂજ્યશ્રીને ઉતરવાની ઉતાવળ થઈ જાય. સ્ટ્રેચરમાંથી ઉતરીને ૮૦ વરસની ઉંમરે પણ એક લશ્કરી કર્નલ જેવી ખુમારીથી વિહાર કરે. ચાલતાં-ચાલતાં પણ સાથે રહેલા શિષ્યોને ક્યારેક ન્યાયનો પાઠ સમજાવે તો ક્યારેક કોઈ સ્તવનની પંક્તિ સમજાવે. ન થાક લાગે ન તો કંટાળો આવે.

## (૨૪) મજબૂત મનોબળ

ભદ્રાવતી અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂજ્યશ્રીએ બેંગલોરથી ભદ્રાવતી તરફ વિહાર કર્યો. વચ્ચે આવતા ટુમકુર ગામમાં જીવદયાના કાર્યકર્તાઓ, પત્રકારો વગેરે તે પ્રસંગે ઉપસ્થિત હતા. છાતીમાં દુઃખાવો હોવા છતાં પૂજ્યશ્રીએ ૪૫ મિનિટ સુધી અંગ્રેજીમાં અસરકારક પ્રવચન આપ્યું. છાતીમાં દુઃખાવો વધી ગયો. ત્યાંનાં સ્થાનિક ડોકટરોને બતાવતા બેંગલોરથી ડોકટરને બોલાવવા માટે સૂચન કર્યું. બેંગલોરથી આવેલા હાર્ટ-સ્પેશ્યાલિસ્ટોએ સલાહ આપી કે કેસ સિરિયસ છે. અહીં ટ્રીટમેન્ટના કોઈ સાધન નથી. પેશન્ટને એમ્બ્યુલન્સમાં બેંગલોર લાવો. પૂજ્યશ્રી બેંગલોર જવા તૈયાર ન થયા. ટુમકુરમાં જ ચિકિત્સા કરાવી અને પ્રતિષ્ઠા મહોત્સવના દિવસે ભદ્રાવતી પહોંચીને રહ્યા. મજબૂત મનોબળ ધરાવનારા પૂજ્યશ્રીની આગળ ભલભલાને ઝૂકી જવું પડ્યું હતું.

## (૨૫) ડોકટરો પણ પ્રભાવિત

ટુમકુર ગામની અંદર હોસ્પિટલના એક રૂમમાં પૂજ્યશ્રીને આરામ કરવા માટે લઈ જવામાં આવ્યા. ડોકટરોએ પૂજ્યશ્રીને કમ્પ્લીટ રેસ્ટ લેવાનું કહ્યું છે. પણ આ મહાન વિભૂતિ આરામ કરે એવી હતી જ ક્યાં ? ડોકટર વગેરે કોઈ ન જુવે

ત્યારે પેન અને પેડ લઈને લખવા બેસી જાય. ડોકટર ના પાડે ત્યારે કહે લેખન એ મારું વ્યસન છે. લખવાથી જ મને રેસ્ટ મળી જાય છે. કન્નડભાષી ડોકટરોને અંગ્રેજીમાં ખૂબ સારી રીતે સમજાવીને સ્તબ્ધ કરી દીધા.

## (૨૬) જીવદયા માટે દક્ષિણમાં એક ભગીરથ કાર્ય

બેંગલોરમાં કાચરમનહલ્લીમાં કરોડોના ખર્ચે એક મોટું કતલખાનું ઊભું થવાનું હતું. પૂજ્યશ્રીની પાવન પ્રેરણાથી બેંગલોરમાં ૨૫ હજાર લોકોની ભવ્ય રેલી નીકળી હતી. 'અબોલ પ્રાણી કરે પુકાર હમે બચાવો ઓ નરનાર' આવા હિન્દી, કન્નડ અને અંગ્રેજી ભાષાના બેનરો અને નારાઓથી ગાજતી આ રેલીનું સમાપન ટાઉનહોલમાં થયું. ટાઉનહોલમાં ખીચોખીચ ભરેલી સભામાં હિંસાના વિરોધ માટેના વક્તવ્યો થયા. પૂજ્યશ્રીના પ્રબળ વિરોધ અને પ્રચંડ પુણ્યના પ્રભાવે કતલખાનું બંધ રહ્યું.

## (૨૭) રાત્રે ચેકિંગ કરવા નીકળતા પૂજ્યશ્રી

'ચાઉક્કાલં સજ્ઝાયસ્સ'ના જબરદસ્ત હિમાયતી પૂજ્યશ્રી રાતના ૯/૧૦ વાગે હાથમાં દંડાસણ લઈને ઉપાશ્રયમાં રાઉન્ડ મારવા નીકળતા. ભૂલેચૂકે કોઈ સાધુ વાતો કરવા ન બેસી જાય કે સંથારામાં ન સૂઈ જાય માટે. પણ પૂજ્યશ્રીના અંતરને જાણનારા શિષ્યો પ્રતિક્રમણ થતા જ સ્વાધ્યાય કરવા બેસી જતા અને ઠેકઠેકાણે વાતોની નહીં પણ સ્વાધ્યાયની માંડલી જોવા મળતી.

## (૨૮) દેહદુક્ખં મહાફલં

પૂજ્યશ્રીએ પાટણમાં શિબિર કરી. મકાનની આસપાસ કીડીઓ બહુ ઊભરાતી હતી. પૂજ્યશ્રીએ શિબિરાર્થીઓને જીવદયાનો મહિમા સમજાવી ત્યાંથી જતા-આવતા ચપ્પલ ન પહેરવાનો અભિગ્રહ કરાવ્યો. મકાનથી વ્યાખ્યાન મંડપ દૂર હતો. બપોરના સમયે તપેલી રેતી પર ખુલ્લા પગે ચાલવું શિબિરાર્થીઓ માટે મુશ્કેલ હતું. છતાં પૂજ્યશ્રીએ આપેલા 'બળ બળ પગ ! તું બળે તેમ મારા કર્મ બળે' મંત્રને આત્મસાત્ કરી, હાયવોય કે ઉતાવળ કર્યા વિના તપેલી રેતી પર મજેથી ચાલે છે.

## (૨૯) ગુરુકૃપા

પૂજ્યશ્રીના જીવનમાં આટલા બધા ગુણોનો સમૂહ કેવી રીતે જામ્યો હશે ? તેનું એકમાત્ર કારણ છે ગુરુકૃપા ! હજારોની મેદનીને ડોલાવી દે એવી પ્રવચનકળા

હસ્તગત હોવા છતાં ગુરુદેવ આગળ બાળક બનીને રહેતા હતા. ગમે તેટલાં કાર્યોમાં વ્યસ્ત હોય કે ગહન વિષયના લેખન-વાંચનમાં મસ્ત હોય પણ જ્યાં ગુરુદેવની બૂમ પડે કે તરત જ બધા કામ પડતા મૂકી "હા જી" કહેતા બે હાથ જોડીને ગુરુ-ચરણોમાં હાજર થઈ જાય. આ હતું ગુરુદેવ પ્રત્યેનું બહુમાન !

## (૩૦) નિર્યામણામાં નિપુણ પૂજ્યશ્રી !

જિંદગીના છેલ્લા શ્વાસ ચાલતા હોય ત્યારે કોઈ વૈદ્ય, હકીમ કે ડોકટરની જરૂર નથી હોતી પણ હાજર હોય છે સમાધિ આપનાર ગુરુદેવની ! બગડેલી બાજી સુધરી જાય જો સમાધિ-મરણ મળે તો. પૂજ્યશ્રી પાસે નિર્યામણા કરાવવાની શ્રેષ્ઠકોટિની નિપુણતા હતી એટલા માટે જ ઘણા આરાધક આત્માઓ ઈચ્છા રાખતા હતાં કે અમને અંત સમયે પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ આરાધના કરાવે તો અમારું મૃત્યુ સમાધિમાં ફેરવાઈ જાય.

કોઈ મુનિ માંદગીના બિછાને છે. તેમને સમાધિદાયક સ્તવનસજ્ઝાય તથા પ્રેરણા દ્વારા ગુરુદેવ નિર્યામણા કરાવી રહ્યા છે. મુનિવરના મુખ પર પ્રસન્નતા પ્રસરે છે.

## (૩૧) ના, આ મને ન ચાલે

પેરાલીસીસનો એટેક આવ્યા બાદ પૂજ્યશ્રીને અનુકૂળતા રહે એ હેતુથી સ્પ્રિંગવાળા બેડ પર પૂજ્યશ્રીનો સંથારો શિષ્યો પાથરે છે. શરીર અશક્ત છે. બોલી નહોતા શકતા છતાં ઈશારાથી કહે છે આ બેડ મને નહીં જોઈએ. આમાં જીવોની જયણા કેવી રીતે પળાશે ? સૂક્ષ્મભાગોમાં પડિલેહણ કેવી રીતે થશે ? પહેલા સંયમ, પછી અનુકૂળતા !

## (૩૨) ચાલતા સદા નીચે નયન

પૂજ્યશ્રીને ઈર્યાસમિતિનો ઉપયોગ એવો આત્મસાત્ થયેલો હતો કે પગ ઉપાડતાની સાથે જ દૃષ્ટિ ભૂમિ પર સ્થિર થઈ જતી. કદાચ કોઈ સાધુ કે શ્રાવકને ચાલતા ચાલતા સમજાવતા કે પ્રેરણા કરતા હોય તો પણ ભૂમિ પર રહેલી કીડી વગેરે નજરે ચડી જતી અને પાછળ આવતા સાધુઓને કહી દેતા. ધ્યાન રાખશો. અહીંયાં કીડીઓ છે. નિગોદ છે.

## (૩૩) રાતનું દંડાસન એ સાધુની આંખ

એક મુનિવર રાત્રિના સમયે હાથમાં દંડાસન જમીનથી ૪ આંગળ અદ્ધર

રાખી ચાલતા હતા. અચાનક પૂજ્યશ્રીની નજર એ તરફ ગઈ. મુનિવરને બોલાવીને કહે. ભાઈ ! તમારું દંડાસન શું દેવલોકમાંથી ઉતર્યું છે તે જમીનને અડતું નથી ? રાત્રીના સમયે આ દંડાસન એ સાધુની આંખ છે, અંધારામાં ય વિરાધનાથી બચવા માટેનું કેવું મજાનું ઉપકરણ છે ! એ અદ્ધર રાખવા માટે નથી, જમીન પર બરાબર ફેરવવા માટે છે.

## (૩૪) ૧૦૮ મી ઓળીનું પારણું, તપથી તપનું ઉજમણું

સં. ૨૦૩૫ ફાગણ વદ ૧૩ના મુંબઈમાં પૂજ્યશ્રીની ૧૦૮મી ઓળીનું પારણું થયું તે સમયે મુંબઈમાં તપનો મહાયજ્ઞ મંડાયો હતો. કેટલાય આત્માઓએ ૪૫, ૩૬, ૩૧, ૧૮, ૧૬, ૧૨ ઉપવાસ. સિદ્ધિતપ આદિ અનેકવિધ તપશ્ચર્યાઓ કરવા દ્વારા પૂજ્યશ્રીના તપની અનુમોદના કરી હતી. ૬૩૦ જેટલા વર્ધમાનતપના પાયા નંખાયા હતા. ૧૦૨૮ જેટલી વર્ધમાનતપની ઓળીઓ થઈ હતી. પૂજ્યશ્રીને પારણું કરાવવાનો લાભ મદ્રાસના એક પરિવારે પાંચ વર્ષમાં ૨૧૫૦ આયંબિલ કરાવવાનું સુકૃત જાહેર કર્યું હતું. કુલ ૧૯૧૬૭ આયંબિલ અને ૨૩૫૬ ઉપવાસનું સુકૃત નોંધાયું હતું.

## (૩૫) પ્રભુ દર્શનથી તૃપ્ત થયેલું મન

ખંભાતથી વિહાર કરીને અમદાવાદ આવતા વિહારમાં પૂજ્યશ્રી સાંજના સમયે માતર તીર્થમાં પધાર્યા. દેરાસર દર્શનાર્થે જતા પૂજ્યશ્રીને મહાત્માએ કહ્યું- ગુરુદેવ ! પહેલા પાણી વાપરી લો પછી દર્શન કરવા નિરાંતે પધારો. અરે ભાઈ ! ગામમાં પહોંચ્યાં બાદ પ્રભુના દર્શન કર્યા વિના પાણી પીવાતું હશે ? દેરાસરમાં ગયા બાદ પ્રભુભક્તિમાં તલ્લીન બની ગયા. સૂર્યાસ્તનો સમય થઈ ગયો. ચોવિહારના પચ્ચક્ખાણ કરીને પૂજ્યશ્રી બહાર પધાર્યા. ગળું તરસ્યું હતું પણ આંખો તૃપ્ત હતી.

## (૩૬) જીવનની છેલ્લી સંધ્યાએ વાચનાદાન

પેરાલિસિસનો હુમલો થયા બાદ પૂજ્યશ્રી સુરતથી અમદાવાદ પધાર્યા. શારીરિક અસ્વસ્થતા હોવા છતાં તેની અસર પૂજ્યશ્રીના જ્ઞાનાનંદી મન પર ક્યારેક દેખાતી નહોતી. જીવનની છેલ્લી સંધ્યાએ પણ નિશ્રાવર્તી મુનિભગવંતોને નિશીથસૂત્રની વાચના આપતા હતા. સૂર્યાસ્તને થોડીવાર હતી અને જીવનના સૂર્યાસ્તને પણ ગણતરીના દિવસ બાકી હતા ત્યારે પૂજ્યશ્રી વાચનાદાનમાં એવા મસ્ત હતા કે જાણે બાપ પોતાના દીકરાઓને જતા-જતા પોતાની મિલકત ન આપતા હોય ! ત્યારે કોને ખબર હતી કે આજની સંધ્યાએ વાચના આપતા ગુરુદેવશ્રી આવતીકાલની સંધ્યાએ ચિર-વિદાય લઈ ચૂક્યા હશે.

## (૩૭) એક માતાએ બાલુડો વહોરાવી દીધો

પૂજ્યશ્રીની ૧૦૮ ઓળીની પુર્ણાહુતિનો મહોત્સવ લાલબાગમાં ચાલી રહ્યો હતો. આખું મુંબઈ તપના હિલોળે ચડેલું. પારણાના દિવસે પ્રવચન બાદ પૂજ્યશ્રીને કાંઈકને કાંઈક ઉપકરણ વહોરાવવા માટે ભાવુકો પડાપડી કરી રહ્યા હતા.

કો'ક પાત્રાની જોડ, કો'ક વસ્ત્ર, કો'ક કામળી, કો'ક તરપણી, તો કો'ક રજોહરણ વહોરાવવા હાથમાં પકડીને લાઈનમાં ઊભા હતા. એક વિધવા બેનના હાથમાં વહોરાવવા માટે એક અનોખી ચીજ હતી.

વહોરાવવા માટે તે બેનનો નંબર આવતા તેમણે પૂજ્યશ્રીને કહ્યું, "ગુરુદેવ ! મારી પાસે વહોરાવવા માટે બીજી કોઈ વસ્તુ તો નથી, પણ મારી આ નાનકડી ભિક્ષા સ્વીકારો." કહીને પોતાનો ૩-૪ વર્ષનો નાનકડો બાલુડો પૂજ્યશ્રીના ચરણે ધરી દીધો.

## (૩૮) જેલમાં કેદીઓ સમક્ષ પ્રવચન

પૂજ્યશ્રીનું અંતિમ ચાતુર્માસ સુરતની પુણ્યધરા પર થયું. દરેક પ્રવૃત્તિમાં સ્ફૂર્તિવંત એવા પૂજ્યશ્રીને જોઈને કોઈએ કલ્પનાય કરી નહિ હોય કે આ ચાતુર્માસ પૂજ્યશ્રીના પાવન સાંન્નિધ્યમાં અંતિમ બની રહેશે.

સુરત જેલની અંદર કેદીઓ સમક્ષ પ્રવચન કરવાનો અવસર આવ્યો. પૂ.પં. શ્રી હેમરત્નવિજયજી મહારાજને સાથે લઈ પૂજ્યશ્રી જેલમાં પહોંચ્યા. તપ-ત્યાગ-વૈરાગ્યના ત્રિવેણી સંગમરૂપ પૂજ્યશ્રીની વાત્સલ્યમયી મુદ્રાના દર્શન કરતા જ કેદીઓના મસ્તક નમી પડ્યા.

પૂજ્યશ્રીએ સુમધુર વાણી દ્વારા હજારો કેદીઓને ઉદ્‌બોધિત કર્યા. ત્યારબાદ પૂ.પં. શ્રી હેમરત્નવિજયજી મહારાજે પોતાની આગવી ભાવવાહી શૈલીમાં કેદીઓને ઉદ્‌બોધિત કર્યા. પ્રવચન સાંભળીને કેદીઓ ખૂબ પ્રભાવિત થઈ ગયા. શ્રીલંકાનો એક કેદી આગળ આવ્યો. drug એ brownsugar ચરસ વગેરે પદાર્થોનો ભારે વ્યસની હતો. તેને અંગ્રેજી સિવાય એકેય ભાષા આવડતી નહોતી.

પૂજ્યશ્રીએ તેને પ્રેમથી નવાજ્યો.

થોડાક સવાલો પૂછ્યા :

What is your name ?

Why you came in prison ?

Oh God ! you take drugs ? No, No, you are a good gentle man. See, this human life is very precious. Don't waste this life in such habits. Nowonwords, you lead a good life. Okay ?

પૂજ્યશ્રીની સહાનુભૂતિપૂર્ણ વાણી સાંભળી શ્રીલંકાનો કેદી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. જાણે એ આંસુઓથી પોતાના પાપનું પ્રક્ષાલન ન કરતો હોય !

## (૩૯) એક પંખી આવીને ઉડી ગયું...

અમદાવાદ-પરિમલ ક્રોસીંગની બાજુમાં આવેલું ડોકટર હાઉસ. પાંચમા માળે પૂજ્યશ્રીને I.C.U.માં દાખલ કરવામાં આવ્યા હતા. ચૈત્ર વદ ૧૩ના સવારે અત્યન્ત સ્વસ્થભાવે જાગૃતિ અને ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કર્યું. સ્વસ્થતા જોઈને તો બધાને એમ લાગ્યું કે હવે તો વળતા પાણી થયા છે. પણ, એ તો બુઝાતા દીપના ઝગારા હતા. બપોરે ૧.૧૦ કલાકે ઊલટી થઈ. હંસલાને પીંજરામાંથી ઊડી જવાની વેળા થઈ ગઈ છે તેમ પોતે કળી ગયા અને તેથી વધુ સાવધાન થઈ ગયા. ડોકટરોના ઉપચાર ચાલુ હતા અને સાધુ ભગવંતો 'નમો અરિહંતાણં'ની ધૂન મચાવી રહ્યા હતા. જીવનભર રોમરોમમાં જે અરિહંતની રટણા ઊભી કરી હતી તે અરિહંતના ધ્યાનમાં પૂજ્યશ્રી લયલીન બની ગયા... આંખોમાં ચમક હતી... મુખ પર અદ્ભુત પ્રસન્નતા હતી... કાનમાં નવકારમંત્રનું સ્મરણ હતું. અને દિલમાં અરિહંત હતા. અંતિમ પળ આવી પહોંચી અને ૮૨-૮૨ વર્ષથી ચાલી આવતી દેહ-આત્માની દોસ્તી તૂટી. દાયકાઓના દાયકાઓથી અજવાળા પાથરી રહેલો ભાનુ કાળની ક્ષિતિજમાં ડૂબી ગયો. દિશાઓમાં અંધકાર છવાઈ ગયો. પૂજ્યશ્રીના દર્શન હવે ફરી ક્યારેય નહિ મળે એ વિચારે અનેકોના હૃદય ભાંગી પડ્યા.

## (૪૦) પંકજ સોસાયટીના આંગણે

જિનશાસન શણગાર પૂજ્યશ્રીના કાળધર્મના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. જોતજોતામાં તો આ સમાચારે ભારતના ખૂણે-ખૂણે શોકના વાદળો વિકુર્વ્યા જે ઉની ઉની અશ્રુધારા અને ભીના ભીના ડૂસકા થઈને વરસ્યા. પૂજ્યશ્રીના પાર્થિવદેહને પંકજ સોસાયટીના ઉપાશ્રયના પટાંગણમાં અંતિમ દર્શન કાજે પધરાવવામાં આવ્યો... દર્શનાર્થીઓના ટોળે ટોળા ઉમટી પડ્યા. હજારો ભાવુકો પૂજ્યશ્રીના દેહના અંતિમ દર્શન કરી પોતાની આંખોને પાવન કરી રહ્યા હતા.

## (૪૧) પૂજ્યશ્રીની અંતિમયાત્રા

પૂજ્યશ્રીની સંયમસાધનાથી પાવિત, ભાવિત અને પ્રભાવિત બનેલા કાય-પરમાણુના આ પૂંજને સુશોભિત પાલખીમાં પધરાવીને અમદાવાદની પ્રચંડ ગરમીની

અંદર ઉની-ઉની બનેલી સડકો પરથી સ્મશાનયાત્રા આગળ વધે છે... 'જય જય નંદા જય જય ભદ્રા' ના નારાઓ ગજાવતા યુવાનો પાલડી-વાસણાથી પસાર થઈ રહ્યા હતા. ગુલાલ છંટાયા... વાજાના નાદ ગાજી ઉઠ્યા... વરસીદાન ચાલુ હતું. મોતના આંગણામાં આવી ઊભેલા અબોધ પ્રાણીઓને અભયદાન પણ અપાવ્યું. અનેક રાજમાર્ગો પરથી પસાર થઈને આ અંતિમયાત્રા પહોંચે છે પંકજ સોસાયટીના એક બંગલાના કંપાઉન્ડમાં...

## (૪૨) અગ્નિસંસ્કાર

ચંદનકાષ્ઠની ચિતા પર પૂજ્યશ્રીનો પવિત્ર પરમાણુપુંજ ગોઠવાયો... અગ્નિદાહ દેવાયો... અગ્નિની જ્વાળાઓ આકાશને આંબવા લાગી... દેહનું અસ્તિત્વ ધીમે ધીમે રાખમાં પરિવર્તન થવા પામ્યું. હજારો લોકોની આંખો અશ્રુભીની હતી. અંતિમ દર્શન કરવાની તીવ્ર ઝંખનાને કારણે લોકો દર્શન કરવા માટે પડાપડી કરી રહ્યા હતા. દૂર-દૂર દેશથી દોડી આવતા ભક્તજનો ટ્રેન મોડી પડવાના કારણે ગુરુદેવશ્રીના દેહના અંતિમ દર્શન પણ કરી ન શક્યા તે ચિતાના દર્શન કરી પોતાની જાતને ધન્ય માનતા હતા અને કેટલાના ભાગ્યમાં તો ચિતાના દર્શન પણ નહોતા તે રાખના દર્શન કરી સંતોષ વ્યક્ત કરતા હતા. કારણ રાખમાં પણ ગુરુદેવશ્રીના પાવન પરમાણુઓનો સ્પર્શ અનુભવાતો હતો.

• • •

## ગુરુદેવના અંતિમ ઉપકરણો

• **ગુરુદેવના અંતિમ ઉપકરણો :** મહાન વ્યક્તિના સાન્નિધ્યમાં અને સંપર્કમાં આવેલી પ્રત્યેક ચીજ દિવ્યતાનો સ્પર્શ પામે છે. સંયમજીવનની સાધના માટે ઉપયોગી ચીજવસ્તુઓ ઉપકરણ કહેવાય છે. સ્વર્ગસ્થ ગુરુદેવે જે રજોહરણથી જીવરક્ષાનું પાલન કર્યું તે રજોહરણના દર્શનથી આપની આંખડી પાવન બનશે. જે દંડાસણથી રાત્રિના અંધકારમાં પણ જીવોની રક્ષા કરી. જે પાત્રમાં ભોજન કરીને સંયમદેહને ટેકો આપ્યો... જે વસ્ત્રો અને આસનને તેમની પવિત્ર કાયાનો સ્પર્શ મળ્યો... વગેરે અનેક ઉપકરણોના તારક દર્શન આપનાં હૃદયને આહ્લાદક અનુભૂતિ કરાવશે.

• **જૈન ઈતિહાસના પરાક્રમી પાત્રો :** જૈન ઈતિહાસના ગગનમાં ઝળહળી રહેલા તેજસ્વી તારલાઓના આપ અહીં દર્શન કરશો. અતીતના પંથ ઉપર કેટલીય વિરલ વિભૂતિઓના પગલાં પડેલાં છે. આથી ૧૦૮ વિરલ વિભૂતિઓના ચિત્રપટો તેમનાં પ્રેરક અને પવિત્ર ચરિત્રનો પરિચય કરાવી રહ્યાં છે. તેમાં ૨૭ સંયમી સાધુઓ છે, ૨૭ શીલવંતી શ્રમણીઓ છે. ૨૭ ઉત્તમ શ્રાવકરત્નો છે અને ૨૭

શીલસંપન્ન શ્રાવિકાઓ છે. આ મહાન્ વિભૂતિઓનું સચિત્ર જીવનદર્શન ઉન્નત આદર્શોની હારમાળા આપણી સમક્ષ ખડી કરી રહ્યા છે.

● **વ્યાપાર શુદ્ધિ :** રોટી, કપડાં અને મકાન માનવની અનિવાર્ય આવશ્યક્તાઓ છે. જે પૂર્ણ કરવા કાજે 'રોજી' મેળવવી જરૂરી છે. પણ જ્યારે માણસ આવશ્યકતાઓને ભૂલી જઈને ભોગ લંપટ બની જાય છે ત્યારે તેની ભૂખ સંતોષાવી મુશ્કેલ બની જાય છે. ગમે તેટલું ધન મળે તોય ઓછું પડે છે. ધનલાલસામાં પાગલ બની ગયેલો માણસ પોતાના આત્માના હિતને વિચારી શકતો નથી. બીજા જીવોનો વિચાર સુધ્ધાં તેને આવતો નથી. એ ગમે તેમ અન્યાય અનીતિ આચરે છે. સૂક્ષ્મ જીવસૃષ્ટિની દયાને વીસરી જઈને બેફામપણે ધંધા કરવા લાગી જાય છે. જેમાં ઘણા જીવોને હણવા પડે છે. તેવા ધંધાઓને કર્માદાનના ધંધા કહેવાય છે. આવા કુલ ૧૫ કર્માદાનના ધંધા અત્રે રજુ થયા છે. તમે ક્યારેય આવા હિંસક ધંધાઓનો વિચાર ન કરશો ! આવા ધંધાઓથી કદાચ ધન મળી શકશે પણ તમને આરોગ્ય, કુટુંબપ્રેમ, જીવનમાં શાંતિ અને સમાધિથી મરણ નહિ મળી શકે. તમે જન્મ, જીવન અને મરણ બધું હારી જશો.

● **યા નિશા સર્વભૂતાનામ્... :** પૂજ્ય ગુરુદેવશ્રી અપ્રમત્ત યોગી હતા. તેમની નિદ્રા અતિ અલ્પ હતી. રાત્રિના સમયે ચાંદનીના પ્રકાશમાં રાત્રે પણ તેમની લેખનયાત્રા ચાલતી. ઉગ્ર વિહાર કરીને કોઈ ગામમાં પહોંચ્યા હોય ત્યાં પણ રાત્રે ચાંદનીમાં તેમનું લેખનકાર્ય ચાલુ જ હોય. આ અપ્રમત્ત લેખન-સાધનાની એક આબેહૂબ પ્રતિકૃતિ અહીં રજૂ કરવામાં આવી છે. ગામડાના કોઈ નાનકડી ઝૂંપડીમાં ઉતારો કર્યો છે. અન્ય સાધુ ભગવંતો અંદર ઓરડામાં સૂતેલા છે. પૂજ્યશ્રી બહાર ઓસરીમાં બેસીને ચાંદનીના પ્રકાશમાં લેખનકાર્ય કરી રહ્યા છે. અંદર પાટ પર બિછાવેલ આસન પૂજ્યશ્રીની રાહ જુએ છે. ઘણી રાતો એવી ગઈ છે કે જેમાં પૂ. ગુરુદેવે આખી રાત લેખનમાં જ વીતાવી હોય. આ અદ્ભુત રચના એક મહાયોગીના ભવ્ય જીવન-વૈભવનની ઝાંખી કરાવે છે. જૈનસાધુની રહેણાંક પણ કેવી સાદી હોય છે તેનો અંદાજ આવી શકશે.

● **પ્રતિજ્ઞા પેટી :** જે ગુરુ પ્રતિમાની પ્રતિષ્ઠા કાજે ભવ્ય મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તે ચમત્કારીક ગુરુપ્રતિમા સમક્ષ આપ જે શુભ સંકલ્પ કરશો તે અચૂક પૂર્ણ થશે.

● **પં. બદ્રીનાથ શુકલ પુસ્તકનગરી :** પૂ. ગુરુદેવશ્રીને દાર્શનિક ગ્રંથોનું ગહન અધ્યયન કરાવનાર બનારસના પંડીત શ્રી બદ્રીનાથ શુક્લના નામથી અંકિત આ પુસ્તક નગરીમાં પુસ્તકોનું વેચાણકેન્દ્ર ઊભું કરવામાં આવ્યું છે. વિવિધ ભાષાઓમાં પ્રગટ થયેલાં પૂજ્યશ્રીના શતાધિક પુસ્તકો તથા પૂ. ગુરુદેવશ્રીના

વિદ્વાન શિષ્ય-પ્રશિષ્યોના સુંદર પુસ્તકો આ નગરીમાં ઉપલબ્ધ થશે. તમારી પસંદગીનું પુસ્તક ત્યાં તમે ખરીદી શકશો.

● **આગોતરાં આયોજનો-ભવ્ય રથ :** મહોત્સવના પ્રારંભ પૂર્વે એક રથયાત્રાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ભવ્યાતિભવ્ય રથમાં સ્વ.પૂ. ગુરુદેવશ્રીની મારબલની ૩૧ ઈંચની મૂર્તિને બિરાજમાન કરવામાં આવી. વિજયા દશમીને દિવસે અમદાવાદથી રથને વિદાય આપવામાં આવી. ગુજરાત, મહારાષ્ટ્રના વિવિધ ગામો, નગરોમાં નડીયાદ, આણંદ, વડોદરા, ડભોઈ, સુરત, મુંબઈ, પુના, નાસિક વગેરે શહેરોમાં રથના શાહી સન્માનો થયા. ગુરુવંદનાઓ થઈ. રાત્રિજગા થયા. હજારો નર-નારીઓથી પૂજાયેલી-વંદાયેલી આ પ્રતિમા હવે તા. ૭-૧૨-૯૬ના રોજ છેલ્લી રથયાત્રા યોજાશે. અને તા. ૮-૧૨-૯૬ના રોજ મનોહર ગુરુમૂર્તિ પંકજ સોસાયટીમાં ગુરુમંદિરમાં બિરાજમાન થશે.

દેશ-વિદેશથી ભૂતપૂર્વ શિબિરાર્થીઓનું આગમન સારી સંખ્યામાં આવનારું હોઈ કાળુપુર-રેલ્વે સ્ટેશન તેમજ ગીતામંદિર બસ સ્ટેન્ડ ઉપર સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવનું મોટું બેનર લગાવવામાં આવેલ. દરેક સમયે વોલીન્ટીયરો ત્યાં હાજર રહી સર્વેને પ્રથમ ગોઠવણ મુજબ એમના નક્કી કરેલા ઉતારા પર લઈ આવતા. મહેમાનો માટે આવાસ-નિવાસની સંપૂર્ણ વ્યવસ્થા ભુવનભાનુનગર, બેરેજ રોડ વાસણા પર રાખવામાં આવેલ.

● **મહોત્સવની મહેંક :** આ મહોત્સવમાં સાધર્મિક ભક્તિ માટે વિવિધ ગુરુભક્તોએ ધાન્ય, સાકર વગેરે ગુણોની ગુણો, ઘી-તેલના ડબ્બાના ડબ્બા સમર્પિત કરેલા હતા.

સુધીરભાઈ ટોરેન્ટવાળાએ વીજ પુરવઠાની વ્યવસ્થા તથા ગાંધી ડેકોરેશનવાળાએ મંડપ ડેકોરેશન, દેરાસર શણગાર તથા મ્યુ. કોરપોરેશને મ્યુનિસિપાલટીની જગ્યા ટોકન ફી દ્વારા પૂરી પાડવામાં આવેલ.

## • પ્રતિષ્ઠા મહોત્સવની શબ્દયાત્રા •

### -: પ્રથમ દિવસ :-

### કારતક વદ-૬, તા. ૧-૧૨-૧૯૯૬, રવિવાર

| | | |
|---|---|---|
| સવારે | ૮-૩૦ | ૧૦૦૦ થી વધુ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની ભવ્ય સ્વાગત યાત્રાનો પંકજ સોસાયટીથી પ્રારંભ |
| | ૯-૦૦ | ભુવનભાનુનગર પ્રવેશદ્વાર ઉદ્‌ઘાટન, વિવિધ વિભાગોનું ઉદઘાટન |
| | ૯-૩૦ | માંગલિક કુંભસ્થાપના |
| | ૧૦-૦૦ | માંગલિક પ્રવચન-પ્રાસંગિક વક્તવ્યો |

| | | |
|---|---|---|
| | ૧૧-૦૦ | પુસ્તકોનું વિમોચન |
| બપોરે | ૧૨-૦૦ | પધારેલા સર્વ ભાવુકોની સાધર્મિક ભક્તિ |
| | ૨-૦૦ | કાર્યકર યુવાનોનું મિલન |
| | ૩-૦૦ | વાચના |
| સાંજે | ૬-૦૦ | ભક્તિસંધ્યા-સમૂહ આરતી |
| | ૮-૩૦ | ભક્તિ ભાવના - અનુપ જલોટા, નમસ્કાર મહામંત્ર જપ અભિયાનમાં જોડાયેલાં પરિવારોનું બહુમાન |

**-: બીજો દિવસ :-**

**કારતક વદ-૭, તા. ૨-૧૨-૧૯૯૬, સોમવાર**

| | | |
|---|---|---|
| સવારે | ૬-૧૫ | ભક્તિઉષા - સ્તુતિ વૈભવ |
| | ૯-૦૦ | પ્રવચન |
| બપોરે | ૧-૩૦ | શ્રાવિકા શિબિર |
| | ૩-૩૦ | વાચના |
| સાંજે | ૬-૩૦ | ભક્તિસંધ્યા, સમૂહ આરતી |
| | ૮-૩૦ | ભક્તિ ભાવના : શ્યામલ મુન્શી, દીક્ષાર્થી બહુમાન, ઉપકરણના ચડાવા, ચિત્ર સ્પર્ધાના ઈનામો અને બહુમાન |

**-: ત્રીજો દિવસ :-**

**કારતક વદ-૮, તા. ૩-૧૨-૧૯૯૬, મંગળવાર**

| | | |
|---|---|---|
| સવારે | ૬-૧૫ | ભક્તિઉષા - વાજિંત્ર પૂજા |
| | ૯-૧૫ | પ્રવચન |
| | ૯-૩૦ | શ્રી અષ્ટાપદજી મહાપૂજા : લલિતભાઈ ધામી |
| બપોરે | ૩-૩૦ | વાચના |
| સાંજે | ૬-૦૦ | ભક્તિ સંધ્યા, સમૂહ આરતી |
| | ૮-૩૦ | ભક્તિ ભાવના : લલિતભાઈ ધામી |

**-: ચોથો દિવસ :-**

**કારતક વદ-૯, તા. ૪-૧૨-૧૯૯૬, બુધવાર**

| | | |
|---|---|---|
| સવારે | ૬-૧૫ | ભક્તિઉષા - સમૂહ ચૈત્યવંદન |
| | ૭-૦૦ | કુંભસ્થાપના (સ્મૃતિમંદિર) |
| | ૭-૩૦ | પદપ્રદાન અને પ્રવ્રજ્યા પ્રદાનની વિધિનો પ્રારંભ |

બપોરે ૧૨-૦૦ સંઘ-સ્વામીવાત્સલ્ય
૧૨-૩૯ પાટલા-પૂજન (સ્મૃતિ મંદિર)
સાંજે ૬-૦૦ ભક્તિ સંધ્યા - સમૂહ આરતી
૮-૩૦ ભક્તિ ભાવના : બાળકલાકાર-મહાવીર, સાંસ્કૃતિક કાર્યક્રમ : તપોવની બાળકો, વર્ધમાન તપના તપસ્વીઓનું બહુમાન

**-: પાંચમો દિવસ :-**

**કારતક વદ-૧૦, તા. ૫-૧૨-૧૯૯૬, ગુરુવાર**

સવારે ૬-૧૫ ભક્તિઉષા 'નમો આયરિયાણં' પદનો સંગીતમય જાપ
૯-૦૦ **'એક વચનથી અજવાળું'** - વિશિષ્ટ ગુણાનુવાદ સભા
બપોરે ૧-૩૦ શ્રાવિકા બહેનોનું સમૂહ સામાયિક
સાંજે ૬-૦૦ ભક્તિસંધ્યા - સમૂહ આરતી
૮-૩૦ ભક્તિભાવના - રાજેન્દ્ર ઝવેરી, સંસ્થાઓનું બહુમાન

**-: છઠ્ઠો દિવસ :-**

**કારતક વદ-૧૧, તા. ૬-૧૨-૧૯૯૬, શુક્રવાર**

સવારે ૬-૧૫ ભક્તિઉષા - ભુવનભાનુગગનમાં
૮-૪૫ બારવ્રત પ્રદાન
બપોરે ૧-૩૦ શ્રાવિકા મિલન
સાંજે ૬-૩૦ ભક્તિસંધ્યા - સમૂહ આરતી
૮-૩૦ ભક્તિભાવના : નિકેશ સંઘવી,
ભક્તિ નૃત્ય : શંકરસિંહ સીસોદીયા, કાર્યકર્તાઓનું બહુમાન

**-: સાતમો દિવસ :-**

**કારતક વદ-૧૨, તા. ૭-૧૨-૧૯૯૬, શનિવાર**

સવારે ૮-૩૦ કાળુશીની પોળથી **રથયાત્રાનો** પ્રારંભ
બપોરે ૧-૩૦ રથયાત્રા સમાપન, સંઘસ્વામીવાત્સલ્ય
સાંજે ૬-૩૦ ભક્તિસંધ્યા-મહાઆરતી
૮-૩૦ ભક્તિભાવના : દીપક શાહ (બારડોલી), **"હૈયું બોલે છે"**- વિશિષ્ટ અનુમોદન સમારોહ

### -: આઠમો દિવસ :-

### કારતક વદ-૧૩, તા. ૮-૧૨-૧૯૯૬, રવિવાર

| | | |
|---|---|---|
| સવારે | ૬-૧૫ | પ્રતિષ્ઠાવિધિ માટે પ્રયાણ |
| | ૮-૦૦ | સ્મૃતિ મંદિર ઉદ્‌ઘાટન |
| | ૯-૩૦ | પ્રતિષ્ઠા |
| | ૧૧-૦૦ | પારણાં |
| બપોરે | ૧૨-૩૯ | શાન્તિસ્નાત્ર, સંઘ સ્વામીવાત્સલ્ય |
| સાંજે | ૬-૦૦ | ભક્તિ સંધ્યા |
| | ૭-૦૦ | શ્રીપાલ-મયણાનાં જીવન રહસ્યો-શ્રી બાબુભાઈ કડીવાળા |

## • પ્રતિષ્ઠા મહોત્સવની ઝલકો •

**સહસ્રાધિક સંયમીઓની ભવ્ય સ્વાગતયાત્રા :**

તા. ૧-૧૨-૧૯૯૬ ની સવાર અમદાવાદ માટે એક સલુણી સવાર હતી. ઐતિહાસિક પ્રતિષ્ઠા મહોત્સવનો આજથી પ્રારંભ હતો. એક હજારથી વધુ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની સ્વાગતયાત્રા નિહાળવાનો અનેરો અવસર અમદાવાદને આજે સાંપડ્યો હતો. પૂર્વકાલીન આચાર્યોના શાહી સામૈયાની યાદો આજે તાજી થઈ રહી હતી. તપસ્વી સમ્રાટ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય હિમાંશુસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્‌ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા આદિ કુલ ૧૦૦૦ થી વધુ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની શાહી સ્વાગતયાત્રા બેંડવાજાની કર્ણમધુર સુરાવલીઓની સંગાથે... ગગનભેદી જયનાદો સાથે માંગલિક વિધિ વિધાનોના સથવારે પંકજ સોસાયટીથી સવારે ૮-૩૦ વાગે પ્રારંભ પામી. પંકજ સોસાયટીથી ભુવનભાનુનગર સુધીનો આખો રસ્તો આકર્ષક કમાનોથી શણગારવામાં આવ્યો હતો. માનવ મહેરામણ અને સહુના મુખ પર ફરકી રહેલો ઉલ્લાસ-ઉમંગ આજથી શરૂ થઈ રહેલા મહોત્સવની ભવ્યતાની એંધાણી આપતો હતા. ધવલ વસ્ત્રોમાં શોભતા શ્રમણ-શ્રમણીઓનો સમૂહ સહુના ચક્ષુ અને ચિત્તને ચમત્કૃત કરી રહ્યો હતો.

**દબદબાભર્યો ઉદ્‌ઘાટન સમારોહ :**

આઠ દિવસનો પ્રતિષ્ઠા મહોત્સવ જ્યાં ઉજવાયો તે ભુવનભાનુનગરના વિશાળ અને ભવ્ય **પ્રવેશદ્વાર**નું ઉદઘાટન ગુજરાત રાજયના માનનીય **નાણાંમંત્રી શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ**ના શુભ હસ્તે થયું. નગરના વિવિધ વિભાગો **'ભૂરિબા કલામંદિર'**નું શેઠશ્રી **શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, પ્રેમસૂરીશ્વરજી સભાખંડ**નું શેઠશ્રી **યુ.એન. મહેતા, ચીમનલાલ ગુરુકુલવાસ** શેઠશ્રી **લલિતભાઈ રતનચંદ કોઠારી, પદ્મશ્રમણવિહાર**

ડૉ. **સંજયકુમાર બિપીનભાઈ શાહ** નંદરબારવાળા, ગુરુમંદિર શેઠશ્રી **હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર, શંખેશ્વર પાર્શ્વ જિનાલય** શ્રીમતી **પદ્માબેન નવિનચંદ્ર ગાંધી, હંસકીર્તિ શ્રમણી વિહાર** શ્રીમતી **રંજનબેન અનિલભાઈ ગાંધી** તેમજ **મધુકાંતાબેન પ્રતાપરાય શાહે, ભરતચક્રી ભોજનગૃહ** શેઠશ્રી **કે. પી. સંઘવી** પરિવારે, **પં.બ્રદ્રીનાથ શુકલ પુસ્તકનગરીનું** શેઠશ્રી **ચીનુભાઈ શાંતિલાલ શાહે** ઉદઘાટન કરેલ.

નાણામંત્રી શ્રી બાબુભાઈએ મંગળદીપ પ્રગટાવીને મહોત્સવના ઉદઘાટન પ્રસંગે પોતાનું ટુંકા પણ સારગર્ભિત ભાષણમાં પોતે જણાવ્યું કે આજે દેશમાં હિંસા, સાંપ્રદાયિકતા અને સ્વાર્થ લોલુપતા જેવી મનોવૃત્તિઓ અટકાવવાનું સરકારી કે ગેરસરકારી પ્રયત્ન કરતા છતાં જે રીતે દેશમાં ફેલાઈ છે તે ઊંડો ચિંતાનો વિષય છે. એમણે ભારપૂર્વક જણાવ્યું કે જો સમાજને આ મનોવૃત્તિઓથી મુક્ત કરવો હોય તો ગમે તે પ્રયત્ન કરીને તેને અધ્યાત્મવાદ તરફ વાળવો પડે.

વિશેષમાં નાણામંત્રીએ કહ્યું કે આ કાર્યમાં અભિભાવુક વર્ગ જ વધારે સહયોગ આપી શકે. કારણ બાળકોના લાલન-પાલન એમના દ્વારા થાય છે. અને આજ બાળકો ભવિષ્યમાં નાગરિક છે. બાળકોમાં ઉચિત સંસ્કારોના આરોપણથી આવનારી પેઢીને તનાવમુક્ત-વ્યસન મુક્ત અને રોગમુક્ત બનાવી શકાય છે.

એમણે આ વાત ઉપર ભાર દીધો કે જૈન સાધુઓના સિદ્ધાંતો-એમના આદર્શો-એમના તપ-ત્યાગની ભાવના સમાજમાં જડમૂળથી પરિવર્તન લાવવામાં વિશેષરૂપે સહાયક રૂપે છે.

ઉદઘાટન થયા બાદ પૂ. પ્રેમસૂરીશ્વરજી સભાખંડમાં આયોજીત પ્રવચન સભાથી આખો વિશાળ સભામંડપ ભરાઈ ગયો હતો.. પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.દે.શ્રી જયઘોષસૂરિ મ.સા., પૂ.આ.દે. શ્રી ભદ્રગુપ્તસૂરિ મ. સા., પૂ.આ.દે.શ્રી હેમચન્દ્રસૂરિ મ.સા., પૂ. પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિ.મ.સા. તથા પૂ.પંન્યાસ શ્રી હેમરત્નવિજયજી ગણિવરે હૃદય-દ્રાવક શૈલીમાં પૂજયપાદ દાદા ગુરુદેવ શ્રી **પ્રેમસૂરીશ્વરજી મ.સા.** તથા પૂજ્યપાદ ગુરુદેવશ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ના ગુણાનુવાદ કરીને તે ગુરુવર્યોના ઉપકારોનું વર્ણન કર્યું હતું. ઉદઘાટન પ્રસંગના અતિથિઓ તથા **શાસનરત્ન કુમારપાળ વિ. શાહ** વગેરેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. બારડોલીવાળા **દીપક શાહે** સભાનું સંચાલન કર્યું હતું.

**નવ પુસ્તકોનું વિમોચન :**

મહોત્સવના પ્રથમ દિવસે જ નવ પુસ્તકોનું જુદા જુદા મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. તે નવ પુસ્તકોમાંથી મોટા ભાગના પુસ્તકો સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સાહિત્ય કે જીવન વિષયક હતા.

(૧) **પરમતેજ** :- સ્વ.પૂ. ગુરુદેવશ્રી લિખિત લલિત વિસ્તરા વિવેચનના આ મહાગ્રન્થની આ નવી આવૃત્તિનું સંપાદન **પૂ.પં. શ્રી પદ્મસેનવિજયજી ગણિવરે** કરેલું છે.

(૨) **સમરાદિત્ય ચરિત્ર** :- સ્વ. પૂ. ગુરુદેવશ્રી દ્વારા લિખિત 'ગુણસેન અને અગ્નિશર્મા' વગેરે સમરાદિત્ય ચરિત્ર ઉપરના પુસ્તકોની આ નવી આવૃત્તિનું સંપાદન પણ પૂ.પં. શ્રી પદ્મસેનવિજયજી ગણિવરે કરેલું છે.

(૩) **સત્પદાદિ પ્રરૂપણા** :- સિદ્ધાન્ત દિવાકર પૂ.આ.દે. શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ દ્વારા પ્રરૂપિત મૂળ ૧૪ માર્ગણાઓની ૧૭૪ પેટામાર્ગણાઓની નવ દ્વારથી વિચારણાને પૂ. અભયશેખરવિજયજી ગણિવરે આ પુસ્તકમાં વિવેચિત કરી છે.

(૪) **જૈન તર્કભાષા** : મહોપાધ્યાય શ્રી યશોવિજય વિરચિત 'જૈન તર્કભાષા' પૂ. મુનિરાજશ્રી ઉદયવલ્લભ વિજયજીએ કરેલ સંસ્કૃત વિવરણ અને ગુજરાતી ભાવાનુવાદ સહિત પ્રકાશિત થયેલ છે.

(૫) **ભુવનભાનુ એક સોનેરી પાનું** :- સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના પંચાચારમય ભવ્ય જીવનનું પ્રતિબિંબ પાડતા જીવન-પ્રસંગોના સંગ્રહને **પૂ.પં. શ્રી જયસુંદરવિજયજી ગણિવર અને પૂ.મુનિરાજશ્રી મુક્તિવલ્લભવિજયજીએ સંપાદિત કર્યો છે.**

(૬) **તર્કનાં ટાંકણાં, શ્રદ્ધાનું શિલ્પ** :- સ્વ.પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સમગ્ર સાહિત્યમાંથી ચૂંટેલા ચોંટદાર પ્રશ્નોત્તર સંકલિત કરીને પૂ. મુનિરાજશ્રી ઉદયવલ્લભવિજયજીએ આ પુસ્તકનું સંપાદન કર્યું છે.

(૭) **મનનાં દરદ, મનની દવા** :- સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના સમગ્ર સાહિત્યમાંથી મનની શુભ વિચારણા દ્વારા જીવન-સુધારણા કરવાના પૂજ્યશ્રીએ સૂચવેલા ઉપાયોનું સુંદર સંકલન કરીને પૂ. મુનિરાજશ્રી હૃદયવલ્લભવિજયજીએ આ પુસ્તક તૈયાર કર્યું છે.

(૮) **ગુરુદેવના પત્રો** :- સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ શ્રીયુત કુમારપાળ વિ. શાહ વગેરે શ્રમણોપાસકોને લખેલા પ્રેરણા-પત્રોનું સુંદર સંકલન કરીને પૂ. મુનિરાજશ્રી અજિતશેખરવિજયજીએ આ પુસ્તક તૈયાર કર્યું છે.

(૯) **ભુવનભાનુ સાહિત્ય ઉપનિષદ્** :- સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના વિવિધ ગ્રન્થો ઉપર વિદ્વાનોએ લખેલા શોધલેખોને આ પુસ્તકમાં સંગ્રહીત કરવામાં આવ્યા છે. આ પુસ્તકનું સંપાદન પૂ. મુનિરાજ શ્રી અભયશેખરવિજયજી ગણિવર તથા પૂ. મુનિરાજશ્રી મુક્તિવલ્લભ-વિજયજીએ કર્યું.

બધા પુસ્તકોને પૂર્વ કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.ને અર્પણ કરી. સમારોહમાં જૈન અગ્રણી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ, શ્રી યુ.એન. મહેતા, શ્રી ડૉ. સંજયકુમાર બિપીનભાઈ નંદુરબારવાળા આદિને શાલ ઓઢાડી બહુમાન કર્યું.

**સાધુ-સાધ્વીજીની વાચનાઓ :**

૧૨૦૦ થી અધિક પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિ એ પ્રતિષ્ઠા મહોત્સવનું મુખ્ય આકર્ષણ હતું. મહોત્સવ દરમ્યાન લગભગ રોજ બપોરે સાધુ-સાધ્વીજી ભગવંતો માટે સંયમશુદ્ધિપ્રેરક વાચનાઓનું આયોજન થયું હતું. પૂજ્યપાદ ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા તથા પૂ. પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી ગણિવર મહારાજે આ વાચનાઓ આપી હતી.

**ભક્તિઉષા અને ભક્તિસન્ધ્યા :**

ભુવનભાનુનગરની પ્રત્યેક ઉષા ભક્તિઉષા બની રહેતી. રોજ સવારે ૬-૩૦ કલાકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના ભવ્ય જિનાલય સમક્ષ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો અને હજારો શ્રાવક-શ્રાવિકાઓ પ્રભુભક્તિની રસગંગામાં ડૂબી જતાં. સ્તુતિ વૈભવ, આગમ વંદના, 'નમો આયરિયાણં'નો સંગીતમય જાપ, 'ભુવનભાનુ ગગનમાં' વગેરે વિશિષ્ટ ભક્તિવંદનાના કાર્યક્રમોથી ભુવનભાનુનગરની પ્રત્યેક પ્રભાત સલૂણી બની જતી.

તે જ રીતે સાંજે ૬ વાગે પ્રભુસ્તુતિ અને આરતી દ્વારા ભક્તિસન્ધ્યા ખીલી ઊઠતી. આ બંને કાર્યક્રમનું સંકલન દીપક શાહ દ્વારા થયું. શ્રી નીકેશ સંઘવી વગેરેએ પણ ઉષા-સંધ્યાને ભક્તિના રંગે રંગવામાં સુરીલા કંઠનું કામણ કામે લગાડ્યું હતું.

**ભક્તિ ભાવના :**

પૂ. પ્રેમસૂરીશ્વરજી પ્રવચન ખંડ રોજ રાત્રે ૮ વાગે ચિક્કાર ભરાઈ જતો. વિવિધ સંગીતકારો દ્વારા રોજ રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ ભક્તિભાવનાની રમઝટ બોલાતી. **'યુગો સુધી ઝળહળશે'** વગેરે ગીતો લેવાતા. શ્રી અનુપ જલોટા, શ્રી શ્યામ-સૌમીલ મુન્શી, શ્રી લલિતભાઈ ધામી, બાલ સંગીતકાર મહાવીર, શ્રી નીકેશ સંઘવી, શ્રી રાજેન્દ્ર ઝવેરી વગેરે ખ્યાતનામ સંગીતકારોએ પ્રત્યેક નિશાને ભક્તિનિશા બનાવી દેવા ભક્તિગીતોથી વાતાવરણને રંગી દીધું હતું.

મહોત્સવના આઠમા દિવસે શ્રાદ્ધવર્યશ્રી **બાબુભાઈ કડીવાળાએ** 'શ્રીપાલ-મયણાના જીવન રહસ્યો' સંગીતના સથવારે વહેતા મૂક્યા હતા.

**શ્રાવિકા મિલન-શ્રાવિકા શિબિર-શ્રાવિકા સામાયિક :**

૧૧૦૦ થી વધુ પૂ. સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિને કારણે શ્રાવિકા બહેનોને અનુલક્ષીને ત્રણ વિશિષ્ટ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવિકા મિલન અને શ્રાવિકા શિબિર દરમ્યાન પૂ. સાધ્વીજી ભગવંતોએ હજારો શ્રાવિકા બહેનો સમક્ષ સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીનાં ગદ્યમાં અને પદ્યમાં ગુણાનુવાદ કર્યા હતા.

શ્રાવિકા બહેનોનું સમૂહ સામાયિક એ આ મહોત્સવનું એક વિશિષ્ટ આયોજન હતું. ૩૦ હજારથી અધિક બહેનો સામાયિકના શ્વેત વસ્ત્રોમાં સજ્જ થઈને પધારી ગયા હતા. પૂજ્ય સાધ્વીજી ભગવંતોના સાંન્નિધ્યમાં બબ્બે સામાયિક સાથે સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીની ગુણસૃષ્ટિમાં શબ્દ, સંગીત અને સંવેદનના સથવારે વિહરણ કર્યું હતું. વિરાટ પ્રવચન મંડપ પણ એક નાનકડા માંડવા જેવો ભાસતો હતો. અમદાવાદના ખૂણે ખૂણેથી શ્રાવિકાઓના વૃંદો સામાયિક માટે આવી પહોંચ્યા હતા.

**અષ્ટાપદજી મહાપૂજા :**

સ્વ. પૂજ્યશ્રીની અત્યંત પ્રિય પૂજા એટલે અષ્ટાપદજી મહાપૂજા. કલાકો સુધી ઊભા ઊભા અષ્ટાપદજીની પૂજા ગાતા જાય અને તેનું વિવેચન કરતા જાય. આ દશ્ય નિહાળવું તે જિંદગીનો એક લહાવો ગણાતો. સ્વ. ગુરુદેવશ્રીના સ્મૃતિ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવના આ ટાણે તે અષ્ટાપદજીની પૂજાને તો કેમ ભૂલાય ? લલિતભાઈ ધામી-સાબરમતી ભક્તિમંડળે વિવિધ રાગ-રાગિણીઓથી પૂજાની ઢાળો ગાઈને ભૂતકાળની ભવ્ય સ્મૃતિઓને તાજી કરાવી હતી.

**પદ-પ્રદાન :**

આ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન કુલ ૧૫ મહાત્માઓને પદ પ્રદાન કરવામાં આવ્યું હતું.

**આચાર્યપદ : ૨**

પૂ.પં. શ્રી **વિદ્યાનંદવિજયજી** ગણિવર અને પૂ. પં. શ્રી **હેમરત્નવિજયજી** ગણિવર.

**પંન્યાસપદ : ૮**

પૂ.ગણીશ્રી **નિપુણચંદ્ર**વિજય મ., પૂ.ગણીશ્રી **ઈન્દ્રયશ**વિજય મ., પૂ.ગણીશ્રી **વરબોધિ**વિજય મ., પૂ. ગણીશ્રી **ભુવનસુંદર**વિજય મ., પૂ. ગણીશ્રી **ગુણસુંદર**વિજય મ., પૂ.ગણીશ્રી **અભયશેખર**વિજય મ., પૂ. ગણીશ્રી **શિવાનંદ**વિજય મ., પૂ.ગણીશ્રી **નરરત્ન**વિજય મ.

પૂ.મુનિશ્રી **યશોરત્નવિજય** મ., પૂ.મુનિશ્રી **અક્ષયબોધિવિજય** મ., પૂ.મુનિશ્રી **રવિરત્નવિજય** મ., પૂ.મુનિશ્રી **હરિકાન્તવિજય** મ., પૂ.મુનિશ્રી **રશ્મિરત્નવિજય** મ.

અપૂર્વ હર્ષોલ્લાસ વચ્ચે આ સહુ મહાત્માઓને પદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ખીચોખીચ ભરાયેલા મહોત્સવ મંડપમાં ઉલ્લાસ અને ઉમંગની ભરતી ચડી હતી. ચતુર્વિધ સંઘે અક્ષત અને વાસક્ષેપની વૃષ્ટિથી પદવી ધારણ કરનારા મહાત્માઓને નવડાવી દીધા હતા. વિશાળ સ્ટેજ ઉપર ભવ્ય નાણ સમક્ષ ચાલી રહેલી વિધિનું દશ્ય અદ્ભુત હતું. પદ-પ્રદાન વિધિના સૂત્રો પૂ.પં. શ્રી જયસોમવિજય મ.સા. બોલ્યા હતા અને તે દિવસે તેમને ૩૪ મો ઉપવાસ હતો.

**બે મુમુક્ષુઓનો સંયમ-સ્વીકાર :**

દીક્ષાના દાનેશ્વરી સ્વ. પૂજ્યપાદશ્રીનો સ્મૃતિ મહોત્સવ દીક્ષા વિના અધૂરો કેમ રહી જાય ? મુમુક્ષુ કીર્તિકુમાર અને મુમુક્ષુ કમલકુમાર આ મહોત્સવ દરમ્યાન પ્રવ્રજિત બન્યા હતા. **મુમુક્ષુ કીર્તિકુમાર** પૂ. નૂતન આચાર્ય શ્રીમદ્ વિજય વિદ્યાનંદસૂરિજી મ.ના શિષ્ય તરીકે **મુનિશ્રી કલ્પવર્ધનવિજયજી** બન્યા અને મુમુક્ષુ **કમલકુમાર** પૂ. પંન્યાસ શ્રી જયસુંદરવિજયજી ગણિવરના શિષ્ય તરીકે મુનિશ્રી **કૃપાબિન્દુવિજયજી** બન્યા.

**મુખ્યમંત્રીશ્રી સમક્ષ જીવદયાનો પોકાર :**

પ્રતિષ્ઠા મહોત્સવમાં પદ-પ્રદાન પ્રસંગે ચતુર્વિધ સંઘના દર્શનાર્થે પધારેલા **ગુજરાતના મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાને** પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી **ચન્દ્રશેખર-વિજયજી** ગણિવરે પાંચ મિનિટના વેધક પ્રવચનમાં ગુજરાતની સરહદો પરથી બીજા રાજયોમાં કતલ માટે પશુઓ બેરોકટોક લઈ જવાય છે તે બદલ વ્યથા અને આક્રોશની લાગણી વ્યક્ત કરી હતી. તે માંગણીને મંજૂર કરવાનું મુખ્યમંત્રીશ્રીએ વચન આપ્યું હતું અને તે જ દિવસે બપોરે કેબિનેટની મિટિંગમાં ઠરાવ કરીને કતલ માટે એક પણ પશુને ગુજરાતની બહાર નહિ જવા દેવા માટે સખત તકેદારી રાખવાના નિર્ણયની જાહેરાત કરી હતી.

**એક વચનથી અજવાળું :**

તા. ૨-૧૨-૧૯૯૬ ના દિવસે આયોજિત ગુણાનુવાદસભામાં પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ.દે. શ્રી **વિજયજયઘોષસૂરીશ્વરજી** મ.સા., પૂ.આ.શ્રી વિજય **હેમચંદ્રસૂરિ** મ.સા. અને પૂ. મુનિરાજશ્રી **મહાબોધિ** વિજયજીએ ગુરુગુણાનુવાદના પ્રવચનોથી સહુનાં હૈયાં અને આંખો ભીની કરી દીધા હતા.

તા. ૫-૧૨-૧૯૯૬ના દિવસે એક વિશિષ્ટ ગુણાનુવાદસભાનું આયોજન થયું હતું. જેમાં ૫૦ થી અધિક મહાત્માઓએ સ્વ. ગુરુદેવશ્રીના સંક્ષિપ્ત ગુણાનુવાદ કર્યા હતા. દીર્ઘસંયમી વયોવૃદ્ધ ઉપાધ્યાય શ્રી **યશોભદ્ર**વિજયજી ગણિવર મ.સા.થી માંડીને ૬ મહિનાના દીક્ષિત મુનિરાજશ્રી **આગમરત્ન**વિજયજી સુધીના અનેક મહાત્માઓએ ટૂંકા શબ્દોમાં ગુરુદેવશ્રી પ્રત્યેની પોતાની સંવેદનાને વ્યક્ત કરી હતી. એક-એક મહાત્માના મુખેથી નવી-નવી વાતો સાંભળીને સહુનાં હૈયાં તરબતર થઈ ગયા હતા. ભાષાના વૈવિધ્યે એક અનેરું આકર્ષણ ઊભું કર્યું હતું. પૂ.આ.દે.શ્રી ભદ્રગુપ્તસૂરિ મહારાજે હિન્દી ભાષામાં મધુર શૈલીથી ગુરુદેવના ગુણાનુવાદ કર્યા હતા. **પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી, મરાઠી, મારવાડી, માલવી, અંગ્રેજી, કચ્છી** વગેરે વિવિધ ભાષામાં મુનિઓએ ગુણાનુવાદ કર્યા હતા. પૂ. પંન્યાસશ્રી **જયસુંદરવિજયજી** ગણિવરે **પ્રાકૃતગિરા**માં અસ્ખલિત ધારાએ ગુરુગુણાનુવાદ કર્યા ત્યારે તો સહુ સ્તબ્ધ બની ગયા હતા. સ્વ. ગુરુદેવશ્રીએ કેવા પ્રતિભાસંપન્ન શ્રમણોનું સર્જન કર્યું છે તેની પણ આ સભામાં સહુને પ્રતીતી થઈ હતી. પૂ.આ.દે.શ્રી **નવરત્નસાગરસૂરિ** મ.સા.ના શિષ્યો, પૂ. પંન્યાસશ્રી **વજ્રસેનવિજયજી** ગણિવર આદિ અન્ય સમુદાયના પૂજ્યોએ પણ મુક્ત કંઠે પૂ. ગુરુદેવશ્રીના ગુણોનું વર્ણન કર્યું હતું. **પૂ.નૂતન આચાર્ય શ્રી હેમરત્નસૂરિ મહારાજે આ સભાની પ્રસ્તાવના અને ઉપસંહાર કર્યા હતા.**

**સામુદાયિક બારવ્રત સ્વીકાર :**

પ્રતિષ્ઠા મહોત્સવના એક-એક કાર્યક્રમ વિશિષ્ટ અને વિલક્ષણ હતા. ૧૦૦૦ જેટલા શ્રાવક-શ્રાવિકાઓએ સ્વ. પૂજ્યપાદ ગુરુદેવશ્રીના મહાન જીવનની અનુમોદનાર્થે શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યા હતા. એક જ મંડપમાં પાંચ નાણ સમક્ષ આ રીતે સેંકડો ભાવુકોને એક સાથે બાર વ્રતો અંગીકાર કરતા જોવા તે એક અનેરો લહાવો હતો.

સ્વ. પૂજ્યશ્રી વ્રતોનાં વ્યાપારી હતા. જીવનકાળ દરમ્યાન તો જ્યાં વિચરતા ત્યાં સર્વત્ર વ્રત-નિયમોની પ્રભાવના કરતા. કાળધર્મ પછી પણ તેઓશ્રી ગુરુમૂર્તિના પ્રતિષ્ઠા મહોત્સવનું નિમિત્ત પામીને વ્રત-નિયમોની વિશાળ પાયા પર પ્રભાવના થઈ.

## ઐતિહાસિક રથયાત્રા

સ્વ.પૂજ્યપાદશ્રીના જન્મસ્થળ કાળુશીની પોળથી સમાધિ સ્થળ પંકજ સોસાયટી સુધીની રથયાત્રા એ પ્રતિષ્ઠા મહોત્સવનું વિશિષ્ટ આકર્ષણ હતું. કાળુશીની પોળથી પંકજ સોસાયટી સુધીના રાજમાર્ગોને સુશોભિત કમાનોથી શણગારવામાં આવ્યા હતા. કાળુશીની પોળમાં **'ઝોલીકા વિહાર'**ની અદ્ભુત રચના કરવામાં આવી હતી. તથા દેરાસરજીમાં ભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કા.વ. ૧૨ના સવારે નવ વાગે પ્રારંભ પામેલી રથયાત્રા પંકજ સોસાયટીમાં વિરામ પામી ત્યારે બપોરના ત્રણ વાગ્યા હતા. છ કલાક સુધી ૬ કિ.મી.ના વિસ્તારમાં ફરેલી આ રથયાત્રા ૩ કિ.મી.થી પણ વધુ લાંબી હતી. આ રથયાત્રાને નિહાળવા આખું અમદાવાદ તો ઉમટી પડ્યું હતું. આજુબાજુનાં ગામડાંઓમાંથી પણ લોકો આવીને અહીં ઠલવાયા હતા. આખો આશ્રમ રોડ એક વિરાટ માનવ-સમુદ્રમાં ફેરવાઈ ગયો હતો. સહુના મુખ પરનો ઉછરંગ અને ઉમંગ તે વરઘોડાની મુખ્ય શોભા હતી. ૧૨૦૦ થી અધિક પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોના દર્શને સહુનાં હૈયાંને ભીંજવી દીધા હતા.

આ રથયાત્રા એક જુદી જ ભાત પાડતી હતી. સહુનાં મુખમાં એક જ શબ્દો હતો. **આવી રથયાત્રા તો જિંદગીમાં પહેલીવાર જોઈ.**

રથયાત્રાના દિવસે આયોજિત સ્વામિવાત્સલ્યમાં એક લાખથી અધિક ભાવુકોની ભક્તિનો લાભ મળ્યો હતો.

આ ઐતિહાસિક રથયાત્રાને સફળ બનાવવા મહિનાઓથી અનેક યુવાનોની ટીમ જોરદાર તૈયારીઓ કરી રહી હતી. **પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજય મ.સા.**ના માર્ગદર્શનથી યુવાનોએ ભારે જહેમત ઉઠાવીને રથયાત્રાને જ્વલંત સફળતા બક્ષી હતી.

પૂજ્યશ્રીએ પણ પરમ ગુરુભક્તિથી પ્રેરાઈને દિલોજાન દઈને ચાર-ચાર મહિનાની ભારી મહેનતથી રથયાત્રાને અતિ ભવ્ય અને ઐતિહાસિક બનાવી અને જાણે કે માત્ર કોઈ એક સંઘ નહિ, પણ સમગ્ર રાજનગરના સંઘો એક થઈને આ રથયાત્રાના માત્ર સહભાગી નહિ પણ સહયોગી થઈને રહ્યા.

## ઐતિહાસિક રથયાત્રાના અણમોલ સંભારણા

- રાજનગરના ૩૬૦ જેટલા સંઘોના ૩ાા થી ૪ લાખ જેટલા ઉમટેલા જૈન ભાઈ-બહેનો-ગુરુભક્તો.
- સતત ૬ કલાક સુધી રાજનગરના રાજમાર્ગો પર ગુરુભક્તિનો દિવ્ય આદર્શ પૂરો પાડતી રથયાત્રા.
- ૩ - ૩ કિ.મી. લાંબી ઐતિહાસિક શોભાયાત્રા.
- ૧૬૦ થી વધુ અનેક રચનાઓ, રાસમંડળીઓ, બેન્ડો, પાઠશાળાઓ, મહિલા મંડળો આદિ...
- ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન આદિ રાજ્યોની વિવિધ જાત-જાતની અને ભાતભાતની લોકકલાઓનો એકત્ર સમવતાર કરતી અદ્ભુત શોભાયાત્રા

- રથાયાત્રાના વિશાળ માર્ગે આંતરે આંતરે મોટા હોર્ડિંગ્સ સાથે ગુરુભક્તોનું સ્વાગત કરતી ૪૦ જેટલી કમાનો.
- પરમ દેવાધિદેવને બહુમાનપૂર્વક રથમાં સાથે બિરાજમાન કરેલા વિવિધ પુષ્પોના શણગારયુક્ત **પાંચ રથો.**
- મલપંતી ચાલે ચાલતા રાજનગરના માર્ગોને ઘંટડીઓના નાદથી ગજવતા ૬-૬ હાથીઓ.

## વિશિષ્ટ રચનાઓ અને પ્રતિકૃતિઓ

- સૌથી ભવ્યાતિભવ્ય શણગારેલા રથમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની કમલાસને સ્થાપિત ગુરુમૂર્તિ અને સાથે ભક્ત્યાવનત ગુરુભક્ત પરિવાર.
- પૂજ્યપાદ પરમગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પ્રતિકૃતિ સાથે દેવવિમાનમાં રહેલ દેવતુલ્ય ગુરુભક્ત પરિવાર.
- અનેક આકર્ષક જીપોમાં અને બગીઓમાં પૂજ્યપાદ ગુરુદેવશ્રીની પ્રતિકૃતિ સાથે શોભતા મહોત્સવના આયોજક પરિવાર.
- સૌધર્મેન્દ્ર પોતાના ઈન્દ્રાણી વગેરે પરિવાર સહિત (ટ્રકમાં).
- પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનની ફણાસહિતની વિશાળ પ્રતિકૃતિ.
- ૧૬ વિદ્યાદેવીઓ અને ૮ અપ્સરાઓના પાત્રો.
- ૪-૪ ની પેરમાં ૨૪ યક્ષ અને ૨૪ યક્ષીણિઓના પાત્રો.
- માતા સરસ્વતી અને લક્ષ્મીદેવીની સુંદર દર્શનીય પ્રતિકૃતિઓ શણગારેલા વાહનો.
- અમદાવાદની અનેક પાઠશાળાઓના બાળકો દ્વારા વિવિધ શણગારેલા ૩૬ ઘોડાઓ, વેશભૂષાઓ અને ઝાંખીઓ.

**(૩ કિ.મી. લાંબા વરઘોડામાં આંતરે-આંતરે સંગીત-ભક્તિગીતોની રમઝટ બોલાવતા વિવિધ બેન્ડો.)**

- મુંબઈ-પાર્લાનું ખ્યાતનામ બુદ્ધિસાગર જૈન બેન્ડ
- મધુર સરગમ રેલાવતું મલાડનું હીરસૂરિ જૈન બેન્ડ
- પિંડવાડા-રાજસ્થાનનું વી.એ.પી.એસ. બેન્ડ
- જંબુસરનું સુપ્રસિદ્ધ નીઝામ બેન્ડ
- અમદાવાદનું સુપ્રસિદ્ધ મિલન બેન્ડ અને રામદેવ બેન્ડ

- ડીસા-બનાસકાંઠાનું માનીતું અજંતા બેન્ડ
- સુરતનું જોસીલું વિખ્યાત રજાક બેન્ડ
- ઈન્દ્રના રૂપમાં નાના ભૂલકાઓનું પાટણનું માહેક બેન્ડ
- નવસારીનું કર્ણપ્રિય રણછોડરાય બેન્ડ
- પેટલાદનું પ્રખ્યાત બેન્ડ
- ભૂંગળ બેન્ડ
- નડિયાદનું લોકપ્રિય એસ.આર.પી. બેન્ડ
- નડિયાદની અતિપ્રસિદ્ધ ઓર્કેસ્ટ્રા પાર્ટી
- લેઝીમ પાર્ટી ૧૫ પ્રેમલ સરકસ
- ગગનને ગૂંજવતા નાસિકના ઢોલત્રાસા
- વિરમગામના મોહક શરણાઈ વાદકો.

**(દર્શકોને આશ્ચર્ય સહ આનંદાનુભૂતિ કરાવતા અનેક સ્થાનોથી પધારેલા કલાકારો :)**

- ધ્રાંગધ્રાના મદારી સમજુનાથ... જેઓએ મોઢામાંથી જીવતા સાપ અને વીંછી કાઢી દર્શકોને દિંગ કરી દીધા અને સમગ્ર વરઘોડામાં ૮ ફૂટ લાંબા નાગરાજના સૌને દર્શન કરાવ્યા.
- દીલીપ અને મગન નામના ખ્યાતનામ મદારીઓએ માંકડાના ખેલ કર્યા.
- શાસ્ત્રીય સંગીતના તાલે કથક નૃત્ય કરતા રાજકોટના મહેન્દ્રભાઈ.
- બાળકોના હૈયાને હરખિત કરતા મીકી માઉસ અને ડોનલડક.
- શંકર-પાર્વતી, લૈલા-મજનુ વગેરેના રોલ ભજવનારા બહુરૂપીઓ.
- જોકર, પરીઓ, રાજકપૂર, વાંદરાના રોલમાં કલાકારો.
- ૩૬ ભરવાડણો અને ૩૬ રબારણો.
- ૯-૯ બેડાઓ માથે લઈ ઢોલના તાલે પ્રાચીન ભવાઈ નૃત્ય કરતાં રાજસ્થાનના ગોસ્વામી અને વિસનગરના બાબુભાઈ.

**(વિવિધ પ્રાચીન પરંપરાગત લોકકળાઓનો અનોખો સંગમ બનેલી રથયાત્રાની નૃત્ય મંડળીઓ-રાસ મંડળીઓ :)**

- વાંસડા ઉપર દોરડા બાંધી જીવસટોસટના ખેલ કરતા દેવતી સુરેન્દ્રનગરના નટ-બજાણીયા.

- નાળીયેર આકાશમાં ઉછાળી કૂદકો મારી માથાથી નાળીયેર ફોડતી ભરૂચ જિલ્લાની સિદિગોમાં આદિવાસી મંડળી.
- ભરૂચ જિલ્લાના અલમાવાડી ગામના વાંસ અને ઘાસના પહેરવેશવાળા આદિવાસી નૃત્યકારોનું માંડવાનૃત્ય.
- આકાશમાં ઠેકડા મારતી બાવળાની નૃત્યમંડળી.
- ભાતભાતના વૈવિધ્ય પીરસતા નીપાણીના યુવા કલાકારો.
- ભાવનગરના લોકલાડિલા રાસનૃત્યો.
- રાજકોટની રાસમંડળીઓ.
- આસામનું સાંથાળી નૃત્ય.
- મધ્યપ્રદેશના માળીયા ડાન્સ.
- પંજાબનું ભાંગડા નૃત્ય.
- નળસરોવરના કાંઠે વસતા આદિવાસીઓનું પઢાળ તાલલય સાથે મંજીરા નૃત્ય.
- લતીપુરના રજપૂતો દ્વારા યુદ્ધના ધિંમાણ કરતા ઢાલ-તલવારના રાસનૃત્ય.
- વિશિષ્ટ વેશભૂષામાં વલભીપુર-ભાવનગરના બારોટ કલાકારો દ્વારા રાવણહત્થા વાદ્યવાદન.
- ચિત્ર-વિચિત્ર વેશમાં ડાંગપ્રદેશના હોળીના ૩૦ ઘરૈયાઓ દ્વારા હોળી નૃત્યની રમઝટ.
- મોઢા ઉપર મહોરા પહેરીને રામાયણ-મહાભારતના જીવંત પાત્ર પ્રદર્શન.
- મહારાષ્ટ્રની વિખ્યાત લેઝીમ પાર્ટીનું પરંપરાગત સાંસ્કૃતિક લેઝીમ નૃત્ય.
- કચ્છના સુપ્રસિદ્ધ નોબતવાદક અનુમીર, કે જેઓ કચ્છના રાજવીને ત્યાં ટકોરખાનામાં નોબતો વગાડતા, તેઓ પોતાની મંડળી સાથે કર્ણપ્રિય લહાણી કરતા.
- દેવગઢ બારિયાના ચકવા આદિવાસીઓ દ્વારા પીસવો (લાંબા પાવા) વગાડી વાદ્યોની રસલહાણ.
- માથા પર બેડા લઈને જામખંભાળિયાના સથવારા બહેનો દ્વારા કાચની બાટલીઓ (ગ્લાસ) ઉપર રાસડાની રમઝટ.
- પવિત્ર શંખનાદ કરતા ભાવનગરના શંખવાદકો.
- રાજસ્થાનના કલાકાર રત્નાજી મારવાડી દ્વારા કાષ્ટની ૮ કચ્છી ઘોડીનું નૃત્ય.

## અમદાવાદના અગ્રણી અનેકવિધ મહિલા મંડળો

(૧) શ્રી શાંતિ મહિલા મંડળ, મંગળ પારેખનો ખાંચો, પોળ વિસ્તાર
(૨) શ્રી શીતલ મહિલા મંડળ, પરમાનંદ જૈન સંઘ, પાલડી
(૩) ભાવના મહિલા મંડળ, નારાયણનગર, પાલડી
(૪) મહાવીર જૈન કન્યા છાત્રાલય, પાલડી
(૫) મહિમાવિજયજી પાર્શ્વ મહિલા મંડળ, જ્ઞાનદા સોસાયટી
(૬) નારાયણનગર મહિલા મંડળ
(૭) ભીડભંજન પાર્શ્વનાથ મહિલા મંડળ, ગોદાવરી
(૮) મુનિસુવ્રત લબ્ધિ મહિલા મંડળ, કૃષ્ણનગર
(૯) તીર્થરંજન મહિલા મંડળ, માકુભાઈ શેઠનો બંગલો
(૧૦) વાસુપૂજ્ય મહિલા મંડળ, મણિનગર
(૧૧) સંભવ મહિલા મંડળ, કુવાવાળી પોળ, શાહપુર દરવાજા
(૧૨) બુદ્ધિસાગર આરાધના ભવન, અંજલિ ફલેટ, વાસણા
(૧૩) શાંતિનાથ મંડળ, વિકાસગૃહ રોડ
(૧૪) સુધર્માસ્વામી જૈન પાઠશાળા
(૧૫) મરુદેવા મંડળ - ગુરુકૃપા સંઘ, સોલા રોડ
(૧૬) શાંતિજિન મહિલા મંડળ, ચાંદલોડીયા રોડ
(૧૭) નેમિજિન મહિલા મંડળ, ગાંધીરોડ
(૧૮) જૈન ગુરુભક્ત શિષ્યા બેન મંડળ, કૃષ્ણનગર
(૧૯) પાર્શ્વ મહિલા મંડળ, પારસનગર
(૨૦) મહાવીર મહિલા મંડળ, હાજા પટેલની પોળ
(૨૧) મૃદંગ સ્નાત્ર મહિલા મંડળ, મૃદંગ સંઘ
(૨૨) આદિ મહિલા મંડળ, દોશીવાડાની પોળ
(૨૩) પાર્શ્વ મહિલા મંડળ, મણિનગર
(૨૪) પાર્શ્વ પદ્માવતી મહિલા મંડળ, મણિનગર
(૨૫) શીતલ જિન મહિલા મંડળ, રત્નાપાર્ક

(૨૬) સંભવ જિન મહિલા મંડળ, માણેકચોક
(૨૭) લીલાવતી ભોગીલાલ જૈન પાઠશાળા, ઘાંચીની પોળ
(૨૮) સુમતિ જિન મહિલા મંડળ, મેઘાણીનગર
(૨૯) હીરા જૈન યુવક મંડળ પાઠશાળા, સાબરમતી
(૩૦) આનંદઘન ઉપાશ્રય પાઠશાળા, નારણપુરા
(૩૧) સીમંધર મહિલા મંડળ, ઘાટલોડિયા
(૩૨) મુક્તિવિમલ જૈન પાઠશાળા, રામજી મંદિરની પોળ
(૩૩) જ્ઞાનવર્ધક પાઠશાળા, શાંતિનગર
(૩૪) અંકુર સીમંધર મહિલા મંડળ, અંકુર સંઘ
(૩૫) સીમંધર જિન મહિલા મંડળ, ડી-કેબીન, સાબરમતી
(૩૬) શાંતિ જિન મહિલા મંડળ, કૃષ્ણનગર
(૩૭) પગથિયાનો ઉપાશ્રય મહિલા મંડળ
(૩૮) પાછીયાની પોળ મહિલા મંડળ
(૩૯) સિદ્ધિ મહિલા મંડળ, ગાંધીનગર
(૪૦) સંભવ મહિલા મંડળ, કાળુશીની પોળ
(૪૧) સુમતિનાથ મહિલા મંડળ, જનતાનગર, રામોલ
(૪૨) સંભવ મહિલા મંડળ, પંકજ સોસાયટી, ભઠ્ઠા
(૪૩) પંકજ સોસાયટી પાઠશાળા
(૪૪) પ્રગતિ મહિલા મંડળ, જૈનનગર
(૪૫) શીતલ મંડળ, આંબાવાડી
(૪૬) શાંતિજિન મહિલા મંડળ, ધનાસુથારની પોળ
(૪૭) સંભવનાથ જિન મહિલા મંડળ, સોલા રોડ
(૪૮) ઋષભદેવ મૂર્તિપૂજક જૈન પાઠશાળા, નારણપુરા
(૪૯) પાંચ પોળ જૈન સંઘ, જીવન કમળશીની પોળ, શાહપુર
(૫૦) પાર્શ્વ જિન મહિલા મંડળ, સુવિધાની ગલી

**મહાઆરતી :**

પ્રતિષ્ઠા મહોત્સવની પ્રત્યેક સંધ્યા સમૂહ આરતીના સેંકડો દીવડાથી શોભી ઊઠતી. રોજ હજારો ભાવુકોને એક સાથે પ્રભુજીની આરતી ઉતારતા નિહાળવા હજારો અજૈનો પણ સ્તબ્ધ બનીને ઊભા રહી જતા. તા. ૭-૧૨-૧૯૯૬ની સંધ્યા તો દીપસંધ્યા બની ગઈ. હજારો દીવડાઓની આરતીથી ભુવનભાનુનગર ઝળહળી ઊઠ્યું. દેરાસરથી પ્રવેશદ્વાર સુધીની વિશાળ જગ્યા ભાવુકોની ઉપસ્થિતિથી ભરાઈ ગઈ હતી. આ મહાઆરતીનું દૃશ્ય પણ અમદાવાદના આંગણે એક વિરલ દૃશ્ય બની ગયું.

**સ્મૃતિમંદિર ઉદ્‌ઘાટન :**

પંકજ સોસાયટીના આંગણે નિર્માણ પામેલું ભવ્ય સ્મૃતિ મંદિર તા. ૮-૧૨-૧૯૯૬ના દિવસે ખુલ્લું મૂકાયું. સ્મૃતિ મંદિરના નિર્માણ-અનુમોદકોના શુભ હસ્તે સ્મૃતિમંદિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. તપસ્વી સમ્રાટ પૂ.આ.દે.શ્રી વિજય **હિમાંશુસૂરીશ્વરજી** મ.સાહેબે માંગલિક સંભળાવ્યું હતું. તે જ સ્મૃતિ મંદિરમાં અલગ દેરીમાં તપગચ્છ અધિષ્ઠાયક શ્રી **માણિભદ્રવીર**ની તેમજ **ક્ષેત્રપાલની** મૂર્તિ પ્રતિષ્ઠા થઈ. બપોરે વિજય મુહૂર્તે શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. એમાં કુંભસ્થાપના દિવસે અખંડ દીપક સ્થાપનાની ઉછામણી નીતિનભાઈ બી. મહેતા કાલિકટવાળાએ ઊંચી બોલી બોલીને લીધેલ.

## ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા

**ભવ્ય મહોત્સવનું** હાર્દ એટલે ગુરુમૂર્તિપ્રતિષ્ઠા. શ્વેત સંગેમરમરની આબેહૂબ અને અદ્‌ભુત ગુરુમૂર્તિને **કારતક વદ ૧૩ના** શુભ દિને શુભ મુહૂર્તે દેવવિમાન સંદેશ ભવ્ય ગુરુમંદિરમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી ત્યારે હજારો-લાખો હૈયાં હર્ષનાં હિલોળે ચડ્યા હતા. પંકજ સોસાયટીના બધા રસ્તાઓ પર ભાવુકો ગોઠવાઈ ગયા હતા. ૧૫ થી વધુ આચાર્ય ભગવંતો અને ૧૨૦૦ થી અધિક પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોના વાસક્ષેપ પૂર્વક ભારે હર્ષોલ્લાસ વચ્ચે નિર્માણ-અનુમોદકોના શુભ હસ્તે ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા થઈ. જે ગુરુમૂર્તિના ગામેગામ શાહી સત્કાર થયા હતા. ઠેરઠેર હજારો ભાવુકો દ્વારા દર્શન અને વંદન દ્વારા જેની અર્ચના થઈ હતી તે હજારો-લાખો ગુરુભક્તોનું પરમ આસ્થાકેન્દ્ર બનેલી ગુરુમૂર્તિ આજે પ્રતિષ્ઠિત બની. તરત "ગુરુ ચરણ વંદના" અષ્ટક સૌએ ગાયું. માંગલિક વગેરે પ્રાથમિક કાર્યો થયા.

## ગુરુ ચરણ વંદના

(રાગ - મંદિર છો મુક્તિ તણા...)

ઓગણીશ સડસઠ ચૈત્રવદિ છઠ, રાજનગરે જનમીયા
પિતા ચીમનભાઈ માત ભૂરિબેન, કુક્ષીને અજવાળીયા
બુદ્ધિ પ્રતિભા જ્ઞાનથી, સી.એ.ની પદવી પામતા
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૧॥

ગુરુ પ્રેમસૂરિના શિષ્ય નામે, ભાનુવિજય મુનિ બન્યા
તપ-ત્યાગ-સંયમ-ન્યાય-આગમ, શાસ્ત્રમાં નિપુણ બન્યા
પ્રભુભક્તિ વૈયાવચ્ચ અને, લગની ઘણી સ્વાધ્યાયમાં
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૨॥

થયા આપ ગણિ-પંન્યાસ-સૂરિ, તોયે મન અભિમાન ના
અઢીસો મુનિજન જીવનના, શિલ્પી હતા ગૌતમ સમા,
જિન ધર્મના આકાશમાં, ભાનુ સમા જે ચમકતા
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૩॥

સંઘર્ષ થાય સિદ્ધાંતના, નામે કદાપિ ના ગમે
યુક્તિ નિપુણતા તીક્ષ્ણ પ્રજ્ઞા, જોઈ દુર્મતિ પણ નમે
દુર્મતતણા અંધકારમાં ગુરુ 'દિવ્ય દર્શન' આપતા
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૪॥

શ્રી સંઘના યોગ-ક્ષેમને, હૈયે સદા અવધારતા
રસઝરતી મીઠી વાણીથી, વૈરાગ્યને વરસાવતા
શિબિરના શુભયોગથી, યુવાનોને ઉદ્ધારતા
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૫॥

તપ-ત્યાગ ને સ્વાધ્યાયથી, જે દેહને કરતાં વહન
બની વર્ધમાન તપોનિધિ, નિજભાવમાં કરતાં રમણ
એકસો ને આઠ ઓળીથી, તપધર્મની કરી સાધના
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૬॥

વીતરાગ કેરી ભક્તિથી ભવિ ! ઈષ્ટ સુખને પામશે
ધર્મતણા એ પુણ્ય પ્રભાવે, દુઃખ દર્દ દૂરે થશે
મહાવીરના વચનનો, જયનાદ કરતા વિશ્વમાં
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૭॥

ચારિત્ર પાલનમાં હતા, ગુરુદેવ ખડક સમા અટલ
વાત્સલ્ય સહુને આપતા, હૈયું હતું કોમલ કમલ
તવ પુનીત પગલે ચાલવા, આશિષની કરું યાચના
**એવા ગુરુશ્રી ભુવનભાનુ-સૂરિ ચરણમાં વંદના** ॥૮॥

**તપસ્વીઓનાં પારણાં :**

ગુરુમૂર્તિપ્રતિષ્ઠાને અનુલક્ષીને અનેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોએ વિવિધ તપશ્ચર્યાઓ આરંભી હતી. પ્રતિષ્ઠાના દિવસે તે સહુનાં તપની પૂર્ણાહૂતિ થતી હતી. પ્રતિષ્ઠાવિધિ બાદ તે સહુ તપસ્વીનાં તપનાં પારણાં થયા હતા. પંકજ સોસાયટીથી પૂજ્ય ગુરુભગવંતો સાથે સહુ ભુવનભાનુનગરમાં પધાર્યા. વિશાળ મેદની સમક્ષ પ્રવચન ખંડમાં સહુ તપસ્વીઓની ભાવભીની અનુમોદના કરવામાં આવી. ત્યારબાદ તપસ્વીઓનાં પારણાં થયા હતા. **પૂ. પંન્યાસ શ્રી જયસોમવિજયજી** ગણિવર મ.સા.ને **૩૬ ઉપવાસ** તથા **પૂ. પંન્યાસ શ્રી વરબોધિવિજયજી** ગણિવર મ.સા.ને **૧૦૦મી ઓળી**નું પારણું થયું હતું. અનેક પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો દીર્ઘ ઓળી વગેરે તપશ્ચર્યા સાથે દૂર-દૂરથી વિહાર કરીને મહોત્સવ પ્રસંગે પધાર્યા હતા.

**આગોતરાં આયોજનો :**

પર્યુષણ આઠ દિવસનાં હોય છે પરંતુ તેનો ઉલ્લાસ તો ચોમાસી ચૌદસથી શરૂ થઈ જાય છે. તેમ પ્રતિષ્ઠા મહોત્સવ તો તા. ૧-૧૨-૧૯૯૬થી શરૂ થયો પણ તેનો ઉલ્લાસ તો મહિનાઓ પૂર્વેથી પ્રવર્તતો હતો. મહોત્સવ પૂર્વે થયેલા અનેક આગોતરાં આયોજનોને જ્વલંત સફળતા મળી હતી. તે આયોજનો નીચે મુજબનાં હતાં.

(૧) **વર્ધમાન તપ પાયા :** વર્ધમાન તપોનિધિ પૂ. ગુરુદેવશ્રીના તપોમય જીવનની અનુમોદનાર્થે માત્ર અમદાવાદ નગરમાં **૫૦૦**થી અધિક ભાગ્યશાળીઓએ વર્ધમાન તપના પાયાની આરાધના કરી હતી.

(૨) **નમસ્કાર મહામંત્ર જાપ અભિયાન :** પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને અને પ્રભાવક રીતે પૂર્ણ થાય તે માટે ૨૦૦૦ પરિવાર દ્વારા એક મહિનામાં ભાગ્યશાળીઓએ મળીને **૨૧ કરોડ**થી વધારે નમસ્કાર મહામંત્રનો જાપ કર્યો હતો. પાયા તથા જાપ કરનારને પુસ્તક 'અચિંત્ય ચિંતામણી મંત્ર શિરોમણી નવકાર', નમસ્કાર ચિંતન, ચાંદીનો સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠાનો સ્મૃતિનો સિક્કો તથા રૂા. ૫૧-ના બહુમાન કવર સાથે ઉપબૃંહણા કરેલ.

(૩) **પ્રસંગ ચિત્ર સ્પર્ધા :** સ્વ.પૂ. ગુરુદેવશ્રીના જીવન-પ્રસંગોનું ચિત્ર બનાવવાની એક સ્પર્ધાનું આયોજન થયું હતું. તેમાં ૫૦૦ થી અધિક સ્પર્ધકો

જોડાયા હતા. તે સ્પર્ધાની માર્ગદર્શક પુસ્તિકા **"ભુવનભાનુનાં તેજકીરણો"** અગાઉથી પ્રકાશિત કરવામાં આવી હતી. દરેક સ્પર્ધક ચિત્રમાં મનોહર રંગોની સાથે ગુરુભક્તિનાં મનોહર ભાવો પૂરેલા હતા. આ બધા ચિત્રોને ભુવનભાનુનગરના વિરાટ પ્રદર્શનમાં પણ ગોઠવવામાં આવ્યા હતા.

**વિશિષ્ટ બહુમાનો :**

પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે વર્ધમાન તપના પાયા, બાર વ્રતનો સ્વીકાર, નમસ્કાર મહામંત્ર જાપ વગેરે આરાધના કરનાર ભાગ્યવાનોનું વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું હતું. ચિત્રસ્પર્ધાના સ્પર્ધકોને પણ સબહુમાન ઈનામો વિતરીત કરવામાં આવ્યા હતા. મહોત્સવને સફળ બનાવવા માટે ભારે જહેમત ઊઠાવનાર અભયભાઈ, રાકેશભાઈ, અવની ગાંધી, રાહુલભાઈ વાસણાવાળા વગેરે યુવાન કાર્યકર્તાઓ, અનેક રીતે સહભાગી બનનાર સંસ્થાઓ, નિર્માણ અનુમોદકો, મહોત્સવ-અનુમોદકો વગેરેનાં પણ વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યાં હતા.

**લાખો જૈનો-અજૈનોએ નિહાળેલું અને નવાજેલું ભવ્ય પ્રદર્શન :**

આખા ભુવનભાનુનગરની શોભા અને ઠાઠ દર્શનીય હતો. વિશાળ ગોળ ફરતા કમળમા બિરાજેલા ગુરુદેવ, નેમનાથની ચોરી, બાળ વર્ધમાનનો ઝૂલો વગેરે આકર્ષણો નગરમાં પ્રવેશ કરતાં જ આંખોને આવર્જીત કરી દેતા હતા. માર્ગની બન્ને બાજુ ઊભેલા પ્રાચીન કલાત્મક ચબૂતરાઓ માર્ગની શોભામાં ચાર ચાંદ લગાડી દેતા હતા.

જૈન ઇતિહાસનાં ૧૦૮ મહાપુરુષોના જીવન-પ્રસંગોનાં ચિત્રપટોનું ભવ્ય ભૂતકાળની સ્મૃતિઓને તાજી કરાવનારું બની રહ્યું. ગામડાની ઝૂંપડી જેવા મકાનની ઓસરીમાં બેસીને ચાંદનીના પ્રકાશમાં લેખનકાર્ય કરતા પૂ. ગુરુદેવશ્રીની રચના જોઈને તો સહુ સ્તબ્ધ બની જતા. એક કુટીરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં અંતિમ ઉપકરણોમાં દર્શન કરી સહુએ પોતાના નયનોને પાવન કર્યા. ચારે દિશામાં મહાન જૈનાચાર્યોના દર્શન આંખોને પલ્લવિત કરતા હતા. સાત ક્ષેત્રો તથા અનુકંપા અને જીવદયામાં વવાતા જૈનોના દાનને એક વિભાગમાં ખૂબ સુંદર રીતે પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. પ્રદર્શન વિભાગની બરાબર મધ્યમાં આવેલા ગુરુમંદિરમાં આવીને ગુરુમૂર્તિના દર્શન કરી સહુ પ્રદર્શન વિભાગમાંથી બહાર નીકળતા. રોજ પ્રભાતે આ ગુરુમંદિર સમક્ષ ગુરુસ્તવના અને ગુરુવંદનાનો કાર્યક્રમ થતો. પ્રદર્શનની બહાર નીકળતા સહુને એક પ્રતિજ્ઞાપત્ર આપવામાં આવતું. પૂ. ગુરુદેવશ્રીના ભવ્ય જીવનમાંથી અને પ્રદર્શનમાંથી પ્રેરણા પામીને મુલાકાતીઓ નાની-મોટી પ્રતિજ્ઞાનું અર્ધ્ય ગુરુદેવને અર્પણ કરીને જ બહાર નીકળતા.

આખા પ્રદર્શનમાં અને આખા ભુવનભાનુનગરમાં ઠેર ઠેર નજરે ચડતી પૂ. ગુરુદેવશ્રીની વિવિધ મુદ્રાઓવાળી પ્રતિકૃતિઓ અને **કટ-આઉટ** સહુને ખૂબ આહ્લાદ આપતા. પ્રવચન-મંડપમાં સામેની દિવાલે બરાબર મધ્યમાં શોભતું વિસ્તારેલ હાથ અને હસતા મુખવાળું કટ-આઉટ તો સહુની આંખોમાં અને હૈયામાં જડાઈ ગયું હતું. મનમૂકીને જાણે ગુરુદેવ સહુની ઉપર કૃપાવૃષ્ટી ન કરી રહ્યા હોય !

**રંગોળી પ્રદર્શન :**

પંકજ સોસાયટીમાં નિર્માણ પામેલા નૂતન સ્મૃતિ મંદિરનાં ભોંયરામાં ભવ્ય રંગોળી પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન-પ્રસંગોની અનેક મનોહર રંગોળીઓ દોરવામાં આવી હતી. આ રંગોળી પ્રદર્શન જોવા માટે રોજ લાંબી કતારો લાગેલી રહેતી હતી.

● **હૈયું બોલે છે :** સ્મૃતિમંદિર અને પ્રતિષ્ઠા મહોત્સવના ઉદારદિલ અનુમોદકોનું અનુમોદનાના ઉદ્ગારોથી અભિવાદન કરવાનો આ પ્રસંગ પ્રતિષ્ઠાની પૂર્વસંધ્યાને ભાવોની ભીનાશથી તરબતર કરેલ.

● **કરુણા-કુંજન :** આ મહા-મહોત્સવ દીન-દુઃખીયા અને અબોલ પશુઓને પણ સુખકારી બનશે. ભિક્ષુકોને ભોજન, પક્ષીઓને ચણ, રુગ્ણોને ઔષધ-અનુપાન, અમદાવાદની ગલીએ ગલીએ કૂતરાઓને રોટલા અને દૂધ, ગાયોને ગોળ અને પશુઓને ઘાસચારો નીરવામાં આવશે. યાચકોને વસ્ત્રદાન કરવામાં આવશે. અનાથાશ્રમ, અંધશાળા, અશક્ત-આશ્રમ, મંદબુદ્ધિવાળાની શાળા, વૃદ્ધાશ્રમ, બહેરા-મૂંગાની શાળા, રક્તપિત્તના દરદીઓ, નારી સંરક્ષણ કેન્દ્ર, રીમાન્ડહોમ આદિ સંસ્થાઓમાં મિષ્ટ ભોજન કરાવવામાં આવશે, કતલખાનેથી જીવોને છોડાવવામાં આવશે.

**પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂજ્યોની પધરામણી :**

સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમગ્ર જૈન સંઘનો મહોત્સવ બની રહ્યો. સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશાળ શિષ્ય-પરિવાર ઉપરાંત અનેક પૂજ્ય આચાર્ય ભગવંતો આદિની પાવન ઉપસ્થિતિથી મહોત્સવ અલંકૃત બન્યો હતો. આયોજકોની ભાવભરી આગ્રહપૂર્ણ વિનંતીને અવધારીને અનેક પૂજ્યો પધાર્યા હતા. પૂ.આ.શ્રી વિજયભદ્રંકરસૂરિ મ.સા., પૂ.આ.શ્રી વિજયહિમાંશુસૂરિ મ.સા., પૂ.આ.શ્રી લબ્ધિસૂરિ મ.સા., પૂ.આ.શ્રી જયચંદ્રસૂરિ મ.સા., પૂ.આ.શ્રી પ્રમોદસાગરસૂરિ મ.સા., પૂ.આ.શ્રી નવરત્નસાગરસૂરિ મ.સા., પૂ.આ.શ્રી મહાયશસાગરસૂરિ મ.સા., પૂ.આ.શ્રી માનતુંગસૂરિ મ.સા., પૂ.આ.શ્રી ઈન્દ્રસેનસૂરિ મ.સા., પૂ.આ.શ્રી સિંહસેનસૂરિ મ.સા., પૂ.આ.શ્રી યશોવિજયસૂરિ મ.સા., પૂ.આ.શ્રી

મુનિચંદ્રસૂરિ મ.સા., પૂ. પંન્યાસશ્રી વજ્રસેનવિજય મ.સા. આદિ અનેક પૂજ્યોનાં પાવન પધરામણાં થયા હતા. કુલ સાધુ ભગવંતો ૨૦૦ થી પણ અધિક સંખ્યામાં ઉપસ્થિત હતા. ૨૦ સમુદાયના મળીને કુલ ૧૨૦૦ થી અધિક પૂ.સાધ્વીજી ભગવંતો મહોત્સવમાં પધાર્યા હતા. સર્વ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની કાર્યકર્તાઓએ ભક્તિભાવનાપૂર્વક સુંદર વૈયાવચ્ચ કરી હતી.

**સફળતાના સૂત્રધારો :**

સમગ્ર પ્રતિષ્ઠા મહોત્સવની જ્વલંત સફળતા પાછળ અનેક વ્યક્તિઓને ખંત, ધૈર્ય, કૌશલ્ય અને સખત પરિશ્રમની સાધના ધરબાયેલી પડી છે. શ્રી પંકજ જૈન સંઘ અને તેના ટ્રસ્ટીઓ, અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ મહોત્સવની સફળતા માટે મહિનાઓ સુધી અથાગ જહેમત ઊઠાવી હતી. સ્મૃતિ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિના **મુખ્ય સંચાલક શ્રી કુમારપાળભાઈ વિ.** શાહનો વર્ષોનો અનુભવ, કૌશલ્ય અને ગુરુભક્તિ મહોત્સવના ચાલકબળ બની રહ્યા. શ્રી જયેશભાઈ ભણસાલી અને શ્રી કલ્પેશભાઈ વિ. શાહે તો છેલ્લા ૪-૬ મહિનાથી સ્મૃતિ મંદિર અને પ્રતિષ્ઠા મહોત્સવને જ મુખ્યતા આપીને શરીર કે ધંધાની પણ કોઈ ચિંતા કરી નથી. તે બંનેની ગુરુભક્તિ, ઉત્સાહ અને કાર્યકુશળતા દાદ માંગી લે તેવા હતા. અનેક ગુરુભક્તોએ સ્મૃતિમંદિર નિર્માણ અને પ્રતિષ્ઠા મહોત્સવમાં દાખવેલું અત્યંત ઔદાર્ય અભિનંદનપાત્ર છે. પ્રતિષ્ઠા મહોત્સવ અને સ્મૃતિમંદિર નિર્માણમાં ખૂબ ઉલ્લાસ અને ઔદાર્ય દાખવનાર નંદરબારવાળા શ્રી **બિપીનભાઈ ચીમનલાલ** કમનસીબે પ્રતિષ્ઠા મહોત્સવના મહિના અગાઉ સ્વર્ગે સીધાવી ગયા. પરંતુ જીવનના છેલ્લા મહિનાઓમાં રાત-દિવસ ગુરુદેવના નામની અને પ્રતિષ્ઠા મહોત્સવની રટણા જ તેમના દિલમાં ચાલ્યા કરતી હતી. એલર્ટ યંગ ગ્રૂપ અમદાવાદના યુવાનોએ છેલ્લા કેટલાય મહિનાઓ અને દિવસોનો ભોગ આપી ઉલ્લાસપૂર્વક ખૂબ પરિશ્રમ ઉઠાવીને મહોત્સવને દીપાવ્યો, છતાં કેવી નમ્રતા ! સ્વયંસેવકના બીલ્લા ઉપર નામ રાખવામાં આવ્યું હતું. **'ચરણરજ'** અને, ખરેખર ગુરુદેવનાં ચરણની રજ હોય તે રીતે ગુરુભક્તિથી ઓળઘોળ બનીને મહોત્સવને સફળ બનાવ્યો. શ્રમયજ્ઞમાં મેદાનને સાફ કરવાનું, કાંકરાં વીણવાનું કે પથરા ઉંચકવાનું કામ કરનારા આ યુવાનોમાંથી કેટલાય કરોડપતિના નબીરાઓ હતા, તો કેટલાય મેનેજર કે ઓફીસરની પોસ્ટ ઉપર સર્વીસ કરનારા શિક્ષિતો હતા ! મહોત્સવ દરમ્યાન વર્ધમાન સંસ્કૃતિ ધામના સેંકડો યુવાનોએ પણ અદ્‌ભુત સેવા બજાવી. ડભોઈ, ખેડા, કલિકુંડ, નડીયાદ વગેરે ગામ-ગામના યુવાનોની ટુકડીઓ સેવા આપવા માટે ઉપસ્થિત થઈ ગઈ હતી. અમદાવાદના અનેક મંડળોએ તેમજ નામી અનામી સૌએ ખૂબ સુંદર સેવા આપી હતી. રાજ્ય સરકાર, મહાનગરપાલિકા, મેયર, પોલીસ કમિશનર વગેરેનો ઉમંગભર્યો

સહકાર પણ ખૂબ અભિનંદનીય ગણાય.

ટૂંકમાં અલૌકિક, આહ્લાદક, નયનરમ્ય દેવાધિદેવશ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પરમાત્માનું પાવન સાન્નિધ્ય, ૧૩૦૦ ઉપરાંત સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવનનિશ્રા, ભારતભરના સંઘોનું આગમન, રોજના દોઢથી બે લાખ મુલાકાતીઓ અને ૧૫ લાખ દર્શનાર્થીઓ વચ્ચે થઈને પસાર થતી ઐતિહાસિક રથયાત્રા, ૩૫,૦૦૦ ની મેદની વચ્ચે થયેલ આચાર્ય પદ પ્રદાન આદિ મહોત્સવ, ૩૦,૦૦૦ બેનોનું સમૂહ સામાયિક વગેરે તમામ ક્ષણોને જાણવા માણવા માટે કાગળ-કલમ અને સમય બધું ઓછું પડી જાય છે.

## શ્રી પંકજ જૈન સંઘ-પ્રશસ્તિ

વિ.સં. ૨૦૨૧ શુભ દિને શ્રી સંઘની સ્થાપના થઈ અને શ્રેષ્ઠિવર્ય શ્રી વર્ધમાનભાઈ મોહનભાઈ શેઠના ઘરમાં શ્રી સંઘના ગૃહમંદિરની સ્થાપના થઈ. શ્રેષ્ઠિશ્રી હરગોવનદાસભાઈ, શ્રેષ્ઠિશ્રી દલસુખરામભાઈ (માણસા), શ્રેષ્ઠિશ્રી વર્ધમાનભાઈ અને શ્રી સંઘના સહકારથી ઉપાશ્રયનું નિર્માણ થયું. પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શિખરબંધી જિનમંદિરમાં શ્રી સંભવનાથ આદિ પ્રભુની વિ.સં. ૨૦૩૨ મહા સુદ છઠ્ઠના શુભમુહૂર્તે પ્રતિષ્ઠા થઈ.

સિદ્ધિ-મેઘ-મનોહરસૂરિ જૈન જ્ઞાન ભંડારની શ્રી સંઘને પ્રાપ્તિ થઈ. અનેક પ્રભાવક પૂજ્યોના ચોમાસા-દીક્ષા-વડીદીક્ષા-ગણીપદ-પંન્યાસ પદ - ઉપાધ્યાય પદ- આચાર્યપદ પ્રદાનનો તથા ઉપધાન તપ આરાધના કરાવવાનો અણમોલ લાભ મળ્યો. શ્રેષ્ઠિશ્રી કેશવલાલભાઈ તથા શ્રીસંઘના સહકારથી ઉપાશ્રયના ઉપલા મજલાનું નિર્માણ થયું.

વિ.સં. ૨૦૪૪નું તપાગચ્છીય શ્રમણોનું ઐતિહાસિક સંમેલન થયું. શ્રમણ સંમેલનના સૂત્રધાર પૂજ્ય આચાર્યશ્રી વિજય ૐકારસૂરીશ્વરજી મ.ના અંતિમ સંસ્કાર અને વિ.સં. ૨૦૪૯ ચૈત્ર વદ ૧૩ના પૂ.આ.શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ અત્રે કાળધર્મ થતાં પૂજ્ય આ. શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી આ ધરતી પર જ મળેલ. અંતિમ સંસકારના લાભથી આ ભૂમિ તીર્થસ્વરૂપ બની. તથા પૂ.આ.શ્રી વિજય ભદ્રંકરસૂરીશ્વરજી મ. આદિ અનેક પૂજ્ય આચાર્ય ભગવંતોની નિશ્રામાં આચાર્યશ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી સ્મૃતિમંદિરનું ઉદ્‌ઘાટન તથા સમાધિ મંદિરમાં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા થઈ. ઉપાશ્રયના પૂર્વ દાતાઓની ઉદાર ભાવનાથી જુનો ઉપાશ્રય બહેનોની આરાધના માટે અને સ્મૃતિ મંદિર ભાઈઓની આરાધના માટેનો શ્રી સંઘે નિર્ણય કર્યો.

**॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય ॥**

# પ્રતિષ્ઠા મહોત્સવ પ્રશસ્તિ

ચરમ તીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીર દેવની ઉજ્જવલ પાટ પરંપરામાં થયેલા તપાગચ્છીય શ્રી આત્મ-કમલ-વીર-દાનસૂરીશ્વરજી મ.ના પટ્ટ વિભૂષક સિદ્ધાંત મહોદધિ નૈષ્ઠિક બ્રહ્મચારી પૂ.આ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે વિપુલ કર્મ સાહિત્ય અને ૩૦૦ સુવિહિત શ્રમણ વિશાળ સમુદાયનું સર્જન કરીને ૭૬ મી પાટને દિપાવી. તેઓશ્રીના પટ્ટપ્રભાવક ન્યાય વિશારદ વર્ધમાન તપોનિધિ પૂ.આ. શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજે તેમના સુવિશુદ્ધ સંયમ, દેદીપ્યમાન તપતેજ અને સર્વતોમુખી પ્રતિભાથી એક સુવર્ણ ઇતિહાસનું સર્જન કર્યું. સ્વ-પર દર્શનની પ્રકાંડ વિદ્વત્તા, વર્ધમાન તપની ૧૦૮ ઓળી, આજીવન ગુરુ-સાંન્નિધ્ય, ઉત્કૃષ્ટ અપ્રમત્ત સાધના, સૂરિમંત્ર પ્રસ્થાન આરાધના, અવિહડ જિનાજ્ઞા-બહુમાન અને જિનાજ્ઞા-પારતંત્ર્ય વગેરે અગણિત સુવાસિત પુષ્પોથી તેમનું જીવન-ઉદ્યાન મહેંકતું હતું.

નાસ્તિક અને વિલાસી બની રહેલી યુવા પેઢીને બચાવી લેવાનું કાર્ય અતિ કપરું હતું. ત્યારે **'શિબિર'**નો નવતર પ્રયોગ અજમાવીને ચમત્કારીક સફળતા હાંસલ કરી. હજારો યુવાનોનું નિર્માણ કર્યું. આચાર ચુસ્ત અને સુસંસ્કૃત નવી પેઢી ભેટ ધરી. સમયદર્શી આચાર્ય તરીકેની ગરિમાને સંપાદિત કરી ૨૦૦ થી અધિક સુવિહિત શ્રમણોનું સર્જન, શતાધિક ગ્રન્થોનું સર્જન, **"દિવ્ય દર્શન"** સાપ્તાહિકની ૪૨ વર્ષની અવિરત ધારા, અનેક અંજનશલાકાદિ પ્રભાવક કાર્યો, બાલદીક્ષા પ્રતિબંધક બીલનો સફળ પ્રતિકાર, અનેક વાદોમાં જ્વલંત વિજય, શ્રી સંઘ ઐક્ય માટેના તનતોડ પ્રયત્નો દ્વારા સંઘ ઉપર ઉપકારની હેલી વરસાવી.

તેઓના ગુણો અને ઉપકારની સ્મૃતિમાં તેમના આ સમાધિ સ્થળે સ્મૃતિમંદિરનું નિર્માણ કરાયું. આ કાર્યમાં **પૂજ્ય પંન્યાસશ્રી પદ્મસેનવિજયજી ગણીનો વિશિષ્ટ સહયોગ અને પ્રેરણા પ્રાપ્ત થઈ છે.** સ્મૃતિમંદિરનું ઉદ્‌ઘાટન અને પ્રતિષ્ઠા ઐતિહાસિક અષ્ટાહ્નિકા મહોત્સવપૂર્વક વિ.સં. ૨૦૫૩ના કા. વ. ૧૩ના શુભદિને સંપન્ન થઈ.

ગુરુમૂર્તિને એક ભવ્યરથમાં બિરાજમાન કરીને રાજનગર, નડીયાદ, આણંદ, વડોદરા, દર્ભાવતિ, મુંબઈ, સૂરત, પુના, નાસિક વગેરે ગામોગામના સંઘોમાં શાહી સ્વાગતો પૂર્વક સત્કારવામાં આવી. લાખો ભાવુકો દ્વારા દર્શન, વંદન અને પૂજન પામેલી. આ ચમત્કારપૂર્ણ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાનો મહોત્સવ વાસણા બેરેજ રોડ ઉપર ૮૦ એકરની વિશાળ જગ્યામાં દેવનગર જેવું ભવ્ય **'ભુવનભાનુનગર'** ખડું કરી ઉજવાયો. જેમાં અષ્ટાપદજી મહાપૂજા, શાન્તિસ્નાત્ર, આચાર્ય-પંન્યાસ ગણિ પદ પ્રદાન, પ્રવજ્યા પ્રદાન, હજારો શ્રાવિકાઓનું સમૂહ સામાયિક, હજારો

શ્રાવક-શ્રાવિકાઓના બારવ્રત સ્વીકાર, ૫૦૦ વર્ધમાન તપ પાયા, કરોડો નવકાર જાપ વગેરે વિવિધ અનુષ્ઠાનો તથા જન્મસ્થળ કાળુશીની પોળથી સમાધિ સ્થળ પંકજ સોસાયટી સુધીની વિરાટ શોભાયાત્રા વગેરેથી આ મહોત્સવે ઇતિહાસમાં એક સુવર્ણ પૃષ્ઠ આલેખિત કર્યું. ભુવનભાનુનગરના વિરાટ પ્રદર્શનનો લાભ લાખોની જનતાએ લીધો.

મહાતપસ્વી પૂ.આ.શ્રી વિજય હિમાંશુસૂરિ મ.સા. તથા પૂજ્યશ્રીના પટ્ટધર સિદ્ધાન્તદિવાકર પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરિ મ.સા.ની નિશ્રામાં પૂ.આ. શ્રી વિજય ભદ્રગુપ્ત-રાજેન્દ્ર-હેમચન્દ્ર-જગચ્ચન્દ્ર-ગુણરત્ન-વિદ્યાનંદ-હેમરત્નસૂરિ મ. ઉપા. શ્રી યશોભદ્રવિજય ગણિ, પ્રવર્તક પ્ર. શ્રી ધર્મગુપ્તવિજય મ., પંન્યાસ શ્રી ચંદ્રશેખરવિજયજી આદિ સ્વ-પર સમુદાયના આચાર્ય ભગવંતો વગેરે કુલ ૧૦૦૦ થી અધિક પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતો અને ગામે ગામના ગુરુ ભક્તોની ઉપસ્થિતિમાં ઉજવાયેલો આ મહોત્સવ ઐતિહાસિક બની રહ્યો.

## પૂજ્યશ્રીની જીવન યાત્રા

જન્મ : વિ.સં. ૧૯૬૭ ચૈત્ર વદ-૬ અમદાવાદ

માતા : ભૂરિબેન

પિતા : ચીમનલાલ

સંસારી નામ : કાન્તિલાલ

દીક્ષા : વિ.સં. ૧૯૯૧, પોષ સુદ-૧૨, ચાણસ્મા

દીક્ષિત નામ : મુનિ ભાનુવિજય

આચાર્ય પદ : વિ.સં. ૨૦૨૯, માગસર સુદ-૨, અમદાવાદ

કાળધર્મ : વિ. સં. ૨૦૪૯, ચૈત્ર વદ-૧૩, અમદાવાદ

દીક્ષિતભાઈ : પં. શ્રી પદ્મવિજય મ., મુનિશ્રી તરુણવિજય,

દીક્ષિત બહેન : સા. શ્રી હંસકીર્તિશ્રીજી મ.

ઉત્તરાધિકારી-સિદ્ધાન્તદિવાકર પૂ.આ.શ્રી વિજય જયઘોષસૂરિ મ.સા.

**॥ શુભં ભવતુશ્રી સંઘસ્ય ॥**

## પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી સ્મૃતિમંદિરના નિભાવમાં લાભ લેનાર શ્રી પંકજ જૈન સંઘના મુખ્ય દાતાઓની શુભનામાવલી

ગંગાબા સારાભાઈ શાહ, વર્ધમાનભાઈ મોહનભાઈ શેઠ, કલાવતીબેન વર્ધમાનભાઈ શેઠ, શશિનભાઈ વર્ધમાનભાઈ શેઠ, જતિનભાઈ વર્ધમાનભાઈ શેઠ, હરગોવનદાસ વેણીચંદ માણસાવાળા, જાસુદબેન હરગોવનદાસ માણસાવાળા, મફતલાલ વાડીલાલ માણસાવાળા, મણિબેન દલસુખરામ માણસાવાળા, દલસુખરામ વેણીચંદ માણસાવાળા, હર્ષદભાઈ ચંદુલાલ પરીખ, ગુણવંતભાઈ દલસુખભાઈ શાહ, પ્રફુલાબેન ભરતભાઈ શાહ, રાજેનભાઈ ભરતભાઈ શાહ, હરિલાલ ચૂનીલાલ શાહ, ધીરજલાલ મોહનલાલ ભીમાણી, રમણલાલ વાડીલાલ શાહ (આનંદ મંગલ), સ્વ. ધનેશકુમાર રમણલાલ શાહ ચાણસ્માવાળા, વિમળભાઈ કેશવલાલ શાહ ગોધાવીવાળા, શેઠ મયાભાઈ સાંકળચંદ, સ્વ. મયાભાઈ મણિલાલ પરિવાર તરફથી, ભોગીલાલભાઈ નાનચંદભાઈ, આનંદનગર સોસાયટી તથા ફલેટના રહીશો તરફથી, જયંતીલાલ કેશવલાલ શાહ.



**ઈંગ્લેન્ડના સી.એ. થનાર, અમદાવાદની સેન્ટ્રલ બેન્કમાં નોકરી કરનાર ૨૩ જ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરી તપ-જ્ઞાન અને કર્મ સમૃદ્ધિ જીવન ઘડવા સાથે યુવાનવર્ગને ધર્માભિમુખ કરનાર ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વર મ.સા.**



હિન્દુ, જૈન, શીખ, મુસ્લીમ વગેરે ધર્મોમાં સંસાર ત્યાગ કરનારા હજારો હશે પરંતુ એમાં ઉચ્ચ અભ્યાસ પામેલા ત્યાગીઓ ગણ્યા ગાંઠ્યા જ હશે. એમાં પણ ડબલ ગ્રેજ્યુએટ એટલે કે બી.એ., એલ.એલ.બી. કે એમ.ડી. કે એમ.કોમ. કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (સી.એ.) થઈને સંસાર ત્યાગનારા કેટલા ? જવાબમાં કદાચ માથું ખંજવાળવું પડે એવું છે.

એ ચાળણી પછીની ઝીણી ચાળણીમાંથી પસાર થનારા ત્યાગીઓ તો કદાચ એકાદ આંગળીના વેઢે થાય એટલા જ થશે ! એમાં પણ જે જમાનામાં ભારતમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાની સગવડ નહોતી. (જેમ કે બીઝનેશ મેનેજમેન્ટથી માંડી એમ.ડી. વગેરે થવાની પણ સગવડ નહોતી) ત્યારે ઈંગ્લેન્ડની એ પરીક્ષા પસાર કરનાર યુવાન સંસાર ત્યાગી બને એવો કિસ્સો કદાચ એક જ હશે !

એવા એકીલા હોવાનું ગૌરવ ધરાવનાર ત્યાગી તપસ્વી ગુજરાતી, ગુજરાતના અને પાછા અમદાવાદના હોય એ આપણા સૌ માટે ગૌરવરૂપ ગણાય.

એવું ગૌરવ અપાવનાર એટલે લગભગ એકાદ મહિના પહેલાં (૧૯ મી

એપ્રિલ) ૮૨ વર્ષની જૈફ ઉમરે હૃદયરોગના હુમલાના કારણે અમદાવાદમાં જ પાર્થિવ દેહનો ત્યાગ કરનાર તપોધની, જ્ઞાની અને કર્મયોગી ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ.

જૈનોના જે ત્રણ મુખ્ય ફીરકા (૧) મૂર્તિપૂજક અથવા શ્વેતાંબર અથવા દેરાવાસી (૨) સ્થાનકવાસી અથવા મૂર્તિપૂજક નહીં અથવા ઢુંઢીયા અને (૩) દિગંબર છે. એમના દેરાવાસી સંપ્રદાયના જુદા જુદા ગુરુ-શિષ્ય જૂથોના દસ ગચ્છાધિપતિઓ છે. એમાંના એક ગચ્છાધિપતિ રહેલા આ. વિજય ભુવનભાનુ-સૂરીશ્વરજીએ તપ, જ્ઞાન અને કર્મ એમ ત્રણેય ક્ષેત્રોને ખેડીને પોતાના જીવનને આદર્શરૂપ બનાવ્યું હતું.

જૈન ધર્મ અને જૈન સંન્યાસી એટલે જ કષ્ટભર્યું તપો તપ્ત જીવન.

કેવળ પાણી પીને અથવા નિર્જળો ઉપવાસ અથવા પગમાં કશું જ પણ પહેર્યા વિના ઉઘાડાપગે ચાલીને જ (કોઈપણ પ્રકારનું વાહન નહીં) કરાતો પ્રવાસ અથવા રાત્રિના અકુદરતી પ્રકાશનો ત્યાગ વગેરે કષ્ટમય જીવન જીવવાનો રાહ એટલું જ જૈન સાધુઓ માટે નથી પરંતુ એવા તો બીજા અનેક પ્રકારના કષ્ટદાયક તપ જૈન ધર્મમાં છે. એવું એક તપ એટલે આંબેલનું તપ છે. આંબેલ એટલે દિવસમાં એક જ વખત બેઠા ભાણે ખાવાનું ખરું પરંતુ એ ખાવામાં ઘી, તેલ, દૂધ, ખાંડ, ગોળ, શાક, દહીં, તળેલું, શાક, ફળ વગેરેનો ત્યાગ અને બાફેલું અનાજ, સૂકી રોટલી, ભાત વગેરે અથવા એમાંથી બનતી વાનગી લઈ શકાય. આવું પણ એક જ વખત ખાવાનું એને આંબેલ અથવા આયંબિલ કહે છે. એવા ૧૦૮ આયંબિલ વિજય ભુવનભાનુસૂરીશ્વરે એવી રીતે કર્યાં કે ૧ આયંબિલ અને ૧ ઉપવાસ, ૨ આયંબિલ અને ૧ ઉપવાસ, ૩ આયંબિલ અને ૧ ઉપવાસ એવી ચઢતી ગણતરીએ ૧૦૦ આયંબિલ અને ૧ ઉપવાસ સુધી લઈ જઈને આયંબિલ કરવાના.

આ તપને વર્ધમાન તપ કહે છે. એ ૫૦૫૦ દિવસ એટલે કે ૧૫ વર્ષ સુધી ચાલે ત્યારે પૂરું થાય.

તપની આવી આરાધના સાથે જ્ઞાનની અને સર્જનની આરાધના પણ એમણે એવી જ કરેલી. મોહ રાજા સામે સંગ્રામ ખેડવા એ રીતે કમરકસીને જ્ઞાનપ્રાપ્તિનો પણ મહાન યજ્ઞ કર્યો.

ન્યાયશાસ્ત્ર જેવું ક્લિષ્ટ શાસ્ત્ર સાંગોપાંગ પાર પાડી તેઓ **"ન્યાય વિશારદ"** બન્યા. શાસ્ત્ર ભણવા માટે સમય વધારે મળે એ અપેક્ષાએ એમણે એક સમયે તો બે ઉપવાસ પછી એક એકાસણું (જેને જૈન પરિભાષામાં છઠ કહે છે.) કરવાનું શરૂ કરી જ્ઞાનપિપાસા તૃપ્ત કરી.

સંઘ અને સમુદાયનાં કાર્યોમાંથી દિવસે સમય મળવો મુશ્કેલ બને એટલે રાત્રીના ચન્દ્રના અજવાળાના સહારે કલમ ચલાવીને એ મહામાનવે "સીતાજીના પગલે પગલે" યોગદૃષ્ટિ સમુચ્ચય, ધ્યાન અને જીવન, અમીચંદની અમીદૃષ્ટિ, પરમતેજ ભાગ-૧-૨, ઉચ્ચ પ્રકાશના પંથે, જેવા અનેક ગ્રંથો એમણે રચ્યા.

અમદાવાદની સેન્ટ્રલ બેંકમાં નોકરી કરનાર તેમજ બેંકની પરીક્ષાઓ પસાર કરનાર તેમજ ભાઈ સાથે દીક્ષા લેનાર આ. વિજય ભુવનભાનુસુરીજીને તપ અને જ્ઞાનની એવી બેહિસાબ તિતિક્ષા સાથે કર્મના પંથે પણ અથાગ પ્રયત્નો કરેલા. યુવાનોમાં અધ્યયન વધે તેમજ યુવાનોના ચારિત્ર્યનું નિર્માણ થાય વગેરે માટે યુવાનોની શિબિરો આયોજવાનો પ્રારંભ એમણે કરેલો. યુવાનોમાં ધાર્મિક સંસ્કાર વહે, આચારમાં પવિત્રતા આવે, તત્ત્વજ્ઞાન તથા ધ્યાન-યોગ, માર્ગાનુસારી જીવન તેઓ જીવે અને એ સાથે બીજા અનેક વિષયોનું તેઓને તલસ્પર્શી જ્ઞાન થાય એ માટે એમણે નથી જોયો દિવસ કે નથી જોઈ રાત્ર !

આવી ધાર્મિક શિબિરોના માધ્યમથી હજારો યુવાનોના હૃદય પરિવર્તન કરીને તેઓ અનેકોના હૃદયસમ્રાટ બન્યા હતા.

બીજી બાજુ અહિંસાનો સંદેશો પ્રસરાવીને એમણે કુમાર્ગે જતા વર્ગોને સુમાર્ગે વાળવાનું પણ કાર્ય કર્યું.

મહારાજશ્રીનો બેંગ્લોરમાં વાસ હતો. એ જ દરમ્યાન કર્ણાટક સરકારની એક જાહેરાત બેંગ્લોરમાં કરોડો રૂપિયાના ખર્ચે નવું યાંત્રિક કતલખાનું કરવાની આવી.

વિજય ભુવનભાનુસૂરિજી સહિત સમાજના ઘણા વર્ગો દ્રવી ઉઠ્યા. મહારાજશ્રીને થયું કે પોતાની હાજરીમાં જ આવા ઘાતકી કૃત્યનું સરકાર આયોજન કરતી હોય તો નિષ્ક્રિય કઈ રીતે રહેવાય ?

બેંગ્લોરમાં સર્વોદય કાર્યકરો, જૈનોના બધા ફીરકાઓ, જીવદયાપ્રેમી લિંગાયત કોમ વગેરેની મિટિંગ બોલાવીને "અહિંસા સંઘ, કર્ણાટક", "અખિલ કર્ણાટક યાંત્રિક પશુ કતલખાના વિરોધ સમિતિ", બેંગ્લોર જૈન સેવા મંડળ જેવી સંસ્થાઓ રચી તેમજ આજુબાજુના બંગારપેટ, હુબલી, હાથણગિરિ, સિમોગા, ટુમકુર, ટીપ્ટુર વગેરે સ્થળો પર ફરીને જનતામાં પણ જીવરક્ષા માટે જાગૃતિ ઉત્પન્ન કરી. લિંગાયત ગુરુ દયાનંદ સ્વામીએ પણ સરકારના રાક્ષસી કાર્ય વિરુદ્ધ પ્રચાર શરૂ કર્યો.

રેલીઓ, સભાઓ, પરિષદો, નિવેદનો વગેરે પણ શરૂ કરાયા.

પરંતુ "પ્રજાને આરોગ્યપ્રદ, સ્વચ્છ, તાજુ માંસ પૂરું પાડવાની પોતાની ફરજ" હોવાનું રૂપાળું બહાનું બતાવી કર્ણાટક સરકાર નમતું જોખતી નહોતી.

ઉપરાંત આવા કતલખાના દ્વારા કરોડોની ડાબા હાથની આવક કરવા પણ વહીવટી તંત્રમાં કોડ જાગ્યા હતા.

એની સામે પશુ રક્ષા માટે પ્રાણના ભોગે પણ લડી લેવાની તૈયારીવાળા સર્વધર્મકોમના યુવાનો.

જો કે અંતે તો હિંસા અને અહિંસા વચ્ચેના એ જંગમાં કર્ણાટક સરકારને નમતું જોખવું પડ્યું અને બેંગ્લોર નજીક કાંચનહલ્લી ગામમાં જે યાંત્રિક કતલખાનું થવાનું હતું એ બંધ રાખવામાં આવ્યું અને ત્યાં એક દેરાસર બાંધવામાં આવ્યું.

બીજો બનાવ મદ્રાસ નજીકના ઈરોડ નજીકના ગામનો છે. મહારાજશ્રી ઈરોડના અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગ પૂરો કરી બેંગ્લોર તરફ વિહાર (પ્રવાસ) કરી રહ્યા હતા.

ત્યાં રસ્તામાં આવતા એક નાનકડા ગામમાં એમણે માતાજીના એક મંદિરની નજીક રહેવાનું થયું. બપોરના બારેક વાગ્યાનો સમય થયો હશે. અને ગામમાંથી ઢોલ અને ગીતોનો અવાજ સંભળાયો.

તપાસ કરતા ખબર પડી કે બાજુના માતાજીના મંદિરમાં અનુયાયીઓ માતાજીને એક બોકડાની આહુતિ આપવાના છે. કરુણાસભર મહારાજશ્રીનું હૈયું દ્રવી ઉઠ્યું. મહારાજશ્રીએ બાજુમાં બેઠેલા શિષ્યોને ઈશારો કર્યો અને શિષ્યો માતાજીના ભક્તો સમક્ષ પહોંચીને એ રીતે હિંસા નહીં આચરવા સમજાવતા કહેવા લાગ્યા. "દેવીને જો ખરેખર બોકડાના પ્રાણની આહુતિ જોઈતી હોય તો જીવતા બોકડાને મંદિરમાં પૂરી દો. એ પછી બોકડાને મારવો છે કે જીવાડવો છે એનો નિર્ણય દેવીને ખુદને કરવા દો."

એ સાથે દેવીભક્તોને દૃષ્ટાંતો સાથે દલીલો કરવામાં આવી. માતાના ભક્તોમાં દયાનું ઝરણું તો વહેતું હતું જ. એ જાગ્રત થયું અને તેઓ મહારાજશ્રી પાસે જઈને કહેવા લાગ્યા. **"અમે બોકડાની હત્યા નહીં કરીએ."**

ત્રીજો બનાવ કર્ણાટકના બેંગ્લોરનો જ છે. ત્યાંના અખબારોમાં સમાચાર છપાયેલા કે "કર્ણાટકની સરકારે શાળાના બાળકોને બપોરના ભોજનની યોજનામાં અલ્પાહાર તરીકે ઈંડા આપવાનું નક્કી કર્યું છે."

બાળકને ઈંડાં ખવરાવવાની એ સરકારી યોજના વિરુદ્ધ તુરત જ મહારાજશ્રીના માર્ગદર્શન નીચે આંદોલન શરૂ થયું અને થોડાક જ વખતમાં સરકારે એ યોજના પડતી મૂકી.

**ગુજરાત સમાચાર – આશ્લેષ શાહ**

## આજીવન ધર્મના ભેખધારી, જૈન સંન્યાસી, ન્યાયવિશારદ સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

આ મહાપુરુષના કંઠમાં રણકાર, વાણીમાં મીઠાશ અને આંખોમાં અમી હતી. તેથી જયાં જયાં જતાં ત્યાં ત્યાં અહિંસા તપ અને ભક્તિની સુવાસ ફેલાતી... એમના જીવનમાં સાદગી હતી તો સ્વભાવમાં તાજગી હતી. સ્વ પ્રત્યે કઠોર હતા તો સર્વ પ્રત્યે કોમળ હતા. સફળતા પુષ્કળ છતાં સરળતા જોરદાર હતી.

પૂજયશ્રી જયારે સુધર્મા પીઠે બિરાજીને ઉપદેશ આપવાનો પ્રારંભ કરતાં ત્યારે તેમની વાણી કંઈક એવો જાદુ સર્જી દેતી કે ભણેલા, ગ્રેજયુએટ બનેલા અનેક યુવાનો સુખ અને સમૃદ્ધિથી છલકતાં સંસારને અલવિદા કરીને દીક્ષાનો પાવન પંથ પકડી લેતા અને પછી પોતે માં બનીને એ બધા યુવાનોને ન્યાય, વ્યાકરણ, આગમ, અને પ્રકરણશાસ્ત્રોના અચ્છા જ્ઞાતા બનાવવા સાથે તેમના જીવનનું અજબ ઘડતર કરતા. આ ભણતર અને ગણતરના પ્રભાવે અનેક સંયમીઓ, તપસ્વીઓ, વિદ્વાનો, વ્યાખ્યાતાઓ ઉપદેશકો, ગ્રંથકારો, કવિઓ, સિદ્ધહસ્ત લેખકો જૈન સંઘને સમાજ અને આર્યદેશને સાંપડ્યાં.

પૂજયશ્રીના જીવનમાં જે જે આદર્શો હતા, ઉપદેશમાં જે જે વાતો હતી તે બધી તેમણે જીવનમાં જીવી જાણી હતી. જીંદગીની બાંધછોડ નહીં. છેલ્લી ઘડી સુધી સતત જ્ઞાનાભ્યાસ હતો.

બાલ્યકાળમાં બનેલો એક પ્રસંગ અમદાવાદની પ્રકાશ હાઈસ્કૂલમાં શિક્ષકે કાંતિલાલ (પૂજયશ્રી)ને પ્રશ્ન પૂછ્યો, "બોલ કાંતિ ! તને ભવિષ્યમાં શું બનવું ગમે છે ?" કાંતિએ નમ્રતાપૂર્વક જવાબ આપ્યો, "સાહેબ ! રોટી-કપડાં-રહેઠાણની સગવડ મળી જાય તો આખો દી પૂર્વના ઋષિ મહર્ષિના શાસ્ત્રોના અભ્યાસમાં જીવન પૂર્ણ કરવા ઈચ્છું છું." જવાબ સાંભળી શિક્ષક અને વિદ્યાર્થીઓ તાજુબ થઈ ગયા... કહેવતને સાચી પાડી, પુત્રના લક્ષણ પારણામાં."

આ ત્યાગી-વૈરાગી મહાપુરુષની પ્રભુભક્તિ પણ અજોડ હતી. પ્રભુના મંદિરમાં સુરીલા કંઠે સ્તવન સ્તુતિ કે પ્રભુના ભજનો એમના મુખે સાંભળવા એક લહાવો ગણાતો. સુપ્રસિદ્ધ અષ્ટાપદજીની પૂજા વિવિધ રાગ-રાગણીઓ સાથે આ મહાપુરુષ ભણાવતા હોય કે તેના અર્થો કરતા હોય ત્યારે શ્રોતાગણ ૪-૪ યા ૫-૫ કલાક મંત્રમુગ્ધ બનીને સાંભળીને ભાવવિભોર બની જતો.

પૂજયશ્રી પાસે વાસ્તવમાં કેટલું જ્ઞાન હતું તે કોઈ જાણી શક્યું નહોતું. કેમ કે, જયારે કો'ક જયોતિષ પંડિત પૂજયશ્રી પાસે આવતો તો પૂજયશ્રી એવી રીતે

વાતો કરતાં કે જાણે પેલો પંડિત જ પૂજ્યશ્રી પાસે ભણતો ન હોય ! ક્યારેક વૈદ્યકશાસ્ત્રનો વિદ્વાન વૈદ્ય આવતો ત્યારે તે સ્વયં વૈદ્યકશાસ્ત્રના રહસ્યો ભણવા બેસી જતો, કોઈ સંગીત સમ્રાટ પણ પૂજ્યશ્રી પાસે આવતો ત્યારે ન જાણેલા કેટલાય રાગ-રાગિણી શીખવા પૂજ્યશ્રી પાસે બેસી જતો. ન્યાયના વિદ્વાનો પણ કઠિન ન્યાયશાસ્ત્ર સરળતાથી કંઈ રીતે ભણાવવા ? તે શીખવા પૂજ્યશ્રી પાસે આવતા.

પૂજ્યશ્રીની અદ્‌ભુત સાદાઈ પણ ઉડીને આંખે વળગે તેવી હતી. અદ્‌ભુત વિદ્વત્તા છતાં બાહ્ય-આડંબર અને આત્મપ્રશંસાથી તેઓ સદૈવ દૂર રહ્યા હતા.

છેલ્લા ૪૧-૪૧ વર્ષોથી સતત **"દિવ્ય દર્શન"** ગુજરાતી સાપ્તાહિકના માધ્યમથી અને પાંચ વર્ષથી **"તીર્થંકર દિવ્યદર્શન" હિન્દી સાપ્તાહિક**ના માધ્યમથી ઘર-ઘરમાં જ્ઞાનનો દીવો પેટાવ્યો હતો, તેવા ગુજરાતના છતાં ભારતભરમાં છવાયેલા પૂજ્યશ્રીની છટા-જ્ઞાન-ધ્યાન-તપ-સંયમને જોવાનો અને માણવાનો એક જીવનનો લહાવો ગણાતો હતો.

— **રખિયાળ, દૈનિક** તા. ૨૮-૧૦-૧૯૯૩, ગુરુવાર,

— લેખક-પંડિત નવિનભાઈ શાહ, ડીસા



## ગુરુ ભક્તિના ગીતો

ભુવનભાનુ સ્મરણ તમારું, અવનિનું અમીટ અજવાળું રે

(પ્રભાતીયા)

ભુવનભાનુ તો તેને કહીયે, અવનિને અજવાળે રે,
તપનાં તેજ લિસોટે જગના, રાગ વિકારને બાળે રે,
**ભુવનભાનુ તો તેને કહિયે...**

વાણી જેની અમૃત ઝરતી, વિષમ વિષ ઉતારે રે,
નેણો જેનાં નેહ નીતરતા, દર્શનદુરિત નિવારે રે.
**ભુવનભાનુ તો તેને કહિયે...**

રોમે રોમ અણુએ અણુ, જેનું મહેકે જ્ઞાનાચારે રે,
આઠે પહોરે અરિહંત હૃદયમાં, પળભર નહીં વિસારે રે.
**ભુવનભાનુ તો તેને કહિયે...**

જેના સ્મિતની એક લહેરખી, આંસું સમંદર ખાળે રે,
ચિત્ત પ્રસન્ન સદૈવ પ્રભુમય... પળમાં વિપદ ટાળે રે.
**ભુવનભાનુ તો તેને કહિયે...**

## ધન્ય ધરા ગુજરાતની

ધન્ય ધરા ગુજરાતની, ધન નગરી અમદાવાદ રે,
પાક્યો યુગપુરુષ જે રહેશે યુગયુગાંતર યાદ રે...
મુમુક્ષુને મુનિઓનો સર્જક, જન્મ્યો સદીઓ બાદ રે,
**પાક્યો યુગપુરુષ જે રહેશે યુગયુગાંતર યાદ રે...**

સંવત ૧૯૬૭ ને ચૈત્ર વદી છઠ રજની,
રાત્રીના તિમિરને હરતી પ્રગટી કિરણ સૂરજની,
કાળુશીની પોળમાં તે'દી નવલી ઉગી પ્રભાત રે,
પાક્યો યુગપુરુષ જે રહેશે યુગયુગાંતર યાદ રે...

ચીમનલાલ ને ભૂરીબેનના હૈયે હર્ષ ન માયો,
દીકરો જનમ્યો શુભ ચોઘડીયે આંગણ આનંદ છાયો,
ચમક અનેરી આંખોમાંને મુખ પુનમનો ચાંદ રે,
પાક્યો યુગપુરુષ જે રહેશે યુગયુગાંતર યાદ રે...

કાંતિ નામ દીધું ફઈબાએ સૂઝી મતિ શું મનમાં,
ભાનુ થઈને ઝળહળશે આ જિનશાસનના ગગનમાં,
ગુરુદેવે ગારૂડી થઈને, સર્જ્યો એક ઈતિહાસ રે,
પાક્યો યુગપુરુષ જે રહેશે યુગયુગાંતર યાદ રે...




## યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં

કરી શકે ના કોઈ તારાં ગુણોનાં સરવાળાં,
યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... (૨)
કેમ ભૂલીશું તુજને, ઓ જિનશાસનના રખવાળા,
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં.**

જગતગુરુ તેં જન્મ ધર્યા ધરતી પર કરવા જગઉદ્ધાર,
અંધારે અથડાતા યુવાનો તણો થયો તું તારણહાર,
સી.એ. જેવી જી.ડી.એ. ની ડિગ્રી લીધી પરદેશમાં,
માત તાત ને બાંધવ-બેની હરખ્યાં ભાવાવેશમાં.
શાહ કુટુંબનો આ કુળદીપક વિદ્યાધર થઈ ઝળહળશે,
ચીમનભાઈ ને ભૂરીબેનનું નામ બધે ઉજ્જવળ કરશે,
ખબર નહોતી કાંતિ માટે લખ્યું વિધિએ જુદું વિધાન,
માનવ નહીં પણ મહામાનવ થઈ કરશે આ તો જગકલ્યાણ.
ગાડી-મોટર-પ્લેન નહીં પણ ફરશે આ પગપાળા,
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૧**

માયા મમતા-વિલાસ-વૈભવ ત્યાગ્યા સૌ સુખ સંસારી,
મુક્તિ પંથે હાલી નીકળ્યો યુગપુરુષ એ અવતારી,
એક તો આતમ વૈરાગી એમાં ભક્તિકેરો રંગ ભળ્યો,
પ્રેમસૂરીશ્વર જેવા જ્ઞાની સદ્ગુરુનો સંગ મળ્યો,
ઓગણીસ સો એકાણું પોષ સુદ બારસના મંગળ દિવસે,
લઘુબંધુ પોપટની સાથે ચાણસ્મા પહોંચ્યા હોંશે,
પ્રેમસૂરીશ્વર જેવા સમર્થ ગુરુ પાસે દીક્ષા લીધી,
ભાનુવિજય ને પદ્મવિજય થઈ ભાવે ભક્તિ પ્રારંભી,
એક જ પળમાં ઉઘડી ગ્યા... અંતરના અટૂટ તાળા...
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૨**

પ્રમાદ છોડી કાયા કસીને ગુરુભક્તિના લીધા પચ્ચક્ખાણ,
રોમે રોમ ગુરુગુણમાયા ગુરુ આજ્ઞાને બનાવી પ્રાણ,
વૈયાવચ્ચ, વૈરાગ્ય, વિનય ને જ્ઞાન ધ્યાન વળી તપ ને ત્યાગ,
સંયમ પરિણતિ શ્વાસે શ્વાસે, ગુરુ સેવામાં સદા સજાગ,
બાહ્ય ભાવથી વિમુખ થઈને કરતાં જ્ઞાનોપાસના,
છઠ્ઠ તપ કરીને પળ પળ કરતા રત્નત્રયીની સાધના,
વિવિધ ગ્રંથોના વાંચનથી જ્ઞાનમાં થતી રહી વૃદ્ધિ,
આરાધનાના સતત પ્રભાવે, થતી રહી ગુણની શુદ્ધિ,
આધ્યાત્મિકતાના અથાગ દરિયે અંતર કરે ઉલાળા...
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૩**

સંવત બે હજાર છ ની સાલમાં - મુંબઈ ખાતે કર્યો વિહાર,
મધમીઠી વૈરાગ્યવાણીથી મચી ગયો બધે હાહાકાર,
ગુરુદેવના પ્રવચન સુણવા ઉમટ્યાં બાલગોપાલ હજાર,
દિવ્ય પ્રતિભા ભુવનભાનુની સર્જ્યો અનોખો ચમત્કાર,
જ્ઞાન તણા ભંડાર ગુરુજી, વરસ્યા એવા અનરાધાર,
તરવરીયા તોખાર સમા યુવકોએ ત્યજી દીધો સંસાર,
મારગ સાધ્યો મુક્તિ કેરો છોડી માત-પિતા-ઘરબાર,
ગુરુચરણોની રજ માથે લઈ હાલી નીકળ્યા હારોહાર,
મુનિગણો ને મુમુક્ષુ તણી ઉઘડી ગઈ પાઠશાળા,
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૪**

પ્રેમસૂરીશ્વર ગુરુદેવના સોનેરી શમણા કર્યા સાકાર,
ભેટ દઈ ઉત્તમ શ્રમણોની શાસનને નવલી સુખકાર,
**પરમતેજ** પથરાયા ગુરુના ઉચ્ચ પ્રકાશ તણા પંથે,
સાત્ત્વિક સાહિત્ય પીરસ્યું જગને, અનંત ઉપકારી સંતે,
સંયમની સુવાસ ગુરુની નિજ વાણી ને વર્તનમાં,
સમગ્ર જીવન વ્યતીત કર્યું - મનોમંથન, ચિંતન, લેખનમાં,
સ્વાધ્યાય - સંયમ - સદ્‌ગુણોની પ્રસરાવી સઘળે સુવાસ,
જ્ઞાન-ધ્યાનની દિવસે દિવસે વધતી રહી અવિરત પ્યાસ,
યુવાશિબિરના આદ્ય પ્રણેતા મનમાં બાંધ્યા માળા,
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૫**

નીરખ્યા પ્રભુને અણુ અણુમાં ભક્તિરસ વહે રગરગમાં,
અષ્ટાપદ પૂજામાં ગુરુનો નહીં જડે જોટો જગમાં,
શ્રમણ સંસ્થાના ઘડતર માટે દીધી મધુરી વાચના,
ચુસ્ત રહે આચારમાં સહુએ, એક જ ગુરુની કામના,
મધુર કંઠે શબ્દો રણકતા, અનુપમ શાતા આપતા,
જ્યાં જ્યાં પાવન ચરણો પડે ત્યાં, ભવના વિઘ્નો ભાગતા,
ધન્ય થયા નગરો ને ગામો, ધન્ય થયા ઘર ને આવાસ,
ધન્ય થયા પત્થરે પત્થરા જ્યાં ગુરુએ ગાળ્યો ચાતુર્માસ,
યુવાહૃદયથી દૂર કર્યા, જડવાદના ઝેરી જાળા,
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૬**

ચાંદની રાતે કલમ ચલાવી, વિવિધ ગ્રંથો કર્યા તૈયાર,
પાક્યો નથી કોઈ વિદ્યાસાગર, આ અવનિ પર એકવાર,
તર્ક શક્તિનો ગજબ પુરાવો, **અમીચંદની અમીદૃષ્ટિ,**
પુસ્તકના પાને પાને થઈ, અનરાધાર અશ્રુવૃષ્ટિ,
કલમથી ટપકેલી શ્યાહીએ, પલટાવીયા જીવનના પંથ,
જિનશાસનને મલશે ફરીથી, ક્યારે આવો વિરલ સંત,
સમય રેતી પર અંકિત રહેશે, ભુવનભાનુના પગલાં,
નિતર્યું જે અમૃત કલમથી, અમર બની ગયા ગ્રંથ સઘળા,
રાહ ભૂલ્યાને રાહ ચીંધશે, સદૈવ શબ્દ રુપાળા,
**યુગો સુધી ઝળહળશે ભુવનભાનુનાં અજવાળાં... ૭**

• • •

# ક્યાં ગોતું સરનામું ? ગુરુદેવ

(રાગ : શ્વાસ સુધીના સગપણ સાચા)

જીવનલીલા સંકેલીને, આદરી નવી સફર,
મૃત્યુ તો હોય માનવીના, મહામાનવ તો હોય અમર,
ક્યાં જઈને વસવાટ કર્યો ગુરુ, ક્યાં જઈ દર્શન પામું,
**ક્યાં ગોતું સરનામું, ગુરુદેવ...૧**

વત્સલ મુરત-સ્નેહલ સુરત, જોવા ફરી નહીં મળશે...
તારા વિજોગે હે ગુરુમાતા, લાખો હૃદય ટળવળશે...
અમૃત ઝરતી આંખલડીથી, કોણ નીરખશે સામું...
**ક્યાં ગોતું સરનામું, ગુરુદેવ...૨**

ક્યાં જઈને ઠાલવશું ગુરુમા, હૈયાની વાતલડી,
પુનીત તારા પગલાં ગોતે, અશ્રુભીની આંખલડી,
તારા વિણ આ આયખું જાણે, થઈ ગયું સાવ નકામું...
**ક્યાં ગોતું સરનામું, ગુરુદેવ...૩**

ગુરુમા ! ગુરુમા ! કહીને તુજને, તારા શ્રમણો પોકારે,
જ્યાં હો ત્યાંથી આશિષ દેજે, જીવશું એ જ સહારે,
જન્મોજનમ, રજ રજમાં તારી, વદનાકૃતિ પામું...
**ક્યાં ગોતું સરનામું, ગુરુદેવ...૪**

જઈને કોઈ દિવ્યલોકમાં, એટલું કહીને આવે,
પળ પળ પ્યારા ગુરુવર અમને, તારી યાદ સતાવે,
આ અવનિ પર કરી અંધારા-અસ્ત થયો કાં ભાનુ...
**ક્યાં ગોતું સરનામું, ગુરુદેવ...૫**

• • •

# ભુવનભાનુ ગુરુદેવ કા ગાઉં કર ધર ધ્યાન

— કુમારપાળ વિ. શાહ

ગૌતમ પ્રભુ વંદન કરું, શ્રુત કા દો વરદાન,
ભુવનભાનુ ગુરુદેવ કા ગાઉં ઉર ધર ધ્યાન ॥૧॥

ભુવનભાનુ ગુરુ ખેવૈયા, પાર કરો અબ મેરી નૈયા,
કૃપા નિધાન પરમહિતકારી, ચરણકમલ તવ પાવનકારી ॥૨॥

ચૈત્ર માહ વદ છઠ દિન આયા, માત-ભૂરિ કા ભાગ્ય સુહાયા,
રાજનગર નગર કે પ્યારે ચીમનભાઈ કે લાલદુલારે ॥૩॥

બીસ બરસ કી છોટી વય મેં પ્રખર બુદ્ધિ વ આત્મશક્તિ સે,
લંડન તક કી શિક્ષા પાકર હુએ અગ્રસર શિક્ષા જગ મેં ॥૪॥

અર્થ પ્રાપ્તિ કા લક્ષ ન મન મેં, અર્થકામ સે નહીં લુભાયેં,
વૈરાગ્ય રસ મેં મન લગાયેં, પ્રેમસૂરિ કા સંગ જમાયેં ॥૫॥

'કાન્તિ'લાલ અબ ક્રાન્તિ ચાહે, ચાણસ્મા મેં દીક્ષા પાવે,
પ્રેમસૂરિજી શિષ્ય બનાયેં, 'કાન્તિ' ભાનુવિજય કહાયેં ॥૬॥

ત્યાગ તપસ્યા વ્રત અતિભારી, પ્રભુચરણો મેં નાવ ઝુકાદી,
ન્યાયશાસ્ત્ર મેં હોકર લીના, આગમજ્ઞાન મેં હુએ પ્રવીણા ॥૭॥

ગુરુવર પૂજ્ય પંન્યાસ કહાયેં, જિનશાસન જગ મેં ચમકાયેં,
દો સો શિષ્યો કા માન બઢાયેં, શિષ્યમંડલ કો મહાન બનાયેં ॥૮॥

યુવા જ્યોતિ એસી પ્રગટાઈ, શિબિરો સે નવકાન્તિ કરાઈ,
ધર્મજ્ઞાન કી શહનાઈ બજાઈ, પતિતજનો કી નાવ તિરાઈ ॥૯॥

મકાન નહિ માનસ બનાયેં, યુવા હૃદય મેં જ્યોતિ જગાયેં,
ઘર ઘર જન જન દીપ જલાયેં, જિનશાસન કી શાન બઢાયેં ॥૧૦॥

કર્મ શાસ્ત્ર કે થે અતિજ્ઞાતા, ગુરુ આજ્ઞા સે બને નિર્માતા,
ચંદ્ર ચાંદની મેં સાહિત્યા રચાયા, દિવ્ય દર્શન કો દિવ્ય બનાયા ॥૧૧॥

વ્યક્તિ વસ્તુ કી નહીં આસક્તિ, માન સમ્માન કી પૂર્ણ વિરક્તિ,
અભિવ્યક્તિ કી ગજબ થી શક્તિ, વ્યક્તિ સે તુમ બને વિભુતિ ॥૧૨॥

હે જૈનધર્મ કે અણમોલ રત્નાકર, દિવ્ય દર્શન ભવ્ય દિવાકર,
જયઘોષ સૂરિ કે પરમ ઉપકારક, કર દિયા તૂને ધૂમ મચાકર ॥૧૩॥

મોક્ષ માર્ગ પરમ પ્રવર્તક, શાસ્ત્રસિદ્ધાંત સરલ પથદર્શક,
વર્ધમાન તપ વિરલ આરાધક, આત્મજ્ઞાન કે વિમલ દિગ્દર્શક ॥૧૪॥

સચ્ચે સાધક થે મહાજ્ઞાની, અનુપમ યોગી અરિહંત ધ્યાની,
સંઘભેદ સે વ્યથિત કરુણાધારી, તુમ સંઘ ઐક્ય કે મહાવ્રતધારી ॥૧૫॥

પરમ કૃપાલુ પરમ ઉપકારી, દૂર દેશ કે વિચરણ હારી,
ભુવનભાનુ ઐસે ઉપકારી, પલ પલ યાદ કરે નરનારી ॥૧૬॥

શિષ્યો કે ગુરુદેવ થે પ્યારે, જૈન સંઘ કે બને સહારે,
હુઆ હોગા ઐસા યોગી, હમને દેખના યહ પહલા જોગી ॥૧૭॥

ઉનસઠ બરસ કે સંયમધારી, તિરાસી બરસ કે દીર્ઘવયધારી,
મિથ્યાત્વ મત કે તિમીર નિવારી, ધન્ય ધન્ય હે ! બાલબ્રહ્મચારી ॥૧૮॥

દક્ષિણ દેશ સે ગુજરાત પધારે, રાજનગર કો ધન્ય બનાયેં,
વાચનાઓ સે ધૂમ મચાયેં, પ્રસન્નતા સે ખૂદ હરષાયેં ॥૧૯॥

જીવન અપના અંતિમ જાના, હર્ષિત હો ઉત્સવ મનાયા,
વ્યાધિ મેં ભી સમાધિ લગાયા, સમતા કો અખંડ બનાયા ॥૨૦॥

સંવત ઉનપચાસ દોય હજારા, ચૈત્ર વદી તેરસ સોમવારા,
અરિહંત શરણ લીયા ઉપહારા, સંઘ હો ગયા અબ બેસહારા ॥૨૧॥

ભુવનભાનુ નામ સુખદાતા, જપત પાપ કોટી કટ જાતા,
દાન પ્રેમ કી પાટ સુહતા, જિનશાસન જગ મેં વિખ્યાતા ॥૨૨॥

શિષ્યો કે ગુરુદેવ થે પ્યારે, જૈન સંઘ કે સચ્ચે સહારે,
જબ તક નભ મેં ચાંદ સિતારે, ગુણ ગાયેંગે સભી તુમ્હારે ॥૨૩॥

નિર્મલ મન સે હમ જબ ધ્યાવે, હૃદયહાર સબકા બન જાવે,
કુમારપાલ યહ ગુણ ગીત ગાવેં, સુખશાંતિ સબ મિલકર પાવેં ॥૨૪॥

• • •

## "ગૌતમ-વીરની યાદ અપાવે... ગુરુ-શિષ્યની જોડી"



પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.     પ. પૂ. આ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા.

# ભુવનભાનુ એન્સાઈકલોપીડિયા - કથાનક અનુક્રમણિકા

## સંપાદન - પૂ. પંન્યાસ શ્રી પદ્મસેન વિજય મ.સા.

| અ કથા | ભાગ | વર્ષ | અંક |
|---|---|---|---|
| અગ્નિભૂતિ | ૧૧ | ૧ | ૨૩ |
| અગ્નિભૂતિ | ૧૪ | ૫ | ૨ |
| અંતરાત્મભાવમાં સ્થિર થવા વિચારણા | ૫૪ | - | - |
| અંજનાસુંદરી | ૧૬ | ૬ | ૨૯ |
| અંજનાસુંદરી | ૨૯ | ૧૪ | ૪૦ |
| અંજનાસુંદરી | ૨૯ | ૧૫ | ૭ |
| અંજનાસુંદરી | ૧૬ | ૬ | ૨૯ |
| અંજનાસુંદરી | ૩૯ | ૨૪ | ૨૨ |
| અંજનાસુંદરી | ૩૭ | ૨૨ | ૩ |
| અર્હન્નક શ્રાવક | ૪૬ | ૧૨ | ૨૦ |
| અર્હન્નક શ્રાવક | ૩૫ | ૩૧ | ૬ |
| અંગર્ષિ | ૧૮ | ૩ | ૭ |
| અભ્યાસથી ભેંસ-રાણી | ૧૯ | ૧૭ | ૩૨ |
| અભ્યાસથી ભેંસ-રાણી | ૧૬ | ૬ | ૪૫ |
| અગ્નિશર્મા :- ગિરિસેન | ૨૧ | ૧ | ૩૬ |
| અગ્નિશર્મા :- ગિરિસેન | ૨૭ | ૬ | ૪૭ |
| અગ્નિશર્મા :- ગિરિસેન | ૨૭ | ૩ | ૧ |
| અગ્નિશર્મા :- ગિરિસેન | ૪૩ | ૧૯ | ૩૭ |
| અર્જુનમાલી | ૨૩ | ૫ | ૫ |
| અર્જુનમાલી | ૨૪ | ૮ | ૩૯ |
| અર્જુનમાલી | ૨૮ | ૧૪ | ૧૩ |
| અર્જુનમાલી | ૪૩ | ૧૯ | ૧૧ |
| અનુપભાઈ ભરૂચ | ૨૭ | ૧૦ | ૪૬ |
| અનુપભાઈ ભરૂચ | ૪૪ | ૨૦ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| અર્ણોરાજ | ૨૮ | ૧૪ | ૩૦ |
| અવધિજ્ઞાનીમુનિ કૌતુક | ૪૩ | ૧૯ | ૨૮ |
| એડવર્ડ | ૪૪ | ૨૫ | ૩૬ |
| અફીણથી ભાઈનો રોગ | ૪૪ | ૨૫ | ૩૮ |
| અસમંતનાસ્તિક | ૩૬ | ૨૧ | ૩ |
| અગમલાલ લાકડી પરલોકમાં પહોંચાડવા | ૫૧ | ૧૩ | ૧૮ |
| અજયપાલ | ૪૧ | ૧૬ | ૪૮ |
| અનાથી મુનિ | ૧૬ | ૦ | ૦ |
| અમીચંદની અમીદૃષ્ટિ | ૨૬ | ૦ | ૦ |
| અઈમુત્તો | ૧૩ | ૨ | ૨૯ |
| અઈમુત્તો | ૪૬ | ૧૨ | ૩૯ |
| અઈમુત્તો | ૩૭ | ૨૧ | ૪૫ |
| અર્ણિકાપુત્ર | ૧૯ | ૧૭ | ૧૨ |
| અર્ણિકાપુત્ર | ૨૮ | ૧૪ | ૩૬ |
| અર્ણિકાપુત્ર | ૧૫ | ૩૩ | ૨૨ |
| અર્ણિકાપુત્ર | ૧૫ | ૩૩ | ૨૯ |
| અર્ણિકાપુત્ર | ૩૯ | ૨૪ | ૬ |
| અર્ણિકાપુત્ર | ૩૫ | ૩૧ | ૪ |
| અમરકુમાર | ૩૭ | ૨૧ | ૪૭ |
| અનુપમા | ૧૩ | ૨ | ૨૯ |
| અનુપમા | ૨૮ | ૧૪ | ૩૩ |
| અનુપમા | ૪૯ | ૩૪ | ૧૩ |
| અનુપમા | ૪૨ | ૧૮ | ૬ |
| અવંતિસુકુમાર | ૧૨ | ૨ | ૨૨ |
| અવંતિસુકુમાર | ૧૨ | ૨ | ૨૧ |
| અવંતિસુકુમાર | ૪૯ | ૩૪ | ૧૮ |
| અચુંકારી ભટ્ટા | ૩૪ | ૩૦ | ૭ |
| અંગારમર્દકાચાર્ય | ૧૩ | ૪ | ૩૯ |

| | | | |
|---|---|---|---|
| અંગારમર્દકાચાર્ય | ૧૫ | ૩૩ | ૨૩ |
| અરણિક | ૨૦ | ૧૦ | ૨૪ |
| અરણિક | ૨૫ | ૯ | ૨૧ |
| અરણિક | ૩૯ | ૨૪ | ૧૮ |
| અમેરીકન બેન (પતિની સેવા) | ૫૬ | ૩૬ | ૩૦ |
| અભયકુમાર | ૧૩ | ૪ | ૩૯ |
| અભયકુમાર | ૨૦ | ૧૦ | ૨૩ |
| અભયકુમાર | ૩૧ | ૨૭ | ૨૧ |
| અભયકુમાર | ૪૮ | ૨૦ | ૩૯ |
| અંગાર વાણિજયવાળાનું દષ્ટાંત | ૪૫ | ૧૧ | ૪૮ |
| અંબડ પરિવ્રાજક | ૪૯ | ૩૩ | ૪૧ |
| અંબડ પરિવ્રાજક | ૫૯ | ૧૨૬ | - |
| અંબડ પરિવ્રાજક | ૪૮ | ૨૦ | ૪૪ |
| અઠ્ઠાણુ પુત્રો | ૧૪ | ૩૨ | ૨૩ |
| અઠ્ઠાણુ પુત્રો | ૧૮ | ૫ | ૨૧ |
| અઠ્ઠાણુ પુત્રો | ૧૯ | ૧૭ | ૨૭ |
| અઠ્ઠાણુ પુત્રો | ૨૫ | ૯ | ૨૭ |
| અઠ્ઠાણુ પુત્રો | ૪૩ | ૧૯ | ૧૬ |
| અઠ્ઠાણુ પુત્રો | ૩૨ | ૨૮ | ૧૭ |
| અઠ્ઠાણુ પુત્રો | ૫૬ | ૩૯ | ૨૫ |
| અઠ્ઠાણુ પુત્રો | ૪૩ | ૧૯ | ૩૯ |
| અઠ્ઠાણુ પુત્રો | ૩૫ | ૩૧ | ૬ |
| અઠ્ઠાણુ પુત્રો | ૩૬ | ૨૧ | ૫ |
| આર્યસુહસ્તી | ૧૨ | ૨ | ૨૧ |
| અનાથી મુનિ | ૧૬ | ૬ | ૧ |
| અનાથી મુનિ | ૩૬ | ૨૧ | ૧૯ |
| અપરાજિત બળદેવ | ૧૪ | ૩૨ | ૩૨ |
| અપરાજિત બળદેવ | ૨૨ | ૪ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| અર્જુન | ૪૩ | ૧૯ | ૧૧ |
| અરવિંદ ઘોષ | ૫૪ | ૮૦ | - |
| અકબર | ૨૭ | ૬ | ૪૭ |
| અકબર | ૨૭ | ૭ | ૧ |
| અકબર | ૨૭ | ૬ | ૪૮ |
| અકબર | ૨૭ | ૩ | ૨ |
| આમ્રભટ્ટ | ૧૩ | ૨ | ૩૦ |
| આમ્રભટ્ટ | ૩૬ | ૨૧ | ૧૨ |
| આનંદશ્રાવક | ૧૪ | ૩૨ | ૩૨ |
| આનંદશ્રાવક | ૧૭ | ૭ | ૨ |
| આનંદશ્રાવક | ૫૯ | ૯૬ | - |
| આનંદશ્રાવક | ૫૪ | ૨૦૬ | - |
| આર્દ્રકુમાર | ૧૭ | ૭ | ૧૮ |
| આર્દ્રકુમાર | ૨૨ | ૩ | ૪૫ |
| આર્દ્રકુમાર | ૨૩ | ૫ | ૧૬ |
| આર્દ્રકુમાર | ૨૭ | ૬ | ૪૭ |
| આર્દ્રકુમાર | ૧૫ | ૩૩ | ૨૪ |
| આર્દ્રકુમાર | ૩૯ | ૨૪ | ૧૮ |
| આર્દ્રકુમાર | ૫૯ | ૮૫ | - |
| આર્દ્રકુમાર | ૪૭ | ૨૫ | - |
| આષાઢાભૂતિ | ૧૯ | ૧૭ | ૨૨ |
| આષાઢાભૂતિ | ૨૨ | ૩ | ૪૫ |
| આષાઢાભૂતિ | ૨૩ | ૫ | ૧૬ |
| આષાઢાભૂતિ | ૨૭ | ૬ | ૪૭ |
| આષાઢાભૂતિ | ૧૫ | ૩૩ | ૨૪ |
| આષાઢાભૂતિ | ૩૯ | ૨૪ | ૧૮ |
| આષાઢાભૂતિ | ૫૯ | ૮૫ | - |
| આષાઢાભૂતિ | ૪૭ | ૨૫ | - |

| | | | |
|---|---|---|---|
| આર્યમંગુ | ૨૪ | ૮ | ૩૦ |
| આર્યમંગુ | ૪૨ | ૧૮ | ૪૩ |
| આર્યદેશનો પંડીત | ૧૧ | ૧ | ૧૨ |
| આર્યરક્ષિત | ૨૫ | ૯ | ૨૧ |
| આર્યરક્ષિત | ૨૯ | ૧૫ | ૩ |
| આર્યરક્ષિત | ૩૩ | ૨૯ | ૬ |
| આર્યરક્ષિત | ૪૪ | ૨૫ | ૪૫ |
| આર્યરક્ષિત | ૫૨ | ૩૧ | ૧૧ |
| આર્યરક્ષિત | ૪૨ | ૧૮ | ૨૯ |
| આભુ સંઘવી | ૨૭ | ૩૭ | ૨ |
| આ પણ ટકવાનું નથી-રાજા | ૨૯ | ૧૪ | ૪૫ |
| આંધળાની માંગણી | ૧૫ | ૩૩ | ૨૩ |
| આંધળાની માંગણી | ૫૯ | ૧૦૭ | - |
| આભડમંત્રી | ૩૯ | ૨૪ | ૧૩ |
| આભડમંત્રી | ૪૪ | ૨૫ | ૪૨ |
| આભડમંત્રી | ૫૨ | ૪૧ | ૧૦ |
| આભડમંત્રી | ૩૪ | ૨૯ | ૩૭ |
| અંગારમર્દક આચાર્ય | ૪૫ | ૧૫ | ૨૦ |

| **ઈ કથા** | **ભાગ** | **વર્ષ** | **અંક** |
|---|---|---|---|
| ઈર્ષ્યાળુ રાણી | ૧૪ | ૪ | ૪૫ |
| ઈન્દ્ર નમિરાજર્ષિ: | ૧૬ | ૬ | ૨૦ |
| ઈલાચીકુમાર | ૧૯ | ૧૭ | ૨૩ |
| ઈલાચીકુમાર | ૧૯ | ૧૭ | ૩૯ |
| ઈલાચીકુમાર | ૨૪ | ૮ | ૪૪ |
| ઈલાચીકુમાર | ૩૨ | ૨૮ | ૨૧ |
| ઈલાચીકુમાર | ૫૨ | ૪૧ | ૮ |
| ઈલાચીકુમાર | ૩૨ | ૨૮ | ૧૨ |
| ઈરાનનો બાદશાહ | ૫૬ | ૩૯ | ૨૫ |

| | | | |
|---|---|---|---|
| ઈન્દ્રનાગ | ૩૪ | ૨૯ | ૩૩ |
| એકલવ્ય | ૫૫ | ૧૧૮ | - |
| એકલવ્ય | ૫૪ | ૮ | - |
| **ઉ કથા** | **ભાગ** | **વર્ષ** | **અંક** |
| ઉંદર - પ્રભુ કરતાં મોક્ષે પહેલો | ૨૨ | ૪ | ૫ |
| ઉદયન રાજા | ૨૭ | ૬ | ૪૭ |
| ઉલ્લંઠ પુત્રવધૂ | ૪૩ | ૧૯ | ૯ |
| **ક કથા** | **ભાગ** | **વર્ષ** | **અંક** |
| કચ્છી શેઠ રાજાને સહકાર | ૪૩ | ૧૮ | ૪૬ |
| કચ્છી શેઠ રાજાને સહકાર | ૪૨ | ૧૮ | ૪૬ |
| કચ્છી શેઠ રાજાને સહકાર | ૩૨ | ૨૮ | ૧૯ |
| કપિલ બ્રાહ્મણ | ૪૬ | ૧૫ | ૧૬ |
| કનકકેતુ | ૪૯ | ૩૪ | ૧૬ |
| કચ્છી શેઠ | ૪૨ | ૧૮ | ૪૬ |
| કલાઈ સે કમાયા કેશર મેં ગવાયા | ૩૫ | ૩૦ | ૪૨ |
| કપિલ કેવળી | ૪૧ | ૧૬ | ૪ |
| કમલપ્રભાચાર્ય | ૫૪ | ૧૫૭ | - |
| કમલપ્રભાચાર્ય | ૫૪ | ૨૨૨ | - |
| કલ્પક | ૨૦ | ૧૭ | ૪૫ |
| કલ્પક | ૪૭ | ૨૨ | ૪૫ |
| કમઠ સર્પ | ૧૫ | ૩૩ | ૮ |
| કાલ શૌકરિક (પુત્ર સુલસ) | ૧૨ | ૨ | ૧ |
| કાશી નરેશ | ૫૦ | ૩૧ | ૧૪ |
| કાંણિયા ભંગીને ૯ લાખનો વારસો | ૪૩ | ૧૯ | ૨૭ |
| કાનજી સ્વામી | ૪૦ | ૨૪ | ૩૭ |
| | ૪૨ | ૧૮ | ૧૮ |
| કામદેવ શ્રાવક | ૫૪ | ૨૦૬ | - |
| કામલતા | ૪૭ | ૨૨ | ૩૨ |

| | | | |
|---|---|---|---|
| કાર્તિકી શેઠ | ૩૯ | ૨૪ | ૨૩ |
| કાર્તિક શેઠ | ૧૬ | ૬ | ૧૨ |
| કાર્તિક શેઠ | ૩૯ | ૨૪ | ૨૩ |
| કાલિકાચાર્ય | ૧૮ | ૭ | ૩૩ |
| કાલિકાચાર્ય | ૧૫ | ૩૩ | ૨૭ |
| કાલિકાચાર્ય | ૧૨ | ૨ | ૩૨ |
**જૈન સાધુ** એવું જીવન ગાળે છે કે જે સહુ દ્વારા પ્રશંસા પામ્યું છે. તે વ્રત વિધાન ખૂબ ચોકસાઈથી કરે છે અને આત્માનો સાક્ષાત્કાર કરવા માટે જે માર્ગ અપનાવવો જોઈએ, તેનું દુનિયાને દર્શન કરાવે છે.

આ બાબતમાં ભારતના વ્યાપાર મંત્રી **શ્રી મોરારજી દેસાઈ**ના શબ્દો પણ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તેમણે મુંબઈ રાજ્ય વિધાન પરિષદની એક ચર્ચા દરમિયાન કહ્યું હતું કે- "I must say to the credit of Jains, that the sadhus of Jain have still maintained a large measure of austerity and sacrifice which other orders have not maintained to that extent."

જૈનોની પ્રશંસા કરતાં મારે કહેવું જોઈએ કે જૈન સાધુઓએ હજી સુધી તપ અને ત્યાગનું મોટું પ્રમાણ જાળવી રાખ્યું છે કે જે પ્રમાણ બીજા સંપ્રદાયવાળાઓ તેમના જેટલું જાળવી શક્યા નથી.'

આવા પવિત્ર **જૈન શ્રમણો**ના આચાર વિચાર અને બંધારણનો જનતાને સુસ્પષ્ટ ખ્યાલ આપવો એ આ લેખનું મુખ્ય પ્રયોજન છે.

## પ્રકરણ-૨ - જૈન ધર્મમાં શ્રમણોનું સ્થાન

'જૈન ધર્મમાં શ્રમણોનું સ્થાન શું છે ?' એ પ્રશ્નનો અમે પ્રથમ જવાબ આપીશું.

જૈન ધર્મમાં પંચપરમેષ્ઠીને મહત્ત્વનું સ્થાન અપાયેલું છે અને તેના સ્મરણ-વંદનને સર્વપાપહર લેખવામાં આવ્યું છે. તેમાં ત્રીજું, ચોથું અને પાંચમું સ્થાન જૈન શ્રમણોને અપાયેલું છે. શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર સૂત્ર પર એક સામાન્ય દૃષ્ટિપાત કરવાથી આ વાત સમજમાં આવી જશે.

### श्री पञ्चपरमेष्ठि नमस्कार सूत्रम् ।

**नमो अरिहंताणं ।**

**नमो सिद्धाणं ।**

**नमो आयरियाणं ।**

**नमो उवज्झायाणं ।**

**नमो लोए सव्वसाहूणं ।**

**एसो पंच-नमुक्कारो, सव्व-पाव-प्पणासणो ।**

**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥**

આ સૂત્રનો ભાવાર્થ એ છે કે-

૧. અરિહંતોને - અર્હંતોને નમસ્કાર કરું છું.

૨. સિદ્ધોને - મુક્તાત્માઓને નમસ્કાર કરું છું.

૩. **આચાર્યો**ને નમસ્કાર કરું છું.

૪. **ઉપાધ્યાયો**ને નમસ્કાર કરું છું.

૫. લોકમાં રહેલા સર્વ **સાધુઓને** નમસ્કાર કરું છું.

આ પંચ નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પહેલું મંગળ છે.

અહીં એટલું સ્પષ્ટીકરણ આવશ્યક છે કે, **આચાર્ય એ વડાશ્રમણ** છે, **ઉપાધ્યાય એ જ્ઞાનદાતા શ્રમણ** છે અને **સાધુ એ સામાન્ય શ્રમણ** છે, એટલે ત્રીજું, ચોથું અને પાંચમું પદ શ્રમણવર્ગને વંદન કરવા માટે જ યોજાયેલું છે.



જૈન ધર્મમાં શ્રમણોને સાક્ષાત્ મંગળ માનવામાં આવ્યા છે, લોકોત્તમ લેખવામાં આવ્યા છે, તેમજ શરણ્ય એટલે શરણે જવા યોગ્ય સમજવામાં આવ્યા છે, તે આવશ્યક સૂત્રના નીચેના પાઠો પરથી જાણી શકાશે.

**चत्तारि मंगलं । अरिहंता मंगलं । सिद्धा मंगलं । साहू मंगलं । केवलिपन्नत्तो धम्मो मंगलं ॥**

**चत्तारि लोगुत्तमा । अरिहंता लोगुत्तमा । सिद्धा लोगुत्तमा । साहू लोगुत्तमा । केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो ॥**

**चत्तारि सरणं पवज्जामि । अरिहंते सरणं पवज्जामि । सिद्धे सरणं पवज्जामि । साहू सरणं पवज्जामि । केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ॥**

ચાર (વસ્તુઓ) **મંગલ** છે. **અરિહંતો** મંગલ છે, **સિદ્ધો** મંગલ છે, **સાધુઓ**-શ્રમણો મંગળ છે અને કેવલિપ્રજ્ઞપ્ત (કેવળજ્ઞાનવાળા ભગવંતે કહેલો) **ધર્મ** મંગલ છે.

ચાર (વસ્તુઓ) **લોકોત્તમ** છે. **અરિહંતો** લોકોત્તમ છે, **સિદ્ધો** લોકોત્તમ છે, **સાધુઓ**-શ્રમણો લોકોત્તમ છે અને કેવલિપ્રજ્ઞપ્ત **ધર્મ** લોકોત્તમ છે.

ચારનું શરણ **અંગીકાર** કરું છું. **અરિહંતોનું** શરણ અંગીકાર કરું છું. **સિદ્ધોનું** શરણ અંગીકાર કરું છું. **સાધુઓનું**-શ્રમણોનું શરણ અંગીકાર કરું છું. કેવલિપ્રજ્ઞપ્ત **ધર્મનું** શરણ અંગીકાર કરું છું.

જૈન ધર્મમાં સાધુઓ - શ્રમણોની ગણના ત્રણ તારક તત્ત્વોમાં કરવામાં આવી છે, તે સમ્યકત્વ ગ્રહણ પ્રસંગે બોલાતી નિમ્ન ગાથા પરથી સ્પષ્ટ થાય છે :

**अरिहंतो मह देवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।**
**जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥**

હું જીવું ત્યાં સુધી **અરિહંત** મારા દેવ છે, **સુસાધુઓ** અર્થાત્ શ્રમણો મારા ગુરુ છે અને **જિન ભગવંતોએ** પ્રરૂપેલું તત્ત્વ એ મારો ધર્મ છે. (ભવસાગરમાંથી તરવા માટે) મેં આવું સમ્યક્ત્વ ગ્રહણ કરેલું છે.

તીર્થંકરો એટલે અર્હંતો કે જિનો, આત્માની પૂર્ણ વિશુદ્ધિ દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ધર્મ-સંઘનું પ્રવર્તન કરે છે, તેમાં પ્રથમ સ્થાન સાધુ-સાધ્વીઓને અર્થાત્ શ્રમણ-શ્રમણીઓને આપે છે અને બીજું સ્થાન શ્રાવક-શ્રાવિકાઓને આપે છે, એટલે ધાર્મિક શ્રેત્રમાં તેમનું વર્ચસ્વ મુખ્ય છે. આજે કોઈપણ ધાર્મિક ક્રિયા કરવી હોય તો તેમની અધ્યક્ષતામાં-નિશ્રામાં કરવામાં આવે છે અને જ્યાં તેવી અનુકૂળતા ન હોય ત્યાં તેમની સ્થાપના કરીને કામ લેવામાં આવે છે. તે માટે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યક ભાષ્યમાં જણાવ્યું છે કે–

**गुरु-विरहम्मि य ठवणा, गुरूवएसोवदंसणत्थं च ।**
**जिण-विरहम्मि व जिण-बिंब-सेवणाऽऽमन्तणं सफलं ॥**

જ્યારે સાક્ષાત્ ગુણવંત ગુરુનો વિરહ હોય, ત્યારે ગુરુના ઉપદેશને-આદેશને સમીપમાં રાખેલો દેખાડવા માટે સ્થાપના કરવી. જેમ જિનેશ્વરના વિરહમાં તેમની પ્રતિમાનું સેવન અને આમંત્રણ સફળ થાય છે, તેમ ગુરુવિરહમાં ગુરુની સ્થાપના પણ સફળ થાય છે.

સાક્ષાત્ ગુરુનો યોગ ન મળતાં એકલવ્યે ગુરુમૂર્તિની સ્થાપના કરીને ધનુર્વિદ્યાની પ્રાપ્તિ કર્યાનું દષ્ટાંત હિંદુધર્મમાં પ્રસિદ્ધ છે.

તાત્પર્ય કે જૈનધર્મમાં શ્રમણોને અતિ ઊંચું સ્થાન આપવામાં આવ્યું છે અને તેમને પરમ પૂજ્ય તથા પરમારાધ્ય માનવામાં આવ્યા છે.





આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે–

**निव्वाण-साहण-जोगे, जम्हा साहन्ति साहुणो ।**
**समा य सव्व-भूएसु, तम्हा ते भावसाहुणो ॥१००२॥**

સાધ્ ધાતુ પરથી સાધુ શબ્દ બને છે. એ રીતે સાધુપદની વ્યાખ્યા કરીએ તો જે **નિર્વાણસાધક યોગો**ને એટલે મોક્ષની પ્રાપ્તિ કરાવે તેવી ક્રિયાઓ કે અનુષ્ઠાનોને સાધે છે, તે **સાધુ** કહેવાય. **'स्व-पर-हितं मोक्षानुष्ठानं साधयतीति साधुः'** એ વ્યાખ્યામાં પણ આવો જ ભાવ રહેલો છે. અને ભાવની સુંદરતા પર વ્યાખ્યા કરીએ તો જેઓ સમ છે એટલે રાગ કે દ્વેષમાં ઘસડાઈ જતા નથી● અથવા સર્વ પ્રાણીઓને નિજ સમ માની સર્વ વ્યવહાર કરે છે, તે સાધુ કહેવાય.

અહીં એટલી સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે જેણે સાધુનો વેશ પહેર્યો છે પણ સાધુના ગુણોથી રહિત છે, તેને જૈન શાસ્ત્રો દ્રવ્ય સાધુ એટલે નામ માત્રના સાધુ કહે છે અને જેઓ સાધુના વેશની સાથે સાધુના ગુણોથી સહિત છે તેને જૈન શાસ્ત્રો ભાવસાધુ એટલે સાચા સાધુ કહે છે.

- **राग-दोस-विरहिओ समो त्ति** । શ્રી વિશેષાવશ્યક ભાષ્ય, ગાથા-૩૪૭૨
- **राग-दोस-विरहिओ समो त्ति** । -શ્રી વિશેષાવશ્યક ભાષ્ય,ગાથા-૩૪૭૭

શ્રી દશવૈકાલિક સૂત્રમાં સાધુની પરિચયાત્મક વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે :

**महुकारसमा बुद्धा, जे भवन्ति अणिस्सिया ।**
**नाणापिंडरया दन्ता, तेण वुच्चन्ति साहुणो ॥ अ-१. गा-५**

જેઓ (સંસાર અસાર છે, કામભોગો નિષ્ફળ છે, એવું) જ્ઞાન પામેલા હોય અર્થાત્ વૈરાગ્યરંગે રંગાયેલા હોય, જેઓ એક જ સ્થાનમાં પ્રતિબદ્ધ ન થતાં અર્થાત્ પડી ન રહેતાં જુદાં જુદાં સ્થાનોમાં પગે ચાલીને ફરનારા હોય, જેઓ ઇંદ્રિયો તથા મનનું દમન કરનારા હોય અને મધુકર એટલે ભમરાની માફક ઘણાં સ્થળેથી થોડો થોડો આહાર ગ્રહણ કરનારા હોય અર્થાત્ માધુકરી ગૌચરી કે ભિક્ષા પર નભનારા હોય, તે સાધુઓ કહેવાય છે.

જૈન સાધુનો આદર્શ કેટલો ઊંચો છે, તે આ વ્યાખ્યાથી સ્પષ્ટ થાય છે.

આવા સાધુઓને સમ ગુણની પ્રધાનતાને લીધે સમણ કહેવામાં આવે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫ માં અધ્યયનમાં કહ્યું છે કે—

**समयाए समणो होई, बंभचरेण बंभणो ।**
**नाणेण उ मुणी होइ, तवेण होइ तावसो ॥**

સમતા વડે સમણ કહેવાય છે, બ્રહ્મચર્ય વડે બ્રાહ્મણ કહેવાય છે, જ્ઞાનવડે મુનિ કહેવાય છે અને તપ વડે તાપસ કહેવાય છે.

**समतया शत्रु-मित्रादिषु प्रवर्तते इति समणः (नः) ।**

શત્રુ-મિત્રાદિ પ્રત્યે જેઓ સમતાપૂર્વક વર્તે છે તે સમણ. આ વ્યાખ્યામાં ઉપરનો ભાવ બરાબર ઉતરેલો છે.

સમણ શબ્દનો સંસ્કૃત ભાષામાં શ્રમણ એવો સંસ્કાર થયેલો છે. તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવે છે.

**श्राम्यतीति श्रमण :-** તપ કરે તે શ્રમણ.

**श्राम्यति श्रममानयति पञ्चेन्द्रियाणि मनश्चेति श्रमणः ।**

જે પાંચ ઇન્દ્રિય અને મનને શ્રમ પમાડે- સંયમમાં રાખે તે શ્રમણ.

**श्राम्यति संसारविषयखिन्नो भवति तपस्यतीति वा श्रमणः ।**

જે શ્રમ પામે છે એટલે સંસારના વિષયોથી ખિન્ન બને છે-ઉદાસીન બને છે. વૈરાગ્ય ધારણ કરે છે અથવા તપ કરે છે, તે શ્રમણ.

અપેક્ષાવિશેષથી આ બધી વ્યાખ્યાઓ યથાર્થ છે, કારણ કે જૈન શ્રમણો ઘણી તપશ્ચર્યા કરે છે, ઈંદ્રિયો અને મનને સંયમમાં રાખે છે અને સંસારને અસાર સમજી તેના પ્રત્યે વૈરાગ્યવૃત્તિ ધારણ કરે છે.

# પ્રકરણ-૪ - શ્રમણના પર્યાય શબ્દો



જૈન શ્રમણો ગૃહનો-ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરેલો હોવાથી તેમને કોઈ આગાર-ગૃહ હોતું નથી, એટલે તેઓ **અણગાર** કહેવાય છે.

તેઓ શુદ્ધ ભિક્ષા પર નિર્વાહ કરે છે, એટલે **ભિક્ખુ** કે **ભિક્ષુક** કહેવાય છે.

તેઓ માથે કેશલુંચનથી મુંડન કરે છે, માટે **મુંડ** કહેવાય છે.

તેઓ મોક્ષ માટે યત્ન કરે છે માટે **યતિ** કહેવાય છે અને સમ્યક્ પ્રકારે યત્ન કરે છે માટે **સંયતિ** કહેવાય છે.

તેઓ ગૃહસ્થાશ્રમની ક્રિયાથી ઘણે દૂર નીકળી ગયા છે, તેથી **પ્રવ્રજિત** કહેવાય છે.

તેઓ ગ્રંથ એટલે પરિગ્રહ વિનાના હોય છે, એટલે **નિગ્ગંઠ** કે **નિર્ગ્રંથ** કહેવાય છે.

તેઓ પ્રતિજ્ઞાપૂર્વક સર્વ આરંભ-સમારંભ (હિંસાજનક ક્રિયાઓ)થી વિરામ પામેલા હોય છે, માટે **વિરત** કહેવાય છે.

તેઓ ક્ષમા ગુણને ધારણ કરનારા હોય છે, એટલે **ક્ષાન્ત** કહેવાય છે. **ક્ષમાશ્રમણ** કહેવાય છે.

તેઓ ઈંદ્રિયો અને મનનું દમન કરનારા હોય છે, તેથી **દાન્ત** કહેવાય છે.

તેઓ જિનેશ્વર ભગવાનની આજ્ઞાઓનું સદા મનન કરનારા હોય છે, માટે **મુનિ** કહેવાય છે. **'मन्यतेऽसौ मुनिः ।'**

તેઓ ઘણી તપશ્ચર્યા કરે છે, એટલે **તપસ્વી** કહેવાય છે.

તેઓ જ્ઞાન વડે સંસારનો પાર પામે છે એટલે **ઋષિ** કહેવાય છે. **ऋषति ज्ञानेन संसारपारमिति ऋषिः ।** અને સામાન્ય ઋષિઓ કરતાં મહાન હોય છે, તેથી **મહર્ષિ** કહેવાય છે.

જૈન શાસ્ત્રોમાં આ બધાં નામોથી તેમનો ઉલ્લેખ આવે છે. પણ કોઈ કોઈ સ્થળે તેમને **યોગી** કહેવામાં આવ્યા છે. કારણ કે તેઓ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ યોગની સાધના કરે છે. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે ધ્યાનશતકમાં શ્રમણ ભગવાન મહાવીરની યોગીશ્વર તરીકે સ્તુતિ કરેલી છે. જેમકે-

**वीरं सुक्कज्झाणग्गिदड्ढकम्मिंधणं पणमिऊणं ।**
**जोइसरं सरण्णं, झाणज्झयणं पवक्खामि ॥**

શુક્લધ્યાન રૂપી અગ્નિ વડે કર્મરૂપી ઈંધનોને બાળનારા, **યોગીશ્વર** અને શરણ્ય એવા શ્રી વીરને પ્રણામ કરીને હું ધ્યાન સંબંધી અધ્યયન કહું છું.



# પ્રકરણ-૫ - શ્રમણ થવાનું કારણ



જૈન શાસ્ત્રોનું એ સ્પષ્ટ મંતવ્ય છે કે આત્માને અનંત-અક્ષય-અવ્યાબાધ સુખની પ્રાપ્તિ સિદ્ધાવસ્થામાં જ થાય છે કે જેને પરમાત્મદશા કે મુક્તદશા કહેવામાં આવે છે. આવી દશા સર્વ કર્મોનો સંપૂર્ણ નાશ કર્યા સિવાય ઉત્પન્ન થતી નથી, એટલે સર્વ કર્મોનો સંપૂર્ણનાશ એ પરમ કર્તવ્ય લેખાય છે. અહીં કર્મશબ્દથી નિત્ય-નૈમિત્તિકાદિ કર્મો નહિ પણ ભાગ્યનું કાર્ય કરતા જડ પૌદ્ગલિક કર્મ પદાર્થોનો યોગ સમજવાનો છે કે જેના લીધે આત્માની શક્તિઓ પર આવરણ આવી જાય છે અને આત્મા ભવચક્રમાં વિવિધ જન્મ કરતો અનેકવિધ પરતંત્રતા, કષ્ટ અને ત્રાસ પામે છે. સર્વ કર્મોનો સંપૂર્ણનાશ સંયમ, તપ તથા ધ્યાનની ઉત્કટ આરાધના પર નિર્ભર છે અને તેવી આરાધના શ્રમણ જીવનનો સ્વીકાર કરવાથી જ થઈ શકે છે, તેથી દરેક મોક્ષાભિલાષીએ પોતાના જીવનમાં શ્રમણ થવાનો આદર્શ સેવવો જોઈએ.

શ્રાવકે ધર્મનાં આરાધન અંગે જે ત્રણ મનોરથો કરવાના છે, તેમાં એક મનોરથ એવો છે કે **कया णं अहं मुंडे भवित्ता आगाराउ अणगारियं पव्वइस्सामि !** ક્યારે હું મુંડ થઈને આગાર જે ગૃહવાસ તેને છોડી અણગારપણું અંગીકાર કરીશ ? તેમ એ પણ વિધાન છે કે શ્રાવક, આઠ વર્ષની ઉંમર પછી શ્રમણ થવામાં જેટલો વિલંબ થાય, એટલો પોતાની જાતને ઠગાયેલો માને.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં પાંચમા અધ્યયનમાં **'भिक्खुए वा गिहित्थे वा सुव्वए कम्मई दिवं'** એવો પાઠ આવે છે, તેનો આધાર લઈને કેટલાક એમ જણાવે છે કે 'ગૃહસ્થ પણ સુવ્રત પામે-સારું ચારિત્ર પામે તો દિવ્યગતિને પ્રાપ્ત કરી શકે છે, તો શ્રમણપણું શા માટે અંગીકાર કરવું ? એમને એટલું જ કહેવાનું કે એ જ અધ્યયનમાં આગળ પર કહેવાયેલા નીચેના શબ્દો પર બરાબર વિચાર

કરો. **'गारहेत्थेहिं सव्वेहिं साहवो संजमुत्तरा'** -સર્વ પ્રકારના ગૃહસ્થો કરતાં સાધુઓ સંયમમાં ચડિયાતા હોય છે.' તાત્પર્ય કે એક ગૃહસ્થ પોતાના ગૃહમાં રહીને સંયમની ગમે તેટલી આરાધના કરે પણ તે શ્રમણની તુલના કરી શકે નહિ.

અહીં એવો પ્રશ્ન પૂછાવાનો સંભવ છે કે 'જો ગૃહસ્થ જીવનમાં રહીને મુક્તિ પર્યંતની સાધના ન થઈ શકતી હોય તો શ્રી પ્રજ્ઞાપના સૂત્રનાં પ્રથમ પદમાં પંદરભેદે સિદ્ધનું વર્ણન કરતાં **गिहिलिंग सिद्ध** એટલે ગૃહસ્થતાવેશે સિદ્ધ થયેલા એવો પાઠ શા માટે આપવામાં આવે ? એનો ઉત્તર એ છે કે સિદ્ધ થવાનો આધાર ઉપર જણાવ્યું તેમ કર્મનાશ ઉપર રહેલો છે અને એવો કર્મનાશ કોઈ કોઈ વાર ગૃહસ્થ વેશમાં હોવા છતાં થઈ જાય છે, પરંતુ તે પણ શ્રમણપણાની આંતરિક દશા એટલે કે સંસારના સર્વ સંગના ત્યાગનો આંતરિક ભાવ સિદ્ધ કરવા દ્વારા જ થાય છે. એટલે તેની ગણના સિદ્ધના પંદર ભેદમાં કરેલી છે, પણ એ મુક્તિનો રાજમાર્ગ નથી. રાજમાર્ગમાં શ્રમણ જીવન જીવીને કર્મક્ષય કરવાનો છે. જો ગૃહસ્થજીવન એ મુક્તિનો રાજમાર્ગ હોત તો કોઈપણ તીર્થંકરને ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને તે શ્રમણાવસ્થા સ્વીકારવાની જરૂર રહેત નહિ, પણ બધા તીર્થંકરોએ ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી શ્રમણાવસ્થા સ્વીકારી છે, એટલે શ્રમણાવસ્થા એજ મુક્તિનો રાજમાર્ગ છે એ સિદ્ધ થાય છે.

શ્રામણ્યના સ્વીકારની પાછળ જે વિચારધારાઓ કામ કરી રહી છે, તેનો કેટલોક ખ્યાલ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉચ્ચારાયેલા નિમ્ન શબ્દોથી આવે છે.

'કામભોગો ક્ષણમાત્ર જ સુખ અને બહુકાળ દુઃખ આપનારા છે. જે વસ્તુમાં ઘણું દુઃખ હોય તે વસ્તુ સુખ કરનાર શી રીતે મનાય ? એટલે કે કામભોગો સંસારમાંથી મુક્ત થવાના માર્ગના પ્રતિપક્ષીરૂપ છે અને તેથી એકાંત અનર્થની ખાણ છે.

વિષય સુખને માટે જ્યાં ત્યાં ભમતો જીવ કામભોગથી ન નિવર્તતા હમેશા રાત્રિ અને દિવસ બળતો જ રહે છે. વળી કામભોગમાં આસક્ત થયેલો ને તેથી બીજાને માટે દુષિત પ્રવૃત્તિ કરનારો પુરુષ ધનાદિ સાધનોને શોધતાં શોધતાં આખરે જરાવસ્થાથી ઘેરાઈને મરણ પામે છે.

આ (સુવર્ણ, ઘરબાર વગેરે) મારું છે અને મારું નથી, આ મેં કર્યું અને આ મેં નથી કર્યું. આ પ્રમાણે બબડતાં પ્રાણીનાં આયુષ્યને રાત્રિ અને દિવસરૂપી ચોરો ચોરી રહ્યા છે, માટે શા સારુ પ્રમાદ કરવો ? અર્થાત્ વિના વિલંબે સંસારના કામ-ભોગવાળું જીવન છોડીને પ્રશસ્ત એવું શ્રામણ્ય અંગીકાર કરવું ?

કેટલાક કહે છે કે આ પ્રકારની વૈરાગ્ય ભાવનાથી ગ્રહણ કરાતું શ્રમણજીવન ઉત્તમ છે, પણ બધા ગૃહસ્થો શ્રમણ થઈ જાય તો સમાજનું શું થાય ? અર્થાત્ તે તૂટી પડે, એટલે તેના પર કોઈ જાતની મર્યાદા કે અંકુશ હોવો જોઈએ.' આ

વિધાન સંબંધી અને સ્પષ્ટ કહેવા દો કે તે એક પ્રકારના કુતર્ક પર રચાયેલું છે, એટલે તેને મહત્ત્વ આપવા જેવું નથી. શ્રમણ થવાની ભાવના રાખવી અને વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરીને શ્રમણ થવું એ બે વસ્તુ વચ્ચે ઘણું મોટું અંતર રહેલું છે, એટલે બધા ગૃહસ્થો શ્રમણ થવાની ભાવના રાખતા હોય તો પણ એક કાળે કે એક સમયે તેમ ક્યારે એમ બન્યું નથી અને બની શકવાનું નથી. વળી શ્રમણપણાનો સ્વીકાર કરવાની તાલાવેલી તો તેને જ લાગે છે કે જેનું મન સંસાર પરથી સંપૂર્ણ ઉડી ગયું હોય અને તેથી કોઈ પણ પ્રકારના કામભોગમાં આનંદ આવતો ન હોય. આવી સ્થિતિ સમાજમાં બહુ જ થોડા મનુષ્યોની હોય છે. એમાં પણ શ્રમણ થવાની શક્તિ અને સંયોગો બહુ જ ઓછાને હોય છે એટલે શ્રમણપણું સ્વીકારનારની સંખ્યા સ્વાભાવિક રીતે જ ઘણી નાની હોય છે, તેથી તેના પર મર્યાદા કે અંકુશ મૂકવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. અહીં એ પણ સ્પષ્ટ કહેવું જોઈએ કે જો શ્રમણ જીવન ઉત્તમ છે, તો તેનો સ્વીકાર વધારેમાં વધારે મનુષ્યો કરે તે જ ધીર ગણાવો જોઈએ. ભૂતકાળમાં શ્રી કૃષ્ણ વાસુદેવ, સંપ્રતિ મહારાજા અને કુમારપાળ ભૂપાળ વગેરે અનેક મહાનુભાવોએ આજ કારણે શ્રામણ્યને ભારે ઉત્તેજન આપ્યું છે અને એ રીતે પ્રબળ પુણ્યરાશિ ઉપાર્જન કરી પોતાનું જીવન સાર્થક કર્યું છે. આ રીતે ભારે ઉત્તેજનના સમયમાં પણ સમાજની અમુક વ્યક્તિઓએ જ શ્રામણ્યનો સ્વીકાર કર્યો હતો, એટલે બધા ગૃહસ્થો શ્રમણો થઈ જવાની વાત આકાશના બગીચામાંથી બધા ફળો લૂંટાઈ જવાની વાત સમાન નિરર્થક છે.

'શ્રમણો વધારે થાય તો સમાજ પર એક જાતનો બોજો વધે, કારણ કે તેમણે વસ્ત્ર, પાત્ર અને ભિક્ષાનો તેની પાસેથી જ મેળવવાની છે એવો વિચાર પણ કેટલાક સ્થળે ગતિમાન થયો છે, તે પણ અર્થહીન છે. જૈન શ્રમણો કોઈના પર કર નાખીને કે ફરજ પાડીને પોતાને જોઈતાં વસ્ત્ર-પાત્ર કે ભિક્ષા મેળવતા નથી પણ જેઓ પોતાની ઈચ્છાથી એ વસ્તુઓ વહોરાવે તેની પાસેથી જ તેઓ ગ્રહણ કરે છે, એટલે સમાજ પર બોજો વધવાનો સંભવ નથી. આગળ પર પાઠકો ભિક્ષા વગેરેને લગતા નિયમો જોશે ત્યારે તેમને ખાતરી થશે કે જૈન શ્રમણો કોઈને પણ બોજા રૂપ થયા સિવાય સહજભાવે પ્રાપ્ત થતી વસ્તુઓ પર જ પોતાનો નિર્વાહ કરે છે, એટલે તેમને માટે આ જાતનો ભય સેવવો નકામો છે. બીજી બાજુ તેઓ માનવતા, નીતિ, સંયમ, સદાચાર અહિંસા, સત્ય, ત્યાગ, પરોપકાર વગેરે ઉત્તમ સિદ્ધાંતોનો પ્રચાર કરી સમાજના અનિષ્ટ તત્ત્વો દૂર કરવામાં જે મહાન ફાળો આપે છે, તે તરફ જરા પણ ઉપેક્ષા કરી શકાય તેમ નથી.

અમે માનીએ છીએ કે શ્રમણજીવનની ઉપયોગિતા માટે હાલ આટલું વિવેચન બસ છે.

## પ્રકરણ-૬ - શ્રામણ્ય કોને અપાય છે ?



શ્રમણ સંઘમાં દાખલ થવા માટે વિધિપૂર્વક પ્રવ્રજ્યા અથવા દીક્ષા લેવી આવશ્યક છે. આવી દીક્ષા હરકોઈને અપાતી નથી પણ યોગ્યતાવાળા સ્ત્રી-પુરુષોને જ અપાય છે. તે માટે શ્રી હરિભદ્રસૂરિએ ધર્મબિંદુના ચોથા અધ્યાયમાં કહ્યું છે કે '**अर्हः अर्हसमीपे विधिप्रव्रजितो यतिरिति**' પ્રવજ્યા ગ્રહણ કરવાનો અધિકારી હોય અને અધિકારી ગુરુ સમીપે જઈને વિધિપૂર્વક પ્રવ્રજિત થયેલો હોય તે યતિ અર્થાત્ સાધુ કે શ્રમણ કહેવાય છે.'

સંસારથી દૂર જવાની ક્રિયાને અથવા પ્રકૃષ્ટ એવા ચારિત્ર યોગને વિષે ગમન કરવાની ક્રિયાને પ્રવ્રજ્યા કહેવામાં આવે છે. તેમાં વ્રત સ્વીકાર વગેરેનો વિધિ થાય છે, એટલે તે દીક્ષા પણ કહેવાય છે.

જૈન શાસ્ત્રકારાએ દીક્ષા લેવાની યોગ્યતા બાબતમાં સૂક્ષ્મ વિવેચન કરેલું છે. તેનો સાર એ છે કે જે વ્યક્તિ આર્યદેશમા જન્મેલી હોય, વિશિષ્ટ અનિંદ્ય જાતિ કુલસંપન્ન હોય, ખૂન, ચોરી, જારી વગેરે કરનાર ન હોય, સંસારની અસારતા સમજનાર હોય, વૈરાગ્યવાન હોય, શાંત પ્રકૃતિવાળો હોય, ઝઘડાખોર ન હોય, વફાદાર હોય, નમ્ર હોય, રાજવિરોધી ન હોય, રાષ્ટ્ર અને સમાજના વિશાળ હિતને બાધાકારી ન હોય, શરીરે ખોડખાંપણવાળી ન હોય, ત્યાગ ધર્મની અચલ શ્રદ્ધાવાળી હોય, પ્રતિજ્ઞા પાલનમાં અડગ હોય અને મોક્ષની અભિલાષાથી આત્મકલ્યાણ કરવા દીક્ષા લેવાને ઉદ્યત થયેલ હોય તેજ દીક્ષાને યોગ્ય છે.

અહીં એટલું સ્પષ્ટીકરણ આવશ્યક છે કે આ ગુણો ઉત્કૃષ્ટ યોગ્યતાને અનુલક્ષીને વર્ણવેલા છે, એટલે તેથી ઓછા ગુણોવાળાને પણ શ્રામણ્ય લેવાના અધિકારી માનવામાં આવ્યા છે. તે માટે મહામહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિ ધર્મસંગ્રહમાં જણાવે છે કે **'पादार्द्ध गुणहीनौ च योग्यौ तौ मध्यमावरौ'** જે ચોથા ભાગના ગુણોથી હીન હોય તે મધ્યમ યોગ્ય ગણાય છે અને અર્ધા ગુણોથી હીન હોય તે જઘન્ય યોગ્ય ગણાય છે. એ માટે તેઓ શ્રી હરિભદ્રસૂરિ વિરચિત 'પંચવસ્તુ' નામના પ્રકરણ ગ્રંથનો આધાર ટાંકતાં જણાવે છે કે-

**काल-परिहाणि दोसा, एत्तो एकाइगुण विहीणो वि ।**
**जे बहुगुणसंपन्ना, ते जोग्गा हुंति नायत्वा ॥**

'કાલ પરિહાણી દોષથી ઉપર કહી ગયેલા સોળ અને પંદર ગુણોવાળા કરતાં એક, બે વગેરે ગુણ ઓછા હોવા છતાં પણ જે આત્માઓ બહુ ગુણવાળા હોય તે પ્રવજ્યા માટે યોગ્ય ગણાય છે.'

આ વિષયની વિશેષ સ્પષ્ટતા કરતાં તેઓ જણાવે છે કે **'इति द्वितीयपदे प्रव्रज्यार्हत्वमुक्तम्, अत एव देशविरतानामिव यथा भद्रकानामपि कतिपय-गुणवतां संयमनिर्वाह-योग्यतां परिज्ञाय प्रव्रज्यादानं कुर्वन्ते गीतार्थाः तच्च तत्तद्गुणवतामुत्तरोत्तरगुणहेतुतया परिणमति अव्युत्पन्नदशायां च सदनुष्ठान-रागमात्रेण धर्ममात्रहेतुतया पर्यवस्यति'** આ પ્રમાણે અપવાદ પદે દીક્ષાનું યોગ્યપણું કહ્યું, એ જ કારણથી દેશ વિરતિ (શ્રાવકતાં વ્રત) જો ધારણ કરનારાઓની જેમ કેટલાક ગુણોવાળા યથાભદ્રક આત્માઓને પણ તેઓમાં સંયમનો નિર્વાહ કરવાની યોગ્યતા જાણીને ગીતાર્થો દીક્ષાનું દાન કરે છે. તે દીક્ષાનું દાન તે તે ગુણોવાળા આત્માઓને ઉત્તરોત્તર ગુણોના હેતુ તરીકે પરિણામ પામે છે અને અવ્યુત્પન્ન દશામાં સુંદર અનુષ્ઠાનના રાગમાત્રથી ધર્મમાત્રના હેતુપણાએ કરીને પર્યાપ્ત થાય છે.'

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય પોતાના અધ્યાત્મસાર નામના ગ્રંથમાં જણાવે છે કે-

**यो बुद्ध्वा भवनैर्गुण्यं, धीरः स्याद् व्रतपालने ।**
**स योग्यो भावभेदस्तु, दुर्लक्ष्यो नोपयुज्यते ॥**

જે મનુષ્ય સંસારની અસારતાને સમજી મહાવ્રતો પાળવામાં ધૈર્યવાળો બન્યો હોય, તે શ્રમણાપણાને યોગ્ય છે. આંતરિક વિશિષ્ટ ભાવ જાણવાનું તો દુષ્કર છે, માટે તે જાણવા પર આધાર રાખવામાં આવતો નથી.

# પ્રકરણ-૭ - શ્રામણ્ય કોને અપાતું નથી ?

જૈન શ્રમણ સંઘમાં આઠ વર્ષ નીચેના બાળકનો સાઠ કે સીત્તેર વર્ષની ઉપરના વૃદ્ધને, જડને, વ્યાધિગ્રસ્તને, ચોરને, રાજાપકારીને, ઉન્મત્ત એટલે પાગલને, ખરીદાયેલા દાસ કે ગુલામને, બહુ કષાય કરનારને, વારંવાર વિષય ભોગની વ્યથા કરનારને, મૂઢને, ઋણાર્તને (જેને માથે ખૂબ દેવું થઈ ગયું હોય તેને), જાતિ, કર્મ તથા શરીરથી દૂષિત થયેલાને, પૈસાની લાલચે આવનારને, નસાડી-ભગાડીને લાવેલાને દીક્ષા આપવામાં આવતી નથી. જો દીક્ષા લેનાર સગીર એટલે સોળ વર્ષની અંદરનો હોય તેના માતા પિતા કે વાલીઓની સંમતિ વિના દીક્ષા અપાતી નથી. સ્ત્રી ગર્ભવતી હોય કે માનું બાળક ધાવણું હોય તો તેને પણ દીક્ષા અપાતી નથી.



**બાળ દીક્ષા અંગે કેટલીક વિચારણા :-**

પુરુષ જન્મથી આઠ વર્ષ સુધી બાળક કહેવાય છે. તેવો બાળક દીક્ષા આપવાને યોગ્ય નથી. તે વિષે પ્રવચન સારોદ્ધારમાં કહ્યું છે કે '**एएसिं वयपमाणं अट्ठसमाउत्ति वीयरागेहिं । भणियं जहन्नगं खलु-** દીક્ષા લેનાર પુરુષોના વયનું પ્રમાણ શ્રી વીતરાગ પ્રભુએ જઘન્યપણે નિશ્ચય આઠ વર્ષનું કહેલું છે. તાત્પર્ય કે આઠ વર્ષની અંદરનો પુરુષ દીક્ષા આપવાને યોગ્ય નથી.

નિશીથચૂર્ણિમાં પણ કહ્યું છે કે- '**आदेसेण वा गब्भट्ठस्स दिक्खत्ति-** અથવા બીજા વિકલ્પથી ગર્ભથી આઠમા વર્ષવાળાને દીક્ષા આપી શકાય. એથી ઓછા વર્ષવાળાને દીક્ષા આપવી નહિ.

તેના કારણો પંચવસ્તુ નામના પ્રકરણ ગ્રંથમાં આ પ્રમાણે જણાવ્યાં છે :

**तदधो परिभवक्खेत्तं, न चरणभावो वि पायमेएसिं ।**
**आहच्च भावकहगं, सुत्तं पुण होइ नायव्वं ॥**

તે આઠ વર્ષની અંદર વર્તનાર પુરુષ પરાભવનું ક્ષેત્ર થાય છે, એટલે લોકો તેને બાળક જાણી તેનો પરાભવ કરે છે. વળી આઠ વર્ષની અંદરના પુરુષને પ્રાયઃ ચારિત્રના પરિણામ હોઈ શકે નહિ. અહીં કોઈ એમ કહે કે વજ્ર સ્વામીને માટે એવો નિયમ ક્યાં રહ્યો છે ? શાસ્ત્રોમાં એવું સૂત્ર દેખાય છે કે **छम्मासियं छसुजयं माऊए समन्नियं वंदे ।** છ માસના, છ જીવ નિકાયની રક્ષા કરતા અને માતાએ અર્પણ કરેલા એવા વજ્રસ્વામીને હું વંદન કરું છું. તેના ઉત્તરમાં અહીં કહેવામાં આવ્યું છે કે વજ્રસ્વામી માટે આ જે સૂત્ર છે તે કાદાચિત્ક ભાવને જણાવે છે, એટલે એવો બનાવ કોઈક વખત બને છે, સદાકાળ બનતો નથી.

અહીં પ્રાસંગિક એટલો ખુલાસો કરવો આવશ્યક લેખાશે કે શ્રી વજ્રસ્વામી સિવાય પણ કેટલાક આચાર્યોની દીક્ષા આઠ વર્ષની અંદર થયેલી છે. જેમ કે-

| ગચ્છ | નામ | જન્મ સંવત્ | દીક્ષાસંવત | વય |
|---|---|---|---|---|
| અંચલ | શ્રી ગુણનિધાનસૂરિ | ૧૫૪૮ | ૧૫૫૨ | ૪ |
| લઘુપૌશાલિક | શ્રી સોમવિમલસૂરિ | ૧૫૭૦ | ૧૫૭૪ | ૪ |
| લઘુપૌશાલિક | શ્રી આણંદસોમસૂરિ | ૧૫૯૭ | ૧૬૦૧ | ૪ |
| ખરતર | શ્રી જિનચંદ્રસૂરિ | ૧૪૮૭ | ૧૪૯૨ | ૫ |
| તપા | શ્રી આણંદવિમલસૂરિ | ૧૫૪૭ | ૧૫૫૨ | ૫ |
| ખરતર | શ્રી જિનચંદ્રસૂરિ | ૧૧૯૭ | ૧૨૦૩ | ૬ |
| ખરતર | શ્રી જિનચંદ્રસૂરિ | ૧૩૨૬ | ૧૩૩૨ | ૬ |
| તપા | શ્રી રત્નશેખરસૂરિ | ૧૪૫૭ | ૧૪૬૩ | ૬ |
| તપા | શ્રી લક્ષ્મીસાગરસૂરિ | ૧૪૬૪ | ૧૪૭૦ | ૬ |
| અચલ | શ્રી સિદ્ધાંતસાગરસૂરિ | ૧૫૦૬ | ૧૫૧૨ | ૬ |
| તપા | શ્રી વિજયરત્નસૂરિ | ૧૭૧૧ | ૧૭૧૭ | ૬ |
| ખરતર | શ્રી જિનવિજયસૂરિ | ૧૭૪૭ | ૧૭૫૩ | ૬ |
| અંચળ | શ્રી દેવેન્દ્રસિંહસૂરિ | ૧૨૯૯ | ૧૩૦૬ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| અંચળ | શ્રી સિંહતિલકસૂરિ | ૧૩૪૫ | ૧૩૫૨ | ૭ |
| તપા | શ્રી મુનિસુંદરસૂરિ | ૧૪૩૬ | ૧૪૪૩ | ૭ |
| લઘુપૌશાલિક | શ્રી હેમસોમસૂરિ | ૧૬૨૩ | ૧૬૩૦ | ૭ |
| તપા | શ્રી વિજયક્ષમાસૂરિ | ૧૭૩૨ | ૧૭૩૯ | ૭ |

પણ આવી દીક્ષાને અપવાદરૂપ ગણવાની છે.

કેવા સંયોગોમાં આ પ્રકારની દીક્ષા અપાય છે, તેનો ખુલાસો પંચકલ્પ ભાષ્યમાં નીચે પ્રમાણે કરેલો છે.

'જેનું આખું કુટુંબ દીક્ષા લેવા તૈયાર હોય પણ બાળકને લઈ અટકતું હોય અને સંબંધીને ત્યાં મૂકવા ઈચ્છતા ન હોય અગર સંબંધી રાખે તેમ ન હોય, તો બાળક સહિત કુટુંબને દીક્ષા અપાય. આખું કુટુંબ મરી ગયું હોય અને સાચવનાર કોઈ ન હોય તો બાળકને દીક્ષા અપાય.

આઠ વર્ષની અંદરના પુરુષને દીક્ષા નહિ આપવાનાં વિશેષ કારણો જણાવતાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે લોઢાનો ગોળો જ્યાં ત્યાં દડી જાય છે, તેમ બાળ સાધુ જ્યાં ત્યાં દોરાઈ જાય છે અને તેથી તેના વડે છકાયના જીવોનો વધ થઈ જાય છે. વળી આઠ વર્ષની અંદરના બાળનાં સ્વચ્છંદ ગમનરૂપ સુખનો નાશ કરનારી દીક્ષા આપવાથી લોકમાં નિંદા પણ થાય છે અને માતા કે ધાત્રીઓને કરવા લાયક એવી પરિચર્યા જો મુનિઓ કરવા માંડે તો તેમના સ્વાધ્યાયમાં અંતરાય થાય છે, માટે આઠ વર્ષની અંદરના પુરુષને દીક્ષા આપવી નહિ.

કેટલાક એમ કહે છે કે મનુષ્યે જીવનની પહેલી પચ્ચીશીમાં બ્રહ્મચર્યાશ્રમનું સેવન કરવું જોઈએ. અર્થાત્ બ્રહ્મચર્ય ધારણ કરીને ગુરુ સમીપે વિદ્યાભ્યાસ કરવો જોઈએ. જીવનની બીજી પચીશીમાં ગૃહસ્થાશ્રમનું સેવન કરવું જોઈએ. અર્થાત્ યોગ્ય પત્નીથી વિવાહિત થઈને વંશવેલો આગળ વધારનાર એવી સંતતિ પેદા કરવી જોઈએ. જીવનની ત્રીજી પચીશીમાં વાનપ્રસ્થાશ્રમનું સેવન કરવું જોઈએ. એટલે કે શિરપરથી સંસાર વ્યવહારનો બોજો ઉતારી સત્સંગ, સામાજિક સેવા આદિમાં વખત વ્યતીત કરવો જોઈએ અને જીવનની ચોથી પચીશીમાં સંન્યાશ્રમનું સેવન કરવું જોઈએ. એટલે કે સંસારના સર્વ સંબંધોનો ત્યાગ કરીને સંન્યાસી, સાધુ કે પરિવ્રાજક બનવું જોઈએ. આવી રીતે જીવન વ્યતીત કરવાથી ઈહલૌકિક અને પારલૌકિક કલ્યાણ સાધી શકાય છે, તેથી નાની ઉંમરમાં સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવી યોગ્ય નથી.

આ કથનની પુષ્ટિમાં વાસ્તવિકતાનો વિચાર નહિ કરનારાઓ વડે ઘણું ઘણું

બોલાયું છે અને ઘણું ઘણું લખાયું છે એટલે લોકોનાં મનમાં સામાન્ય સંસ્કાર એવો પડ્યો છે કે આ કથન વાજબી છે અને મનુષ્યે તે પ્રમાણે જ વર્તવું જોઈએ, પણ વાસ્તવિક હકીકત તેવી નથી. તો મનુષ્ય સો વર્ષ જીવશે એમ માની લઈને આ વિધાન કરવામાં આવ્યું છે, તે જ ખોટું છે, કારણ કે બધા મનુષ્યો સો વર્ષ જીવતા નથી. આયુષ્યનો દોર ગમે ત્યારે તૂટી જાય છે, એટલે તેમાંના કેટલાક બાલ્યાવસ્થામાં જ મરણ પામે છે, કેટલાક કુમારાવસ્થામાં જ કાળનો કોળિયો બની જાય છે અને કેટલાક ભરજુવાનીમાં ફાટી પડે છે. તે બધા આશ્રમની વ્યવસ્થા પ્રમાણે પોતાનું જીવન શી રીતે ગાળી શકે ? અને આજે તો આયુષ્યની સરેરાશ મર્યાદા ૫૦-૬૦ થી વધુ નથી. એટલે આ આશ્રમવ્યવસ્થાને અનુસરનારા વાનપ્રસ્થ કે સંન્યાસી-સાધુ ભાગ્યે જ થઈ શકે. અને એમ થાય તો તેમને સંસારનો ભોગવટો થાય પણ આ ઉત્તમ યોગ-ઉપયોગી માનવજીવનમાં ઈશ્વરોપાસના, યોગાભ્યાસ કે આત્મદર્શન માટે વિશિષ્ટ પુરુષાર્થ કરવાની તક સાંપડે નહિ. આ સંયોગોમાં મળેલો મનુષ્ય ભવ એળે જ જાય, કારણ કે મનુષ્ય ભવનો મુખ્ય ઉદ્દેશ ભોગ ભોગવવાનો નથી, પણ આત્મા કે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી સંસાર સાગર તરી જવાનો છે, કહ્યું છે કે-

**'महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।**
**पारं भवोदधेर्गन्तुं, त्वर यावन्न भिद्यते ॥**

પુણ્યરૂપી ઘણું મૂલ્ય ચૂકવીને તેં આ શરીર રૂપી નૌકાને ખરીદેલી છે, માટે તેનો નાશ થાય તે પહેલાં જ તેના વડે ભવસાગરને તરી જવાની ઉતાવળ કર. અને એ પણ કહ્યું છે કે-

**संपदो जलतरङ्गविलोला, यौवनं त्रिचतुराणि दिनानि ।**
**शारदाभ्रमिव चञ्चलमायुः, किं धनैः ? कुरुत धर्ममनिंद्यम् ॥**

સંપત્તિ જલના તરંગ જેવી અસ્થિર છે, યૌવન ત્રણ ચાર દિનની ચાંદની જેવું છે, આયુષ્ય શરદ ઋતુનાં વાદળ જેવું ક્ષણિક છે, તેથી ધન કમાયે શું થશે ? તે માટે પવિત્ર ધર્મનું જ આચરણ કર.

પણ પ્રમાદી-પાપી મનુષ્ય એ હિતશિક્ષા ધ્યાનમાં ક્યાં લે છે ? એ તો બાલ્યાવસ્થા મોટા ભાગે રમતગમતમાં જ પસાર કરે છે, યુવાવસ્થા મોટા ભાગે ભોગ વિલાસમાં જ વ્યતીત કરે છે અને વૃદ્ધાવસ્થા નાના પ્રકારની ચિંતાઓમાં જ પૂરી કરે છે. આ રીતે જે મનુષ્ય જીવન ઘણા કાળે અને ઘણા પરિશ્રમે મહાન ઉદ્દેશની પૂર્તિ માટે પ્રાપ્ત થાય છે, તેનો સરવાળો એ મહાનુભાવ શૂન્યમાં લાવી દે છે.

એથી જ જ્ઞાનીઓને કહેવું પડ્યું કે **दुल्लहलंभं** ઘણી મહેનતે મેળવાય તેવું અને **विज्जुलयाचंचलं** વિદ્યુતલતા જેવું ચંચળ **माणुसत्तं लद्धूण** મનુષ્યપણું પામીને **जो पमायए** જે મનુષ્ય તેનો સદુપયોગ કરવામાં બેદરકાર રહે છે. **सो कापुरिसो** તે કાપુરુષ છે, કાયર છે, પણ **न सप्पुरिसो** સત્પુરુષ નથી, સજ્જન નથી.

અને તે કાયરપણું-એદીપણું ટાળવા માટે જ તેમને કહેવું પડ્યું કે-

**उत्थायोत्थाय बोद्धव्यं, किमद्य सुकृतं कृतम् ? ।**
**आयुषः खण्डमादाय, रविरस्तमयं गतः ॥**

હે મનુષ્યો ! તમે ઊંઘમાંથી ઊઠી ઊઠીને અર્થાત્ મૂઢતામાંથી જાગીને વિચાર કરો કે આયુષ્યનો એક ટૂકડો લઈને સૂર્ય તો અસ્તાચળ સમીપે ગયો, પણ તે દરમિયાન મેં સુકૃત શું કર્યું ?'

આમ છતાં મનુષ્ય જો પોતાની આળસ ઉડાડે નહિ અને ધર્મના માર્ગે ત્વરિત ગતિ કરે નહિ તો તેમના કાન ખોલવા માટે કહ્યું કે–

**मा सुअह जग्गिअव्वे, पलाइअव्वंमि कीस वीसमह ? ।**
**तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा य मच्चू अ ॥**

હે મનુષ્ય ! તું જાગતા રહેવાના સમયે સૂઈશ નહિ અને પલાયન થવાના સમયે થોભીશ નહિ, કારણ કે તારી પાછળ રોગ, જરા અને મૃત્યુ (નામના ત્રણ મહાન દુશ્મનો) પડેલા છે.

આ પરિસ્થિતિમાં મનુષ્ય બાલ્યાવસ્થામાં જ ત્યાગના માર્ગે સંચરી પોતાનું તથા પરનું કલ્યાણ સાધે એમાં અનુચિત શું છે ?

અહીં કદાચ એમ કહેવામાં આવે કે બધાં કાર્યો ધીમે ધીમે અને ક્રમશઃ કરવાથી જ સિદ્ધ થાય છે, માટે ધર્મનું આરાધન પણ ધીમે ધીમે અને ક્રમશઃ થાય તે જ ઠીક છે. એટલે પ્રથમ માર્ગાનુસરણ (માર્ગાનુસારીના ૩૫ બોલ પ્રમાણે વર્તવાની તાલીમ), પછી સમ્યક્ત્વ (જૈનપણા)નો વ્યવહાર, પછી દેશવિરતિ (શ્રાવકનાં વ્રતો) અને પછી સર્વવિરતિ અર્થાત્ સાધુજીવનની દીક્ષા એ ક્રમને અનુસરવામાં આવે તો જ લીધેલી દીક્ષા સફળ થાય, પણ પ્રારંભથી જ સર્વ વિરતિની દીક્ષા આપી દેવી તે ઈષ્ટ નથી.' એનો ઉત્તર એ છે કે **धर्मस्य त्वरिता गतिः** બીજાં કાર્યો ધીમે ધીમે અને ક્રમશઃ થાય તે ઠીક છે, પણ ધર્મનાં કાર્યમાં ઢીલ કરવી નહિ, કારણ કે સંયોગો ક્યારે પલટાઈ જાય ક્રમશઃ થાય તે ઠીક છે, પણ મનુષ્યની ચિત્તવૃત્તિઓ ક્યારે બદલાઈ જાય ? તેનું કંઈ કહેવાય નહિ. એક વખત

મનુષ્ય લાખ રૂપિયાનું દાન કરવા તૈયાર થાય છે અને બીજી વખત સો રૂપિયા આપવાને પણ તૈયાર હોતો નથી. એજ રીતે એક વખત મનુષ્ય પચરંગી, (પાંચ ઉપવાસ) અઠ્ઠાઈ (આઠ ઉપવાસ) કે પક્ષખમણ (પંદર ઉપવાસ) કરવાને ઉત્સાહવંત થાય છે, ત્યારે બીજી વખત અતૃપ્ત-ચતુર્દશીનો ઉપવાસ કરવાને પણ ઉદ્યત થતો નથી. એટલે સારા સંયોગો, સારાં આલંબનો કે સારા નિમિત્તોનો બને તેટલો સદુપયોગ કરી લેવો એજ ડહાપણ ભરેલું છે. જેવો ધીમે ધીમે અને ક્રમશઃ ધર્મનું આરાધન કરવા ઈચ્છતા હોય તેમને માટે જ્ઞાની ભગવંતોએ ઉપરનો ક્રમ દર્શાવેલો જ છે, પણ તેનો અર્થ એ નથી કે બધાયે એ રીતે જ આગળ વધવું અને વૈરાગ્ય જ્વલંત જાગીને સંસાર ત્યાગની દિલની પૂરી તમન્ના હોય તો પણ દીક્ષાનો સ્વીકાર ન કરતાં સંસારમાં પ્રતિબદ્ધ થવું. તાત્પર્ય કે શ્રમણદીક્ષા અંગીકાર કરતાં પહેલાં તેણે શ્રાવકનાં બધાં વ્રતો પાળેલાં હોવા જોઈએ કે માર્ગાનુસારીનું પૂરેપૂરું અનુસરણ કરેલું હોવું જ જોઈએ એવો કોઈ સ્પષ્ટ નિયમ નથી. બાકી યોગ્ય ગુરુઓ પૂર્વે જણાવી ગયા તેમ દીક્ષા લેનારની યોગ્યતા તપાસે છે અને તે યોગ્ય જણાય તો તેને દીક્ષા આપે છે. એટલે કોણ દીક્ષા સારી રીતે પાળી શકશે અને કોણ સારી રીતે નહિ પાળી શકે? એનો નિર્ણય તેઓ પોતાના જ્ઞાન અનુસાર તે જ વખતે કરી લે છે અને તેની પાછળ અનુભવનું બળ હોવાથી એ નિર્ણય મોટા ભાગે સાચો હોય છે.

કેટલાક કહે છે કે 'બાલ્યાવસ્થા તો માત્ર રમતગમત અને વિદ્યાભ્યાસ માટે જ છે. તેથી તેમને દીક્ષાના આકરા વ્રત નિયમથી બાંધવા એ કોઈપણ રીતે ઉચિત નથી. એ તો એમના પર જુલમ ગુજારવા બરાબર છે, માટે એવી દીક્ષાઓ સદંતર બંધ થવી જોઈએ અને જો સાધુઓ આ વાત ન માને તો તેનો કાયદા વડે અટકાયત કરવી જોઈએ.'

અમને લાગે છે કે આ માન્યતામાં તથ્ય કરતાં આવેશનું પ્રમાણ વધારે છે, એટલે તે સુજ્ઞ જનોને સ્વીકાર્ય થઈ શકે એમ નથી. બાલ્યાવસ્થા તો માત્ર રમતગમત અને વિદ્યાભ્યાસ માટે જ છે, એવું શા આધારે કહેવાય છે ? શું બાળકોની પાછળ રોગ, જરા અને મૃત્યુ નામના દુશ્મનો પડેલા નથી ? શું તેમના આયુષ્યનો એક એક ટુકડો લઈને સૂર્ય પ્રતિદિન અસ્તાચળ સમીપે જતો નથી ? ત્યારે શું પૂર્વ જન્મના વિશિષ્ટ સંસ્કારથી તેવા ખાસ બાળકો વિશિષ્ટ ગુણવાળા અને વિકાસની શક્તિવાળા નથી હોતા ? જીવનને જો એક પ્રકારની ઈમારત ગણીએ તો બાલ્યાવસ્થા તેનો પાયો છે, માટે પૂર્વના વિશિષ્ટ સંસ્કાર કદાચ ન હોય તો પણ આ પાયાની પૂરણી ધર્મના સંસ્કારો અને ધર્મની ભાવનાથી ઘણી મજબૂત કરવી જોઈએ. અન્યથા જીવનરૂપી ઈમારત અનેકવાર અનુભવાતા પ્રચંડ ઝંઝાવાતોમાં ખડી રહી શકે નહિ.

આ જ કારણે સુજ્ઞ પુરુષો પોતાનાં બાળકોને ગળથૂથીમાંથી ધર્મના સંસ્કારો આપે છે અને તે થોડાં સમજણાં થાય કે તેમને ધાર્મિક શિક્ષણ આપવાની શરૂઆત કરી સદ્ગુરુઓના સહવાસમાં લાવે છે અને દયા, સત્ય, સજ્જનતા ઉપરાંત નવકારમંત્રનું સ્મરણ, નિત્ય દેવદર્શન, અભક્ષ્ય ત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ વગેરેને લગતા નિયમો અપાવે છે. આ જાતના સંસ્કારો-આ જાતની તાલીમ મળવાથી તેઓ થોડા વખતમાં જ એકાસણ, આયંબિલ કે ઉપવાસ જેવો તપ કરવાની પણ ભાવનાવાળા થાય છે અને પર્વ દિવસોમાં પોષધાદિ પણ કરે છે. આ રીતે તાલીમ પામેલા ૧૦-૧૨ વર્ષની ઉંમરનાં બાળકોએ ઉપધાન તપ જેવી આકરી તપશ્ચર્યા કર્યાના દાખલાઓ પણ જોવામાં આવે છે. બીજી બાજુ જે બાળકોને માબાપ તરફથી આવી કોઈ તાલીમ મળી નથી તેઓને એક ઉપવાસ, એક આયંબિલ, એક એકાસણું કે માત્ર નવકારસી કરવાનું કહેવામાં આવે તો પણ આકરું લાગે છે. જૈનોના ઉપવાસ, જૈનોની તપશ્ચર્યા જોઈને આજે હજારો મનુષ્ય એમ જ બોલે છે કે આવા આકરા ઉપવાસ તે શી રીતે થાય ? એમાં દૂધ પણ નહિ વાપરવાનું, ફળફળાદિ પણ નહિ વાપરવાના અને રાત્રે તો પાણીનો ઉપયોગ પણ સદંતર બંધ ! બાપરે ! આપણે તો આવી તપશ્ચર્યા કરીએ તો બીજા દિવસે ઉઠી જ ન શકીએ. પણ અનુભવ કહે છે કે તેમની આ ભીતિ વાસ્તવિક નથી. તેઓ પણ ટેવાય તો આવી તપશ્ચર્યા સુખપૂર્વક કરી શકે છે.

આ જ વસ્તુ દીક્ષાજીવન માટે સમજી લેવાની છે. તેના વ્રત નિયમો બહારથી ઘણા કઠિન લાગે છે, પણ એકવાર મનુષ્ય તેનાથી ટેવાઈ જાય એટલે તે આકરા લાગતા નથી. અને જેમણે જીવનના પ્રારંભથી જ ત્યાગ અને તપની તાલીમ લીધી છે, તેમને તો એ સરળ જ ભાસે છે.

નિયમો અથવા વ્રતો એ એક પ્રકારનું બંધન તો છે જ પણ તે સ્વેચ્છાએ સ્વીકારાયેલું છે, એટલે ત્રાસરૂપ થતું નથી. વીસ વીસ તોલા ચાંદીનાં કાંબી-કડલાં પગમાં ધારણ કરનારી લલનાઓને પૂછો કે તેનાથી તમને ત્રાસ થાય છે ખરો ? અથવા કોઈ તપસ્વીને પૂછો કે તમે સવારથી સાંજ સુધી કંઈ ભોજન લીધું નથી તો તમને ત્રાસ થાય છે ખરો ? જવાબ નકારમાં જ આવશે. એટલું જ નહિ પણ એ લલિતાંગી લલનાઓ અને પેલો તપસ્વી એમાં આનંદ આવતો હોવાનું જણાવશે, કારણ કે એ વસ્તુઓ તેમની ઇચ્છાનુસાર થયેલી છે અને પોતાને હિતકર હોવાનું તેમને સંપૂર્ણ ભાન છે. બીજી બાજુ એક રમતને તેટલાં જ વજનની એક લોખંડની બેડી પહેરાવવામાં આવે અને તેને જેલમાં જવું પડશે એવું ભાન થાય તો તેમાં મનની દશા કેવી થાય છે ? તે જરૂર રોવા લાગશે, કકળવા માંડશે અને સગાંસંબંધીઓને કાલાવાલા કરતી જણાવશે કે કૃપા કરીને મને આ બંધનમાંથી

છોડાવો. તે જ રીતે એક પુરુષને સવારથી સાંજ સુધી ભૂખ્યા રહેવાની ફરજ પાડી હોય તો ? અરે ! ભોજન માત્ર બે કલાક મોડું આપવામાં આવે તો પણ તેના ગુસ્સાનો પાર રહેશે નહિ. એ માટે તે લડશે, ઝઘડશે અને શક્ય હશે તો મારામારી પણ કરશે. આ સ્થિતિને આપણે ત્રાસ રૂપ કહી શકીએ અને કોઈને પરાણે એવી સ્થિતિમાં મૂકીએ તો તેના પર જુલમ ગુજાર્યો કહેવાય. પણ જે સ્થિતિનો - જે વ્રત-નિયમોનો સ્વેચ્છાએ સ્વીકાર કરવામાં આવે છે અને જેમાં તેને આનંદ આવે છે, એમાં ત્રાસ કે જુલ્મની કલ્પના કરવી એ સત્યનું ખૂન કરવા બરાબર છે. આજે અનેક બાળદીક્ષીતો ભારત વર્ષમાં વિદ્યમાન છે. તેમને પૂછો કે આ વ્રત-નિયમોનો સ્વીકાર કરવાથી તમને કોઈ જાતનો ત્રાસ ઉપજ્યો ખરો ? કે તમારા પર જુલમ થયો હોય તેવું લાગ્યું ખરું ? એનો જવાબ નકારમાં જ મળવાનો છે, તો પછી આ શબ્દછળ અને આ કાગારોળ શા માટે ? શું આવાં કલ્પિત કારણોએ સર્વ દુઃખમાંથી મુક્તિ અપાવનારી એવી ભાગવતી દીક્ષાની અટકાયત કરવી ઉચિત છે ? અમે તો આગળ વધીને એમ કહીએ છીએ કે એક પુરુષને પોતાની માન્યતા પ્રમાણે ધર્મ માનવાનો, આચરવાનો અને પ્રચાર કરવાનો અબાધિત અધિકાર છે, તેને અટકાવનારા આપણે કોણ ? અને જો એ રીતે કોઈની દીક્ષા અટકાવીએ તો જરૂર એ વ્યક્તિને માનસિક ત્રાસ ઉપજાવીશું અને એ રીતે આપણે જુલમ ગુજાર્યો ગણાશે. એટલે આ પ્રકારની વાતો નથી. સુજ્ઞ મનુષ્ય દોરવાઈ ન જતાં પોતાની શાન ઠેકાણે રાખીને તેની સત્યા-સત્યતાનો નિર્ણય કરવો જોઈએ.

આટલી વિચારણા બાદ આપણે આશ્રમવ્યવસ્થા તરફ પાછા આવીએ અને તે અંગે બીજી પણ કેટલીક સ્પષ્ટતા કરી લઈએ. એક કાળે આ દેશમાં આશ્રમ વ્યવસ્થા ભલે અમલમાં હોય, પણ છેલ્લા ઘણા વર્ષથી તે અમલમાં ક્યાં છે ? આજે તો તે પણ કહેવા પૂરતી જ રહી ગયેલી છે. ગુરુ સમીપે જઈને ૨૫ વર્ષ સુધી અભ્યાસ કોણ કરે છે ? ઘણા તો ૧૬, ૧૮ કે ૨૦ વર્ષની વયે જ લગ્ન કરી સંસારમાં પડી જાય છે અને ગમે તે ધંધો ધાપો કરી પોતાનું ગુજરાન ચલાવે છે. વળી ૫૦ વર્ષની ઉંમરે વાનપ્રસ્થ થનારા પણ કેટલા ? મોટો ભાગ તો જીવનના છેલ્લા શ્વાસ સુધી સંસારની ચાલુ ઘરેડમાં જ ફસેલો હોય છે અને જ્યારે મૃત્યુ સમીપ આવીને ઊભું રહે છે, ત્યારે 'હા ! હા ! અમે ઘણા ઘણા મનોરથો સેવવા છતાં આ જીવનમાં કઈ પણ કરી શક્યા નહિ !' એવો ખેદ પામતાં તેને શરણે થાય છે. એટલે આશ્રમવ્યવસ્થાને આગળ કરી લઘુવયમાં સગીરાવસ્થામાં ગ્રહણ કરાતી દીક્ષાનો નિષેધ કરવો, એ કોઈ પણ રીતે ઉપયુક્ત નથી.

સંસારની સર્વ પરિસ્થિતિનો ખ્યાલ કરીને જ ઋષિમુનિઓએ એવા શબ્દો ઉચ્ચાર્યા છે કે '**यदहर्विरजेत् तदहरेव प्रव्रजेत्**' જે દિવસે વૈરાગ્ય થાય તે જ

દિવસે દીક્ષા લેવી.'

કેટલાક કહે છે કે 'આઠ વર્ષની અંદરના પુરુષોને દીક્ષા આપવામાં આવતી નથી એ તો યોગ્ય જ છે, પણ આઠથી અઢાર વર્ષની વયના પુરુષો પણ વાસ્તવિક રીતે બાળક જ છે, કારણ કે તેઓ એ અવસ્થામાં પોતાના હિતાહિતનો વિચાર કરી શકતા નથી. સરકારી કાનૂનોએ પણ સંમતિવય અઢાર વર્ષની જ માની છે, એટલે અઢાર વર્ષની અંદરના પુરુષોને પણ દીક્ષાના અનધિકારી ગણવા જોઈએ.'

'આઠથી અઢાર વર્ષની વય સુધીના પુરુષો પોતાના હિતાહિતનો વિચાર કરી શકતા નથી' એ કથન સામાન્ય રીતે ઠીક હોવા છતાં સર્વાંશે સત્ય નથી. કારણ કે આ અવસ્થામાં પણ અનેક પુરુષોએ પોતાની બુદ્ધિ અને શક્તિનો એવો પરિચય આપ્યો છે કે જે મોટા ઉંમરના પુરુષો પણ આપી શકતા નથી. **ધ્રુવે** આ અવસ્થામાં જ કઠોર તપશ્ચર્યા કરી હતી. **પ્રહ્લાદે** આ અવસ્થામાં જ પરમ પ્રભુભક્તિનો પરિચય આપ્યો હતો. **શ્રીમચ્છંકરાચાર્યે** આ અવસ્થામાં જ અપ્રતિમ બુદ્ધિ દર્શાવી સંન્યાસ માર્ગ ગ્રહણ કર્યો હતો. **શ્રી હેમચંદ્રાચાર્યે** આ અવસ્થામાં જ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી પ્રકાંડ વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી. **નામદેવે** આ અવસ્થામાં જ દૃઢ સંકલ્પ દર્શાવી વિઠોબાને દૂધ પાયું હતું. **શ્રીમદ્ રાજચંદ્રે** આ જ અવસ્થામાં શતાવધાનના પ્રયોગો કરીને જનતાને આશ્ચર્ય મુગ્ધ બનાવી દીધી હતી. શહેનશાહ અકબરે આ અવસ્થામાં જ વિશાળ સલ્તનતનો કારભાર સંભાળી લઈ તેનું સફળતાપૂર્વક સંચાલન કર્યું હતું. અને સુપ્રસિદ્ધ લેખકો, કવિઓ તથા ચિત્રકારોના જીવન પર નજર નાખીએ તો તેમણે આ અવસ્થામાં જ પોતાની નૈસર્ગિક શક્તિનો ખ્યાલ દુનિયાને આપવા માંડ્યો હતો અને તેમાં દિન પ્રતિદિન પ્રગતિ થતાં આખરે તેઓ પરમ યશના ભાગી બન્યા હતા. એટલે આ અવસ્થામાં પણ અનેક પુરુષો પોતાનું હિતાહિત બરાબર સમજી શકે એવી સ્થિતિમાં હોય છે અને પૂર્વભવના સંસ્કારોને લઈને જીવનનાં કોઈને કોઈ ક્ષેત્રમાં અસાધારણ રીતે ઝળકી ઉઠે એવી શક્તિથી વિભૂષિત હોય છે. આવા પુરુષોનું સ્વાભાવિક વલણ વૈરાગ્ય, ત્યાગ, યોગાભ્યાસ કે ઈશ્વરોપાસના પ્રત્યે હોય તો તેમને દીક્ષાના અધિકારી માની દીક્ષા આપવામાં કોઈ જાતની અનુચિતતા નથી.

આ સંબંધમાં એક મહાનુભાવના નિમ્ન શબ્દો લક્ષમાં લેવા જેવા છે :

'જગતના વ્યવહારમાં **દીવાની** કાયદાએ ૧૮ વર્ષની વયે પૈસાની લેવડ-દેવડ માટે યોગ્ય સમજણવાળો માન્યો છે, પરંતુ તેનો અર્થ કાંઈ એવો નથી કે ત્યાં સુધી મનુષ્યમાં બીજી પણ સમજણોનો અભાવ હોય છે. કારણ કે તેરને ચૌદ વર્ષની ઉપરના છોકરાઓ તો ગુજરાતીનો અભ્યાસ કરી અંગ્રેજી પાંચમું કે છઠ્ઠું

ધોરણ ભણતા હોય છે. આટલું ભણવા છતાંય તેનામાં સારું-ખોટું સમજવાની મુદ્દલે સમજણ જ નથી, એ કલ્પના કબૂલ કરવા જેવી નથી. વળી **ફોજદારી** કાયદાઓ તો સાત વર્ષ પછીની ઉંમરવાળાને સમજવાની લાયકાતવાળો ગણ્યો છે અને તેથી તેને ગુન્હાથી દૂર રહેવાનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું હોવાનું મનાય છે અને તે માન્યતા મુજબ સજાઓ પણ થયેલી છે અને થાય છે. અને જૈન દીક્ષામાં તો ૮ થી ૧૬ વર્ષ સુધીની ઉંમર સુધીમાં દીક્ષા લેનાર માટે તેના વાલીની સંમતિ આવશ્યક ગણી છે, એટલે બંને રીતે ૮ વર્ષ ઉપરની ઉંમરવાળો સજ્ઞાન જ ગણાય. દીક્ષા અયોગ્ય છે એમ તો કોઈ પણ કહી શકે તેમ નથી અને સગીરની અજ્ઞાનતાનો આક્ષેપ પણ કોઈ રીતે ટકી શકતો નથી.'

કેટલાક કહે છે કે '૧૮ વર્ષ સુધી ભણાવીને પછી દીક્ષા આપવામાં આવે તો શું વાંધો ?' એનો ઉત્તર ઉપર્યુક્ત કાર્યકર્તાના શબ્દોમાં જ સાંભળો. તેઓ કહે છે કે, 'ભણાવવાની વાત કરવામાં આવે તે વાસ્તવિક નથી, કારણ કે અમારી શાસ્ત્રાજ્ઞા મુજબ સાધુ જીવન અંગીકાર કર્યા પછી પણ વિહિત કરેલી તપશ્ચર્યા વિગેરે ક્રિયાઓ કર્યા પછી જ અમુક અમુક શાસ્ત્રો વાંચી શકાય છે, એટલે સગીર ભલો તો ફક્ત ભાષાજ્ઞાન મેળવે પણ ધર્મનું તત્ત્વજ્ઞાન તેને મળી શકે નહિ. વળી આત્માને મોક્ષ મેળવવામાં એકલું જ્ઞાન જ કારણભૂત નથી. શ્રી ઉમાસ્વાતિ મહારાજ તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ફરમાવે છે કે 'સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર (શ્રમણપણું) એ ત્રણ ભેગા મળીને મોક્ષ સાધી શકે છે. એટલે દીક્ષા આપવામાં ન આવે અને વગર સંસ્કારે રાખવામાં આવે તો સાધુઓ માટેની જે ક્રિયાઓ છે તે ગૃહસ્થ તો કરી શકે જ નહિ. એટલે વાસ્તવિક જ્ઞાન ને સંસ્કરણ મળતું નથી અને ક્રિયા પણ બની શકતી નથી. ઉભયથી તે વંચિત રહે છે. આ ઉપરાંત તેઓ દીક્ષા ન હોવાનાં કારણે સુગુરુઓના સંપૂર્ણ સહવાસનો કિંમતી લાભ ગુમાવે છે. આથી કોઈ પણ સગીરને જે સમયે તેની દીક્ષા લેવાની ઇચ્છા થાય, તેના વાલી તેની ભાવના જોઈ સંમતિ આપતા હોય અને ગુરુ પણ યોગ્ય જોતા હોય તો આવા ત્રણે અનુકૂળ સંયોગો વચ્ચે તે સગીર હોવા ખાતર જ દીક્ષાની અટકાયત કરવી તે સગીરના આત્મકલ્યાણનો ઘાત કરનાર છે.'

કેટલાક કહે છે કે 'પાપરહિત દીક્ષા માટે તેઓ જ યોગ્ય છે કે જેમણે ભોગને યોગ્ય એવું યૌવન વ્યતીત કર્યું છે, પણ બાળકો કે યુવાનો નહિ, કારણ કે બાળકો જ્યારે યૌવન વયને પામે ત્યારે તેઓમાં વિષય સેવનના અપરાધો થવા એ સંભવિત છે અને એવા સંભવિત દોષના સાધુઓએ શ્રમણોએ પરિહાર કરવો એ જ યોગ્ય છે.

પરંતુ આમ કહેવું યોગ્ય નથી, કારણ કે જેઓએ ભોગોને સારી રીતે ભોગવ્યા છે અને જેમની ભોગવય વીતી ગઈ છે, તેવા ઋષિઓ માટે પણ સંભાવનીય દોષપણું તો સરખું જ છે. બાકી વિષયના સંગને નહિ અનુભવનારા એવા કેટલાક આત્માઓ વિષયસંગની વિષમતાના જાણ હોઈ સારામાં સારી રીતે દીક્ષાનું પાલન કરી શકે છે અને લોકમાં અશંકનીય બની જગત્ પૂજ્ય પદે વિરાજે છે તથા પોતાનું હિત સાધવા સાથે અનેકાનેક યોગ્ય આત્માઓને સન્માર્ગના પૂજારી બનાવે છે.

અમારો અનુભવ એમ કહે છે કે જેવો લઘુ વયમાં શ્રામણ્ય પામ્યા તેઓ અનેક શાસ્ત્રોનો પદ્ધતિસર અભ્યાસ કરી મહાવિદ્વાન થયા અને પ્રારંભથી જ સત્સંગનું સેવન કરવાને લીધે ચારિત્ર શિરોમણી બની મહાત્માઓ તરીકે જગત ભરમાં વિખ્યાત થયા, એટલે લઘુ વયમાં યોગ્ય ગુરુઓ દ્વારા યોગ્ય આત્માઓને અપાતું શ્રામણ્ય અનર્થની પરંપરા ઉત્પન્ન કરનારું નહિ પણ જીવનનો ઉત્તરોત્તર વિકાસ સાધનારું છે અને એથી અત્યંત અનુમોદનીય છે.

આ બધી વસ્તુઓનો વિચાર કરીને શાસક વર્ગે બાળદીક્ષાની અટકાયત કરનારા કોઈ પણ ખરડાને મંજૂરી નહિ આપવામાં જ સમાજ તથા દેશનું હિત રહેલું છે.

મુંબઈ રાજ્ય તરફથી બાળદીક્ષા બીલ સને ૧૯૫૫ અંગે હતો. તેનું પરિણામ તેના ભયંકર વિરોધમાં આવ્યું હતું અને તેથી એ બીલ પડતું મૂકાયું હતું. એ વસ્તુ તરફ પણ અમે સર્વે સુજ્ઞ પાઠકોનું ધ્યાન ખેંચીએ છીએ.



## પ્રકરણ-૮ - અનુજ્ઞા

## (પ્રવજ્યા માટેની સંમતિ)




**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**માં મૃગાપુત્રના અધિકારે કહેવાયું છે કે—

**सुयाणि मे पंचमहव्वयाणि, नरएसु दुक्खं च तिरिक्खजोणीसु ।**
**निव्विण्णकामो मि महण्णवाओ, अणुजाणह पव्वइस्सामि अम्मो ॥**

મેં પાંચ મહાવ્રતો સાંભળ્યા છે. નરક અને તિર્યગ્ યોનિનાં દુઃખો સાંભળ્યાં છે. હું આ સંસારરૂપી સમુદ્રથી નિવૃત્ત થવાની ભાવનાવાળો થયો છું, તેથી પ્રવ્રજ્યા ગ્રહણ કરીશ. માટે હે માતા ! મને આજ્ઞા આપો.

**मिगचारियं चरिस्सामि, सव्वदुक्ख-विमोक्खणिं ।**
**तुब्भेहिं अम्ब ! णुण्णाओ, गच्छ पुत्त जहासुहं ॥**

હે માતાપિતા ! આપ બંનેની અનુજ્ઞા મેળવીને હું મૃગચર્યાનું અર્થાત્ શ્રમણપણાનું આચરણ કરીશ. પ્રવ્રજ્યા સર્વ દુઃખોમાંથી મુક્ત કરનારી છે.

માતા પિતા બોલ્યા, જાઓ પુત્ર ! યથાસુખ વિચરો.

**एवं सो अम्मापियरं, अणुमाणित्ता णं बहुविहं ।**
**ममत्तं छिन्दई ताहे, महानागोव्व कंचुयं ॥**

એ પ્રકારે માતા પિતાને અનુમત કરી તે વૈરાગી મહાનાગ કાંચળીને છોડે તેમ અનેકવિધ મમત્વનો ચ્છેદ કરે છે.

તે જ સૂત્રમાં સમુદ્રપાલની અણગાર પ્રવ્રજ્યાનું વર્ણન કરતાં જણાવ્યું છે કે-

**संबुद्धो सो तहिं भगवं, परमसंवेगमागओ ।**
**आपुच्छऽम्मापियरो, पव्वये अणगारियं ॥**

તે મહાપુરુષ એ રીતે બોધ પામ્યા, પરમ સંવેગ એટલે ઉત્કૃષ્ટ વૈરાગ્યને પ્રાપ્ત થયા અને તેથી માતાપિતાને પૂછીને અણગાર ધર્મમાં પ્રવ્રજિત થયા.

આ શબ્દો પરથી સ્પષ્ટ થાય છે કે વૈરાગ્ય થયા પછી દીક્ષાર્થીનું પ્રથમ કર્તવ્ય માતાપિતા વગેરેની અનુજ્ઞા એટલે અનુમતિ કે સંમતિ મેળવી લેવાનું મનાયું છે. સંમતિ એટલે 'ભલે તું દીક્ષા લે' એવી આજ્ઞા.

શ્રીમાન હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુનાં ચોથા પ્રકરણમાં ખાસ સૂત્ર રચીને જણાવ્યું છે કે **तथा-गुरुजनाद्यनुज्ञेति ॥२३॥** (દીક્ષાર્થીએ) માતાપિતાદિની અનુજ્ઞા લેવી. અહીં આદિ શબ્દથી પુત્ર, સ્ત્રી વગેરે બાકીના કુટુંબીજનો સમજવાના છે.

પ્રશ્ન - આ નિયમ નાની મોટી બધી દીક્ષાઓને લાગુ પડે છે ?

ઉત્તર - હા.

પ્રશ્ન - 'શ્રામણ્ય કોને ન અપાય ?' એ બાબતની ચર્ચા કરતાં તમે જણાવ્યું હતું કે ૧૬ વર્ષની ઉપરનાને અનુજ્ઞા વિના પણ દીક્ષા આપી શકાય, કારણ કે એથી શિષ્યનિષ્ફેટિકા દોષ લાગતો નથી. અને અહીં બધાને માટે અનુજ્ઞા-અનુમતિ-સંમતિની વાત કરો છો, તેનું કેમ ?

ઉત્તર - એ પ્રસંગે જે કંઈ કહ્યું છે, તે યથાર્થ છે. સોળ વર્ષની ઉપરનાને અનુજ્ઞા વિના દીક્ષા આપતાં શિષ્ય નિષ્ફેટિકા દોષ લાગતો નથી. પણ તેનો અર્થ એ નથી કે સોળ વર્ષની ઉપરના બધાને અનુજ્ઞા વિના દીક્ષા અપાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો અનુજ્ઞાપૂર્વક દીક્ષા આપવી એ સુવિહિત ક્રમ છે, રાજમાર્ગ છે અને તે આજ પર્યંત અનુસરાતો આવ્યો છે, જ્યારે અનુજ્ઞા વિના દીક્ષા આપવી એ અપવાદ પણ છે, એટલે તેનું સેવન તો અસાધારણ સંયોગોમાં કોઈક કોઈક વાર જ થયેલું છે. આવા પ્રસંગે દીક્ષા આપનારને શિષ્ય નિષ્ફેટિકા દોષ લાગતો નથી એમ એ કથનનું તાત્પર્ય છે. શ્રી ગૌતમ સ્વામીએ હાલિક-ખેડૂતને દીક્ષા આપી કે શ્રી સંભૂતિ વિજય આચાર્યે શ્રીસ્થૂલભદ્રજીને રસ્તામાં દીક્ષા આપી તે પ્રસંગો પણ અપવાદ રૂપ જ સમજવાના છે. મહાપુરુષો કોઈ અસાધારણ સંયોગોમાં ચોકસ પગલું ભરે તેનું બીજાએ અનુકરણ કરવાનું હોતું નથી. એમણે તો સ્વીકૃત નિયમો અનુસાર જ વર્તવાનું હોય છે.

પ્રશ્ન - સામાન્ય રીતે સર્વ માતાપિતાઓ એમ જ ઇચ્છતા હોય છે કે મારો

પુત્ર મોટો થાય, ભણે ગણે, બે પૈસા કમાય, સારી રીતથી વિવાહ કરે, વંશવેલો વધારે અને કુટુંબની લાજઆબરૂ જાળવી રાખે, એટલે તેઓ પોતાના પુત્ર-પુત્રીઓને સંસાર છોડવાની સંમતિ શી રીતે આપે ?

ઉત્તર - માતાપિતાની સામાન્ય ઈચ્છા આ પ્રકારની હોવા છતાં તેઓ પુત્ર-પુત્રીનું કલ્યાણ ઇચ્છનારા હોય છે, એટલે જે માર્ગથી કલ્યાણ થવાની ખાતરી થાય તે માર્ગ માટે જરૂર અનુજ્ઞા-અનુમતિ-સંમતિ આપે. મૃગાપુત્રને તથા સમુદ્રપાળને માતાપિતાએ કેવી રીતે અનુમતિ આપી ? આજે પણ અનેક માતાપિતાઓ પોતાના પુત્ર-પુત્રીઓને શી રીતે સંમતિ આપે છે ?

પ્રશ્ન - બધું સમજાવ્યા છતાં મોહનાં પ્રાબલ્યને લીધે અનુજ્ઞા ન આપે તો ?

ઉત્તર - એવા પ્રસંગે તેઓ અનુજ્ઞા આપે એવી યુક્તિ કરવાનું વિધાન છે. જેમ કે મને આજે ગધેડા-ઊંટ-પાડા પર સવાર થયો હોઉં એવું સ્વપ્ન આવ્યું હતું, એટલે મારા જીવિતવ્યનો ભરોસો નથી.' 'મેં આજે સ્વપ્નમાં કેટલીક દેવીઓને રાસ લેતા જોઈ હતી. તે મારી સામે જોઈને ખડખડાટ હસવા લાગી, એટલે મને સમજાય છે કે મારું આયુષ્ય હવે બહુ ટૂંકું છે.' 'એક પ્રખ્યાત જોશીએ મને કહ્યું છે કે તમને અમુક વર્ષે યોગ-સાધનાનો યોગ છે.' વગેરે વગેરે માટે દીક્ષાની અનુજ્ઞા આપો. આ પ્રમાણે યુક્તિ રચવામાં પરમાર્થે ધર્મસાધ્ય છે, એટલે તેમાં કોઈ જાતનો દોષ માનવામાં આવતો નથી.

પ્રશ્ન - માતા પિતા આ બધું સમજતા હોય પણ તેના વિના નિર્વાહ કરી શકવાની સ્થિતિમાં ન હોય ત્યાં શું થાય !

ઉત્તર - આવા સંયોગોમાં પોતાની શક્તિ પ્રમાણે માતાપિતાદિ કુટુંબીજનોનાં ચિત્તનું સમાધાન કરે છે, એટલે નિર્વાહમાં કારણરૂપ દ્રવ્યાદિક આપે અને તેમની આજીવિકા માટે બંદોબસ્ત કરે જેથી પછવાડે તેમને હેરાનગતિ ભોગવવી પડે નહિ. એમ કરવાથી પોતે કૃતજ્ઞતા કરેલી કહેવાય. જૈન માર્ગની પ્રભાવનાનું બીજ કરુણા છે, તેથી માતાપિતાને આવી રીતે ખુશી કરી આજ્ઞા મેળવીને દીક્ષા લેવાનું ઈષ્ટ મનાયું છે.

પ્રશ્ન - જે માતાપિતા પોતાના સ્વાર્થની ખાતર પોતાના વૈરાગ્યવાસિત પુત્ર-પુત્રીને દીક્ષાની અનુજ્ઞા ન આપતા હોય અને એ રીતે તેના ધર્મારાધનમાં અંતરાય કરતા હોય તો તેઓ શત્રુ લેખાય કે નહિ ? અધ્યાત્મકલ્પદ્રુમ નામના ગ્રંથમાં કહ્યું છે કે—

**मातापिता स्वः सुगुरुश्च तत्त्वात् प्रबोध्य यो योजति शुद्धधर्मे ।**
**न तत्समोऽरि क्षिपते भवाब्धौ, यो धर्मविघ्नादिकृतेश्च जीवम् ॥**

વાસ્તવિક રીતે માતાપિતા, સ્વજન અને સુગુરુ તેજ કહેવાય કે જે પોતાના પુત્ર-પુત્રીને ધર્મમાર્ગમાં જોડે છે અને જે ધર્મનાં આરાધનમાં અંતરાય ઊભો કરીને પ્રાણીને પોતાના પુત્ર-પુત્રીઓને ભવસાગરમાં ફેંકે છે. તેના જેવો કોઈ શત્રુ નથી.'

ઉત્તર - આ વચનો માતાપિતાને હિતશિક્ષારૂપ છે. એટલે તેમણે પોતાના પુત્ર-પુત્રીઓ ધર્મનું આરાધન કરતા હોય તો તેમાં કોઈ જાતનું વિઘ્ન નાખવું નહિ, એટલું જ નહિ પણ તેમને યુક્તિથી ઉપદેશ આપીને ધર્મના માર્ગે જોડવા. વ્યવહાર નીતિમાં પણ **'माता शत्रु पिता वैरी येन बालो न पाठितः** । તે માતા શત્રુ છે, તે પિતા વૈરી છે કે જે પોતાનાં બાળકને ભણાવતો નથી.' એવા શબ્દો આવા જ ભાવથી ઉચ્ચારાયેલા છે, પણ એનો અર્થ એ નથી કે તેમને શત્રુ સમજી લેવા અને તેમની સાથે તે પ્રકારનો વ્યવહાર રાખવો. એમ કરવાથી તો ગૃહસ્થના સામાન્ય ધર્મનો પણ લોપ થાય અને સર્વ વિરતિ જેવા એક સર્વોચ્ચ ત્યાગ ધર્મની વાત કરવી પણ શોભે નહિ.

શ્રીમાન હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુમાં ગૃહસ્થના સામાન્ય ધર્મનું વર્ણન કરતાં જણાવ્યું છે કે **तथा मातृपितृपूजेति ।१।३१॥** માતાપિતાની પૂજા કરવી. અર્થાત્ ત્રિકાળ પ્રણામ વગેરે ભક્તિ કરવી. કહ્યું છે કે 'અવસર વગર પણ ઊંચે પ્રકારે ચિત્તમાં આરોપણ કરેલા ગુરુ વર્ગને જાણે કાળ પ્રણામ કરવો એ એમની પૂજા છે.' અહીં ગુરુ વર્ગમાં કોને ગણવા ? તેનો ખુલાસો કરતાં જણાવ્યું છે કે-

**माता पिता कलाचार्यः एतेषां ज्ञातयस्तथा ।**
**वृद्धा धर्मोपदेष्टारो, गुरुवर्गः सतां मतः ॥**

'માતા, પિતા, કલાચાર્ય (કલાનું શિક્ષણ આપનાર ગુરુ) અને તેમના બંધુ-જનો તથા વૃદ્ધો અને ધર્મોપદેશકો એ બધાને સત્પુરુષોએ ગુરુવર્ગ માનેલો છે.'

આ ગુરુવર્ગને શી રીતે માન આપવું ? તે સંબંધમાં તેમણે કહ્યું છેં કે-

**अभ्युत्थानादि योगश्च तदन्ते निभृतासनम् ।**
**नामग्रहश्च नास्थाने नावर्णश्रवणं क्वचित् ॥**

ગુરુજન આવે ત્યારે ઊભા થઈ સામા જવું, આદિ શબ્દથી સુખ શાતા પૂછવી, તેમની પાસે નિશ્ચલ થઈને બેસવું, (વારંવાર ઊઠ-બેસ ન કર્યા કરવી) અઘટિત સ્થાને તેમનું નામ લેવું નહિ અને તેમની નિંદા સાંભળવી નહિ.'

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ આ સૂત્ર પછી તરત જ બીજું સૂત્ર એવું કહ્યું છે કે- **'आमुष्मिकयोगकारणं तदनुज्ञया प्रवृत्तिः प्रधानाभिनवोपनयनं तद्-भोगे भोगोऽन्यत्र तदनुचितादिति ।१।।३२॥** માતા પિતાને પરલોકના ધર્મવ્યાપારમાં

પ્રેરણા કરવી, તેમની અનુજ્ઞાથી આલોક અને પરલોકનાં કાર્યમાં પ્રવૃત્તિ કરવી. કોઈ શ્રેષ્ઠ નવી વસ્તુ મળે તે પ્રથમ તેમને ભેટ કરવી અને જે વસ્તુ તેમણે વ્રત નિમિત્તે છોડી દીધી હોય તે સિવાયની વસ્તુનો ઉપભોગ તેમના કર્યા પછી કરવો.

આ પરથી દરેક ગૃહસ્થે માતાપિતા પ્રત્યે કેવો પૂજ્યભાવ રાખવાનો છે, તે બરાબર સમજાય છે. કોઈવાર તેમનાં વચનો કડવાં હોય કે તેઓ પુત્ર-પુત્રીઓના માનેલા ઈચ્છેલા ધર્મારાધનમાં પૂરતું ઉત્તેજન ન આપતા હોય કે ઉદાસીનતા બતાવતા હોય તો તેટલા માત્રથી તેમને શત્રુ માની લેવાના નથી. તેમનો ઉપકાર સંતાનો ઉપર એટલો મોટો હોય છે કે જેનો બદલો કોઈ પણ રીતે વળી શકતો નથી. ત્યાં તેમને શત્રુ માની લેવાની ધૃષ્ટતા તો કરાય જ કેમ ?

શ્રીમાન હરિભદ્રસૂરિએ ધર્મબિન્દુમાં '**तथा भर्तव्यभरणमिति ।१॥३८॥** જે ભરણ પોષણ કરવા યોગ્ય હોય તેમનું ભરણપોષણ કરવું.' એ સૂત્રથી એમ સૂચવ્યું છે કે માતા-પિતા, પોતાના આશ્રિત સ્વજનો તેમજ સેવક વગેરે ભરણ પોષણ કરવા યોગ્યનું ભરણ પોષણ કરવું. અને તેમણે એ પણ સૂચવ્યું છે કે- **तथा-तस्य यथोचितं विनियोग इति ।१॥३५॥** તે ભરણ પોષણ કરવા યોગ્યજનોને તેમને યોગ્ય એવા કાર્યમાં જોડવા. તેમજ **तथा-तत्प्रयोजनेषु बद्धलक्षतेति ।१।३६॥** તે પોષ્ય વર્ગના ધર્મ, અર્થ અને કામનાં પ્રયોજનમાં હમેશા લક્ષ રાખવું. **तथा अपायपरिरक्षोद्योग इति ।१।३७॥** તે પોષ્ય વર્ગની અનર્થમાંથી રક્ષા કરવાનો ઉદ્યોગ કરવો.' '**तथा-गर्हो ज्ञानस्वगौरवरक्षा इति ।१॥३८॥** જો તે પોષ્ય વર્ગ નિંદા કરવા યોગ્ય થાય તો પછી ગૃહસ્થે પોતાનાં જ્ઞાન અને ગૌરવની રક્ષા કરવી.'

આજે પણ હિંદુ કુટુંબમાં તેમજ અન્ય સમાજોમાં લગભગ આવો જ વ્યવહાર પ્રવર્તી રહ્યો છે, એટલે દીક્ષા લેતા પહેલાં તેમનાં ભરણ પોષણનો યથાશક્તિ બંદોબસ્ત કરવો જરૂરી માનવામાં આવ્યો છે.

પ્રશ્ન - જો આ ઉપાય કરવા છતાં માતા પિતા અનુજ્ઞા ન આપે તો ?

ઉત્તર - એ સંયોગોમાં શ્રી ચિરંતનાચાર્યે પંચસૂત્રમાં કહ્યું છે તેમ '**सव्वहा अपडिवज्जमाणे चइज्जा ते अद्धाणगिलाणोसहत्थचागनाएणं**- સર્વથા પ્રકારે આજ્ઞા ન આપે તો અસ્થાને રહેલા ગ્લાનનો ઔષધ મેળવવા માટે ત્યાગ કરવો પડે એ દૃષ્ટાંતે તેમનો ત્યાગ કરવો ઘટે.

આ દૃષ્ટાંત શાસ્ત્રોમાં નીચે પ્રમાણે આપ્યું છે :

કોઈ કુલપુત્ર પોતાના માતાપિતાદિ સાથે તેમની સેવામાં પ્રતિબદ્ધ થઈને ચાલતો હતો. તે એક વખતે કોઈ રીતે કાંઈ અપાર જંગલમાં આવી પહોંચ્યો. ત્યાં

માતાપિતાદિના નિયમને તોડનારો અને વૈદ્યાદિના ખાસ ઉપચારથી જ મટી શકે તેવો કોઈ મોટો રોગ તેમનાં શરીરમાં ઉત્પન્ન થયો. તે વખતે તે કુલપુત્ર માતાપિતાના પ્રતિબંધથી આ પ્રમાણે વિચારવા લાગ્યો.' આ માતાપિતા જરૂર ઔષધ વિના રોગરહિત નહિ થાય અને કદી ઔષધ મળે તો તેમનો રોગ મટવાનો સંભવ છે. વળી આ માતાપિતા કાલ સહન કરે તેમ છે, એટલે તત્કાળ મારા વિયોગથી અથવા રોગથી મરણ પામે તેમ નથી.' આ પ્રમાણે ચિંતવી તે માતા પિતાદિકને વિવિધ પ્રકારનાં વચનો વડે શાંત્વન આપે છે અને ઔષધાદિકનાં નિમિત્તે તેમજ પોતાની વૃત્તિ ચાલે એ માટે તે માતાપિતાદિનો ત્યાગ કરે છે, આમ છતાં તે સાધુ એટલે સજ્જન કહેવાય છે. અહીં સમજવાનું એટલું જ છે કે ધીર પુરુષો પ્રધાનપણે ફળને જ દેખનારા હોય છે, એટલે જેમાં ફળ દેખાય તેવા જ કાર્યમાં પ્રવર્તે છે. તેથી ઔષધ સંપાદન કરી તે માતાપિતાને જીવાડે પણ ખરો કેમ કે તેવો સંભવ છે. અને આ પ્રકારે કરવું તે સત્પુરુષોને યોગ્ય છે.

આ દૃષ્ટાંતનો અર્થ ઘટાવતાં શાસ્ત્રકાર મહર્ષિઓ જણાવે છે કે આ સ્થળે જે કુલપુત્ર કહ્યો તે શુક્લ પાક્ષિક (જેનાં મનનાં પરિણામો ઉજ્જવળ છે તેવો) મહાપુરુષ સમજવો. તે પુરુષ આ સંસારરૂપી વનમાં પડી માતાપિતાદિકની સાથે કાલ નિર્ગમન કરે છે. હવે માતાપિતાને મોહના ઉદયથી એવો રોગ લાગુ પડ્યો છે કે જે સમકિતરૂપી ઔષધથી જ મટે.' તેથી શુક્લ પાક્ષિક મહાપુરુષ વિચાર કરે છે કે 'આ સર્વે સમકિતાદિ ઔષધ વિના અવશ્ય વિનાશ પામશે અને સમકિતાદિ સંપાદન કરતાં પણ વિકલ્પ છે, એટલે સમકિતાદિ ઔષધથી તેમનો કર્મરૂપ રોગ મટે ખરો, તેથી સમકિતાદિ મેળવવાનો ઉદ્યમ કરે છે. વળી વ્યવહારથી સર્વે કાલને સહન કરે તેવા છે, એટલે તત્કાળ નાશ પામે એવાં નથી, કારણ કે જ્યાં સુધી ગૃહવાસ છે ત્યાં સુધી નિર્વાહ વગેરેની ચિંતા છે, માટે તે તે પ્રકારે સંસ્થાપન કરીને એટલે પોતાની યોગ્યતા પ્રમાણે માતાપિતાદિ ગુરુજનની જીવતાં સુધી પહોંચે એવી આજીવિકાનો બંદોબસ્ત કરીને તેમનાં સમકિતાદિ ઔષધ નિમિત્તે તથા પોતાને ચારિત્રનો લાભ થાય તે માટે ગુરુજનનો ત્યાગ કરનારો પુરુષ ઉત્તમ કહેવાય છે.'

પ્રશ્ન - આ પ્રમાણે તેમનો ત્યાગ કરતાં રોકકળ થવાનો સંભવ ખરો કે નહિ? અને જો રોકકળ થાય તો તેમને આર્તધ્યાન કરાવવાનો દોષ દીક્ષાર્થીનો લાગે કે નહિ ?

ઉત્તર - આ પ્રમાણે તેમનો ત્યાગ કરતાં રોકકળ થવાનો સંભવ ખરો, પણ જે સ્થિતિ અપરિહાર્ય છે, ત્યાં બીજું શું બની શકે ? એ રોકકળ મોહને આધીન થાય છે, એટલે તેનો દોષ દીક્ષાર્થીને લાગતો નથી. તે માટે પંચવસ્તુમાં કહેવાયેલા નિમ્ન શબ્દો વિચારવા યોગ્ય છે.

**अब्भुवगमेण भणियं, ण उ विहिचाओऽवि तस्स हेउ त्ति ।**
**सोगइम्मि वि तेसिं, मरणे व विरुद्ध चिन्तस्स ॥**

જેમ વિશુદ્ધ ચિત્તથી મરનાર આત્માને પાછળના સ્વજનોના શોકાદિકથી પાપ લાગતું નથી, તેમ દીક્ષા માટે સ્વજનોનો વિધિપૂર્વક ત્યાગ કરનારને તેમના શોકાદિકથી પાપ લાગતું નથી.'

આ વિવેચનનો સાર એ છે કે દીક્ષાર્થી માતા પિતા વગેરે સંબંધી જનોનો ત્યાગ અવશ્ય કરવાનો છે પણ તે ઉપર જણાવેલા વિધિપૂર્વક કરવો જોઈએ જેથી તેમના તરફથી દીક્ષામાં અંતરાય થાય નહિ કે તે નિમિત્તે ઝઘડા-રગડા થઈ કોર્ટ-કચેરીમાં જવાનો પ્રસંગ આવે નહિ.



# પ્રકરણ-૯ - પ્રવ્રજ્યા વિધિ



જૈન શ્રમણોનો પ્રવ્રજ્યા વિધિ કેવો છે તે પણ જાણવું જોઈએ, તેથી તે સંબંધી અહીં સારભૂત વિવેચન કરવામાં આવે છે.

પ્રવ્રજ્યા - દીક્ષાનો અભિલાષી થઈને કોઈપણ પુરુષે પોતાની સમીપે આવે ત્યારે જૈન શ્રમણો તેનો અનુગ્રહ બુદ્ધિથી સ્વીકાર કરે છે, એટલે સમકિત વગેરે ગ્રહણ કરાવવાની બુદ્ધિથી તેને પ્રવ્રજ્યા ગ્રહણ કરાવે છે પણ પોતાની પર્ષદા (સંઘાડા)ની પૂર્તિ થશે એવી બુદ્ધિથી પ્રવ્રજ્યા આપતા નથી.

પ્રવ્રજ્યા નિમિત્તે આવેલો પુરુષ કેવી યોગ્યતા ધરાવે છે તેની પણ વિધિપૂર્વક તપાસ કરવામાં આવે છે પણ તે એમને એમ આપી દેવાતી નથી.

જૈન શાસ્ત્રોમાં પ્રવ્રજ્યાના સ્વીકારની સન્મુખ થઈને આવેલા ભવ્ય જીવને એ પ્રશ્નો પૂછવાનો વિધિ છે કે 'હે વત્સ ! તું કોણ છે ? ક્યાંથી આવે છે ? અને શા કારણે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને તત્પર થયો છે ?' આ પ્રશ્નનો ઉત્તર જો તે એવો આપે કે 'હે ભગવન્ ! હું કુલપુત્ર છું એટલે અમુક વંશનો છું, અમુક જ્ઞાતિનો છું ને અમુક માતાપિતાથી ઉત્પન્ન થયેલો છું. અમુક ગામ, નગર કે પુર-પાટણથી આવું છું અને ભવપરંપરાને ભયંકર સમજી તેનાં નાશ નિમિત્તે જ પ્રવ્રજ્યા-દીક્ષા લેવાને તત્પર થયો છું 'તો તેને પ્રશ્નશુદ્ધ સમજવામાં આવે છે એટલે દીક્ષાને યોગ્ય માનવામાં આવે છે. અને તેનો ઉત્તર બરાબર ન મળે કે તેમાં શંકા જેવું જણાય તો તેને પ્રવ્રજ્યા ગ્રહણ કરાવવી કે નહિ ? તે સંબંધમાં વધારે ઊંડા ઉતરીને નિર્ણય કરાય છે. અહીં નિમિત્ત શાસ્ત્ર વડે એટલે શકુનાદિથી પણ શિષ્યની પરીક્ષા કરવાનો વિધિ છે.

પછી પ્રશ્નશુદ્ધ દીક્ષાર્થીને સાધુ ક્રિયાઓનું આખ્યાન કરવામાં આવે છે, એટલે સાધુધર્મ કેવો છે અને તે પાળવા ન પાળવાનું કેવું પરિણામ આવે છે ? તે બરાબર સમજાવવામાં આવે છે. જેમ કે પ્રવ્રજ્યા કાયર પુરુષોને માટે દુઃખે કરીને પાળી શકાય એવી છે. જો તે સમ્યગ્ રીતે આરાધાય તો મોક્ષ રૂપી ફળને આપનારી છે, પણ તેની વિરાધના કરવામાં આવે તો સંસાર ફલરૂપ દુઃખને દેનારી છે. જેમ કુષ્ટ આદિ વ્યાધિથી ઘેરાયેલો મનુષ્ય ચિકિત્સા શરૂ કર્યા પછી અપથ્યનું સેવન કરે તો તે ચિકિત્સા શરૂ નહિ કરનાર કરતાં ઘણો વહેલો વિનાશ પામે છે, તે પ્રમાણે કર્મરૂપ વ્યાધિના ક્ષય નિમિત્તે પ્રવ્રજ્યાનો અર્થાત્ સંયમરૂપ ભાવક્રિયાનો સ્વીકાર કરીને પાછળથી અસંયમરૂપ અપથ્યનું સેવન કરે છે, તે અધિક કર્મનું સમુપાર્જન કરે છે.'

તાત્પર્ય કે હે વત્સ ! તું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા તત્પર થયો છે તે આનંદની વાત છે, પણ તેનું બરાબર પાલન કરી શકીશ કે કેમ ? તેનો ફરી એકવાર શાંત ચિત્તે વિચાર કરી જો. જૈન દીક્ષા એ અન્ય દીક્ષા જેવી સામાન્ય કે સરલ નથી પણ બહુ ઉચ્ચ કોટિની વસ્તુ છે, એટલે વજ્ર જેવો દઢ સંકલ્પ માગે છે, તે તમારામાં છે કે નહિ ? તેનો આત્મસાક્ષીએ નિર્ણય કરી લે.

આના જવાબમાં તે એમ કહે કે હું જૈન દીક્ષાનું સ્વરૂપ બરાબર સમજ્યો છું જે તે સારી રીતે પાળી શકીશ. તો પણ તેની વિશેષ પરીક્ષા કરવામાં આવે છે, કારણ કે-

**असत्याः सत्यसङ्काशाः सत्याश्चासत्यसन्निभाः ।**
**दृश्यन्ते विविधा भावास्तस्माद्युक्तं परीक्षणम् ॥१॥**
**अतथ्यान्यपि तथ्यानि, दर्शयन्ति कौशलाः ।**
**चित्रे निम्नोन्नतानीव, चित्रकर्म विदो जनाः ॥२॥**

આ જગતમાં અસત્યો સત્ય જેવાં અને સત્યો અસત્ય જેવાં એમ વિવિધ ભાવો જણાય છે, તેથી પરીક્ષા કરવી યોગ્ય છે. જેમ ચિત્ર કર્મને જાણનારા લોકો પોતાની કુશલતાને લીધે ચિત્રની સપાટી સમાન હોવા છતાં તેમાં ઊંચું-નીચું બતાવે છે, તેમ અતિકુશળતાને ધારણ કરનારા આત્માઓ ખોટી વસ્તુઓને પણ સાચી તરીકે દર્શાવે છે.

અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપર્યુક્ત પ્રશ્નોના જવાબરૂપે દીક્ષાર્થી જે કંઈ કહે તે તેજ પ્રકારનું છે એમ માની ન લેતાં સત્ય પરિસ્થિતિનું માપ કાઢવા માટે પરીક્ષાનો માર્ગ ગ્રહણ કરાય છે.

આ પરીક્ષા સમ્યકત્વ, જ્ઞાન અને ચારિત્ર પરિણતિના વિષયમાં કરવાની છે. તે માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે- '**परीक्षा च सम्यक्त्वज्ञानचारित्रपरिणति- विषया ।**

એટલે દીક્ષા લેનાર સુદેવ, સુગુરુ અને સુધર્મની શ્રદ્ધાને પામેલો છે કે કેમ અને પામેલો હોય તો તે શ્રદ્ધા કેવી મજબૂત છે તે તપાસવામાં આવે છે. તે સાથે પ્રશમ, સંવેગ નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ સમ્યક્ત્વ સૂચક લક્ષણો તેનામાં કેટલા ખીલ્યા છે ? તેનો પણ અંદાજ કાઢવામાં આવે છે. એ જ રીતે તેના જ્ઞાનની પરીક્ષા કરાય છે, એટલે તેને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જૈન ધર્મે સ્વીકારેલાં નવ તત્ત્વનો કંઈ બોધ છે કે કેમ? તે થોડા પ્રશ્નો પૂછીને જાણી લેવામાં આવે છે. પછી ચારિત્રના પરિણામો કેમ થયા? અને તેના સ્વરૂપ તથા પ્રકારોથી વાકેફ છે કે કેમ ? તેની પણ તપાસ થાય છે.

આ પરીક્ષાનો કાલ કેટલો સમજવો ? તે સંબંધમાં શાસ્ત્રકારોએ કહ્યું છે કે-

**अब्भुवगयंपि संतं, पुणो परिक्खेज्ज पवयणविहीए ।**
**छम्मासं जाऽऽसज्ज व, पत्तं अद्धाए अप्प बहुं ॥**

પ્રશ્ન અને સાધુ ધર્મનાં કથન દ્વારા દીક્ષાર્થીનો સ્વીકાર કર્યા પછી પણ પ્રવચનની વિધિ મુજબ એટલે પોતાની ચર્યા બતાવવા આદિ દ્વારા તેની ફરી પરીક્ષા કરવી. એ પરીક્ષાનો કાળ છ માસ સુધીનો છે. જો દીક્ષાર્થી વિશેષ યોગ્યતાવાળો હોય તો આ કાળ અતિશય ઓછો પણ કરી શકાય અને તેથી ઊલટું જણાય તો તેમાં જરૂર જેટલો વધારો પણ કરી શકાય.'

વિધિ મુજબ પરીક્ષા કર્યા પછી તેની યોગ્યતા જાણીને તેણે ઉપધાન● તપ ન વહ્યા હોય તો પણ તેને કંઠથી સામાયિક સૂત્ર અર્પણ કરાય છે પણ પ્રથમથી જ પાટી ઉપર લખીને અપાતું નથી. પણ જાણીને તેને ઈર્યાપથિકી આદિ અન્ય સૂત્રો પણ ભણાવાય છે.

શ્રી હરિભદ્રસૂરિએ ધર્મ બિન્દુમાં **तथा उपायतः कायपालनमिति ।४।३६।।** એ સૂત્ર વડે જણાવ્યું છે કે દીક્ષાર્થીને નિર્દોષ અનુષ્ઠાનના અભ્યાસરૂપ ઉપાય વડે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાય એ ષડ્ જીવ નિકાયના જીવોનું પાલન કરી શકે તેવો કરવો. તાત્પર્ય કે તેને સૂત્રદાન ઉપરાંત અહિંસાની તાલીમ આપવાનો પણ વિધિ છે.

આ સમય દરમિયાન દીક્ષાર્થીના દીક્ષા લેવાના ભાવ ક્રમશઃ વૃદ્ધિ પામતા રહે એ જરૂરી મનાયું છે. **तथा भाववृद्धिकरणमिति ।४।।३७।।**

અને તેની શક્તિ પ્રમાણે દેવ, ગુરુ તથા સંઘની પૂજા વગેરેમાં દ્રવ્યરૂપ ત્યાગ તથા અનશન-ઉણોદરી તપ વગેરેનો અભ્યાસ પણ જરૂરી માનવામાં આવ્યો છે. **तथा शक्तितस्त्यागतपसीति ।४।।३९।।**

---

● શાસ્ત્રાભ્યાસની યોગ્યતા માટે કરાવવામાં આવતો એક પ્રકારનો તપ.

આટલો પ્રાથમિક વિધિ થયા પછી ઉચિતકાલની અપેક્ષા રખાય છે એટલે દીક્ષા આપવાને માટે સારું મુહૂર્ત જોવામાં આવે છે. તે અંગે કહ્યું છે કે-

**तिहि उत्तराहिं तह रोहिणीहिं कुज्जा उ सेहनिक्खमणं ।**
**गणिवायए अणुन्ना, महव्वयाणं च आरूहणा ॥**
**चउद्दसीपन्नरसिं वज्जेज्जा अट्ठमिं च नवमिं च ।**
**छट्ठिं च चउत्थि बारसिं च दोण्हंपि पक्खाणं ॥**

ત્રણ ઉત્તરાનક્ષત્ર એટલે ઉત્તરાષાઢા, ઉત્તરાભાદ્રપદ અને ઉત્તરાફાલ્ગુની તથા રોહિણી નક્ષત્રને વિષે શિષ્યને નિષ્ક્રમણ એટલે દીક્ષા આપવી. વળી ગણિપદ અથવા વાચક પદની અનુજ્ઞા તથા મહાવ્રતની આરોપણા પણ એમાં જ કરવી.'

દીક્ષા ગ્રહણ કરવામાં બંને પક્ષની ચૌદશ, પુનમ, આઠમ, નવમી, છઠ, ચોથ અને બારશ એ તિથિઓ વર્જવી.

શાસ્ત્રકારોએ પ્રવ્રજ્યાના સંબંધમાં પ્રશ્નશુદ્ધિ કાલશુદ્ધિ, ક્ષેત્રશુદ્ધિ, દિશાશુદ્ધિ અને વંદનાદિ શુદ્ધિએ પાંચ શુદ્ધિનું વિધાન કરેલું છે. તેમાં પ્રશ્ન શુદ્ધિ અને કાલ-શુદ્ધિ ઉપર જણાવી ગયા છીએ. કાલશુદ્ધિ માટે વિશેષ વિચાર ગણિવિદ્યા નામના પ્રકીર્ણકમાં કરેલો છે.

ક્ષેત્રશુદ્ધિ એટલે દીક્ષા આપવા માટે શુદ્ધ સ્થાનની પસંદગી. તે માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે-

**उच्छुवणे सालिवणे पउमसरे कुसुमिए वणखंडे ।**
**गंभीरसाणुणाए पयाहिणजले जिणहरे वा ॥**

શેરડી તથા ડાંગરનાં વનમાં-ખેતરમાં, પદ્મ સરોવરના કિનારે, પુષ્પવાળા વનખંડને વિષે એટલે બાગ, બગીચા, વાડી કે ઉધાનને વિષે, પ્રદક્ષિણા વહેતા એવા જળની સમીપે એટલે જમણી બાજુ વહી રહેલ ઝરા કે નદીને કિનારે અને જિનગૃહ - જિન ચૈત્યને વિષે દીક્ષા આપવી.

આ પ્રકારે ક્ષેત્રશુદ્ધિ કરવાનું કારણ એ છે કે તેનાથી સામાયિકાદિના પરિણામ થાય છે અને તેવા પરિણામ વર્તતા હોય તો તે સ્થિર થાય છે.

દિશાશુદ્ધિ માટે કહ્યું છે કે-

**पुव्वाभिमुहो उत्तरमुहो व दिज्जाइ वा पडिच्छेज्जा ।**
**जाए जिणादओ वा दिसाए जिणचईयाइं वा ॥**

પૂર્વાભિમુખે અથવા ઉત્તરાભિમુખે અથવા જે દિશામાં કેવળી ભગવંત

વિચરતા હોય કે જિનચૈત્ય આવેલું હોય તે દિશાની સન્મુખ બેસાડીને શિષ્યને દીક્ષા આપવી.

તેથી હાલ જિનેશ્વર ભગવંતનું સમવસરણ સ્થાપી તેની સન્મુખ પ્રવ્રજ્યાનો વિધિ કરવામાં આવે છે.

વંદનાદિ શુદ્ધિમાં ચૈત્યવંદન-દેવવંદન અને કાયોત્સર્ગ તથા વાસક્ષેપ, રજોહરણ અને વેશસમર્પણ ક્રિયાઓ સમજવાની છે.

આ પ્રકારે જેની વિશિષ્ટ શુદ્ધિ થયેલી છે એવો દીક્ષાર્થી શ્રામણ્યને યોગ્ય ગણાય છે એટલે ગુરુ મહારાજ તેને સર્વ વિરતિનું પાપવ્યાપારના સર્વાંશે ત્યાગનું પ્રત્યાખ્યાન કરાવી સામાયિક નામનાં પ્રથમ ચારિત્રની● દીક્ષા આપે છે. એ વખતે તેની પાસે નીચેનો પાઠ ઉચ્ચરાવવામાં આવે છે.

**करेमि भंते ! सामाइयं, सव्वं सावज्जं जोगं पच्चक्खामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

હે ભગવંત હું સામાયિક કરું છું એટલે સર્વ પાપ વ્યાપાર છોડવાની પ્રતિજ્ઞા કરું છું. જયાં સુધી જીવું ત્યાં સુધી ત્રણ પ્રકારે એટલે મનથી, વચનથી અને કાયાથી પાપ વ્યાપાર કરું નહિ, કરાવું નહિ અને બીજો કરતો હોય તો તેને સારો માનું નહિ.

હે ભગવન્ ! આ જાતનો પાપ વ્યાપાર ભૂતકાળમાં થયો હોય તેનાથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું અને તે માટે મારા આત્માનું વિસર્જન કરું છું અને તે માટે મારા આત્માનું વિસર્જન કરું છું એટલે કે આ પ્રકારની મલિન પ્રવૃત્તિમાંથી મારા આત્માને મુક્ત કરું છું.

ત્યાર પછી પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત ગ્રહણ કરાવવામાં આવે છે એટલે દીક્ષાર્થી રીતસરનો સાધુ કે શ્રમણ ગણાય છે અને એજ વખતે તેમના નામકરણનો વિશિષ્ટ વિધિ થાય છે, એટલે ત્યારથી તે એ નામે ઓળખાવા લાગે છે.

પછી ગુરુ તેને હિતશિક્ષા આપે છે, એટલે જે શ્રામણ્યનો સ્વીકાર કર્યો તેને સારી રીતે પાળવાનો ઉપદેશ આપે છે અને એ રીતે શ્રમણ જીવનનો પ્રારંભ થાય છે.

---

● જૈન શાસ્ત્રોમાં પાંચ પ્રકારનાં ચારિત્રો માનવામાં આવ્યા છે : ૧. સામાયિક, ૨. છંદોય સ્થાપનીય, ૩. પરિહાર વિશુદ્ધિ, ૪. સૂક્ષ્મ સંપરાય અને ૫. યથાખ્યાત.

# પ્રકરણ-૧૦ - પાંચ મહાવ્રતો



દીક્ષાર્થીઓને **'करेमि भंते'** પાઠથી સર્વ પાપના પરિહાર રૂપ સામાયિક નામનું જે ચારિત્ર ગ્રહણ કરાવવામાં આવે છે, તેની પૂર્તિ રૂપે પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિ ભોજન વિરમણ વ્રત ઉચ્ચરાવવામાં આવે છે, એટલે તેનો વિશેષ પરિચય આવશ્યક છે.

પ્રથમ એ વ્રતોનાં નામ તથા તેના અર્થ સમજી લઈએ, પછી તેની ધારણ-વિધિના પાઠો જોઈશું.

**પાંચ મહાવ્રતોનાં નામ :**

(૧) પ્રાણાતિપાત-વિરમણ-વ્રત

(૨) મૃષાવાદ-વિરમણ-વ્રત

(૩) અદત્તાદાન-વિરમણ-વ્રત

(૪) મૈથુન-વિરમણ-વ્રત

(૫) પરિગ્રહ-વિરમણ-વ્રત

**પાંચ મહાવ્રતોના અર્થ :**

પ્રાણનો અતિપાત તે પ્રાણાતિપાત. અહીં પ્રાણ શબ્દથી જૈન શાસ્ત્રમાં મનાયેલા દશ જાતના પ્રાણો એટલે પાંચ ઈન્દ્રિયો, મનોબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય સમજવાના છે. અતિપાત એટલે અતિક્રમણ, વ્યાઘાત કે વિનાશ. એટલે વનસ્પતિથી માંડી કોઈપણ કીડા-કીડી, પશુ, મનુષ્ય વગેરે

જીવના કોઈ પણ પ્રાણની હાની કરવી, નાશ કરવો કે તેને પીડા ઉપજાવવી તે પ્રાણાતિપાત કહેવાય છે. હિંસા, ઘાતના, મારણા, વિરાધના, સંરંભ, સમારંભ આદિ તેના પર્યાય શબ્દો છે. આ ક્રિયાથી વિરમવાનું-અટકવાનું વ્રત તે પ્રાણાતિપાત-વિરમણ-વ્રત.

મૃષા એવો જે વાદ તે મૃષાવાદ. અહીં મૃષા શબ્દથી અપ્રિય, અપથ્ય તથા અતથ્યનો સૂચક છે, જ્યારે વાદ શબ્દ વદવાનો કે કહેવાનો ભાવ દર્શાવે છે. તેથી અપ્રિય બોલવું, અપથ્ય બોલવું કે અતથ્ય બોલવું તે મૃષાવાદ કહેવાય છે. અલીક વચન, અસત્ય, જુઠાણું એ તેના પર્યાય શબ્દો છે. તેનાથી વિરમવાનું - અટકવાનું જે વ્રત તે મૃષાવાદ-વિરમણ-વ્રત.

અદત્તનું આદાન તે અદત્તાદાન. જે વસ્તુ તેના માલિકે રાજીખુશીથી ન આપેલી હોય તે અદત્ત કહેવાય. તેનું આદાન કરવું એટલે ગ્રહણ કરવું તે અદત્તાદાન. સ્તેય અથવા ચોરી એ તેનાં પ્રસિદ્ધ નામો છે. તેનાથી વિરમવાનું-અટકવાનું જે વ્રત છે તે અદત્તાદાન-વિરમણ-વ્રત.

મિથુનનો ભાવ તે મૈથુન. નરમાદાના જોડાંને મિથુન કહેવામાં આવે છે. તેમની અરસપરસ ભોગ કરવાની વૃત્તિ-ક્રિયા તે મૈથુન. વ્યવહારમાં તેને અબ્રહ્મ, કામક્રીડા, વિષયભોગ કે સંભોગ કહેવામાં આવે છે. તેનાથી વિરમવાનું-અટકવાનું જે વ્રત તે મૈથુન-વિરમણ-વ્રત.

પરિ ઉપસર્ગ સાથે ગૃહ્ ધાતુ સ્વીકાર કે અંગીકારનો અર્થ બતાવે છે, તેથી જે વસ્તુનો માલિકી ભાવથી સ્વીકાર કરવામાં આવ્યો હોય તેને પરિગ્રહ કહેવાય છે. તેમાંથી વિરમવાનું-અટકવાનું જે વ્રત તે પરિગ્રહ-વિરમણ-વ્રત.

આ મહાવ્રતો ધારણ કરતી વખતે નીચેના પાઠો બોલવામાં આવે છે -

### પહેલા મહાવ્રતનો પાઠ

**पढमे भन्ते ! महव्वए पाणइवायाओ वेरमणं । सव्वं भन्ते पाणाइवायं पच्चक्खामि । से सुहुमं वा, बायरं वा, तसं वा थावरं वा, नेव सयं पाणे अइवाइज्जा, नेवऽन्नेहिं पाणे अइवायाविज्जा, पाणे अइवायन्तेऽवि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणामि तस्स भंते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि । पढमे भन्ते ! महव्वए उवट्ठिओ मि सव्वाओ पाणाइवायाओ वेरमणं ॥१॥**

હે ભદન્ત ! જીવ હિંસામાંથી વિરમવું એ પ્રથમ મહાવ્રત છે (એમ હું

સમજ્યો છું. હવે) હે ભદન્ત ! હું સર્વ પ્રકારની જીવ હિંસાનો ત્યાગ કરું છું. કોઈ પણ પ્રાણી પછી તે સૂક્ષ્મ હોય કે બાદર હોય, ત્રસ હોય કે સ્થાવર હોય પણ હું જાતે તેની હિંસા કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ અને કોઈ કરતો હશે તેને અનુમોદીશ નહિ. હું જીવું ત્યાં સુધી મન, વચન અને કાયા એ ત્રણેથી હું જીવ-હિંસા કરીશ નહિ, કરાવીશ નહિ અને કોઈ કરતો હશે તેને અનુમોદન આપીશ નહિ. હે ભદન્ત ! ભૂતકાળમાં કરેલી જીવહિંસામાંથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું અને તે હિંસા કરનાર મારા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદન્ત ! સર્વ પ્રકારની જીવહિંસામાંથી વિરમવા રૂપી પ્રથમ મહાવ્રતમાં હું સ્થિર થાઉં છું.

આ મહાવ્રત બધામાં મુખ્ય છે, માટે જ તે પહેલું લેવાય છે.

પૃથ્વીકાય, અપ્‌કાય, તેજસ્‌ કાય, વાયુકાય, વનસ્પતિ કાય અને ત્રસકાય એ જીવના છ વર્ગો છે. એ છ વર્ગો જ એક બીજા પ્રત્યે હિંસા-પરિગ્રહાદિથી કર્મબંધનનાં નિમિત્ત બને છે.

પ્રશ્ન - પૃથ્વીકાય કોને કહેવાય ?

ઉત્તર-પૃથ્વી એજ જેની કાયા છે તે પૃથ્વીકાય કહેવાય. માટી વિવિધ જાતના પત્થરો, સ્ફટિક, મણિ, રત્ન, હિંગલોક, હડતાળ, મનશીલ, પારો તથા સુવર્ણ વગેરે સાતે જાતની ધાતુઓ એ તેના પ્રકારો છે.

પ્રશ્ન - અપ્‌કાય કોને કહેવાય ?

ઉત્તર-અપ્‌ એટલે પાણી એ જેની કાયા છે તે અપ્‌કાય કહેવાય. પૃથ્વી પરનું પાણી એટલે કૂવા-વાવ-તળાવ-સરોવરનું પાણી, આકાશનું પાણી એટલે વરસાદનું પાણી, ઠારનું પાણી, બરફનું પાણી, કરાનું પાણી, લીલાઘાસ પરનું પાણી વગેરે તેના અનેક પ્રકારો છે.

પ્રશ્ન - તેજસ્કાય કોને કહેવાય ?

ઉત્તર-તેજસ્‌ એટલે અગ્નિ એ જેની કાયા છે તે તેજસ્કાય કહેવાય. અંગારાનો અગ્નિ, જ્વાલાનો અગ્નિ, ભરસાડનો અગ્નિ, ઉલ્કાપાતનો અગ્નિ, વજ્રનો અગ્નિ, કણિયાનો અગ્નિ, વિજળીનો અગ્નિ વગેરે તેના અનેક પ્રકારો છે.

પ્રશ્ન - વાયુકાય કોને કહેવાય ?

ઉત્તર-વાયુ એજ જેની કાયા છે તે વાયુ કાય કહેવાય. શુદ્ધ વાયુ (ઝીણો

ઝીણો વાય તે) મહાવાયુ, વંટોળિયો વગેરે તેના પ્રકારો છે.

પ્રશ્ન - વનસ્પતિકાય કોને કહેવાય ?

ઉત્તર-વનસ્પતિ એજ જેની કાયા છે તે વનસ્પતિકાય કહેવાય. વૃક્ષ, લતા, ગુલ્મ, ઘાસ, ધાન્ય વગેરે તેના અનેક પ્રકારો છે.

પ્રશ્ન - ત્રસકાય કોને કહેવાય ?

ઉત્તર-જે જીવો હલન-ચલન કરી શકે એવી કાયાવાળા હોય તેને ત્રસકાય કહેવાય. કીડી, કંથવા, માખી, મચ્છર, માછલાં, સાપ, પક્ષીઓ, પશુઓ, મનુષ્ય વગેરે તેના અનેક પ્રકારો છે.

આ વ્રતને કારણે શ્રમણો કોઈ પ્રકારની પૃથ્વી ખોદે નહિ. કૂવા, વાવ, તળાવ કે સરોવરમાંથી જળ ભરીને વાપરે નહિ કે તેમાં પડીને સ્નાન કરે નહિ, કોઈ જાતનો અગ્નિ પ્રકટાવે નહિ, વીંઝણા કે ઈલેકટ્રીક ફેનનો ઉપયોગ કરે નહિ, કોઈ પણ વનસ્પતિનું ફળ, ફૂલ, ડાળી, ડાંળખું, પાંદડું કે મૂળ તોડે નહિ, એટલું જ નહિ પણ તેને સ્પર્શ સુદ્ધાં કરે નહિ. તેઓ કીડી, કંથવા, માખી, મચ્છર, માછલાં, સાપ, પક્ષીઓ, પશુઓ, મનુષ્યો વગેરેની કોઈ પણ પ્રકારે હિંસા કરે નહિ. પશુઓ પર સવારી કરતાં તેને પીડા ઉપજે, દુઃખ થાય એટલે તેઓ તેના પર સવારી કરે નહિ તેમજ તેના દ્વારા ખેંચાતાં વાહનોનો ઉપયોગ પણ કરે નહિ. જ્યાં જવું હોય ત્યાં પોતાના પગે જ ચાલીને જાય.

તેઓ સૂતાં, ઉઠતાં, બેસતાં કોઈ પણ જીવની વિરાધના (દુઃખ કે નાશ) થાય નહિ, એનો ખૂબ ખ્યાલ રાખે છે અને એ માટે ઉનનુ સુંવાળું રજોહરણ રાખી તેનાથી પહેલા જગાનું પ્રમાર્જન કરી લે છે. એ પ્રમાણે આદર્શ અહિંસા પરાયણ જીવન ગાળે છે.

અહિંસા એ ધર્મનો પ્રાણ છે, ધર્મનું મૂળ છે, ધર્મનું વાસ્તવિક રહસ્ય છે, તેથી જ ઉત્કૃષ્ટ ધર્મની ગણના પ્રસંગે પ્રથમ નામ તેનું લેવાયું છે. **धम्मो मंगल-मुक्किट्ठं अहिंसा संजमो तवो ।'**

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

**तेसिं अच्छणजोएण, निच्चं होयव्वयं सिया ।**
**मणसा कायवक्केण, एवं हवइ संजए ॥**

મન, વચન અને કાયા એ ત્રણ યોગમાંથી કોઈ પણ યોગ વડે કોઈ પ્રાણીની હિંસા ન થાય એવો જીવન-વ્યવહાર એ જ સંયમી જીવન છે.

શ્રી સૂત્રકૃતાંગમાં કહ્યું છે કે-

**एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचण ।**
**अहिंसा समयं चेव, एयावन्तं वियाणिया ॥**

જ્ઞાનીઓનાં વચનનો સાર એ છે કે કોઈ પણ પ્રાણીની હિંસા કરવી નહિ. અહિંસાને જ શાશ્વત ધર્મ સમજવો.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે- **नाइवाएज्ज किंचण**- શ્રમણોએ કોઈપણ પ્રાણીની હિંસા કરવી નહિ. **मेत्तिं भूएसु कप्पाये**- તેમણે સર્વે જીવો પ્રત્યે મૈત્રી ભાવ રાખવો ઘટે.

અન્ય ધર્મોમાં પણ અહિંસાનો ઉપદેશ અપાયો છે, પણ તે આટલો સૂક્ષ્મ નથી, આટલો વિશદ નથી.

### બીજા મહાવ્રતનો પાઠ

**अहावरे दुच्चे भन्ते ! महव्वए मुसावायाओ वेरमणं । सव्वं भन्ते ! मुसावायं पच्चक्खामि । से कोहा वा, लोहा वा, भया वा, हासा वा, नेव सयं मुसं वइज्जा, नेवऽन्नेहिं मुसं वायाविज्जा, मुसं वयन्ते वि अन्ने न समणुजाणामि, जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतपि तंपि अन्नं न समणुजाणामि तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

**दुच्चे भन्ते ! उवट्ठिओ मि सव्वाओ मुसावायाओ वेरमणं ॥२॥**

હે ભદન્ત ! અસત્ય બોલવામાંથી વિરમવું એ બીજું મહાવ્રત (એમ હું સમજ્યો છું. હવે) હે ભદન્ત ! સર્વ પ્રકારની અસત્ય વાણીનો હું ત્યાગ કરું છું. ક્રોધથી, લોભથી, ભયથી કે હસવામાં હું જાતે અસત્ય બોલીશ નહિ. બીજા પાસે બોલાવીશ નહિ. હે બોલતાને અનુમોદન આપીશ નહિ. જીવું ત્યાં સુધી મન, વચન અને કાયાથી હું અસત્ય બોલીશ નહિ, બોલાવીશ નહિ કે જે બોલતો હશે તેને સારું માનીશ નહિ. હે ભદન્ત ! ભૂતકાળમાં બોલેલા અસત્ય વચનોમાંથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું અને તે અસત્ય બોલનાર મારા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદન્ત ! સર્વ પ્રકારના અસત્ય બોલવામાંથી વિરમવા રૂપી બીજા મહાવ્રતમાં હું સ્થિર થાઉં છું.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

**मुसावायाओ य लोगम्मि, सव्वसाहूहिं गरहिओ ।**
**अविस्सासो य भूयाणं, तम्हा मोसं विवज्जए ॥**

સંસારમાં સર્વ સાધુ પુરુષોએ મૃષાવાદની-અસત્યની નિંદા કરી છે. અસત્ય સર્વ પ્રાણીઓને અવિશ્વસનીય છે. -અર્થાત્ અસત્યથી બધા પ્રાણીઓનો વિશ્વાસ હટી જાય છે. એથી એનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

### ત્રીજા મહાવ્રતનો પાઠ

**अहावरे तच्चे भन्ते ! महव्वए अदिन्नादाणाओ वेरमणं । सव्वं भन्ते ! अदिन्नादाणं पच्चक्खामि । से गामे वा, नगरे वा, रण्णे वा, अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा, नेव सयं अदिन्नं गिण्हिज्जा, नेवऽन्नेहिं अदिन्नं गिण्हाविज्जा, अदिन्नं गिण्हंन्ते वि अन्ने न समणुजानामि जावज्जीवाए-तिविहंतिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतं पि अन्नं न समणुजाणाणि। तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ॥**

**तच्चे भन्ते महव्वए उवड्डिओ मि सव्वाओ अदिन्नादाणाओ वेरमणं ॥३॥**

હે ભદન્ત ! માલિકે ન આપેલી વસ્તુ લેવામાંથી વિરમવું એ ત્રીજું મહાવ્રત છે. હે ભદન્ત ! હું સર્વ પ્રકારના અદત્તાદાનનો ત્યાગ કરું છું. ગામ નગર કે અરણ્યમાં થોડું, બહું, નાનું, મોટું, સજીવ કે નિર્જીવ એવું (માલિકે) ન આપેલું કાંઈ પણ હું જાતે ગ્રહણ કરીશ નહિ, બીજા પાસે ગ્રહણ કરાવીશ નહિ કે કોઈ ગ્રહણ કરતું હશે તો તેને અનુમતિ પણ આપીશ નહિ. હું જીવું ત્યાં સુધી મન, વચન અને કાયાથી જાતે ચોરી કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ કે કોઈ કરતો હશે તો તેને સારું માનીશ નહિ. હે ભદન્ત ! ભૂતકાળમાં કરેલી ચોરીમાંથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, ગર્હા કરું છું અને તે ચોરી કરનાર મારા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદન્ત ! સર્વ પ્રકારના અદત્તાદાનમાંથી વિરમવારૂપ ત્રીજા મહાવ્રતમાં હું સ્થિર થાઉં છું.

પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું છે કે-

**अदत्तादाणं अकित्तिकरणं अणज्जं साहुगरहणिज्जं ।**
**पियजणमित्तजण-भेद-विप्पीतिकारकं रागदोसबहुलं ॥**

અદત્તાદાન અપયશને કરનારું અનાર્ય કર્મ છે. એ સર્વે સંતો દ્વારા નિંદાયેલું

છે. એ પ્રિયજન, મિત્રજનમાં ભેદ અને અપ્રતીતિને ઉત્પન્ન કરનારું છે અને રાગદ્વેષથી ભરેલું છે.

**हरदहमरणभयकलुसतासण परसंतिगऽभेज्ज लोभमूला ।**
**उप्पूरसमरसंगामऽमर-कलिकलहवेहकरणं ॥**

ચૌર્ય કર્મ બીજાનાં હૃદયને દાહ પહોંચાડે છે. તે મરણ, ભય અને ત્રાસ ઉત્પન્ન કરે છે. પર ધનમાં ગૃદ્ધિનો હેતુ તથા લોભનું મૂળ છે. મોટા મોટા સમર-સંગ્રામ ડમર-સ્વચક્ર પરચક્ર ભય, કલેશ, કલહ, વેધ-પશ્ચાત્તાપ આદિનો હેતુ છે.

આ કારણે જૈન શ્રમણો દાંત ખોતરવાની સળી જેવી વસ્તુ પણ તેના માલિકે આપ્યા વિના લેતા નથી.

### ચોથા મહાવ્રતનો પાઠ

**अहावरे चउत्थे भन्ते ! महव्वए मेहुणाओ वेरमणं । सव्वं भन्ते ! मेहुणं पच्चक्खामि । से दिव्वं वा, माणुसं वा, तिरिक्खजोणियं वा नेव सयं मेहुणं सेविज्जा, नेवऽन्नेहिं मेहुणं सेवाविज्जा मेहुणं सेवन्ते वि अन्ने न समणुजाणामि जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं समणुजाणामि । तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**चउत्थे भन्ते ! महव्वए उवड्डिओमि सव्वाओ मेहुणाओ वेरमणं ॥४॥**

હે ભદન્ત ! મૈથુનમાંથી વિરમવું એ ચોથું મહાવ્રત છે (એમ હું સમજ્યો છું. હવે) હે ભદન્ત ! હું સર્વ પ્રકારના મૈથુનનો ત્યાગ કરું છું. દૈવી, માનુષી કે પાશવિક કોઈપણ પ્રકારના મૈથુનને હું જાતે સેવીશ નહિ, બીજાની પાસે સેવરાવીશ નહિ કે કોઈ સેવતું હશે તેને સારું માનીશ નહિ. હે ભદન્ત ! ભૂતકાળમાં સેવેલા મૈથુનમાંથી હું પાછો ફરું છું. તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું અને તે મૈથુન સેવનાર મારા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદન્ત ! સર્વ પ્રકારના મૈથુનમાંથી વિરમવા રૂપી ચોથા મહાવ્રતમાં હું સ્થિર થાઉં છું.

પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં કહ્યું છે કે-

**विनयसीलतवनियमगुणसमूहं तं बंभं-भगवंतं ।**
**गहगणनक्खत्ततारगणं वा जहा उडुपत्ती ॥**

જેમ ગ્રહગણ, નક્ષત્રગણ અને તારાગણમાં ચન્દ્રમા પ્રધાન છે, તેમ વિનય,

શીલ, તપ, નિયમ વગેરે ગુણસમૂહમાં બ્રહ્મચર્ય પ્રધાન છે.

**तम्हा निहुएण बंभचेर 'चरियव्वं' सव्वओ ।**
**विसुद्धं जावज्जीवाए, जाव सेयट्ठि संजअत्ति ॥**

તેથી જ્યાં સુધી જીવન કાયમ રહે અને જ્યાં સુધી શરીરમાં રક્ત અને માંસ હોય ત્યાં સુધી સંપૂર્ણ વિશુદ્ધતાપૂર્વક નિશ્ચલ રૂપથી બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ.

બ્રહ્મચર્યના વિશુદ્ધિ પૂર્વક પાલન થાય તે માટે જૈન શ્રમણો નીચેના નવ નિયમોનું પાલન કરે છે.

(૧) સ્ત્રી, પુરુષ અને નપુંસકની વસ્તીથી રહિત એકાંત વિશુદ્ધ સ્થાનમાં વાસ કરે છે.

(૨) કામુક કથાઓ (કામ વાસનાને ઉશ્કેરે તેવી સ્ત્રી સંબંધી કથાઓ) કહેતા નથી.

(૩) જે પાટ, પાટલા, શયન, આસન વગેરે પર સ્ત્રી બેઠેલી હોય, તે બેઘડી સુધી વાપરતા નથી.

(૪) રાગને વશ થઈ સ્ત્રીઓનાં અંગોપાંગો જોતાં નથી.

(૫) જે ભીંતની આંતરે સ્ત્રી-પુરુષનું યુગલ રહેતું હોય તેવા સ્થાનનો ત્યાગ કરે છે.

(૬) સ્ત્રી સાથેની પૂર્વ ક્રીડાનું સ્મરણ કરતા નથી.

(૭) માદક આહારનો ત્યાગ કરે છે તથા બને તેટલી તપશ્ચર્યા કરે છે.

(૮) પ્રમાણથી અધિક આહાર કરતા નથી.

(૯) શૃંગાર લક્ષણવાળી શરીરની શોભાનો ત્યાગ કરે છે એટલે સ્નાન, વિલેપન, સુવાસ (શરીરે સુગંધી પદાર્થ ચોળવા) ઉત્તમ વસ્ત્રો, તેલ, તંબોલ, સેન્ટ, લવંડર આદિનો ઉપયોગ કરતા નથી.

ઉપરાંત શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આદિ ઈંદ્રિયોના વિષયમાં આસક્ત રહેતા નથી.

અન્ય સાધુ સંન્યાસીઓ સ્ત્રીઓને-કુમારિકાઓને પોતાના ચરણનો સ્પર્શ કરવા દે છે અને પોતે તેમના મસ્તકે હાથ પણ મૂકે છે, ત્યારે જૈન શ્રમણો કોઈ પણ સંયોગોમાં સ્ત્રીને સ્પર્શ કરવા દેતા નથી કે પોતે તેનો સ્પર્શ કરતા નથી. તે માટે દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

**हत्थपायपडिच्छिन्नं कन्ननासविगप्पिअं ।**
**अवि वाससयं नारिं बंभचारी विवज्जए ॥**

જેના હાથ, પગ અને જેના નાક-કાન કાપેલા છે, તેવી સ્ત્રી સો વરસની બુઢ્ઢી હોય તો પણ સાધુએ તેનો સ્પર્શ કરવો નહિ.

જૈન શ્રમણોની વસ્તીમાં સાયંકાલ પછી સ્ત્રીઓને પ્રવેશ કરવાની મનાઈ હોય છે અને જૈન શ્રમણીઓની વસ્તીમાં પુરુષોને પ્રવેશ કરવાની મનાઈ હોય છે.

**પાંચમાં મહાવ્રતનો પાઠ**

**अहावरे पञ्चमे भन्ते ! महव्वए परिग्गहाओ वेरमणं । सव्वं भन्ते ! परिग्गहं पच्चक्खामि । से अप्पं वा, बहुं वा, अणुं वा, थूलं वा, चित्तमंतं वा अचित्तमंतं वा, नेव सयं परिग्गहं परिगिण्हिज्जा, नेवऽन्नेहिं परिग्गहं परिगिण्हाविज्जा परिग्गहं परिगिण्हन्ते वि अन्ने न समणुजाणिज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणु- जाणामि । तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**पञ्चमे भन्ते ! महव्वये उवट्ठिओ मि सव्वाओ परिग्गहाओ वेरमणं ॥५॥**

હે ભદન્ત ! પરિગ્રહના સંબંધથી વિરમવું એ પાંચમું મહાવ્રત છે (એમ હું સમજ્યો છું. હવે) હે ભદન્ત ! સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરું છું. થોડું, બહુ, નાનું, મોટું, સજીવ કે નિર્જીવ એવા કશાનો પણ હું જાતે પરિગ્રહ કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ કે કરતાને સારું સમજીશ નહિ. મરતાં સુધી મન, વચન અને કાયા એ ત્રણેથી હું જાતે પરિગ્રહ કરીશ નહિ. કરાવીશ નહિ કે બીજાને અનુમોદન આપીશ નહિ. હે ભદન્ત ! ભૂતકાળમાં કરેલા પરિગ્રહમાંથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું. તેની ગર્હા કરું છું અને તે પરિગ્રહ કરનાર મારા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદન્ત ! સર્વ પ્રકારના પરિગ્રહથી વિરમવા રૂપ પાંચમા મહાવ્રતમાં હું સ્થિર થાઉં છું.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે-

**वित्तेण ताणं न लभे पमत्ते, इमम्मि लोए अदुवा परत्था ।**
**दीवप्पणट्ठे व अणंतमोहे, नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥**

પ્રથમ મનુષ્ય ધન દ્વારા ન તો આ લોકમાં પોતાની રક્ષા કરી શકે છે, ન

તો પરલોકમાં. હાથમાં દીપક હોવા છતાં જેમ તેના બુઝાઈ જવાથી માર્ગ દેખાતો નથી, તેમ ધનના અસીમ મોહથી મૂઢ મનુષ્ય ન્યાયમાર્ગને જોતો છતાં તે પણ ચાલી શકતો નથી.

**कसिणं पि जो इमं लोयं पडिपुण्णं दलेज्ज इकस्स ।**
**तेणाऽवि से न संतुस्से, इइ दुप्पूरए इमे आया ॥**

જો ધન ધાન્યથી પરિપૂર્ણ આ બધો ય લોક કોઈ એક મનુષ્યને આપી દેવામાં આવે તો પણ એને સંતોષ થશે નહિ. લોભી આત્માની તૃષ્ણા આ રીતે દુષ્પુર એટલે દુ:ખે કરીને પૂરી શકાય તેવી છે.

જૈન શાસ્ત્રકારોએ તત્ત્વથી મૂર્છા-મમત્વને જ પરિગ્રહ માનેલો છે. **'मूर्च्छा परिग्रहः** । એટલે 'આ વસ્તુ મારી છે' અથવા 'હું એનો છું.' એમ માનવું અને વર્તવું એ મૂર્ચ્છા છે. 'મારું કંઈ નથી' અને 'હું કોઈનો નથી.' એ રીતે માનું ને વર્તવું તે પરિગ્રહ વિરમણ છે. એને આકિંચન્ય પણ કહેવામાં આવે છે. આકિંચન્ય એટલે પોતાની ગણાય તેવી કોઈ પણ વસ્તુથી રહિતપણું. સાધુ ચારિત્રની રક્ષાને માટે મામૂલી વસ્ત્રો, થોડા કાષ્ટનાં પાત્રો તથા રજોહરણ વગેરે ઉપકરણો રાખે છે તેને પરિગ્રહ ગણાતો નથી, કારણ કે તેના પર તેમનો મમત્વ ભાવ હોતો નથી. અહીં એ વાતની પણ નોંધ લેવી જોઈએ કે જૈન શ્રમણો બુટ, જોડા, ચંપલ કે છત્રી રાખતા નથી, કારણ કે તેને પણ એક પ્રકારનો પરિગ્રહ જ માને છે.

આ વ્રતને લીધે જૈન શ્રમણો ધન એટલે રૂપિયા, સોના મહોરો કે નોટો રાખતા નથી, ધાન્ય એટલે વિવિધ પ્રકારના અનાજનો સંગ્રહ કરતા નથી, ક્ષેત્ર એટલે ખેડેલી કે અણ ખેડેલી જમીન અને વાસ્તુ એટલે મઠ, મંદિર, હાટ કે હવેલીનું ધણીપદ ધરાવતા નથી, હિરણ્ય એટલે સોનું, રૌપ્ય એટલે રૂપું અને કુપ્ય એટલે અન્ય ધાતુઓ તથા રાચરચીલું રાખતા નથી, તેમજ દ્વિપદ એટલે નોકર-ચાકર, દાસ-દાસી અને ચતુષ્પદ એટલે હાથી, ઘોડા, ઊંટ, બળદ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાં વગેરે જાનવરોની માલિકી રાખતા નથી.

જૈન શ્રમણોને પાંચ મહાવ્રત સાથે છઠ્ઠું રાત્રિભોજન વિરમણ વ્રત પણ અવશ્ય લેવાનું હોય છે. તે માટે નીચેના પાઠ બોલવામાં આવે છે.

### છઠ્ઠા રાત્રિ ભોજન વિરમણ વ્રતનો પાઠ

**अहावरे छट्ठे भन्ते ! वए राइभोअणाओ वेरमणं । सव्वं भन्ते ! राइभोयणं पच्चक्खामि । से असणं वा, पाणं वा, खाइमं वा, साइमं वा । नेव सयं राइं भुंजिज्जा, नेवऽन्नेहिं राइं भुंजाविज्जा, राइं भुंजतेऽवि अन्ने**

**न समणुजाणिज्जा जावज्जीवाए तिविहं तिविहेणं मणेणं वायाए काएणं न करेमि न कारवेमि करंतंपि अन्नं न समणुजाणामि । तस्स भन्ते ! पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि ।**

**छट्ठे भन्ते ! वए उवट्ठिओमि सव्वाओ राइभोअणाओ वेरमणं ॥६॥**

**इच्चेयाइं पंचमहव्वयाइं राइभोअणवेरमणंछट्ठाइं अत्तहियट्ठियाए उवसंपज्जिता णं विहरामि ॥**

હે ભદન્ત ! રાત્રિભોજનથી વિરમવું એ છઠ્ઠું વ્રત છે, (એમ હું સમજ્યો છું. હવે) હે ભદન્ત ! હું સર્વ પ્રકારના રાત્રિ ભોજનનો ત્યાગ કરું છું. અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારના આહારમાંથી કશું રાત્રે ખાઈશ નહિ, બીજાને ખવરાવીશ નહિ કે અન્ય કોઈ ખાતો હશે તેને અનુમતિ આપીશ નહિ. હું જીવું ત્યાં સુધી મન-વચન-કાયા એ ત્રણેથી હું જાતે રાત્રિભોજન કરીશ નહિ, બીજા પાસે કરાવીશ નહિ કે કોઈ કરતો હશે તેને અનુમતિ આપીશ નહિ. હે ભદન્ત ! ભૂતકાળમાં કરેલા રાત્રિભોજનમાંથી હું પાછો ફરું છું, તેની નિંદા કરું છું, તેની ગર્હા કરું છું અને તે રાત્રિભોજન કરનાર મારા આત્માનો ત્યાગ કરું છું.

હે ભદન્ત ! સર્વ પ્રકારના રાત્રિ ભોજનમાંથી વિરમવારૂપી છઠ્ઠા વ્રતમાં હું સ્થિર થાઉં છું. આ પ્રમાણે એ પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજન વિરમણવ્રત એ બધાંને આત્મહિત અર્થે સ્વીકારીને હું વિહરું છું.

રાત્રિભોજન સાયંકાળથી લઈને બીજા દિવસના સૂર્યોદય સુધીમાં કંઈપણ ખાવું તે કહેવાય છે. તે નહિ કરવાનું મૂળકારણ અહિંસાનો સિદ્ધાન્ત છે. તે માટે શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

**सन्तिमे सुहुमा पाणा तसा अदुव थावरा ।**
**जाइं राओ अपासन्तो कहमेसणियं चरे ? ॥**

ધરતીને વિષે ત્રસ અને સ્થાવર સૂક્ષ્મજીવો નિશ્ચયે કરીને હોય છે. તે જીવોનાં શરીરો રાત્રે દેખાય નહિ. તો ઈર્યાસમિતિપૂર્વક રાત્રે એષણા કેમ થઈ શકે ? અર્થાત્ ગોચરી લેવા જઈ શકાય નહિ.

**उदउल्लं बीयसंसत्तं पाणा निव्वडिया महिं ।**
**दिया ताइं विवज्जेज्जा राओ तत्थ कहं चरे ? ॥**

પાણીએ કરીને ધરતી ભીની હોય, ધરતી પર બીજ પડ્યા હોય, કીડી-કંથવા આદિ જીવો પડ્યા હોય તે જીવોની હિંસામાંથી બચવું દિવસે પણ દોહિલું

હોય છે, તો રાત્રે કેમ કરીને બચાય ? અને તેથી રાત્રે કેમ ચલાય ?

**एयं च दोसं दट्ठूणं नायपुत्तेण भासियं ।**
**सव्वाहारं न भुञ्जन्ति निग्गंथा राइभोयणं ॥**

આ પ્રકારના દોષો જોઈને શ્રી જ્ઞાતપુત્રે એટલે શ્રમણ ભગવાન મહાવીરે કહ્યું છે કે નિર્ગ્રંથો સર્વ પ્રકારના આહારો રાત્રે ભોગવે નહિ.

જૈન શ્રમણોને રાત્રે આહાર કરવાનો હોતો નથી. તેમજ બીજા દિવસ માટે તેઓ કોઈપણ પ્રકારનો સંગ્રહ કરતા નથી, એટલે સાયંકાળે તેમનાં સર્વ પાત્ર ચોક્ખાં હોય છે.

આ રીતે લેવાયેલાં પાંચ મહાવ્રતો તથા છઠ્ઠું રાત્રિ ભોજન-વિરમણ-વ્રત એ સાધુના મૂળ ગુણ કહેવાય છે, એટલે તેઓ મન, વચન, અને કાયાથી તેનું પાલન કરે છે. આમ છતાં જો કોઈ દોષ ભૂલથી લાગી જાય તો તેઓ સવાર તથા સાંજના પ્રતિક્રમણ સમયે તેની આલોચના કરીને તથા તે માટે યોગ્ય પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરીને શુદ્ધ થાય છે.

## પ્રકરણ-૧૧ - ચારિત્ર નિર્માણ

જૈન શ્રમણો પોતાનું ચારિત્ર નિર્માણ કરવા માટે જે જે પ્રવૃત્તિઓ કરે છે, તેમાં મુખ્યતા સમિતિ અને ગુપ્તિની છે, તેથી તે સંબંધી અહીં કેટલુંક વિવેચન કરીએ છીએ.

સમિતિ શબ્દનો મૂળ અર્થ સારી ક્રિયા થાય છે, પણ પરિભાષાથી જે ક્રિયા ચારિત્રના નિર્વાહ માટે સાવધાની પૂર્વક થાય, એકાગ્રતાપૂર્વક થાય તેને જ સમિતિ કહેવાય આવે છે.



ગુપ્તિ શબ્દનો મૂળ અર્થ ગોપન ક્રિયા એટલે રક્ષણની ક્રિયા થાય છે, પણ પરિભાષાથી મન, વચન અને કાયાના અશુભ વ્યાપારો રોકવા નિમિત્તે જે ક્રિયા થાય તેને જ ગુપ્તિ કહેવામાં આવે છે.

સમિતિ પાંચ છે : (૧) ઈર્યા સમિતિ, (૨) ભાષા સમિતિ, (૩) એષણા સમિતિ (૪) આદાન નિક્ષેપ સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકા સમિતિ.

ગુપ્તિ ત્રણ છે : (૧) મનો ગુપ્તિ (૨) વચન ગુપ્તિ અને (૩) કાય ગુપ્તિ.

આ આઠ ક્રિયાઓને અષ્ટ પ્રવચન માતા કહેવામાં આવે છે, કારણ કે તે મહાવ્રતો રૂપી પ્રવચનને ઉછેરવામાં તથા તેનું રક્ષણ કરવામાં માતા જેવું કામ કરે છે.

અહીં કોઈને એવો પ્રશ્ન થાય કે પાંચ મહાવ્રતોને પ્રવચન કહેવાનું કારણ શું ?' એનો ખુલાસો એ છે કે શ્રી જિનેશ્વર દેવોનાં સકલ પ્રવચનનું રહસ્ય પાંચ મહાવ્રતો છે, એટલે ઉપચારથી તેમને જ પ્રવચન કહેલ છે.

જિનાગમોમાં આ ક્રિયાઓની ખૂબ પ્રશંસા થયેલી છે. તે માટે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે-

**एयाओ पञ्चसमिईओ, चरणस्स य पवत्तणे ।**
**गुत्ती नियत्तणे वुत्ता, असुभत्थेसु सव्वसा ॥**
**एसा पवयणमाया, जे सम्मं आयरे मुणी ।**
**खिप्पं सव्वसंसारा, विप्पमुच्चइ पण्डिए ॥**

આ પાંચ સમિતિઓ ચારિત્રને અંગે થતી પ્રવૃત્તિઓમાં ઉપયોગી છે અને ત્રણ ગુપ્તિઓ અશુભ વ્યાપારોથી સર્વથા નિવૃત્ત થવા માટે ઉપયોગી છે. આ પ્રમાણે આઠ પ્રવચન માતાને જે બુદ્ધિમાન મુનિ સારી રીતે આચરે છે તે શીઘ્ર સર્વ સંસારથી મુક્ત થાય છે.'

જૈન શ્રમણો આ ક્રિયાઓનું કેવી રીતે પાલન કરે છે તે આપણે ક્રમશઃ જોઈએ.

## ઈર્યા સમિતિ

ઈર્યા સમિતિનું પાલન કરવા માટે જૈન શ્રમણો નીચેના ૬ નિયમોને અનુસરે છે :

(૧) જ્ઞાન, દર્શન, ચારિત્રના હેતુથી ચાલે છે, પણ અન્ય હેતુથી ચાલતા નથી.

(૨) દિવસ દરમિયાન ચાલે છે, પણ રાત્રિએ ચાલતા નથી.

(૩) સારી રીતના અવરજવરવાળા માર્ગમાં ચાલે છે પણ નવો માર્ગ કાઢીને ચાલતા નથી.

(૪) બરાબર જોઈને ચાલે છે પણ જોયા વિના ચાલતા નથી.

(૫) નીચી નજર રાખી ચાર હાથ જેટલી ભૂમિનું અવલોકન કરે છે પણ ઊંચી નજર રાખીને કે આડું અવળું જોતાં ચાલતા નથી.

(૬) ઉપયોગપૂર્વક ચાલે છે, પણ અનુપયોગે ચાલતા નથી.

પ્રશ્ન - શ્રમણો કોઈ વાહનનો ઉપયોગ કરે ખરા ?

ઉત્તર - ના. તેમ કરવાથી ઈર્યાસમિતિના ચોથામાં અને છઠ્ઠા નિયમનો ભંગ થાય છે.

પ્રશ્ન - કોઈ જરૂરી કામ હોય તો શ્રમણો રાત્રિએ વિહાર કરે ખરા ?

ઉત્તર - ના. શ્રમણો માટે જરૂરી કામ એ સંયમનું પાલન છે અને તે માટે રાત્રિના સમયે વિહાર કરવાની કોઈ આવશ્યકતા નથી. વળી તેમ કરવાથી ઈર્યા સમિતિના બધા નિયમો તૂટે છે.

પ્રશ્ન - ચાલતી વખતે પૂરેપૂરી કાળજી રાખવા છતાં કોઈ જીવ પગ તળે કચરાઈ જાય તો શ્રમણો શું કરે ?

ઉત્તર - જો શ્રમણને એવી ખબર પડે કે પોતાના પગ તળે કોઈ જીવ કચરાઈ ગયો છે, તો તેને માટે અત્યંત દીલગીર થાય અને ઘટતું આલોયણ (પ્રાયશ્ચિત્ત) લે.

પ્રશ્ન - દેહ ચિંતા ટાળવા માટે રાત્રે વસતિથી બહાર જવું પડે તો શ્રમણો શું કરે ?

ઉત્તર - શ્રમણોનાં જીવનનું ઘડતર એવી રીતે થયેલું હોય છે કે બનતા સુધી તેમને રાત્રે દેહ ચિંતા થાય નહિ. તેમ છતાં અનિવાર્ય કારણોથી તેવો સંયોગ બની આવે તો તેઓ રજોહરણ(દંડાસણ)થી ભૂમિને પૂંજીને પછી જ ડગલું માંડે.

## ભાષા સમિતિ

ભાષા સમિતિનું પાલન કરવા માટે જૈન શ્રમણો-

(૧) ક્રોધથી બોલતા નથી.

(૨) અભિમાનથી બોલતા નથી.

(૩) કપટથી બોલતા નથી.

(૪) લોભથી બોલતા નથી.

(૫) હાસ્યથી બોલતા નથી.

(૬) ભયથી બોલતા નથી.

(૭) મૌખર્ય એટલે વાચાલતાથી બોલતા નથી. તેમજ

(૮) વિકથા કરતા નથી. અહીં વિકથા શબ્દથી સ્રી કથા, ભક્તકથા, દેશકથા અને રાજકથા સમજવાની છે. સ્રી કથા એટલે સ્રીઓમાં આસક્તિ ઉપજાવે તેવો વાર્તાલાપ. દેશકથા એટલે લોકોના ભિન્ન-ભિન્ન રિવાજો અને વ્યવહારોમાં રસ ઉત્પન્ન કરે તેવો વાર્તાલાપ અને રાજકથા એટલે રાજાઓના વૈભવ-વિલાસમાં રસ ઉત્પન્ન કરે તેવો વાર્તાલાપ.

વળી જૈન શ્રમણો ભાષા સમિતિનું પાલન કરવા માટે જે ભાષા અતિ કઠોર હોય તેનો ઉપયોગ કરતા નથી. તે માટે શ્રી દશવૈકાલિક સૂત્રમાં સ્પષ્ટ ફરમાન છે કે-

**तहेव काणं काणेत्ति, पंडगं पंडगेत्ति वा ।**
**वाहिअं वा वि रोगित्ति, तेणं चोरेत्ति नो वये ॥**

તે પ્રમાણે કાણાને કાણો, નપુંસકને નપુંસક, વ્યાધિગ્રસ્તને રોગી તથા ચોરને ચોર કહેવો નહિ. તાત્પર્ય કે તેને પણ સારા શબ્દોથી જ બોલાવવો. તેથી જ જૈન શ્રમણો કોઈને બોલાવતી વખતે 'મહાનુભાવ', 'મહાશય', 'દેવાનુપ્રિય' વગેરે શબ્દોનો પ્રયોગ કરે છે.

વળી જૈન શ્રમણો ભાષાસમિતિનું પાલન કરવા માટે જે ભાષા સાવદ્ય એટલે પાપકારી હોય તેનો ઉપયોગ કરતા નથી. દાખલા તરીકે ઉદ્યાન, પર્વત કે વનમાં મોટાં વૃક્ષો દેખીને એમ કહેવું કે 'આ વૃક્ષો થાંભલા કરાય એવાં છે' 'આ વૃક્ષો ઘર બનાવવાને લાયક છે' 'આનો આગળો થાય તેવો છે.' 'આ નાવ બનાવવાને લાયક છે.' 'આ રેંટ બનાવવાને યોગ્ય છે' અથવા આના પાટલા, બાજોઠ બની શકે તેમ છે' તો તે ભાષા સાવદ્ય છે, કારણ કે તે વૃક્ષોના જીવોને પીડા કરનારી છે. તેવાં સ્થળે બોલવાની જરૂર હોય તો શ્રમણો એમ બોલે કે આ વૃક્ષો લાંબા છે. આ વૃક્ષો ગોળાકાર છે. આ વૃક્ષો વિસ્તારવાળા છે, આ વૃક્ષો શાખાવાળા છે વગેરે. તે જ રીતે ફળ જોઈને એમ કહેવું કે આ ફળો પાકી ગયા છે, પકવીને ખાવા જેવાં છે, ચીરીઓ કરવા લાયક છે, તો તે ભાષા સાવદ્ય ગણાય. તેવા સ્થળે બોલવાની જરૂર હોય તો શ્રમણો એમ બોલે કે આ વૃક્ષ ફળથી નમી ગયાં છે, આ વૃક્ષો પર ફળો મોટાં થયા છે અથવા આ વૃક્ષનાં ફળો તેનાં રંગમાં આવેલાં છે. તે જ રીતે ખેતરમાં ધાન્ય દેખીને કહેવું કે આ ધાન્ય કાપવા યોગ્ય થયું છે, તે શેકવા યોગ્ય થયું છે કે પોંક પાડવા જેવું થયું છે તો તે સાવદ્ય

ભાષા છે. તેવા સ્થળે બોલવાની જરૂર હોય તો શ્રમણો એમ કહે કે આ પાકને બહુ વખત થયો છે, આ પાક સ્થિર થયો છે વગેરે. તે જ રીતે નદીને જોઈને એમ કહેવું કે આ નદી તરીને પાર કરાય તેવી છે, નાવથી પાર કરવા જેવી છે કે કિનારે જાનવરો પાણી પી શકે તેવી છે તો તે સાવદ્ય ભાષા છે. તેવા સ્થળે બોલવાની જરૂર હોય તો શ્રમણો એમ બોલે કે આ નદી વધુ પ્રમાણમાં ભરેલી છે, મોટા ભાગે ઊંડી છે કે બહુ વિસ્તારવાળી છે. તે જ રીતે જનાવરોને જોઈ એમ કહેવું કે આ અત્યંત માંસલ છે, મેદ સંપન્ન છે, કાપવાલાયક છે, રાંધવા લાયક છે અથવા આ ગાયો દોહવા લાયક છે, આ વાછરડાઓ નાથવા લાયક છે, આ ઘોડાઓ પલોટવા લાયક છે તો તે સાવદ્ય ભાષા છે. તેવા સ્થળે બોલવાની જરૂર હોય તો શ્રમણો એમ બોલે કે આ જનાવર મોટું થયું છે, ઉંમરમાં આવ્યું છે વગેરે.

જૈન શ્રમણો સાવદ્ય ભાષાનો પરિહાર કરવા માટે નીચેના વાક્યપ્રયોગો કરતા નથી. બહુ સારું પકવ્યું, ખૂબ કાપ્યું, ખૂબ લઈ ગયો, તદ્દન મરી ગયો, બરાબર પૂરો થયો, આ વેચો, આ વેચશો નહિ, આ ખરીદો, આ ખરીદશો નહિ. આવો, આવજો, બેસો, કરો, સુઓ, ઊભા રહો, ખાઓ, પીઓ, તમારો જય થાઓ, તમારો પરાજય થાઓ વગેરે. કારણ કે તેમાં પાપની અનુમોદના કે આદેશ રહેલો છે. ટૂંકમાં જે શબ્દોથી પાપકારી પ્રવૃત્તિનો આદેશ થતો હોય કે અનુમોદના થતી હોય તેવું બોલવું તે સાવદ્ય ભાષા છે તે માત્ર વર્ણનરૂપે કે પ્રતિપાદનરૂપે માધ્યસ્થ વૃત્તિવાળું બોલવું તે નિરવદ્ય ભાષા છે.

વળી જૈન શ્રમણો ભાષા સમિતિનું પાલન કરવા માટે નિશ્ચયકારી ભાષા બોલતા નથી, કારણ કે તેમાં ખોટા પડવાનો સંભવ રહેલો છે. દાખલા તરીકે કોઈ કામ સંબંધી વાત ચાલતી હોય ને એમ કહેવું કે આ કામ જરૂર થશે જ, હું જરૂર કરીશ, તે જરૂર કરશે તો તે ભાષા નિશ્ચયકારી છે, એટલે જૈન શ્રમણો તે પ્રકારે બોલે નહિ. ત્યાં બોલવાની જરૂર હોય તો તેઓ એમ કહે કે આ કામ થવાનો સંભવ છે, બનતાં સુધી હું કરીશ, બનતાં સુધી તે કરી શકશે વગેરે. આવી ભાષાને સાપેક્ષ કહેવામાં આવે છે.

વળી જૈન શ્રમણો ભાષા સમિતિનું પાલન કરવા માટે પ્રયોજન વિના બોલતા નથી અને પ્રયોજન હોય તો જરૂર જેટલું જ બોલે છે. અર્થાત્ તેમનો વાણી વ્યવહાર પરિમિત હોય છે.

જૈન શાસ્ત્રોમાં સત્ય બોલવું એનો અર્થ એવો થાય છે કે પ્રિય બોલવું, પથ્ય બોલવું અને તથ્ય બોલવું એટલે જૈન શ્રમણો મધુર વાણીનો પ્રયોગ કરે છે, હિતકારી હોય તેવું જ બોલે છે અને જે વસ્તુ જેવા પ્રકારની હોય તેને તેજ પ્રકારે કહે છે.



**એષણા સમિતિ**

એષણા સમિતિનું કંઈ પણ વિવેચન કરીએ તે પહેલાં એષણા કોને કહેવાય ? તેનું સ્પષ્ટીકરણ કરીશું. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે-

**गवेसणाए गहणे य, परिभोगेसणाय य ।**
**आहारोवहि सेज्जाए, एए तिन्नि विसोहए ॥**

આહાર, ઉપધિ અને શય્યા એ ત્રણ વસ્તુની ગવેષણા, ગ્રહણ અને પરિભોગ બાબતમાં પૂરેપૂરી શુદ્ધિ જાળવવી તે એષણા છે.

આહાર એટલે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચારે પ્રકારનો આહાર. તેમાં પ્રયોજનવશાત્ ગ્રહણ કરવામાં આવતાં ઔષધનો પણ સમાવેશ થાય છે. ઉપધિ એટલે વસ્ત્ર પાત્ર વગેરે સાથે રાખવાની વસ્તુઓ તથા શય્યા એટલે પાટ, પાટલા અને ઉતરવાનું સ્થાન. જૈન શ્રમણો આ વસ્તુઓ શોધીને જ મેળવે છે, એટલે તે માટે સદાવ્રત, ભોજનશાળા, અમુક ગૃહસ્થને ત્યાં વારા વગેરે કોઈ નિયત વ્યવસ્થાનો સ્વીકાર ન કરતાં ભિક્ષાચરી કરે છે અને તે કરતી વખતે નીચેના નિયમોનું પાલન કરે છે.

(૧) જે આહાર કે વસ્તુ શ્રમણનાં નિમિત્તે બનાવેલ હોય તે લેતા નથી.

(૨) જે આહાર કે વસ્તુ અમુક શ્રમણને ઉદ્દેશીને બનાવેલી હોય તે લેતા નથી.

(૩) જે આહાર અકલ્પ્યના સંસર્ગમાં આવેલો હોય તે લેતા નથી. પિંડનિર્યુક્તિમાં તેને પૂતિ કર્મ નામનો દોષ કહેલો છે.

(૪) જે આહાર કે વસ્તુ પોતાના કુટુંબ તથા શ્રમણોને ઉદ્દેશીને બનાવેલ હોય તે લેતા નથી.

(૫) જે આહાર કે વસ્તુ શ્રમણોને માટે કેટલાક વખતથી રાખી મૂકેલી હોય તે લેતા નથી.

(૬) જે આહાર કે વસ્તુ મહેમાનને માટે ખાસ તૈયાર કરેલ હોય તે લેતા નથી.

(૭) જે આહાર કે વસ્તુ અંધારામાં પડેલ હોય અને તે આપવા માટે ખાસ દીવો પ્રકટાવવામાં આવે કે બીજી રીતે અજવાળું કરવામાં આવે તો તે લેતા નથી.

(૮) થી (૧૨) જે આહાર કે વસ્તુ શ્રમણોને આપવા માટે ખાસ કિંમત આપીને ખરીદેલી હોય, ઉછીની લાવેલી હોય, અદલો-બદલો કરીને આણેલી હોય, બીજા પાસેથી છીનવી લીધેલી હોય કે ધણીને પૂછ્યા વગર લાવેલી હોય તે લેતા નથી.

(૧૩) જે આહાર કે વસ્તુને સામેથી આણવામાં આવેલ હોય તે લેતા નથી.

(૧૪) જે આહાર કે વસ્તુ બારણાં ખોલીને કે માળ વગેરે પરથી ઉતારીને લાવેલ હોય તે લેતા નથી.

(૧૫) જે આહાર કે વસ્તુ ભાગીદારની સંમતિ વગર આપવામાં આવે તે લેતા નથી.

(૧૬) જે આહાર કે વસ્તુ શ્રમણનું આગમન થયેલું જાણીને વધારે બનાવેલ હોય તે લેતા નથી.

જૈન શ્રમણો નીચેની રીતે કે નીચેના સંયોગોમાં કોઈ પણ જાતનો આહાર કે વસ્તુ ગ્રહણ કરતા નથી.

(૧૭) બાળકને રમાડીને.

(૧૮) દૂતીની માફક સગાંસંબંધીઓના સમાચાર કહીને.

(૧૯) નિમિત્ત-જ્યોતિષ કહીને.

(૨૦) ન્યાત-જાત જણાવીને. જેમ કે હું અમુક ન્યાત-જાતનો છું અથવા સંસાર પક્ષે આપણે અમુક સગાં થઈએ વગેરે.

(૨૧) ગરીબી જણાવીને. જેમ કે તમે નહિ આપો તો અમને બીજું કોણ આપશે ?

(૨૨) વૈદું કરીને. (૨૩) ક્રોધ કરીને. (૨૪) અહંકાર કરીને.

(૨૫) કપટ કરીને. (૨૬) લોભ કરીને. (૨૭) ગુણ ગાઈને.

(૨૮) વિદ્યા, કામણ કે વશીકરણ કરીને.

(૨૯) મંત્ર ક્રિયા કરીને અર્થાત્ મંત્ર-તંત્ર કરી આપીને.

(૩૦) ગોળી ચૂરણ આદિના નુસખા બતાવીને.

(૩૧) સૌભાગ્ય-દુર્ભાગ્ય બતાવીને.

(૩૨) ગર્ભ પડાવીને.

(૩૩) જેની નિર્દોષતાની પૂરેપૂરી ખાતરી થઈ ન હોય.

(૩૪) હાથ સચિત્ત વસ્તુથી ખરડાયેલો હોય અને આહાર કે વસ્તુ આપવામાં આવે.

(૩૫) આહાર કે વસ્તુ કોઈ સચિત્ત પદાર્થ પર મૂકેલ હોય.

(૩૬) આહાર કે વસ્તુ ઉપર કોઈ સચિત્ત પદાર્થ મૂકયો હોય.

(૩૭) આહાર કે વસ્તુ સચિત્તને અડકીને રહેલ હોય.

(૩૮) દાતા આંધળો કે પાંગળો હોય. કારણ કે તે હાલી-ચાલીને વહોરાવે તો અયતના થવાનો સંભવ છે.

(૩૯) વસ્તુ પૂરેપૂરી સચિત ન થઈ હોય અર્થાત્ કાચી પાકી હોય.

(૪૦) સચિત્ત અને અચિત્ત વસ્તુ ભેગી હોય લેતા નથી.

(૪૧) કોઈ અયતનાથી વહોરાવે.

(૪૨) આંગણું તરતનું લીપેલું  હોય તેના પરથી ચાલીને આવે.

પ્રશ્ન - શ્રમણો ભિક્ષા માગવા માટે કયાં કયાં જાય ?

ઉત્તર - શ્રમણો ભિક્ષા માગવા માટે ક્ષત્રિય, ગોવાળ, વૈશ્ય, હજામ, સુથાર, વણકર આદિ અતિરસ્કૃત તથા અનિંદિત કુળોમાં ભિક્ષા માટે જાય, પરંતુ ચક્રવર્તીઓ, રાજાઓ, ઠાકોરો, રાજાના પાશવાનો અને રાજાઓનાં સગાંવહાલાંને ત્યાં ન જાય, પછી તેઓ શહેરમાં રહેતા હોય, બહાર પડાવ નાખીને પડ્યા હોય, રસ્તે પ્રયાણ કરતા હોય, તેમને ત્યાંથી નિમંત્રણ મળ્યું હોય કે ન મળ્યું હોય. વળી જે ઘરમાં હમેશા અન્નપાન દેવાતું હોય કે શરૂઆતમાં દેવ વગેરે નિમિત્તે અગ્નિ

પિંડ જુદો કાઢવામાં આવતો હોય અને તે કારણે જ્યાં ઘણા યાચકો એકઠા થતા હોય ત્યાં પણ તેઓ ભિક્ષાર્થે જતા નથી.

પ્રશ્ન - શ્રમણો કોઈ ગૃહસ્થનું બંધ બારણું ઉઘાડીને અંદર જાય ખરા ?

ઉત્તર - ના. તેમ કરવાની તેમને આજ્ઞા નથી. શ્રી દશવૈકાલિક સૂત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે '**कवाडं नो पणोलेज्जा**- શ્રમણોએ કમાડ ઉઘાડવું નહિ. તેમ કરવાથી કમાડનાં ખાંચામાં રહેલા સૂક્ષ્મ જીવજંતુઓની વિરાધના થાય છે. અને વખતે ઘરધણીની નારાજી પણ વહોરવી પડે છે. તે સ્થિતિમાં મૂકાવું એ સાધુ માટે ઉચિત નથી.

પ્રશ્ન - શ્રમણો ભિક્ષા માટે જાય ત્યાં બેસી શકે ખરાં ?

ઉત્તર - ના. ભિક્ષાર્થે ગયેલા શ્રમણોએ ગૃહસ્થને ઘેર બેસવું ઉચિત નથી. તેમ કરવાથી ગૃહસ્થને એક પ્રકારની અગવડ અથવા એક પ્રકારનો સંકોચ થવા સંભવ છે. અથવા કોઈ પ્રસંગે શંકા ઉપજવાનું પણ કારણ છે તથા બીજા પણ દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે. તે માટે જ શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

**गोयरग्गपविट्ठो उ न निसीएज्ज कत्थई**- ગોચરી માટે પ્રવેશ કરેલા શ્રમણો ક્યાંઈ બેસવું નહિ.

પ્રશ્ન - શ્રમણો ભિક્ષાર્થે જાય ત્યાં અન્ય ઘણા ભિક્ષુકો ઊભા હોય તો શું કરે ?

ઉત્તર - શ્રમણો તેવા ભિક્ષુકોને ઓળંગીને કોઈના ઘરમાં પ્રવેશ કરે નહિ, કારણ કે તેથી તેઓને અંતરાય પડે કે તેમનાં મનમાં શંકા ઉત્પન્ન થાય કે હવે અમને ભિક્ષા મળશે કે નહિ ? કોઈનું મન તેટલા અંશે પણ ન દુભાય તે ખાતર જૈન શ્રમણો આ નિયમનું બરાબર પાલન કરે છે.

પ્રશ્ન - વરસાદ વરસતો હોય તો શ્રમણ ગોચરી માટે જાય કે ન જાય ?

ઉત્તર - ન જાય. તે માટે શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે-

**न चरेज्ज वासे वासन्ते महियाए य पडन्तिए ।**
**महावाए व वायन्ते तिरिच्छ-सम्पाइमेतु वा ॥**

વરસાદ વરસતો હોય, ધુમ્મસ પડતું હોય, મહાવાયુ વાતો હોય કે ઝીણી ઝીણી જીવાત ઉડતી હોય ત્યારે શ્રમણે ભિક્ષા માટે જવું નહિ.

પ્રશ્ન - વરસાદની હેલી જામે તો શ્રમણો શું કરે ?

ઉત્તર - ભિક્ષા માટે બહાર ન નીકળતાં પોતાનાં સ્થાને રહીને જ ધર્મધ્યાન તથા તપશ્ચર્યા કરે.

## આદાન-નિક્ષેપ સમિતિ

જે વસ્તુનો નિત્ય ઉપયોગ હોય તેને પૂંજી-પ્રમાર્જીને વાપરવી તથા તેનું આદાન-નિક્ષેપ એટલે તેની લે-મૂક કાળજીથી કરવી પણ કોઈ પ્રકારની બેદરકારીથી કરવી નહિ. એ આ સમતિનું રહસ્ય છે. તેથી જૈન શ્રમણો પ્રાતઃકાળનું પ્રતિક્રમણ કર્યા પછી મુહપત્તી, ચોલપટો, ઊનનું કલ્પ, સૂતરના બે કલ્પ, રજોહરણની અંદરનું સૂતરનું નિસિજ્જ (નિશેથિયું), બહારનું પગ લૂંછવાનું નિસિજ્જ (ઓઘારિયું), ઓઘો, સંથારો, ઉત્તર પટ્ટો અને દાંડો એ અગિયાર વસ્તુની પ્રતિલેખના-સૂક્ષ્મ રીતે જોવાની ક્રિયા કરે છે તથા દિવસના ત્રીજા પ્રહરના અંતે મુહપત્તિ, ચોલપટો, ગોચ્છક, પાત્રલેખનિકા (પૂંજણી), પાત્રબંધ, પડલાંઓ, રજોહરણ, પાત્રસ્થાપન, માત્રક (માતરું કરવાનું પાત્ર), પાતરાં, રજોહરણ, ઊનનું કલ્પ અને સૂતરનાં બે કલ્પ એમ ૧૪ વસ્તુની પ્રતિલેખના કરે છે. તેમજ દિવસ દરમિયાન આસન, શય્યા, વસ્ત્ર, પાત્ર, પુસ્તક પાનાં આદિ જે કોઈની લે-મૂક કરવી પડે તે ખૂબ સાવધાનીથી કરે છે પણ તેનો ઘા કરતા નથી કે તેને ઘસડતા નથી.

## પારિષ્ઠાપનિકા સમિતિ

આ સમિતિને ઉચ્ચાર સમિતિ પણ કહેવામાં આવે છે. તેનું રહસ્ય એ છે કે મલ, મૂત્ર, શ્લેષ્મ, થૂંક, કેશ કે અન્ય પરિષ્ઠાપન કરવા યોગ્ય-પરઠવવા યોગ્ય વસ્તુઓ જીવજંતુથી રહિત તથા લીલોતરી વગરની ભૂમિમાં પરઠવવી. ધર્મરુચિ નામના એક અણગાર કડવી તુંબડીનું શાક પરઠવી દેવા યોગ્ય જણાતાં એક સ્થળે ગયા અને ત્યાં શાકનું એક બિંદુ નીચે નાખતાં કેટલાક જીવોને મરી જતા જોયા. એટલે પોતાના ઉદરને જ નિરવદ્ય સ્થાન માની બધું શાક પોતાના ઉદરમાં પધરાવી દીધું અને થોડી જ વારે કાલધર્મ પામ્યા. કહેવાનો મતલબ એ છે કે જૈન શ્રમણો પરઠવવા યોગ્ય વસ્તુઓમાં પણ આટલી બધી કાળજી રાખે છે અને જરૂર જણાય તો તે માટે પોતાના પ્રાણ પણ કુરબાન કરે છે.

## મનોગુપ્તિ

સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ ક્રિયામાં મનને જવા ન દેવું તે મનોગુપ્તિ કહેવાય છે.

પ્રશ્ન - સંરંભ એટલે શું ?

ઉત્તર - છ કાયનો આરંભ કરનારી કોઈ પણ ક્રિયાનો સંકલ્પ કરવો તે સંરંભ કહેવાય છે.

પ્રશ્ન - સમારંભ એટલે શું ?

ઉત્તર - તે સંકલ્પને અમલમાં મૂકવા માટે સાધનો એકઠાં કરવાં તેને સમારંભ કહેવાય છે.

પ્રશ્ન - આરંભ એટલે શું ?

ઉત્તર - તે કાર્યનો પ્રયોગ કરવો તે આરંભ કહેવાય છે.

તાત્પર્ય કે જૈન શ્રમણો મનોગુપ્તિનું પાલન કરવા માટે કોઈપણ હિંસક પ્રવૃત્તિ કરવા તરફ પોતાનાં મનને દોરતા નથી.

**વચન ગુપ્તિ**

સંરંભ, સમારંભ કે આરંભ માટે બોલાતાં વચનને ઉપયોગપૂર્વક રોકી લેવું તે વચન ગુપ્તિ કહેવાય છે.

પ્રશ્ન - ભાષા સમિતિ અને વચન ગુપ્તિમાં ફેર શું ?

ઉત્તર - ભાષા સમિતિમાં ભાષા કેવી રીતે બોલવી તેનું વિવેચન છે. જ્યારે વચન ગુપ્તિમાં તો સંરંભાદિ પ્રવૃત્તિને અંગે બોલવું નહિ તેવો પ્રયત્ન છે.

**કાય ગુપ્તિ**

ઊભા રહેવામાં, બેસવામાં, સૂવામાં, ખાડો વગેરે ઓળંગવામાં તથા પાંચે ઈન્દ્રિયોના વ્યાપારમાં કાયાને સાવદ્ય યોગમાં પ્રવર્તવા ન દેવી તે કાયગુપ્તિ છે.

આ ત્રણે ગુપ્તિની આરાધના માટે કાયોત્સર્ગ એ ઉત્તમ સાધન છે, એટલે જૈન શ્રમણો જ્યારે પણ અનુકૂળતા હોય ત્યારે કાયોત્સર્ગ કરે છે.

પ્રશ્ન - કાયોત્સર્ગ કોને કહેવાય ?

ઉત્તર - કાયોત્સર્ગનો સામાન્ય અર્થ તો કાયાનો ઉત્સર્ગ-કાય વ્યાપારનો ત્યાગ થાય છે, પણ પરિભાષાથી કાયાને એક સ્થાને સ્થાપીને, વાણીને મૌન કરીને તથા મનને ધ્યાનમાં જોડીને સ્થિર ઊભા રહેવું કે સ્થિરતાથી બેસવું તેને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. આ એક પ્રકારની ધ્યાનાવસ્થા છે કે જેનું નિત્ય-નિયમિત અમુક સમય પછી આરાધના કરવાથી.... જડતાનો નાશ થાય છે. મતિની શુદ્ધિ થાય છે, સુખદુઃખ સહન કરવાની શક્તિ આવે છે. સૂક્ષ્મ ચિંતન કરવાની યોગ્યતા પ્રકટે છે. તથા કર્મસમૂહ ખરી જાય છે.

આ રીતે જૈન શ્રમણો પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિનાં પાલન વડે પોતાનાં ચારિત્રને ચારુ બનાવે છે અને તેના દ્વારા કર્મનો ક્ષય કરી અભિષ્ટ ફળને મોક્ષને પ્રાપ્ત કરે છે.



જૈન શ્રમણો પાંચ મહાવ્રતનાં પાલનથી સંયમને સાધે છે તથા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનાં પાલનથી ચારિત્રનું નિર્માણ કરે છે એ હકીકત આપણે દશમા અને અગિયારમાં પ્રકરણમાં જોઈ ગયા. હવે તેઓ પંચાચારનાં પાલનથી મોક્ષમાર્ગની સાધનાને કેવી ઉત્કટ બનાવે છે તે જોઈ લઈએ, જેથી તેમની સમસ્ત ચર્યાનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

**आचारः प्रथमो धर्मः** – આચાર એ પહેલો ધર્મ છે, એમ તો લગભગ બધા જ મતવાળાઓ કહે છે, પણ આચાર કોને કહેવો ? એ બાબતમાં તેઓ જુદું જુદું મંતવ્ય ધરાવે છે. કેટલાક માત્ર બાહ્ય શૌચને જ આચાર કહે છે, કેટલાક કુલક્રમાગત રિવાજ, રૂઢિ કે પરંપરાને આચાર કહે છે, તો કેટલાક માંસાહાર, મદિરાપાન, મત્સ્યભક્ષણ, મુદ્રા અને મૈથુન જેવા ભયંકર નિંદ્યકર્મોને પણ આચાર કહે છે અને તેનાથી મોક્ષ મળશે એવું ભક્તોને આશ્વાસન આપે છે !! પરંતુ યોગ અને અધ્યાત્મની ઉત્કટ ઉપાસના કરનાર જૈન ધર્મીને તો આ હાસ્યાપદ લાગે છે, એમને આચારની આ વ્યાખ્યાઓ મંજૂર નથી. એ તો સ્પષ્ટ કહે છે કે જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી સંયુક્ત એવા માર્ગને અનુસરનારા જીવો જ મોક્ષગતિને પામે છે,● ત્યારે જે આચરણ તેનાથી વિરુદ્ધ હોય તે અધ્યાત્મને આચાર કેમ જ હોઈ શકે ? એટલે જે આચરણ વડે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની સાધનામાં સહાય થતી હોય, તેના વિષેનો પુરુષાર્થ જાગૃત થતો હોય તેને જ આચાર માનવો જોઈએ અને તો જ 'આચાર એ પ્રથમ ધર્મ છે.' એવું સૂત્ર સાર્થક બને.

---

**●नाणं च दंसणं चैव, चरित्तं च तवो तहा ।**
**एयमग्गमणुपत्ता, जीवा गच्छन्ति सोग्गइं ॥**

(શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.૨૮, ગાથા-૩)

આ દૃષ્ટિને લક્ષમાં રાખી જૈન શાસ્ત્રકારોએ આચારના બે વિભાગો કર્યા છે : એક દ્રવ્યાચાર અને બીજો ભાવાચાર. તેમાં જે આચાર વ્યવહારશુદ્ધિ કે બાહ્ય પવિત્રતાને અવલંબતો હોય અથવા કુલક્રમાગત સદ્ગૃહસ્થાઈના રિવાજ, રૂઢિ યા પરંપરાને અનુસરતો હોય તેને દ્રવ્યાચાર કહે છે અને જે આચાર મોક્ષમાર્ગની સાધનામાં સીધો મદદગાર થતો હોય તેને ભાવાચાર કહે છે. જૈન શ્રમણો મોક્ષમાર્ગની જ સાધના કરનારા હોય છે, એટલે તેમને માટે આ ભાવાચાર જ ઉપાદેય છે.

ભાવાચારના પ્રકારો સંબંધી જૈન શાસ્ત્રોમાં જણાવ્યું છે કે-

**दंसण-नाण-चरित्ते, तव-आयारे य वीरियायारे ।**
**एसो भावायारो, पंचविहो होइ नायव्वो ॥**

ભાવાચાર પાંચ પ્રકારનો જાણવો : (૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

અહીં એવો પ્રશ્ન થવા સંભવ છે કે 'પ્રથમ જ્ઞાન, પછી દર્શન, પછી ચારિત્ર, પછી તપ અને છેવટે વીર્ય એવો ક્રમ શા માટે ?' એટલે પ્રથમ તેનો ઉત્તર આપીશું. શ્રી દશવૈકાલિક સૂત્રના ચોથા અધ્યયનમાં કહ્યું છે કે-

**पढमं नाणं तओ दया, एवं चिट्ठइ सव्वसंजए ।**
**अन्नाणी किं काही किं वा नाहिइ छेयपावगं ? ॥१०॥**

પ્રથમ જ્ઞાન અને પછી દયા એ સંયમી પુરુષની સ્થિતિ છે. જે અજ્ઞાની છે તે શું આચરે ? તથા હિત-અહિત કેમ કરીને જાણે ?

**जो जीवे वियाणेइ, अजीवे वि वियाणइ ।**
**जीवाजीवे वियाणंतो, सो हु नाहीइ संजमं ॥१३॥**

જે જીવને જાણે છે, અજીવને જાણે છે અને જીવાજીવને જાણે છે, તેજ સંયમના ગુણોને જાણી શકે છે.

તાત્પર્ય કે જીવ-અજીવનાં જ્ઞાનથી ગતિનું જ્ઞાન થાય છે, ગતિનાં જ્ઞાનથી પુણ્ય, પાપ, બંધના ભેદ અને મોક્ષનું સ્વરૂપ સમજાય છે અને તે સ્વરૂપ સમજાય છે, ત્યારે જ ભોગોની અનિત્યતા ખ્યાલમાં આવી વૈરાગ્ય અને ત્યાગની મહત્તા સમજાય છે, એટલે આચારની દૃષ્ટિએ જ્ઞાનનું સ્થાન પહેલું છે.

જ્ઞાન પછી બીજું સ્થાન દર્શન અથવા શ્રદ્ધાને આપવામાં આવ્યું છે, કારણ કે મોક્ષ માર્ગના પ્રવાસીને માટે તે ધ્રુવ તારાના આલંબન સમાન છે. જ્યાં શ્રદ્ધા નથી, ત્યાં આચરણ કેળવવાનો પુરુષાર્થ થાય જ કેવી રીતે ? ત્યાર પછી ચારિત્રને સ્થાન આપવાનું કારણ એ છે કે જ્ઞાન અને દર્શન વડે પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ એ

છે. જ્ઞાન હોય, શ્રદ્ધા હોય પણ ચારિત્ર ન હોય તો સરવાળે શૂન્ય સમજવું. ત્યાર પછી તપનું વિધાન કરેલું છે. કારણ કે તે સંયમનું ભૂષણ છે, કર્મનિર્જરાનો હેતુ છે અને જ્ઞાન, દર્શન તથા ચારિત્રની સિદ્ધિમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. અને છેવટે વીર્યાચારને મૂક્યો છે, કારણ કે વીર્યના ઉલ્લાસ સિવાય જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપની સબળ અને સંપૂર્ણ આરાધના થઈ શકતી નથી.

**જ્ઞાનાચાર**

જ્ઞાનાચારનું પાલન કરવા માટે જૈન શ્રમણો (૧) કાલ, (૨) વિનય, (૩) બહુમાન, (૪) ઉપધાન, (૫) અનિન્હવતા, (૬) વ્યંજનશુદ્ધિ, (૭) અર્થશુદ્ધિ અને (૮) તદુભય શુદ્ધિ એ આઠ નિયમોને અનુસરે છે.

તેમાં **કાળ** અર્થ એવો છે કે જે સૂત્ર જે કાળે ભણવા-ગણવાનું હોય તે કાળે જ ભણવું-ગણવું પણ તેથી બીજા કાળે ભણવું-ગણવું નહિ. જૈન મહર્ષિઓનો એવો મત છે કે પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સંધ્યા અને મધ્યરાત્રિની બે બે ઘડીઓ-એક સંધિ સમય પહેલાની અને એક સંધિ સમય પછીની સ્વાધ્યાયને માટે યોગ્ય નથી. એટલે તે વેળાએ સૂત્ર સિદ્ધાંત ન ભણતાં બીજી ક્રિયાઓ કરવી યોગ્ય છે. લૌકિક શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે-

**चत्वारि खलु कर्माणि, सन्ध्याकाले विवर्जयेत् ।**
**आहारं मैथुनं निद्रां, स्वाध्यायं च विशेषतः ॥**

સંધ્યા સમયે ચાર કર્મોનો ત્યાગ કરવો જોઈએ. આહાર, મૈથુન, નિદ્રા અને વિશેષે કરીને સ્વાધ્યાય.

**વિનય** એટલે જ્ઞાન આપનાર ગુરુનો, જ્ઞાનીનો, જ્ઞાનાભ્યાસીનો, જ્ઞાનનો અને જ્ઞાનનાં ઉપકરણોનો વિનય કરવો. આ નિયમ અનુસાર જૈન શ્રમણો ગુરુ આવ્યેથી ઊભા થઈને તેમનો સત્કાર કરે છે, તેમને બેસવા માટે આસન પાથરી આપે છે, વંદન કરે છે, બે હાથ જોડીને ઊભા રહે છે અને મને શી આજ્ઞા છે? એમ પૂછે છે તથા ગુરુનાં મનનો અભિપ્રાય જાણી તે પ્રમાણે વર્તે છે, તેમજ દરેક પ્રકારે તેમની સેવા કરે છે.

જ્ઞાનીનો વિનય પણ લગભગ એજ રીતે કરે છે, જ્યારે જ્ઞાનાભ્યાસીનો વિનય ત્રણ પ્રકારે કરે છે : તેમને સારા શોધેલા પુસ્તકો આપે છે. સૂત્ર અને અર્થની પરિપાટી (પ્રણાલિકા) આપે છે તથા આહાર અને મુકામ આપે છે.

જ્ઞાનનો વિનય આઠ પ્રકારે કરે છે : (૧) ઉપધાન વગેરે વિધિ વડે સૂત્ર અને અર્થ ગ્રહણ કરે છે. (૨) વિધિ પ્રમાણે બીજાને સૂત્ર અને અર્થ આપે છે. (૩) તેમાં કહ્યા પ્રમાણે સારી રીતે અનુષ્ઠાન કરે છે. (૪) પોતે શાસ્ત્રો લખે છે. (૫)

બીજા પાસે શાસ્ત્રો લખાવે છે. (૬) શાસ્ત્ર ગ્રંથોનું શોધન કરે છે. (૭) જ્ઞાનની પૂજા કરાવે છે. તથા (૮) જ્ઞાનપંચમી વગેરેની તપશ્ચર્યા કરે છે.

જ્ઞાનોપકરણનો વિનય બે પ્રકારે કરે છે. સારાં જ્ઞાનોપકરણ એકઠાં કરે છે અને તેના પ્રત્યે આદર રાખે છે. જ્ઞાનોપકરણમાં નીચેની વસ્તુઓ ગણાય છે : પુસ્તકો, ઠવણી, કવળી (પુસ્તક ફરતું વીંટાળવાનું કપડું), સાપડી, સાપડો, લેખણ, પુસ્તક રાખવાના ડાબલા, ડાબલી (નવકારવાળી રાખવાની), ખડીઆ, પાટી, કાગળ, સ્લેટ, પેનસીલ, હોલ્ડર, પાઠાં (ભરેલાં તથા સાદાં), પાટલીઓ, પુસ્તકો બાંધવાના રૂમાલો-બંધનો વગેરે.

જૈન શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું છે કે-

**विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।**
**विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ? ॥**

ધર્મનું મૂળ વિનય છે. વિનયવંત જ સંયત-સાધુ-શ્રમણ થઈ શકે છે. વિનયરહિત પુરુષને ધર્મ કયાંથી હોય ?

**બહુમાન** એટલે અંતરનો આદરભાવ. તે વિના ઘણા વિનયથી ગ્રહણ કરેલી વિદ્યા પણ ફલદાયક થતી નથી. તે વિષે જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે 'જે માણસ મિથ્યા વિનય વડે વિદ્યા અથવા જ્ઞાનને ગ્રહણ કરીને ગુરુની અવગણના કરે છે, તે માણસનું જ્ઞાન સત્વર નિષ્ફળ થાય છે તથા વિનયસહિત અને ગુણે કરીને યુક્ત એવો જે પુરુષ ગુરુની પાસે બહુમાનપૂર્વક વિદ્યા ગ્રહણ કરે છે તે વિદ્યા સત્વર ફળ આપે છે.'

જેમ વિદ્યા-જ્ઞાનદાતા ગુરુ પ્રત્યે બહુમાન હોવું ઘટે છે, તેમ જ્ઞાન માટે પણ બહુમાન હોવું ઘટે છે. તે એ રીતે કે જ્ઞાનને આ સંસારની અતિ પવિત્ર વસ્તુ સમજવી.

**ઉપધાન** એટલે શાસ્ત્રનો અભ્યાસ કરવાની યોગ્યતા આવે તે માટે વિશિષ્ટ તપની આરાધના યોગોદ્વહન એ તેનો પર્યાય શબ્દ છે. આ તપ શ્રમણો પોતપોતાની સામાચારી પ્રમાણે કરે છે.

**અનિહ્નવતા** એટલે જ્ઞાન આપનાર ગુરુને ઓળવવા નહિ અર્થાત્ તેમનું નામ છુપાવીને ભળતા ગુરુનું નામ આપવું નહિ. તેમજ જેટલું શ્રુત ભણ્યા હોય તેટલું જ કહેવું પણ ઓછું કે વત્તું કહેવું નહિ. જૈન શ્રમણો આ નિયમનો ખૂબ કડકાઈથી અમલ કરે છે.

**વ્યંજન શુદ્ધિ** એટલે સૂત્રના પાઠમાં જે પ્રમાણે અક્ષરો હોય તે પ્રમાણે જ ગ્રહણ કરવા પણ ઓછા-વત્તા ગ્રહણ કરવા નહિ. સૂત્રનો એક પણ અક્ષર આઘો

પાછો કરવાથી કે કાનો, માત્રા, મીંડી, વરડુ વગેરેના ફેરફાર પૂર્વક ગ્રહણ કરવાથી તેના અર્થમાં મોટું પરિવર્તન થઈ જાય છે અને તેના લીધે મહા આશાતના તથા સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ વગેરે દોષો પ્રાપ્ત થાય છે, એટલે જૈન શ્રમણો ગુરુ આગળથી શાસ્ત્ર પાઠ લેતી વખતે તેની ખૂબ કાળજી રાખે છે.

**અર્થશુદ્ધિ** એટલે સૂત્ર કે શબ્દનો અર્થ જે પ્રમાણે થતો હોય તે પ્રમાણે જ ગ્રહણ કરવો પણ બીજી રીતે ગ્રહણ કરવો નહિ, કારણ કે તેમ કરતાં અનર્થની પરંપરા પ્રાપ્ત થાય છે. તે માટે જૈન શાસ્ત્રોમાં નીચેનું ઉદાહરણ અપાયેલું છે :

શુક્તિમતી નગરીમાં કદંબક નામે ઉપાધ્યાય રહેતા હતા. તે પોતાના પુત્ર પર્વત, રાજપુત્ર વસુને તથા નારદ નામના એક વિદ્યાર્થીને શાસ્ત્રાભ્યાસ કરાવતા હતા. એક વખત એ ત્રણે વિદ્યાર્થીઓ અભ્યાસ કરીને મકાનની અગાસીમાં સૂઈ ગયા હતા. તે વખતે આકાશ માર્ગે ગમન કરતાં બે ચારણમુનિઓ પરસ્પર બોલ્યા કે 'આ ત્રણ વિદ્યાર્થીઓમાંથી એક વિદ્યાર્થી સ્વર્ગે જશે અને બીજા બે નરકે જશે.' તે વખતે ઉપાધ્યાય જાગતા હતા. તેમણે આ વૃત્તાંત સાંભળી ખેદ પામીને વિચાર્યું કે 'મને ધિક્કાર છે કે હું ભણાવનાર છતાં મારા બે શિષ્યો નરકે જશે.' પછી પ્રાતઃકાળે આ શિષ્યોમાંથી કોણ સ્વર્ગે જશે ? અને કોણ નરકે જશે ? તે જાણવાના હેતુથી દરેકને લોટનો બનાવેલો એક કૂકડો આપ્યો અને કહ્યું કે 'જે ઠેકાણે કોઈ ન જુએ તેવે ગુપ્ત સ્થાને આને મારી નાંખો.' તે સાંભળીને વસુ અને પર્વતે નિર્જન પ્રદેશમાં જઈને કૂકડાને મારી નાખ્યો, પણ નારદે નિર્જન પ્રદેશમાં જઈને વિચાર કર્યો કે આ સ્થાન નિર્જન છે, તો પણ હું અહીં દેખું છું, દેવો દેખે છે, સિદ્ધ દેખે છે અને જ્ઞાની પણ દેખે છે. જે સ્થાને કોઈ પણ ન દેખે એવું સ્થાન તો આખા વિશ્વમાં કોઈ જ નથી, માટે આ કૂકડો અવધ્ય છે, એમ ગુરુનો અભિપ્રાય જણાય છે.' અને તેણે કૂકડાને માર્યો નહિ.

પછી ત્રણે વિદ્યાર્થીઓએ આવીને પોતાના વૃત્તાંતો ગુરુને કહ્યા એટલે નારદને સ્વર્ગમાં જનારો જાણીને છાતી સરસો ચાંપ્યો અને બીજા બેને ઠપકો આપ્યો. પછી ઉપાધ્યાયે વૈરાગ્યથી વાસિત થઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી એટલે તેનાં સ્થાને તેનો પુત્ર પર્વત આવ્યો. અનુક્રમે રાજાએ પણ દીક્ષા લીધી, એટલે તેનાં સ્થાને વસુ ગાદીએ આવ્યો. આ વસુ પોતાનું સત્યવાદીપણું પ્રસિદ્ધ કરવા માટે સત્ય જ બોલતો હતો.

એક વખત તેને કોઈ શિકારી દ્વારા સ્ફટિક મણિની મોટી શિલાની ભાળ મળી, એટલે તેણે એ શિલાને મેળવી, તેની એક આસનવેદિકા બનાવી અને તેના ઘડનારા સર્વ શિલ્પીઓને મારી નાખ્યા. પછી તે આસનવેદિકા પોતાના સિંહાસનની નીચે મૂકી અને સત્યવાદીપણાને લીધે પોતાનું સિંહાસન આકાશમાં નિરાધાર રહે

છે, એવી ખ્યાતિ સર્વત્ર ફેલાવી. તે ખ્યાતિને લીધે ઘણા રાજાઓએ તેને દેવકૃપાથી અધિષ્ઠિત થયેલો માનીને તેનું શરણ સ્વીકારી લીધું.

હવે એકદા પર્વત ઉપાધ્યાય પોતાના શિષ્યોને ભણાવતો હતો. તે વખતે "**अजैर्यष्टव्यं**" એ ઋગ્ વેદની શ્રુતિનો અર્થ 'અજ એટલે બકરા વડે યજ્ઞ કરવો' એ પ્રમાણે કર્યો. તે સાંભળીને તેને મળવા આવેલો નારદ બોલ્યો કે 'હે ભાઈ ! તું આવો અર્થ ન કર, કેમ કે જે વાવ્યા છતાં પણ ઉગે નહિ તે 'અજ' કહેવાય છે, તેથી અહીં 'અજ' એટલે ત્રણ વર્ષ ઉપરાંતની ડાંગર લેવાની છે. આપણા ગુરુએ પણ એમ જ કહ્યું છે, માટે ધર્મોપદેષ્ટા ગુરુને તથા ધર્મપ્રતિપાદક શ્રુતિને તું અન્યથા ન કર.'

આ પ્રમાણે બહુ બહુ કહ્યા છતાં પર્વતે પોતાનો આગ્રહ મૂક્યો નહિ. છેવટે તેમણે વાદ કરવાનો નિર્ણય કર્યો અને તેમાં જે હારી જાય તેની જીભ કાપી નાખવી એવી શરત કબૂલ કરી. પછી વસુ રાજાએ પર્વતની માતાના આગ્રહથી ખોટી સાક્ષી પૂરી અને 'અજનો અર્થ બકરો થાય છે' એમ જાહેર કર્યું. પરંતુ દગો કોઈનો સગો નથી, એટલે દેવતાઓએ તેને તરત જ સિંહાસન પરથી નીચે પાડી દીધો અને તે લોહીનું વમન કરતો નરકે ગયો. આ બાજુ નગરના લોકોએ પર્વતને અસત્યવાદી જાણી ધિક્કાર આપ્યો અને તેને નગરની બહાર કાઢી મૂક્યો. તાત્પર્ય કે એક શબ્દનો અર્થ ફેરવી નાખવાથી મહા અનર્થ થાય છે.

જ્યાં સૂત્રાર્થની પરિપાટી જળવાતી નથી, ત્યાં અનુમાનથી અર્થો કરવાનો પ્રસંગ આવે છે અને એમ કરતાં કેટલીક વખત નહિ ધારેલી વિષમ સ્થિતિ ખડી થાય છે. આ વસ્તુ અમે એક ઐતિહાસિક ઉદાહરણથી જ વધારે સ્પષ્ટ કરીશું.

ગૌતમ બુદ્ધ પોતાના અંતિમ દિવસોમાં વૈશાલીથી પાવા (પડરૌના, જિલ્લા દેવરિયા) આવ્યા, ત્યારે અસ્વસ્થ હતા. તેઓ પોતાના અનુયાયીઓ સહિત ચંડ (ચુંદ) લુહારના ઉદ્યાનમાં રહેતા હતા. તેણે એમને છેલ્લી વારનું જે ભોજન કરાવ્યું તેને '**शूकरमाधवम्**' ની સંજ્ઞા અપાઈ છે. પણ '**शूकरमाधवम्**' નો વાસ્તવિક અર્થ શું થાય ? તે બૌદ્ધ શાસ્ત્રોમાં જળવાયો નથી, એટલે કોઈ ટીકાકાર તેનો અર્થ બાળસૂઅરનું પકાવેલું માંસ કરે છે. કોઈ તેનો અર્થ **ગવપાન** જેવું પંચગોરસથી તૈયાર કરેલું મૃદુ અન્ન કરે છે, કોઈ તેનો અર્થ એક પ્રકારનું રસાયણ કરે છે કે જે આપવાથી તરત મૃત્યુ ન થાય, તો કોઈ તેનો અર્થ **वशकलीर** એટલે વાંસનો ફણગો કરે છે અને કોઈ તેનો અર્થ **अहिच्छत्तक** એટલે બિલાડીનો ટોપ કરે છે.● આમાંથી આપણે શું સમજવું ? તે એક કૂટ સમસ્યા છે.

● જુઓ મહાપરિ નિલ્લાન સૂત્ર તથા ઉદાનસૂત્રની અટ્ઠકથા (ટીકા)

બુદ્ધચરિતના લેખક અધ્યાપક ધર્માનન્દ કોસમ્બી કહે છે કે 'અહિંસાની અતિ વ્યાપક વ્યાખ્યા (કે જેવી જૈનો કરે છે તે) બુદ્ધ ભગવાનને પસંદ નહોતી. જાણી જોઈને ક્રૂરતાથી પ્રાણીઓનો વધ ન કરવો જોઈએ, એટલું જ એમનું કહેવું હતું અને ગૃહસ્થો તેમને આમંત્રણ કરે તો તે ત્યાં જઈને માંસનું ભોજન કરતા. જો કે તેમણે પોતાને માટે ખાસ પશુ મારીને ભોજન તૈયાર કરવાની પોતાના ઉપાસકોને મનાઈ કરી હતી.'

તેઓ સૂકરમાધવમ્ કે સૂકરમદવમ્‌ના ભિન્ન ભિન્ન અર્થો જાણ્યા પછી કહે છે કે 'અહીં સૂકર મદ્દવનો મુખ્ય અર્થ સૂકર માંસ જ કરવામાં આવ્યો છે. તો પણ તે પદાર્થ કઈ જાતનો હતો એ બુદ્ધ ઘોષાચાર્ય પણ જાણતા ન હતા એમ લાગે છે. તેના અર્થ સંબંધે ખૂબ મતભેદ હતો એ તો ચોક્કસ જ છે. આ ઉપરથી બુદ્ધ ભગવાન સૂકર માંસ ખાતા જ નહોતા એમ સમજવાનું નથી. ઉગ્ર (ઉગ્ગ) ગૃહપતિએ આપેલું સૂકર માંસ બુદ્ધે સ્વીકાર્યાનો ઉલ્લેખ અંગુત્તર નિકાયના પંચક નિપાતમાં આવે છે, એટલે ભગવાને પરિનિર્વાણ પહેલાં પણ સૂકર માંસની ભિક્ષા લીધી હોય તો તેમાં કંઈ આશ્ચર્ય નથી. પરંતુ તેમણે તે અતિશય લીધું એ કથનને જરા પણ આધાર મળતો નથી. તે કુત્સિત લોકોએ દુષ્ટ બુદ્ધિથી કરેલી ટીકા છે એમ સમજવું જોઈએ. બુદ્ધ ભગવાન કદી પણ હદ ઉપરાંત ખાતા નહિ અને આ પ્રસંગે પણ તેમણે આ પદાર્થ પ્રમાણ સહજ લીધો હતો, પણ વયાતીત થયા હોવાથી અને ત્રણ મહિના અગાઉ જ વૈશાલીમાં તેઓએ પુષ્કળ માંદગી ભોગવી હોવાને લીધે આ પદાર્થ તે પચાવી શક્યા નહિ અને તે રાત્રે તેઓ પરિનિર્વાણ પામ્યા.'

અધ્યાપક કોસમ્બીએ આ વિષયની ચર્ચા કરતાં પ્રારંભમાં જણાવ્યું છે કે 'બૌદ્ધ ધર્મના વિરોધી લોકો એવી ટીકા કરે છે કે પરિનિર્વાણ થતાં પહેલાં ચુંદ લુહારને ઘેર બુદ્ધ ભગવાને ડુક્કરનું માંસ ખાધું અને તેથી અજીર્ણ થવાથી તે મરણ પામ્યા. હાલ હિંદુસ્તાનમાં માંસાહારના સંબંધમાં પ્રતિકૂલ મત હોવાથી આવી ટીકા વાંચતાં વાર જ સાધારણ લોકો બુદ્ધનો અને તેના ધર્મનો તિરસ્કાર કરે એ સ્વાભાવિક છે. એટલે બુદ્ધ ભગવાનના સમયમાં માંસાહારની પ્રથા કેટલા પ્રમાણમાં હતી અને આ વિરોધી ટીકાકારોનાં કથનમાં તથ્યાંશ કેટલો છે એ આ લેખમાં બતાવવા ધાર્યું છે.' એટલે તેમણે ઉપરની ચર્ચા ટીકાકારોને જવાબ આપવા માટે કરી છે એ સ્પષ્ટ છે, પણ સુજ્ઞ પાઠકો જોઈ શકશે કે તેઓ એ ટીકાનો વાસ્તવિક જવાબ આપી શક્યા નથી. જે લોકો એમ કહે છે કે પરિનિર્વાણ થતાં પહેલાં ચુંદ લુહારને ત્યાં બુદ્ધ ભગવાને ડુક્કરનું માંસ ખાધું અને તેથી અજીર્ણ થવાથી તે મરણ પામ્યા અને ઉપર જે વિધાન કરવામાં આવ્યું છે તેમાં શું તફાવત છે ? વયાતીત થયા હોવાથી અને તેઓએ અગાઉ માંદગી ભોગવેલી હોવાથી તેઓ આ પદાર્થ પચાવી શક્યા

નહિ એટલે તેમને અજીર્ણ થયું એ સ્પષ્ટ છે. આમાં તો માત્ર ભાષાનો જ તફાવત છે, ભાવનો તફાવત નથી. અહીં અમને એક પદાધિકારીનો પ્રસંગ યાદ આવે છે. તેમને કેટલીક વ્યક્તિઓ તરફથી ફરિયાદ કરવામાં આવી કે અમુક જીલ્લામાં ઘણા માણસો દુષ્કાળથી મરી ગયા. (એટલે સરકાર તેને માટે જવાબદાર છે. પણ એ અધિકારી પોતાને માથે જવાબદારી લે તેવા ન હતા.) ત્યારે તેણે તરત જ જવાબ આપ્યો કે એ વાત ખોટી છે. એ તો અનાજ ખરીદવાની શક્તિ ધરાવતા ન હતા અને ભૂખમરાને લીધે મરણ સામે ટકવાની શક્તિ ધરાવતા ન હતા. એટલે મરી ગયા છે. અધ્યાપક કોસમ્બીનું ઉપર્યુક્ત કથન પણ એના જેવું નથી લાગતું ?

વધારે ખેદની વાત તો એ છે કે ગૌતમ બુદ્ધના માંસાહારનો બચાવ કરવા માટે અન્ય ઉપાય ન જડતાં તેમણે એ જ લેખમાં સમકાલીન જૈન શ્રમણો કે જે અહિંસાની શુદ્ધ સુંદર ઉપાસના કરી રહ્યા હતા અને શ્રમણ ભગવાન મહાવીર કે જેઓ અહિંસાના અદ્વિતીય ઉપાસક તરીકે સારાયે ભારત વર્ષમાં ખ્યાતિ પામ્યા હતા અને જેમની અમૃતવર્ષિણી ઉપદેશધારાએ હિંસાના પાયા જડમૂળથી હચમચાવી નાખ્યા હતા તેમના પર જ માંસાહાર કરવાનો આરોપ મૂક્યો છે !

જો અધ્યાપક કોસમ્બીએ સ્વયં દશવૈકાલિક સૂત્ર પર દષ્ટિપાત કર્યો હોત તો તેમાં પહેલું સૂત્ર એ વાંચી શકત કે **धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो** -અહિંસા, સંયમ અને તપરૂપી ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે. આ અહિંસા તેમણે બુદ્ધનાં જીવનમાં વર્ણવી તેવી ખોલી ન હતી પણ પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, વનસ્પતિ અને સર્વ હાલતાં ચાલતાં પ્રાણીનો મન, વચન અને કાયાથી અતિપાત ન કરવા સુધી વિસ્તરેલી હતી. અને તેથી જ સમકાલીન જૈન શ્રમણો હાલતાં-ચાલતાં, ઊભા રહેતાં, શયન કરતાં, ભોજન કરતાં કે વધેલી વસ્તુનું પરિષ્ટાપાન કરતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ હિંસા ન થાય એ રીતે પૂરી યતનાથી વર્તનારા હતા.

જો અધ્યાપક કોસમ્બીએ પ્રશ્ન વ્યાકરણ સૂત્રનું સંવર દ્વાર જોયું હોત તો જરૂર સમજી શક્યા હોત કે જૈનોની અહિંસામાં તો મદ્ય અને માંસનો સ્પષ્ટ નિષેધ સમાયેલો છે. વળી તેમણે સૂત્રકૃતાંગ સૂત્રનો દ્વિતીય શ્રુતસ્કંધ જોયો હોત તો તેમને જૈન શ્રમણોના ગુણોમાં **अमज्ज मंसासिणो** એટલે મદ્ય અને માંસનું ભક્ષણ નહિ કરનારા એવા સ્પષ્ટ શબ્દોનાં દર્શન થયા હોત. વળી તેમણે શ્રી સ્થાનાંગ સૂત્રનું ચોથું સ્થાન જોયું હોત તો ત્યાં ચાર કારણે જીવો નરકમાં જાય છે, તેમાંનું એક કારણ માંસાહાર (કુણિમાહાર) છે. એવા શબ્દો નિહાળી શક્યા હોત. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાંચમા, સાતમા તથા ઓગણીસમાં અધ્યયનમાં પણ તેઓ મદ્ય અને માંસ વાપરનારની કેવી દુર્ગતિ થાય છે તેનાં વર્ણનો જોઈ શક્યા હોત ! એ ઉપદેશ ત્યાં

કોઈ પણ જૈન શ્રમણ મદ્ય-માંસનો ઉપયોગ કરવા ન લલચાય તે માટે જ આપવામાં આવ્યો છે.

જૈન સૂત્રોમાં તો ડગલે-ડગલે જીવહિંસામાંથી બચવાનો ઉપદેશ છે અને સંયમી જીવનની શરૂઆત જ અહિંસાનાં શુદ્ધ પાલનથી થાય છે, ત્યાં માંસાહારની કલ્પના પણ શી રીતે હોઈ શકે ? પરંતુ અધ્યાપક કોસમ્બીને તો બુદ્ધના માંસાહારની ટીકા કરનારા જૈન શ્રમણોને (જૈન શ્રમણો બુદ્ધના માંસાહારની ટીકા કરતા હતા કે નહિ તે અમે જાણતા નથી પણ અધ્યાપક કોસમ્બી પોતે કહે છે એટલે જ અમે અહીં એ શબ્દોનો ઉપયોગ કર્યો છે.) યેન કેન પ્રકારેણ ઉતારી પાડવા હતા એટલે તેઓ એ પાઠો જોવાની તસ્દી શા માટે લે !

શ્રમણ ભગવાન મહાવીરના જીવન પ્રસંગ અંગે તેમણે બીજાનો આપેલો ભગવતીસૂત્રનો નીચેનો પાઠ આગળ કર્યો છે.

**'तं गच्छह णं तुमं सीहा मेंढियगामं नगरं रेवतीए गाहावतिणीए गिहे तत्य णं रवेतीए गाहावतिणीए ममं अट्ठाए दुवे कबोयसरीरा उवक्खडिया, तेहिं नो अट्ठो । अत्थि से अन्ने पारियासिए मज्जारकडए कुक्कुडमंसरु तमाहराहि एएणं अट्ठो ।**

આગમસૂત્રના સમર્થ ટીકાકાર શ્રી અભયદેવસૂરિએ આ પાઠનો અર્થ કરતાં જણાવ્યું છે કે- **ततो गच्छ त्वं मेंढिक ग्रामनगरमध्ये तत्र रेवत्याभिधानया गृहपत्न्या मदर्थकुष्माडफलउपस्कृते, न चेताभ्यां प्रयोजनं तथा अन्यदस्ति तद् गृहे परिवासितमार्जाराभिधानस्य वायोर्निवृत्तिकारकं कुक्कुटमांसकं बीजपूरक कटाहं इत्यर्थः तदाहर, तेन नः प्रयोजनम् ।**

અર્થાત્ હે સિંહ ! તું મેંઢિક ગ્રામ નામના નગરમાં જા અને રેવતી નામક ગૃહપત્નીએ મારે માટે જે બે કહોળાનાં ફળો સંસ્કારીને તૈયાર કર્યા છે, એનું પ્રયોજન નથી. પણ એના ઘરમાં બીજું માર્જારનામના વાયુની નિવૃત્તિ કરનારું કર્કુટમાંસ એટલે બીજોરાનો ગર્ભ છે, તે લઈ આવ તેનું અમારે પ્રયોજન છે.'

આ પરંપરાગત જૈન સંઘ માન્ય અર્થનું અવતરણ કરવાને બદલે અધ્યાપક કૌસંબીએ તેનો નીચે પ્રમાણે અર્થ કર્યો છે :-

'એવા સમયમાં મહાવીરસ્વામીએ સિંહ નામક પોતાના શિષ્યને કહ્યું કે તું મેંઢિક ગામમાં રેવતી નામની સ્ત્રી પાસે જાઓ. એણે મારે માટે બે કબૂતર પકાવી રાખ્યા છે. તે મારે જોઈતા નથી. તું એને કહેજે કે કાલે બિલાડી દ્વારા મરાયેલી મુર્ગીનું માંસ તેં બનાવ્યું છે, એટલું આપી દે.'

એક ગણમાન્ય વિદ્વાન સૂત્ર સિદ્ધાન્તનો મનસ્વી અર્થ કરે અને કોઈ પણ પ્રકારે પોતાનો માની લીધેલા સિદ્ધાંત પુષ્ટ કરવાની હામ ભીડે એ ખરેખર ઘણું જ દુઃખદ છે. શ્રમણ ભગવાન મહાવીરના આખાય જીવનમાં કોઈ માંસાહારનો પ્રસંગ જ નથી ત્યાં અધ્યાપક કોસમ્બી એમ કહેવા બહાર પડ્યા છે કે 'હવે તો એ બાબતમાં પ્રચુર પ્રમાણ ઉપલબ્ધ થઈ ગયા છે !' આ એક જાતનો વ્યામોહ નહિ તો બીજું શું ? વળી તેમણે આ ચર્ચામાં શ્રી ગુલાબચંદજી સ્વામી નામના એક સ્થાનકવાસી વયોવૃદ્ધ સાધુની પોતાના અર્થને સંમતિ મળી એવું જણાવ્યું છે, તે પણ બનાવટી પૂરવાર થયું છે. તે સંબંધમાં શ્રી ગુલાબચંદ્રજી સ્વામીએ જણાવ્યું હતું કે-

'મેં ૧૯૮૫ માં અમદાવાદમાં માંસાહાર સંબંધી વાત કરી હોય તેવું મારા લક્ષ્યમાં નથી, ઉપરાંત જૈન શ્રમણો માંસાહાર કે દારૂ વગેરેનું ભક્ષણ કદી કરતા નથી. તેમજ ધર્માનન્દ કોસમ્બીએ ભગવાન બુદ્ધ નામના પુસ્તકમાં જે છપાવ્યું છે તે વાત વજૂદ વગરની છે. તે વાત સાથે હું સંમત નથી, તે માંસાહારની વાત મને મંજૂર નથી, એ મારો ખુલાસો છે.'

હવે અધ્યાપક કોસમ્બીએ પોતાની ચર્ચાનાં સમર્થનમાં શ્રી દશવૈકાલિક સૂત્રનો જે પાઠ આપ્યો છે અને તેનો જે અર્થ કર્યો છે તે પણ જોઈ લઈએ.

**बहुअट्ठियं पुग्गलं अणिमिसं वा बहु कंटयं ।**
**अत्थियं तिंदुयं बिल्लं उच्छुखंडं व सिबलिं ॥**
**अप्पे सिआ भोअणज्जाए, बहुउज्झियं धम्मियं ।**
**दिंतिअं पडिआइक्खे, न मे कप्पई तारिसं ॥**

જૈન પરિપાટીમાં તેનો અર્થ નીચે પ્રમાણે કરવામાં આવે છે : 'જેમાં ઘણા ઠળિયા હોય એવાં ફળ (સીતાફળ વગેરે), અતિમિષ નામે વૃક્ષનું ફળ તથા જેને બહુ કાંટા હોય તેવું ફળ (બાફેલા સીંઘોડા વગેરે), અગથિયાનું ફળ, ટીંબરૂનું ફળ, બીલીનું ફળ, શેરડીના કટકા, સામલી વેલાનું ફળ ઇત્યાદિ ફળો કદાચ અચિત્ત હોય તો પણ તેમાં ખવાય તેવો ભાગ થોડો હોય અને નાખી દેવા જેવો ભાગ ઘણો હોય છે, માટે તે વસ્તુ આપનાર દાતારને ભિક્ષુ કહે કે એ ભિક્ષા મારે માટે ગ્રાહ્ય નથી.'

પરંતુ અધ્યાપક કોસમ્બીએ એ ગાથાનો અર્થ એવો કર્યો છે કે '*બહુ હાડકાવાળું માંસ, ઘણા કાંટાવાળી માછલી, અસ્થિવૃક્ષનું ફળ, વેલનું ફળ, શેરડી,* શામિલ આદિ પદાર્થો (જેમાં ખાવાનો ભાગ થોડો અને ફેંકવાનો ભાગ અધિક હોય છે)ની બાબતમાં દેનારીને એમ કહીને રોકવામાં આવે કે તે મારે લાયક નથી.'

અહીં અસ્થિનો અર્થ હાડકાં અને કાંટાનો અર્થ માછલીના કાંટા કરીને એવો ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે કે જાણે જૈન શ્રમણો પણ માંસ-મચ્છલી વહોરવા જતાં હોય !

પ્રાચીન સાહિત્યમાં માંસ, અસ્થિ, મજ્જા વગેરે શબ્દો વનસ્પતિનાં અંગો દર્શાવવા માટે વપરાતા હતા એ અધ્યાપક કોસમ્બી જેવા એક ગણમાન્ય વિદ્વાન નહિ જાણતા હોય ? સુશ્રૂત સંહિતામાં શરીર સ્થાનીય તૃતીય અધ્યયનમાં આમ્રફલોનાં અવયવોનું વર્ણન કરતાં જણાવ્યું છે કે '**आम्रफलं अपरिपक्वे केशर मांसास्थि मज्जा न पृथग् दृश्यन्ते**' । અર્થાત્ કાચી (નાની) કેરીના ફળમાં કેસર, માંસ, અસ્થિ અને મજ્જા જુદા જુદા દેખાતાં નથી.' ચરક સંહિતા પૃ-૧૦૨૮ માં ખજૂર અને નારિયેલનું વર્ણન કરતાં મહર્ષિ આમેય લખે છે કે '**खर्जूरमांसान्यथ नारिकेलं**' અર્થાત્ ખજૂર અને નાળિયેરનું માંસ'. તે જ રીતે જૈન સૂત્રોમાં વનસ્પતિનું વર્ણન કરતાં અસ્થિ વગેરે શબ્દોનો પ્રયોગ થયેલો છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ પદમાં ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે કે '**से तं किं रुक्खा ? । रुक्खा दुविहा पण्णत्ता तं जहा एगंड्डिया य बहुबीयगा य**' અર્થાત્ હે ભગવન્ ! વૃક્ષો કેટલા પ્રકારના હોય છે ? ભગવાન તેનો જવાબ આપે છે કે હે ગૌતમ ! વૃક્ષો બે પ્રકારના હોય છે. એક ગોટલીવાળા ને બહુ બીજવાળા. અહીં અસ્થિ શબ્દ આવવાથી જો હાડકું અર્થ કરવામાં આવે તો એક હાડકાંવાળાં અને બહુબીજવાળાં એમ બે પ્રકારનાં વૃક્ષો થાય પણ હજી સુધી કોઈએ હાડકાવાળું વૃક્ષ જોયું નથી ! તાત્પર્ય કે જ્યાં જે પ્રકરણ ચાલતું હોય અને જે અર્થ પરિપાટી હોય તેને અનુસરીને જ શબ્દનો અર્થ કરવો જોઈએ.

જૈન શ્રમણોની સેંકડો બલ્કે હજારો જીવન કથાઓ લખાયેલી છે, તેમાં કોઈ પણ સ્થળે માંસ વહોરવા ગયાનો તથા તે ગ્રહણ કર્યાનો અને તેમાંથી બહુ હાડકાવાળું માંસ તથા બહુ કાંટાવાળી માછલી ન ગ્રહણ કર્યાનો પ્રસંગ જો અધ્યાપક કોસમ્બીએ પોતાનાં મતસમર્થનમાં બતાવ્યો હોત તો કોઈ પણ તટસ્થ વિદ્વાન એ બાબતનો વિચાર કરવા તૈયાર થાત પણ એવું તો એક પણ ઉદાહરણ અધ્યાપક કોસમ્બી આપી શકયા નથી અને તે આપી શકે એમ પણ ન હતા, કારણ કે જ્યાં મૂળ જ ન હોય ત્યાં શાખાઓનો વિસ્તાર તો થાય જ કયાંથી ? જૈનોનાં જીવનમાં આજ સુધી પણ માંસનો ચુસ્ત નિષેધ જળવાઈ રહ્યો છે એ વસ્તુ પણ અધ્યાપક કોસમ્બીનો મત ભ્રમપૂર્ણ હોવાનું સાબિત કરે છે.

હવે આપણે '**शूकरमाधवम्**' ની મૂળ ચર્ચા તરફ વળીએ.

પ્રો. લલિત મોહનકાર કાવ્યતીર્થ, એમ.એ.,બી.એલ. શૂકરમાધવમ્‌ના અર્થની

વિદ્વત્તાપૂર્ણ વિવેચના કરતાં જણાવે છે કે **'वास्तव में यह वात विचित्र सी *प्रतीत होती है कि एक अशीति वर्षीय व्यक्ति को* - जो *पिछले चालीस* वर्षों से एक पुण्यात्मा के रूप में विख्यात हो तथा अत्यन्त सम्भवतया दन्त हीन हो - पशु के मांस का भोजन दिया जाय । इससे अतिरिक्त इस प्रकार का भोजन उनके सिद्धान्तों के पूर्णरूपेण प्रतिकूल था । बौद्धों के शीलों अथवा संयमों का (५, ८ अथवा १० नियमों का, जिनकी संख्या आध्यात्मिक-उन्नति के अनुसार निर्धारित होती है) आरम्भ किसी प्राणी का जीवन न लेने से होता है । जातकों में पशुओंको भोजन के लिये मारने से बचाने के लिये बुद्ध द्वारा अपने शरीर समर्पण का उल्लेख है । यदि बुद्ध अपने जीवनकाल में ही जनता के समक्ष अपने विगत जीवन के आदर्शों के प्रतिकूल आचरण करे तो इन सभी उपदेशो का प्रभाव पूर्णतया लुप्त हो जाता । पशुओंके वध का विरोध करने के कारण ही हिंदू लोग बौद्ध को दशावतार में स्थान देते हैं । 'विनय पिटक' में हमें स्पष्टरूप से यह निषेध मिलता है 'ओ भिक्षुओ ! भोजन के लिये मारे गये किसी पशु का मांस कभी भी नहीं खाना । जो भी ऐसा करेगा, वह घोर पाप का भागी होगा ।'**

અધ્યાપક કોસમ્બી બૌદ્ધ ધર્મના અભ્યાસી હતા એટલે તેમણે આ વચનો અવશ્ય વાંચેલા હશે પણ માંસાહારને લગતો પોતાનો મત સાબિત કરવાની ધૂનમાં તેમણે એના પર લક્ષ આપ્યું જણાતું નથી.

અહિંસા ધર્મનો એક મહાન ઉપદેશક વારંવાર સૂઅરનું માંસ ખાય અને એની એ આદત ઍંસીમાં વર્ષે પણ ન છૂટે અને નહિ પચવાથી મરણ થાય એવું બુદ્ધ ભગવાનનું પવિત્ર ચરિત્ર આપણી સમક્ષ રજૂ કરવા માટે અધ્યાપક ધર્માનન્દ કોસમ્બીને અભિનંદનો મળ્યાં છે, એટલું જ નહિ પણ એમનું એ ચરિત્ર સાહિત્ય અકાદમી જેવી ભારતની એક ઉચ્ચતમ સાહિત્ય પ્રકાશન સંસ્થા દ્વારા એક શ્રેષ્ઠ પુસ્તક તરીકે સ્થાન પામ્યું છે અને તેના વિવિધ ભાષાઓમાં અનુવાદ પણ થયા છે. જો કે કેટલાક અનુવાદો જૈન સમાજના પ્રચંડ વિરોધને કારણે હાલ તુરત અટકી ગયા છે. આ બધું જોઈને કોઈપણ વિચારક મનુષ્યને અવશ્ય વિચાર આવે કે જે પુરુષો **'सत्य मेव जयते'** ના મુદ્રા લેખનો સ્વીકાર કરે છે અને સત્યને અનુસરવાનો દાવો કરે છે તે આવા અનેક દોષોથી ભરેલા, ખુદ ચરિત્રનાયકને ભયંકર અન્યાય કરનારા અને બીજા પર હીચકારો હુમલો કરનારાં પુસ્તકને શી રીતે શ્રેષ્ઠ ગણતા

હશે ! પરંતુ આપણું ચિંતનનું ધોરણ આજે ઘણું નીચે ઉતરી ગયું છે અને તટસ્થતાનો લગભગ તળિયે પહોંચી ગઈ છે, એટલે આવા બનાવો બન્યા કરે છે અને પ્રચારનો ઢોલ પીટનારાઓ તેનાં વખાણ કરતા થાકતા નથી. કે ભારતીય સમાજ ! તારી આ શી દશા ?

**તદુભય શુદ્ધિ** એટલે સૂત્ર અને અર્થ ઉભયની શુદ્ધિ. આ નિયમનું તાત્પર્ય એ છે કે જે સૂત્ર બોલવામાં આવે તે અક્ષરોથી પણ શુદ્ધ હોવું જોઈએ અને ભાવથી પણ શુદ્ધ હોવું જોઈએ. આમ ઉભય રીતે શુદ્ધ હોય એવા સૂત્રજ્ઞાનથી વસ્તુનું સ્વરૂપ સમજવામાં ભારે સહાય થાય છે, તેથી જૈન શ્રમણો આ નિયમનું પણ અતિ મહત્ત્વનો સમજે છે.

### દર્શનાચાર

દર્શન વિષે જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે-

**अतुलगुणनिधानं सर्वकल्याणबीजं,**
**जननजलधिपोतं, भव्यसत्त्वैकचिह्नम् ।**
**दुरिततरुकुठारं पुण्यतीर्थप्रधानं,**
**पिबत जितविपक्षं, दर्शनाख्यं सुधाम्बु ॥**

હે લોકો તમે 'દર્શન' નામનાં અમૃત જલને પીઓ. કારણ કે તે અતુલ ગુણોનું નિધાન છે, સર્વ કલ્યાણનું બીજ છે. સંસાર સાગરે તરી જવા માટેનું વહાણ છે, ભવ્ય જીવોનું એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવા માટેનો કુહાડો છે, પવિત્ર એવું તીર્થ છે, સર્વ રીતે શ્રેષ્ઠ છે અને મિથ્યાત્વને જિતનારું છે.

અહીં દર્શન શબ્દથી સમ્યક્ત્વ સમજવાનું છે કે જેની શાસ્ત્રકારોએ ભૂરિ ભૂરિ પ્રશંસા કરી છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનાં અઠ્ઠાવીસમા અધ્યયનમાં કહ્યું છે કે-

**नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति चरणगुणा ।**
**अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ॥**

દર્શન વિના જ્ઞાન ન હોય, જ્ઞાન વિના ચારિત્રના ગુણો ન હોય, ચારિત્રના ગુણો વિના કર્મમાંથી મુક્તિ મળે નહિ અને કર્મમાંથી મુક્તિ મળ્યા વિના નિર્વાણ પ્રાપ્તિ થાય નહિ.

દર્શનાચારનું પાલન કરવા માટે જૈન શ્રમણો નીચેના આઠ નિયમોને અનુસરે છે. (૧) નિઃશંકિત થવું. (૨) નિષ્કાંક્ષિત થવું. (૩) નિર્વિચિકિત્સ થવું. (૪) અમૂઢદષ્ટિ થવું. (૫) ઉપબૃંહણા કરવી. (૬) સ્થિરીકરણ કરવું. (૭) સાધર્મિક વાત્સલ્ય કરવું અને (૮) શાસનની પ્રભાવના કરવી.

તેમાં **નિઃશંકિત** થવાનો અર્થ એ છે કે તેઓ જિનવચનમાં કોઈપણ પ્રકારની શંકા રાખતા નથી. અહીં કોઈ એમ કહે કે બુદ્ધિ તો શંકા ઉઠાવ્યા જ કરે છે અને તેનું સમાધાન ન થાય તો કોઈપણ વસ્તુ પર શ્રદ્ધા જામતી નથી, તો શંકા થયા વિના કેમ રહે ? અથવા તો શંકા કર્યા વિના કેમ ચાલે ? એનો ઉત્તર એ છે કે વસ્તુનાં સ્વરૂપને જાણવા માટે શંકા ઉઠાવવી, પ્રશ્નો કરવા, વિશેષ પ્રશ્નો કરવા અને તેથી મનનું સમાધાન કરવા પ્રયત્નશીલ રહેવું એ ઈષ્ટ છે, પણ જે જિનેશ્વર ભગવાને કહ્યું છે તે સાચું હશે કે કેમ ? એવી શંકા કરવી ઈષ્ટ નથી. જો જિનેશ્વર ભગવાને કહેલું સાચું ન હોય તો તેમનાં શાસનને સમર્પણ શા માટે ? અને તેમણે દર્શાવેલો અહિંસા-સંયમ-તપની સાધના પણ શા માટે ? જેનું મન જિનવચનમાં શંકાશીલ થાય છે, તે આખરે સાધનાભ્રષ્ટ બને છે, એટલે જૈન શ્રમણો '**तमेव सच्चं णिस्संकं जं जिणेहिं पवेइयं**' તે જ સાચું છે અને નિઃશંક છે કે જે જિનોએ કહ્યું છે' એ માનીને પોતાની સાધનામાં સ્થિર બને છે અને ક્રમશઃ આગળ વધે છે.

**નિષ્કાંક્ષિત** થવાનો અર્થ એ છે કે તેઓ અન્ય અસર્વજ્ઞના મતની અભિલાષા કરતા નથી. જો મન એક ધ્યેયરૂપી ખીલે બંધાયું ન હોય અને જ્યાં ત્યાં ભટકતું હોય અને જે તે મત યા માર્ગની અભિલાષા કરતું હોય તો સ્વીકારેલી સાધનામાં શી રીતે સફળતા મળે ? ઈજનેરીનો અભ્યાસ કરનાર એમ ઇચ્છે છે કે હું આ લાઈન છોડીને ડોકટરીનો અભ્યાસ કરું તો સારું અને ડોકટરીનો અભ્યાસ કરનાર એમ ઇચ્છે છે કે હું આ લાઈન છોડીને વકીલાતનો અભ્યાસ કરું તો સારું. એમ એક પછી એક લાઈનની ઇચ્છા કરતો જાય અને સ્વીકારેલી લાઈન છોડતો જાય તો એ કદી કોઈ પણ વિષયમાં નિષ્ણાત થાય ખરો ?

**નિર્વિચિકિત્સ** થવાનો અર્થ એ છે કે તેઓ સાધનાના ફળમાં શંકાશીલ બનતા નથી. તેઓ ગમે તેવા વિચિત્ર સંયોગોમાં પણ મનને તુચ્છ, કલુષિત કે ડામાડોળ થવા ન દેતાં બુદ્ધિને સ્થિર રાખે છે. જેઓ નાની મોટી ટીકાઓ સાંભળીને કે વિરુદ્ધ અભિપ્રાય સાંભળીને સ્વીકારેલી સાધના છોડી દે તે કદી કોઈ સાધનામાં સફળ થઈ શકે જ નહિ, એ દેખીતું છે.

**અમૂઢ દૃષ્ટિ** થવાનો અર્થ એ છે કે તેઓ દરેક વસ્તુનો વિચાર કરે છે, તેનું વિવેક બુદ્ધિથી પૃથક્કરણ કરે છે અને પછી જ તેના સંબંધી પોતાનો અભિપ્રાય બાંધે છે, પણ કોઈના કહેવા માત્રથી વસ્તુને જે તે પ્રકારની માની લેતા નથી. જૈન શાસ્ત્રો સ્પષ્ટ કહે છે કે સરળ થવું સારું છે, મૂઢ થવું સારું નથી.

**ઉપબૃંહણા** કરવાનો અર્થ એ છે કે તેઓ કોઈ પણ સાધકને સાધનામાર્ગમાં

આગળ વધતો જોઈને તેના ગુણોની પુષ્ટિ કરે છે અને તેને એ દિશામાં વધારે ઉત્સાહથી આગળ વધવાનું મન થાય તેવા શબ્દો બોલે છે. ગુણવાનોને જોઈને આનંદ પામવાની વૃત્તિને શાસ્ત્રકારોએ ભાવના ચતુષ્ટયમાં ખાસ સ્થાન આપ્યું છે કે જે સમત્વનું સંધાન કરવામાં અતિ ઉપયોગી છે.

**સ્થિરીકરણ** કરવાનો અર્થ એ છે કે કોઈપણ સાધક પોતાના સાધના માર્ગમાંથી વિચલિત થયો હોય કે થવાની તૈયારીમાં હોય તો તેને હિતશિક્ષા આપીને તથા બીજી રીતે તેની સાધનામાં સ્થિર કરે છે પણ તેના પ્રત્યે ઉપેક્ષા સેવતા નથી.

**સાધર્મિક વાત્સલ્ય** કરવાનો અર્થ એ છે કે જેણે મોક્ષ માર્ગની સાધના સ્વીકારી છે તેના પ્રત્યે તેઓ અંતરથી આદરભાવ રાખે છે અને તે જ્યારે પણ સમાગમમાં આવે ત્યારે તેનો ઉચિત સત્કાર કરે છે.

**શાસનપ્રભાવના** કરવાનો અર્થ એ છે કે તેઓ પોતાની વિવિધ શક્તિ વડે જિનશાસનની ખ્યાતિ વધારે છે અને તેના પ્રત્યે લોકોનું આકર્ષણ પેદા કરે છે. જૈન શાસ્ત્રોમાં પ્રાવચનિક, ધર્મકથી, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ એ આઠ જાતના પ્રભાવકો કહેલા છે.

તેમાં જે મહાપુરુષ વિદ્યમાન જિનાગમના પારગામી બની શાસનની પ્રભાવના કરે તે શ્રી વજ્રસ્વામી વગેરેની જેમ **પ્રાવચનિક** પ્રભાવક કહેવાય છે. જે મહાપુરુષ ધર્મકથા કરવાની વિશિષ્ટ શક્તિ વડે હૃદયના ગૂઢ સંશયોને પણ દૂર કરી શકે તથા ભવ્ય જીવોનાં ચિત્તને અતિશય આનંદ પમાડી શકે તે મહર્ષિ નંદિષેણ વગેરેની જેમ **ધર્મકથી** પ્રભાવક કહેવાય છે. જે મહાપુરુષ પ્રમાણ, યુક્તિ અને સિદ્ધાન્તના બળથી પરવાદીઓ સાથે વાદ કરીને તેમના એકાન્તમતનો ઉચ્છેદ કરી શકે તે આચાર્યમલ્લવાદી વગેરેની જેમ **વાદી** નામના પ્રભાવક ગણાય છે. જે મહાપુરુષ અષ્ટાંગ નિમિત્ત તથા જ્યોતિષ શાસ્ત્રના ઉત્તમ જ્ઞાનવડે શાસનની પ્રભાવના કરે તે શ્રી ભદ્રબાહુસ્વામી વગેરેની જેમ **નૈમિત્તિક** નામના પ્રભાવક ગણાય છે. જે મહાપુરુષો વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ વડે શાસનનો મહિમા વધારે છે. જે શ્રી વિષ્ણુકુમાર મુનિ વગેરેની જેમ **તપસ્વી** નામના પ્રભાવક ગણાય છે. જે મહાપુરુષો વિદ્યાશક્તિ વડે શાસનની ઉન્નતિ કરે તે શ્રી આર્ય ખપુટાચાર્ય વગેરેની જેમ **વિદ્યાવાન** નામના પ્રભાવક ગણાય છે. જે મહાપુરુષો અંજન, ચૂર્ણ, લેપ આદિ સિદ્ધ કરેલા યોગો વડે જિન શાસનનું ગૌરવ વધારે છે તે શ્રી પાદ્લિપ્તસૂરિ વગેરેની જેમ **સિદ્ધ** નામના પ્રભાવક ગણાય છે અને જે મહાત્મા અદ્ભુત કાવ્ય શક્તિ વડે હજારો હૈયાંને જીતી શકે તે શ્રી સિદ્ધસેન દિવાકર કે શ્રી હેમચંદ્રાચાર્ય વગેરેની જેમ **કવિ** નામના પ્રભાવક ગણાય છે.

પ્રભાવક ચરિત્ર, પ્રબંધ ચિંતામણિ, પ્રબંધ કોશ વગેરે ગ્રંથોમાં આવા અનેક પ્રભાવક પુરુષોની જીવન કથાઓ વર્ણવાયેલી છે.

### ચારિત્રાચાર

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવું એ ચારિત્રાચાર છે કે જેનું વિસ્તૃત વર્ણન પાછલા પ્રકરણમાં કરવામાં આવ્યું છે.

### તપાચાર

જૈન શાસ્ત્રોએ અહિંસા અને સંયમ જેટલું જ મહત્ત્વ તપને આપ્યું છે, કારણ કે આત્માને વળગેલાં કર્મોનો નાશ તેના વડે જ થઈ શકે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે **भवकोडीसंचियं कम्मं तवसा निज्जरिज्जइ** ક્રોડો ભવમાં સંચિત થયેલાં કર્મો તપ વડે ખરી જાય છે.

શ્રમણ ભગવાન મહાવીરે દીર્ઘ તપશ્ચર્યા કરીને પોતાનાં કઠિન કર્મો ખપાવ્યાં એ ઘટનાએ જૈન સંઘને તપશ્ચર્યા પ્રત્યે ભારે આદરવાળો બનાવ્યો છે. ગૃહસ્થો પણ બીજ, પાંચમ, આઠમ, એકાદશી કે ચતુર્દશી આદિ પર્વ તિથિઓ આવી નાની મોટી કોઈ પણ તપશ્ચર્યા કરતા જ હોય છે, તો જેઓનું જીવન ધ્યેય જ મુક્તિની સાધના છે, તેમનું કહેવું જ શું ?

જૈન શાસ્ત્રો તપના બાહ્ય અને અભ્યંતર એવા બે ભાગો પાડે છે અને તે દરેકના છ છ પ્રકારો વર્ણવે છે, તેનો અહીં ટૂંકમાં પરિચય કરી લેવો જોઈએ.

**अणसणमुणोअरिआ वित्तीसंखेवणं रसच्चाओ ।**
**कायकिलिसो संलीणया य बज्जो तवो होइ ॥**

અનશન (અણસણ), ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતા એ બાહ્ય તપ છે. **અનશન**નો અર્થ ભોજન ન કરવું, આહારનો ત્યાગ કરવો એ સ્પષ્ટ છે. **'न अशनमनशनम् - आहारत्याग इत्यर्थः'**

આ તપ બે પ્રકારનું હોય છે :

(૧) ઇત્વર અને (૨) યાવત્ કથિક. તેમાં જે આહાર ત્યાગ નિયત સમયનો હોય છે, તે ઈત્વર અનશન કહેવાય છે. તેમાં સમય પૂરો થયા પછી ભોજન કરવાની આકાંક્ષા હોય છે. અને જે આહારત્યાગ જીવનપર્યંતનો હોય છે, તે યાવત્ કથિક કહેવાય છે. તેમાં આહારનો ત્યાગ કર્યા પછી ભોજનની આકાંક્ષા હોતી નથી.

ઉપવાસ, આયંબિલ, એકાશન વગેરે તપનો સમાવેશ ઇત્વર અનશનમાં

થાય છે. જીવનો આહાર કરવાનો અનાદિકાલથી જે સ્વભાવ છે અને તેની જે લોલુપતા છે, તેના પર આ તપથી સુંદર કાબૂ મેળવી શકાય છે.

વિદેશમાં બનાર્ડ મેકફેડન વગેરે લેખકોએ ઉપવાસ સંબંધી ખૂબ મીમાંસા કરી છે અને આ દેશમાં પણ વિવિધ લેખકોએ ઉપવાસથી આરોગ્ય મેળવી શકાય છે, ઉપવાસથી ઘણા હઠીલાં દર્દો મટાડી શકાય છે વગેરે જાહેરાતો કરી છે, પણ જૈન પરંપરામાં તો માત્ર કર્મની નિર્જરા કરવાના હેતુથી જ તપનું વિધાન થયેલું છે, એ ભૂલવું જોઈતું નથી.

તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે-

**पूजालाभप्रसिद्ध्यर्थं, तपस्तप्यते योऽल्पधीः ।**
**शोष एव शरीरस्य, न तस्य तपसः फलम् ॥**

જે મંદબુદ્ધિ મનુષ્ય પૂજા, લાભ કે પ્રસિદ્ધિને અર્થે તપ કરે છે, તેને તપનું ફળ મળતું નથી, કારણ કે એ તપ માત્ર શરીરનો શોષ છે.

અહીં એ પણ સ્પષ્ટ કરવું જોઈએ કે જૈન શ્રમણો કોઈનાં હૃદયનું પરિવર્તન કરવા માટે કે કોઈ વાર દબાણ લાવવા માટે કદી પણ ઉપવાસ વગેરેનો આશ્રય લેતા નથી, કારણ કે તેઓ એવી તપશ્ચર્યા આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનની વૃત્તિનું નિમિત્ત હોઈ તેને એક પ્રકારની લાંઘણ ગણે છે.

**ઊનોદરિકા** એટલે ભૂખ કરતાં કંઈક ઓછું જમવું. સામાન્ય રીતે પુરુષના આહાર બત્રીશ કવલ (કોળિયા) અને સ્ત્રીનો આહાર અઠ્ઠાવીસ કવલ (કોળિયા) ગણાય છે, તેના કરતાં જેટલું ઓછું જમવું તેટલી ઊનોદરિકા થાય. આ તપથી મન પર કાબૂ આવતો જાય છે અને આહાર સંજ્ઞાને જિતવામાં સારી એવી સહાય મળે છે.

**વૃત્તિ સંક્ષેપ** એટલે વૃત્તિનો સંક્ષેપ કરવો. આહાર અને પાણી વડે જીવતા રહી શકાય છે, એટલે તેને વૃત્તિ કહેવામાં આવે છે. આ તપ શ્રમણોને ગોચરીના અભિગ્રહ રૂપ હોય છે. તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એવા ચાર પ્રકારોનું છે. તેમાં અમુક સ્થિતિમાં રહેલો સાથવો મળે તો લેવો એ દ્રવ્ય અભિગ્રહ ગણાય છે, અમુક નિશાનવાળી વ્યક્તિઓના હાથે આહારાદિ મળે તો લેવો એ ક્ષેત્ર અભિગ્રહ ગણાય છે, બધા શ્રમણો ગોચરી ગયા પછી ગોચરી લેવા જવું એ કાળ અભિગ્રહ ગણાય છે અને દાતા હસતો, રડતો કે અમુક ભાવવાળો હોય અને આપે તો જ લેવું એ ભાવ અભિગ્રહ ગણાય છે. શ્રમણ ભગવાન મહાવીરે દશ બોલથી આ ચારે પ્રકારનો અભિગ્રહ કર્યો હતો અને તેનું પારણું પાંચ માસ અને પચીશ દિવસ

પછી શ્રી ચંદનબાલાના હાથે થયું એ બીના સુપ્રસિદ્ધ છે.

ગૃહસ્થો આ તપ ખાન-પાનનાં દ્રવ્યોની સંખ્યા ઘટાડીને કરે છે.

**રસત્યાગ** એટલે રસની સંજ્ઞા પામેલા દ્રવ્યોનો ત્યાગ કરવો. જૈન શાસ્ત્રોમાં રસસંજ્ઞક દ્રવ્યોને વિકૃતિ (વિગઈ) કહેવામાં આવે છે, કારણ કે તે મન, વચન અને કાયામાં વિકૃતિ લાવે છે. વિકૃતિના મુખ્ય ભેદો ૧૦ છે. (૧) મધ, (૨) મદિરા, (૩) માખણ, (૪) માંસ, (૫) દૂધ, (૬) દહીં, (૭) ઘી, (૮) તેલ, (૯) ગોળ અને (૧૦) પકવાન્ન.

તેમાં ચાર મહાવિકૃતિ મધ, મદિરા (સુરા, દારૂ), માખણ અને માંસમાં તે તે પ્રકારના અસંખ્ય જીવો ઉત્પન્ન થતાં હોવાથી તથા તામસી અને વિકારી હોવાથી સર્વથા અભક્ષ્ય છે અને બાકીની છ વિકૃતિઓનું બને તેટલું ઓછું સેવન કરવાનું છે. સ્વાદની ખાતર નાખવામાં આવતું મરચું વગેરે પણ અપેક્ષા વિશેષથી રસ છે, એટલે તેમાં પણ સંયમી બનવું આવશ્યક છે.

રસની ગૃદ્ધિથી અનેક જાતના રોગો થાય છે અને કેટલીક વાર પ્રાણ પણ ગુમાવવા પડે છે. વળી રસવાળું ભોજન ઈંદ્રિઓમાં ઉત્તેજના લાવે છે, તેથી જ બ્રહ્મચર્યની સાતમી વાડમાં (સાતમા નિયમમાં) **प्रणीताभोजनम्**- એટલે માદક આહારનો ત્યાગ કરવો એવો નિયમ બાંધેલો છે.

છ વિકૃતિ અને મરચાં વગેરે મસાલાનો ત્યાગ કરવા પૂર્વક એકાસણું કરવું તેને આયંબિલ કહેવાય છે. ચૈત્ર સુદિ સાતમથી પૂનમ અને આસો સુદિ સાતમથી પૂનમ એમ બે નવ નવ દિવસની ઓળીઓ આ તપનાં વિશેષ આરાધન માટે નિયત થયેલી છે. તે ઉપરાંત આયંબિલ વર્ધમાન તપની યોજના પણ છે કે જેમાં એક આયંબિલ અને એક ઉપવાસ, બે આયંબિલ ને એક ઉપવાસ, ત્રણ આયંબિલને એક ઉપવાસ એમ ચડતા ક્રમે સો આયંબિલ ને એક ઉપવાસ કરવામાં આવે છે. એ નોંધવા જેવી બીના છે કે વર્તમાન કાળે અનેક જૈન શ્રમણો આ તપનું વ્યાપક પ્રમાણમાં આરાધન કરી રહ્યા છે. સફળતાપૂર્વક પૂર્ણાહુતિ પણ કરી છે.

**કાયક્લેશ** એટલે તપશ્ચર્યા નિમિત્તે શરીરને જે ક્લેશ થાય - કષ્ટ પડે તે સમતાપૂર્વક સહન કરી લેવું. ઉઘાડા પગે સેંકડો માઈલનો વિહાર કરવો, કેશનો લોચ કરવો, એક આસને લાંબો વખત બેસી રહેવું વગેરે ક્રિયાઓ વડે જૈન શ્રમણો આ તપનું આરાધન કરે છે.

**સંલીનતા** એટલે શરીર, વાણી અને મનનું સંગોપન. જૈન શ્રમણો સ્ત્રી, પશુ અને નપુંસકના વાસથી રહિત એવા એકાંત વિશુદ્ધ સ્થાનમાં રહીને તથા મનને વિષયથી પરાઙ્મુખ બનાવીને આ તપશ્ચર્યાનો અભ્યાસ કરે છે.

પાણીમાં ઊભા રહેવું, અગ્નિ પ્રકટાવવો, કાચાં ફળ, ફૂલ કે અનાજ ખાવાં વગેરેમાં એક પ્રકારની હિંસા હોવાથી જૈન શ્રમણો એ પ્રકારનાં તપો આચરતાં નથી.

**पायच्छित्तं विणओ वेयावच्चं तहेव सज्झाओ ।**
**झाणं उस्सग्गो विअ, अब्भितरओ तवो होइ ॥**

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ એ અભ્યંતર તપ છે.

**પાંચ મહાવ્રતો** એ મૂળગુણ કહેવાય છે અને તેને સહાયભૂત થનારા અન્યવ્રતો કે નિયમો ઉત્તરગુણ કહેવાય છે. આ મૂળગુણ અને ઉત્તરગુણના પાલનમાં નાની મોટી જે સ્ખલનાઓ થઈ જાય તેને શ્રમણોની ભાષામાં અતિચાર લાગ્યો કહેવાય છે. આવા દરેક અતિચારની શુદ્ધિ તેમણે ગુરુદત્ત પ્રાયશ્ચિત્ત વડે કરી લેવી જ જોઈએ. તેનો સામાન્ય વિધિ એવો છે કે દરેક સાધક પોતાના ગુરુ આગળ સંપૂર્ણ નિખાલસતાથી પોતાની સ્ખલનાનો પોતાના અતિચારનો એકરાર કરે અને ગુરુ તેનો પ્રકાર જોઈને હળવો, મધ્યમ કે ભારે દંડ આપે. તેમણે શુદ્ધિનું નિમિત્ત સમજી પ્રસન્નતાપૂર્વક ભોગવી લેવો જોઈએ અને એ રીતે પોતાનાં અભ્યંતર જીવનની શુદ્ધિ કરી લેવી જોઈએ. કેવા અતિચારનો કેટલો દંડ આપવો તે શાસ્ત્રના આધારે ગુરુની ઈચ્છા પર આધાર રાખે છે. આ બાબતની વિસ્તૃત વિચારણા છેદ સૂત્રોમાં કરેલી છે.

**વિનયના** સામાન્ય અર્થ નમ્રતાપૂર્વકનું આચરણ છે પણ અહીં જ્ઞાનાદિ મોક્ષસાધનાની યથાવિધ આરાધનાના અર્થમાં તે વપરાયેલો છે. તેના જ્ઞાનવિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, તપ વિનય અને ઔપચારિક વિનય એટલે આચાર્યાદિ પાસેથી શિક્ષા ગ્રહણ કરવાનો વિનય એ પાંચ ભેદો પ્રસિદ્ધ છે. **પ્રશમરતિ પ્રકરણમાં** આચાર્ય શ્રી ઉમાસ્વાતિએ વિનયની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે-

**विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषा-फलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरतिर्विरति-फलं चास्रव-निरोधः ॥**
**संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं दृष्टम् ।**
**तस्मात् क्रिया निवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥**
**योगनिरोधाद् भवसन्ततिक्षयः सन्ततिक्षयान् मोक्षः ।**
**तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥**

વિનયનું ફળ ગુરુ શુશ્રૂષા છે. ગુરુ શુશ્રૂષાનું ફળ શ્રુત જ્ઞાન છે. શ્રુત જ્ઞાનનું ફળ વિરતિ છે અને વિરતિનું ફળ આસ્રવનિરોધ છે. આસ્રવનિરોધ એટલે સંવર,

તેનું ફળ તપોબળ છે અને તપોબળનું ફળ નિર્જરા કહેલી છે. તેનાથી ક્રિયાનિવૃત્તિ થાય છે અને ક્રિયાનિવૃત્તિથી અયોગીપણું થાય છે. અયોગીપણું એટલે યોગ નિરોધ, તેથી ભવસંતતિ-ભવપરંપરાનો ક્ષય થાય છે અને ભવપરંપરાનો ક્ષય થતાં મોક્ષ મળે છે. આ રીતે સર્વ કલ્યાણોનું કારણ વિનય છે.

વિનય વડે ચિત્તને એક પ્રકારની સમાધિ પ્રાપ્ત થાય છે, એટલે તેની ગણના અભ્યંતર તપમાં કરવામાં આવી છે.

ધર્મસાધના નિમિત્તે અન્ન વગેરેનું વિધિપૂર્વક સંપાદન કરવું મેળવી આપવું અથવા વિશેષ પ્રકારે શુશ્રૂષા-સેવા કરવી એને **વૈયાવૃત્ત્ય** કહેવામાં આવે છે. શ્રી ભગવતી સૂત્રમાં તેના દશ પ્રકારો નીચે મુજબ કહેલા છે : (૧) આચાર્યનું વૈયાવૃત્ત્ય, (૨) ઉપાધ્યાયનું વૈયાવૃત્ત્ય, (૩) સ્થવિરનું વૈયાવૃત્ત્ય, (૪) તપસ્વીનું વૈયાવૃત્ત્ય, (૫) ગ્લાન એટલે માંદા કે અશક્ત સાધુનું વૈયાવૃત્ત્ય, (૬) શૈક્ષ એટલે નવદીક્ષિત હોઈને જે શિક્ષણ પ્રાપ્ત કરે છે, તે સાધુનું વૈયાવૃત્ય, (૭) કુલ એટલે એક આચાર્યનો શિષ્ય સમુદાય, તેનું વૈયાવૃત્ય, (૮) ગણ એટલે જુદા જુદા આચાર્યના સમાનવાચનાવાળા સહાધ્યાયીઓ, તેમનું વૈયાવૃત્ત્ય, (૯) સંઘ એટલે સકળ શ્રમણસંઘ, તેનું વૈયાવૃત્ત્ય અને (૧૦) સાધર્મિક એટલે સમાનધર્મ પાળનારાઓનું વૈયાવૃત્ત્ય.

શ્રી ઉત્તરાધ્યય સૂત્રમાં કહ્યું છે કે '**वेयावच्चेणं तित्थयरनामगुत्ते कम्मं निबंधइ**' વૈયાવૃત્ત્યથી તીર્થંકરનામ ગોત્ર નામનું કર્મ બંધાય છે અર્થાત્ એ આત્મા ભવિષ્યમાં અવશ્ય તીર્થંકર થાય છે.

નમ્રતા, સેવાભાવ અને કર્તવ્ય પરાયણતાનાં કારણે વૈયાવૃત્ત્યની ગણના અભ્યંતર તપમાં કરવામાં આવી છે.

સ્વનિમિત્તે એટલે આત્મશુદ્ધિ કે આત્મવિકાસ નિમિત્તે સૂત્ર-સિદ્ધાંતનું અધ્યયન-અધ્યાપન કરવું તેને **સ્વાધ્યાય** કહેવામાં આવે છે. તેના વાચના, પ્રચ્છના પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા એવા પાંચ પ્રકારો છે. તેમાં ગુરુ આગળથી સૂત્રપાઠ અને તેનો અર્થ ગ્રહણ કરવો તેને **વાચના** કહેવામાં આવે છે, તેના અંગે થતી શંકાઓનું નિવારણ કરવા પ્રશ્નો પૂછવા તેને **પ્રચ્છના** કહેવામાં આવે છે, સૂત્રપાઠ તથા અર્થની આવૃત્તિ કરવી. પુનરાવર્તન કરવું તેને **પરિવર્તના** કહેવામાં આવે છે, તેના પર સૂક્ષ્મચિંતન કરવું તેને **અનુપ્રેક્ષા** કહેવામાં આવે છે અને તેનો અન્યને વિનિમય કરવો તેને **ધર્મકથા** કહેવામાં આવે છે.

જ્ઞાનની પ્રાપ્તિ માટે સ્વાધ્યાય એ મુખ્ય ઉપાય છે અને તેના વડે ચિત્તની ઉત્તરોત્તર શુદ્ધિ થતી જાય છે એટલે તેની ગણના અભ્યંતર તપમાં કરવામાં આવી છે.

**ધ્યાન** એટલે મનની એકાગ્રતા. તે જ્યારે કોઈ ઇષ્ટના સંયોગ કે અવિયોગની કોઈ દુઃખ કે પીડાની નિવૃત્તિ કે અનાગમનના વિચારોને લીધે થયેલી હોય ત્યારે તેને **આર્ત ધ્યાન** કહેવામાં આવે છે. કોઈ પ્રત્યે વૈર, વિરોધ કે લાલચનાં કારણે હિંસા-જૂઠ-ચોરી-સંરક્ષણના વિચારોથી થયેલી હોય ત્યારે તેને **રૌદ્ર ધ્યાન** કહેવામાં આવે છે. જ્યારે તે ધર્મસાધના નિમિત્તે થયેલી હોય, જિનાજ્ઞા, રાગાદિના કટૂ પરિણામ, કર્મના વિપાક, કે લોકસંસ્થાનના વિચારથી થયેલી હોય ત્યારે તેને **ધર્મધ્યાન** કહેવામાં આવે છે અને જ્યારે આત્માની પરખ વિશુદ્ધિ નિમિત્તે સૂક્ષ્મ તત્ત્વના સ્થિર ચિંતનથી થયેલી હોય ત્યારે તેને **શુક્લ ધ્યાન** કહેવામાં આવે છે. આમાંથી પહેલાં બે ધ્યાનો અશુભ હોવાથી ત્યાજ્ય છે અને છેલ્લાં બે ધ્યાનો શુભ હોવાથી ઉપાદેય છે. અહીં ધ્યાન શબ્દથી આ બે ધ્યાનો સમજવાનાં છે.

શ્રમણજીવનની સાધના આ બંને પ્રકારનાં ધ્યાનો સિદ્ધ કરવા માટે યોજાયેલી છે. એમ કહીએ તો જરાયે ખોટું નથી. મોક્ષની પ્રાપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે આત્મા કર્મરહિત થાય. આત્મા કર્મરહિત ત્યારે જ થાય છે કે જ્યારે આત્મા શુક્લ ધ્યાનપર આરૂઢ થાય. આત્મા શુક્લ ધ્યાન પર ત્યારે જ આરૂઢ થાય છે કે જ્યારે તેણે ધર્મ ધ્યાન સારી રીતે સિદ્ધ કરેલું હોય. અને ધર્મધ્યાન ત્યારે જ સારી રીતે સિદ્ધ થાય છે કે જ્યારે મન આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી નિવૃત્તિ પામેલું હોય તેમજ સંયમ, ચારિત્ર અને આચાર પાલનના યોગથી શાંત તથા સ્થિર થયેલું હોય. એટલે જ જૈન શ્રમણો સંસારનો ત્યાગ કરીને સંયમનો સ્વીકાર કરે છે. ચારિત્રનું ઉત્તમ પ્રકારે ઘડતર કરે છે અને આચારપાલનમાં પ્રવીણ બની મનને શાંત અને સ્થિર બનાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

જૈન શ્રમણો શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા અને અનુપ્રેક્ષાને ધ્યાનસિદ્ધિનાં મુખ્ય સાધનો માને છે. **શ્રદ્ધા** એટલે સત્ય પ્રાપ્ત કરવા માટેની આંતરિક જાગૃતિ કે રુચિ. **મેધા** એટલે હેય અને ઉપાદેયનો યથાર્થ વિવેક કરનારી શક્તિ.

**ધૃતિ** એટલે ધૈર્ય, સ્થિરતા, માનસિક સંતોષ કે મનની વ્યાકુલતારહિત સ્થિતિ. **ધારણા** એટલે અવિસ્મરણ, એકવાર ગ્રહણ કરેલા વિષયને ન ભૂલવાની સ્થિતિ અને **અનુપ્રેક્ષા** એટલે સૂત્ર તથા અર્થ પર સૂક્ષ્મચિંતન. આ પંચસાધનથી આત્માના અધ્યવસાયો ઉત્તરોત્તર શુદ્ધ થતા જાય છે, એટલે ચિત્તનો વિક્ષેપ કરનારાં કારણો દૂર થાય છે અને તેથી ધ્યાનની સિદ્ધિ સત્વર થાય છે.

**ધર્મધ્યાનના ચાર પ્રકારો છે.** મન વડે જ્યારે સર્વજ્ઞ ભગવંતોની આજ્ઞાના વૈશિષ્ટ્ય સંબંધી સતત ચિંતન થતું હોય ત્યારે તેને આજ્ઞાવિચય ધર્મધ્યાન કહેવાય છે. જ્યારે સાંસારિક સુખો અને રાગાદિ ભાવો વડે ઉપસ્થિત થતાં અપાય (નુકસાન)નું સતત ચિંતન થતું હોય ત્યારે તેને અપાયવિચય ધર્મધ્યાન કહેવાય છે.

જ્યારે કર્મના શુભાશુભ વિપાકનું સતત ચિંતન ચાલતું હોય ત્યારે તેને વિપાક વિચય ધર્મધ્યાન કહેવાય છે, અને જ્યારે ષડ્ દ્રવ્ય અને ચૌદ રાજલોક ક્ષેત્ર સંબંધી સતત ચિંતન ચાલતું હોય ત્યારે તેને સંસ્થાન વિચય ધર્મધ્યાન કહેવાય છે.

**શુકલધ્યાનનું** મુખ્ય લક્ષણ વ્યાક્ષેપ અને સંમોહાદિરહિત સ્થિતિ છે. તેના પણ ચાર પ્રકારો છે. વિતર્ક એટલે શ્રુતજ્ઞાનના આલંબનપૂર્વક કોઈપણ એક દ્રવ્યગત પર્યાયોના ભેદનું વિવિધતા પૂર્વક એકાગ્ર ચિંતન કરવું તેને પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર શુકલધ્યાન કહેવાય છે. વિતર્ક પૂર્વક એટલે શ્રુતજ્ઞાનનાં આલંબન પૂર્વક દ્રવ્યના એક જ પર્યાયનું અભેદ ચિંતન કરવું તેને એકત્વ-વિતર્ક-નિર્વિચાર શુકલધ્યાન કહેવાય છે.

આ ધ્યાન પર આરૂઢ થતાં જ આત્માની મૂળભૂત શક્તિઓનો અવરોધ કરી રહેલાં એવાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય નામના ચારે ઘાતીકર્મોનો નાશ થાય છે, એટલે આત્માને અપ્રતિહત એવાં કેવળજ્ઞાન અને કેવળ દર્શન પ્રકટ થાય છે, તેના લીધે તે લોકાલોકના સર્વ પદાર્થોના સર્વકાળ સંબંધી સર્વ ભાવ જાણી જોઈ શકે છે.

જે ધ્યાનમાં સ્થૂલ અને સૂક્ષ્મ મન-વચન-કાયાના યોગોનો નિરોધ કરવા જેવી સૂક્ષ્મ ક્રિયા જ રહેલી હોય છે. (એટલે સૂક્ષ્મ ક્રિયાથી પતિત થવાનું નથી.) તેને સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ શુકલ ધ્યાન કહેવાય છે અને જે ધ્યાન ક્રિયાની તદ્દન સમુચ્છેદ રૂપ અને તેથી જ અપ્રતિપાતી હોય તેને વ્યુપરત-ક્રિયાઽનિવૃત્તિ શુકલધ્યાન કહેવામાં આવે છે. શુક્લ ધ્યાનના આ છેલ્લા પ્રકારો ગુણસ્થાનની ઊંચામાં ઊંચી ભૂમિકાએ એટલે તેરમાં ગુણસ્થાનકના અંતે અને ચૌદમા ગુણસ્થાનકે વર્તતા જીવોને હોય છે અને તેનો કાળ ઘણો જ થોડો એટલે **अ इ उ ऋ लृ** એ પાંચ હ્રસ્વ અક્ષર બોલાય એટલો જ હોય છે. આ ધ્યાનથી આત્મા વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર નામના બાકીનાં ચાર અઘાતી કર્મનો ઉચ્છેદ કરી ચરમ દેહ (ચરમ દેહ એટલા માટે કે તેને ફરી દેહ ધારણ કરવાનો હોતો નથી)નો ત્યાગ કરે છે અને ઊર્ધ્વગતિએ એક જ સમયમાં સીધો સિદ્ધ શીલામાં પહોંચી જઈ તેના અગ્રભાગે સ્થિર થાય છે ત્યાં સિદ્ધાવસ્થા પામેલા સર્વ જીવો અનંતકાળ સુધી અનિર્વચનીય સુખનો ઉપભોગ કરે છે.

જૈન શ્રમણો ધ્યાનસિદ્ધિ માટે મુખ્ય આલંબન કાયોત્સર્ગનું લે છે, અને તે કરતી વખતે ગમે તેવા ભયજનક પ્રસંગો ઉપસ્થિત થાય કે પ્રલોભનની પળો આવી પહોંચે તો પણ અડગ રહેવાનું હોય છે. તે માટે જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે-

**वासी-चंदणकप्पो, जो मरणे जीविए य सममणो ।**
**देहे य अपडिबद्धो, काउस्सग्गो हवइ तस्स ॥**

શરીરને કોઈ તિક્ષ્ણ વાંસલાથી છેદે, કે તેના પર ચંદનનો શીતલદાયક લેપ લગાડે, અથવા જીવન ટકે કે જલ્દી તેનો અંત આવે, છતાં જે દેહભાવનાથી ખરડાય નહિ અને મનને સમભાવમાં સ્થિર રાખે તેને કાયોત્સર્ગ સિદ્ધ થાય છે, અર્થાત્ તે કાયોત્સર્ગ વડે ઉત્તમ પ્રકારનું ધ્યાન સિદ્ધ કરવાને શક્તિમાન થાય છે.

અહીં **ધ્યેય** સંબંધી પણ થોડી સ્પષ્ટતા કરી લઈએ કારણ કે ભૂમિકા પ્રમાણે તેનું સ્વરૂપ બદલાય છે. પ્રથમ **પિંડસ્થ** ધ્યેયનું આલંબન લેવામાં આવે છે કે જેમાં-પાર્થિવી, આગ્નેયી, મારુતી, વારુણી અને તત્ત્વભૂ નામની પાંચ ધારણાઓ સિદ્ધ કરવાની હોય છે. પછી **પદસ્થ** ધ્યેયનું આલંબન લેવામાં આવે છે કે જેમાં સૂત્ર ગત ભિન્ન ભિન્ન પ્રકારના વર્ણો-પર મનને સ્થિર કરવાનું હોય છે. પછી **રૂપસ્થ** ધ્યેયનું આલંબન લેવામાં આવે છે કે જેમાં સર્વ અતિશયોથી પરિપૂર્ણ, કેવલજ્ઞાનથી યુક્ત અને સમવસરણ સ્થિત અરિહંત પ્રભુનું ધ્યાન ધરવામાં આવે છે. આ ધ્યાનથી સાધકનું મન અત્યંત સ્થિર થાય છે. છેવટે રૂપાતીત ધ્યેયનું આલંબન લેવામાં આવે છે કે જેમાં નિરંજન, નિરાકાર, ચિદાનંદઘન સિદ્ધ પરમાત્માનું ધ્યાન ધરવાનું હોય છે. આ ધ્યાનથી સાધકમાં તન્મયતા પ્રકટે છે અને તેનું મન પરમાત્મદશામાં લીન થાય છે.

**ઉત્સર્ગ** કે વ્યુત્સર્ગનો અર્થ ત્યાગ છે. તે દ્રવ્ય અને ભાવના ભેદથી બે પ્રકારનો મનાયેલો છે. તેમાં દ્રવ્ય વ્યુત્સર્ગના ચાર પ્રકાર છે : (૧) ગણવ્યુત્સર્ગ (લોકસમૂહનો ત્યાગ કરી એકાકી વિચરવું), (૨) શરીર વ્યુત્સર્ગ (શરીર પરના મોહ મમત્વનો સર્વાંશે ત્યાગ કરવો), (૩) ઉપધિવ્યુત્સર્ગ (ઉપધિ વગેરેનો ત્યાગ કરવો) અને (૪) ભક્તપાન વ્યુત્સર્ગ (આહારપાણીનો સર્વથા ત્યાગ કરવો).

ભાવવ્યુત્સર્ગના ૩ પ્રકાર છે : (૧) કષાયવ્યુત્સર્ગ, (૨) સંસાર વ્યુત્સર્ગ અને (૩) કર્મવ્યુત્સર્ગ. આ તપનું રહસ્ય એ છે કે સર્વ પ્રકારના મોહ-મમત્વને દૂર કરી એકાકી ભાવે વિચરવું, કષાયોનો જય કરવો અને સર્વ કર્મોનો નાશ થાય તેવા પ્રયત્નમાં પ્રવૃત્તિશીલ રહેવું.

શ્રમણ ભગવાન મહાવીર દેવ પૂર્વે થઈ ગયેલા અન્ય તીર્થંકરોની જેમ બાહ્ય અને અભ્યંતર તપશ્ચર્યાની પ્રરૂપણા કરેલી છે અને તેથી જૈન શ્રમણો એ બંને પ્રકારની તપશ્ચર્યા વડે કર્મબંધનોને કાપી મુક્તિનું અનિર્વચનીય અનંત અવ્યાબાધ સુખ મેળવે છે. આમ છતાં મહાવીરપ્રભુના સમકાલીન ગૌતમ બુદ્ધે ઘણી જગાએ એ તપશ્ચર્યાને માત્ર કાયદંડ તરીકે ઓળખાવી તેનો ઉપહાસ કરવા પ્રયત્ન કર્યો છે, એ કેટલા અંશે વાજબી છે, તેનો સુજ્ઞજનો વિચાર કરે. જિનશાસનમાં એકલો કાયદંડ છે જ નહિ. તેમાં મન, વચન અને કાયા એ ત્રણેની શુદ્ધિ કરવાનો ઉપદેશ છે અને તેથી જ બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારની તપશ્ચર્યા દર્શાવેલી છે. બુદ્ધ પોતે પૂર્ણ તપશ્ચર્યા કરી શક્યા નહિ, અથવા તેમણે કરેલાં તપથી તેમને

જોઈએ તેવો આત્મપ્રકાશ લાધ્યો નહિ, એટલે તેમણે શારીરિક તિતિક્ષાને કોરો કાયદંડ કહીને ઉતારી પાડી અને મનની શુદ્ધિ પર જ ભાર મૂક્યો. પણ શરીર અને ઈંદ્રિયના કાબૂ વિના મનની શુદ્ધિ મળે જ શી રીતે ? આવો પ્રયત્ન કરતાં બૌદ્ધ શ્રમણો અત્યંત શિથિલ બની ગયા અને તે માટે કોઈ વિદ્વાનને કહેવું પડ્યું કે-

**मृद्वी शय्या प्रातरुत्थाय पेया, मध्ये भक्तं पानकं चापराह्ने ।**
**द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे, मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥**

કોમળ શય્યામાં સૂવું, સવારે ઊઠીને દુગ્ધપાન કરવું, મધ્યાહ્નકાલે ભોજન કરવું, પાછલા પહોરે મદિરાનું પાન કરવું અને અર્ધરાત્રિએ દ્રાક્ષાખંડ અને સાકરનો ઉપયોગ કરવો, આવા પ્રકારના ધર્મના અંતે શાક્યપુત્રે એટલે ગૌતમબુદ્ધે મુક્તિ જોઈ હતી !

તાત્પર્ય કે શરીર અને ઈંદ્રિયોને કાબૂમાં રાખે તથા મનની શુદ્ધિ કરે એવી તપશ્ચર્યા જ સફળ છે અને તેને જ જૈન શ્રમણો ખૂબ ચીવટાઈથી અનુસરી રહ્યા છે.

**વીર્યાચાર**

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના ઉપર કહેલા આચારોમાં બાહ્ય અને અભ્યંતર સામર્થ્ય ફોરવવું તેને વીર્યાચાર કહેવાય છે. તે માટે નિર્ગ્રંથ નાયકોએ ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમનો સિદ્ધાંત સ્થાપિત કરેલો છે. કોઈ કાર્ય કરવા માટે ઊભા થવું, પ્રવૃત્ત થવું તેને **ઉત્થાન** કહેવામાં આવે છે. તે અંગે પ્રવૃત્તિ શરૂ કરવી તેને **કર્મ** કહેવાય છે. તેમાં શારીરિક શક્તિનો ઉપયોગ કરવો તે **બલ** કહેવાય છે અને ઉત્સાહ વગેરે આંતરિક શક્તિઓનો ઉપયોગ કરવો તે **વીર્ય** કહેવાય છે. તથા એ કાર્યમાં ગમે તેવી મુશ્કેલીઓ કે અગવડો આવે તેનો સામનો કરવો, તેને તરીને પાર ઉતરી જવું તેને **પરાક્રમ** કહેવામાં આવે છે. ક્રમશઃ આ પાંચે ભૂમિકાઓ પર આરોહણ કરવું અને પરમ પુરુષાર્થી થવું એ વીર્યાચારનું રહસ્ય છે.





તિતિક્ષાથી દેહાધ્યાસ છૂટે છે અને પરિણામે રાગ તથા દ્વેષનું બંધન તૂટી નિરાસક્ત દશા-વીતરાગ દશા પ્રાપ્ત થાય છે, તેથી જૈન શ્રમણો બાવીસ પરીષહના જય વડે તિતિક્ષા કેળવે છે. તે આ પ્રમાણે-

(૧) ક્ષુધા પરીષહનો જય એટલે દેહ ભૂખથી ઘેરાયેલો હોય, શ્વાસોચ્છ્વાસ ધમણની માફક ચાલતો હોય અને અંગો કાગડાની ટાંગ જેવા દુર્બળ થઈ ગયા હોય છતાં અન્નપાન ગ્રહણ કરવાને લગતા નિયમનો જરાય ભંગ કરવો નહિ. અવસરે ક્ષુધાને આનંદથી અને કર્મક્ષયની બુદ્ધિએ સહવી.

(૨) તૃષા પરીષહનો જય એટલે તૃષાની પીડા અસહ્ય હોય, પ્રાણ કંઠે આવ્યા હોય છતાં સચિત્ત જળનો ઉપયોગ કરવો નહિ, કે ઉષ્ણ જળ લેવાના નિયમનોનો લેશપણ ભંગ કરવો નહિ. તૃષાને આનંદ અને કર્મ નિર્જરાના ઉદ્દેશ પૂર્વક સહવી.

(૩) શીત પરીષહનો જય એટલે ઠંડી ખૂબ પડતી હોય, અંગે અંગને ધ્રૂજાવી નાખતી હોય અને હાથપગ ઠરી જતાં હોય પણ અગ્નિનો આરંભ કરવો નહિ (એટલે તાપણું કરીને તાપવું નહિ), વધારે વસ્ત્રો વાપરવા નહિ કે નિયમની વિરુદ્ધ વસ્ત્રો યા વસતિનો ઉપયોગ કરવો નહિ.

(૪) ઉષ્ણ પરીષહનો જય એટલે તાપ સખત પડતો હોય, શરીર આખું ઘામથી અકળાઈ ગયું હોય, પવનની ગરમ લહરિઓ શરીરને શેકી રહી હોય છતાં

પણ સ્નાનની ઇચ્છા કરવી નહિ, ગાત્રોને જળથી સીંચવા નહિ કે વીંઝણા યા પંખાનો ઉપયોગ કરવો નહિ. ઉષ્ણતાને સહર્ષ સહવી.

(૫) ડંસમસક પરીષહનો જય એટલે ડાંસ-મચ્છર શરીરને વારંવાર કરડતા હોય પણ તેમના પર ક્રોધ કરવો નહિ કે તેમને ત્રાસ આપવો નહિ. એની પીડા સહર્ષ સહવી.

(૬) અંચલ પરીષહનો જય એટલે વસ્ત્રો તદ્દન ફાટી ગયાં હોય ને દેખાવ અતિ ખરાબ લાગતો હોય તો પણ નવાં વસ્ત્રો યા વસતિ મેળવવાની ચિંતા કે આશા કરવી નહિ.

(૭) અરતિ પરીષહનો જય એટલે ગામે ગામ વિચરતાં, અનિયત સ્થાને ઉતરતાં અને ગોચરી માટે સ્થળે સ્થળે ફરતાં કંટાળવું નહિ કે સંયમ પર અણગમો લાવવો નહિ.

(૮) સ્ત્રી પરીષહનો જય એટલે સ્ત્રીઓને ગમે તેવી રૂપાળી જોઈને, વસ્ત્રાલંકારથી વિભૂષિત જોઈને અથવા પોતાના તરફ પ્રીતિવાળી જોઈને જરા પણ લલચાવું નહિ.

(૯) ચર્યા પરીષહનો જય એટલે પરીષહોની પરવા કર્યા વિના ગ્રામ, નગર અને દેશમાં અપ્રતિબદ્ધપણે વિચરતાં રહેવું. જૈન શ્રમણો ચાતુર્માસના ચાર મહિના એક સ્થળે સ્થિર રહે છે અને બાકીના આઠ માસ ઉપર જણાવ્યું તેમ વિચરતા રહે છે.

(૧૦) નિષદ્યા પરીષહનો જય એટલે સ્થિર થવાને માટે કોઈપણ અનુકૂળ કે સારું સ્થાન ન મળે તો તેથી ખેદ ન પામતાં સ્મશાન શૂન્ય ઘર કે કોઈ વૃક્ષની છાયા વગેરે જે કંઈ મળે ત્યાં શાંત અને સ્વસ્થ ચિત્તે સ્થિર થવું.

(૧૧) શય્યા પરીષહનો જય એટલે સૂવાને યોગ્ય નિરવદ્યસ્થાન પ્રાપ્ત ન થાય અથવા શય્યા, આસન કે પાટ-પાટલા ન મળે તો ઉભડક આસને બેસી રહે પણ ગમે ત્યાં સૂઈ જાય નહિ.

(૧૨) આક્રોશ પરીષહનો જય એટલે કોઈ મનુષ્ય સમજીને કે સમજ્યા વિના પોતાના પર કોપ કરે, અતિશય કડવાં વચન સંભળાવે તો પણ તેની સામે કોપ કરે નહિ.

(૧૩) વધ પરીષહનો જય એટલે કોઈપણ સ્થળે માર પડે, બંધન પ્રાપ્ત થાય કે વધ થવાનો પ્રસંગ આવે તો 'જીવનો નાશ થવાનો નથી' એમ ચિંતવી સમતામાં જ મગ્ન રહે.

(૧૪) યાચના પરીષહનો જય એટલે શ્રમણોને દરેક ચીજ યાચીને જ લેવાની હોય છે, તેમ કરતાં ખેદ ન પામે.

(૧૫) અલાભ પરીષહનો જય એટલે ગમે તેટલું ફરવા છતાં કોઈ સ્થળે ભિક્ષા ન મળે તો ખેદ ન પામતાં લાભાંતરાય કર્મ ભોગવાય છે, એમ ચિંતવી સમભાવમાં સ્થિર રહે.

(૧૬) રોગ પરીષહનો જય એટલે શરીરમાં રોગની ઉત્પત્તિ થાય, વ્યાધિનો હુમલો થાય કે એકાએક કોઈ પીડા ઉપડી આવે તો તેને શાંત ભાવે સહી લે પણ હાયવોય કરે નહિ.

(૧૭) તૃણસ્પર્શ પરીષહ જય એટલે તૃણના સંથારા પર સૂતાં-બેસતાં તેના કઠોર સ્પર્શથી ખેદ પામે નહિ.

(૧૮) મેલ પરીષહનો જય એટલે મેલને દૂર કરવાની ઇચ્છાથી સ્નાનાદિની ઇચ્છા કરે નહિ.

(૧૯) સત્કાર-પુરસ્કાર પરીષહનો જય એટલે મનથી શ્રીમંતો કે નૃપતિઓનો સત્કાર-પુરસ્કાર ઇચ્છે નહિ.

(૨૦) પ્રજ્ઞા પરીષહનો જય એટલે પ્રજ્ઞા પુષ્કળ હોવા છતાં તેનો દુરુપયોગ કરવા ઇચ્છે નહિ.

(૨૧) અજ્ઞાન પરીષહનો જય એટલે પ્રયાસ કરવા છતાં વિદ્યા ચડતી ન હોય, અથવા કોઈના પૂછેલા પ્રશ્નોનો ઉત્તર આપવાને સમર્થ ન થઈ શકાતું હોય તો પણ તેથી ખેદ કે શોક ન કરવો, તેમ તેથી સંયમને છોડવો નહિ. પણ જ્ઞાનોપાસનાના સત્પુરુષાર્થમાં લાગ્યા રહેવું.

(૨૨) દર્શન પરીષહનો જય એટલે ધર્મકરણીનું ફળ તાત્કાલિક ન દેખતાં કે અન્ય કોઈ પણ કારણથી વીતરાગ પ્રણીત ધર્મ પરથી મન ડગમગવા માંડે ત્યારે મનનો પરિતાપ સહન કરી લેવો પણ વ્રત નિયમ કે સંયમની નિષ્ફળતા ચિંતવવી નહિ.

તિતિક્ષા પણ સંયમનો જ એક પ્રકાર છે પરંતુ તે વિશિષ્ટ પ્રકારે સમજવા યોગ્ય હોવાથી જ અહીં તેનો સ્વતંત્ર નિર્દેશ કરેલો છે.

# પ્રકરણ-૧૪ - દિનચર્યા



જૈન શ્રમણો પ્રાતઃ કાલમાં વહેલા ઉઠી પંચપરમેષ્ઠિનો જાપ કરે છે, આત્મ-ચિંતન કરે છે રાત્રિ દોષની શુદ્ધિ કરે છે, પરમાત્મ વંદનાદિ કરી એક પ્રહર શાસ્ત્રસ્વાધ્યાય કરે છે અને પ્રતિક્રમણ કરી અન્ય ક્રિયાઓમાં પ્રવૃત્ત થાય છે. અહીં પ્રતિક્રમણ સંબંધી થોડી સ્પષ્ટતા કરીશું. સંયમમાર્ગની સાધના ઘણી દુષ્કર છે. તેનું નિરતિચાર એટલે કે દોષ રહિત પાલન થાય ત્યારે જ તેમાં સિદ્ધિ પ્રાપ્ત થઈ ગણાય છે, પરંતુ આવી સ્થિતિ એકદમ પ્રાપ્ત થતી નથી. પૂર્વ સંસ્કારોનાં પ્રાબલ્યને લીધે તથા અન્ય સંયોગોવશાત્ તેમાં નાની મોટી સ્ખલનાઓ થઈ જાય છે, એટલે નાના મોટા અતિચારો લાગી જાય છે. જો સાધક આત્મ-નિરીક્ષણની ટેવ પાડે તો તેને આ સ્ખલનાઓનો-અતિચારોનો સ્પષ્ટ ખ્યાલ આવી જાય અને ફરી તેવી સ્ખલનાઓ-અતિચારો ન થાય તેવો નિશ્ચય કરી પોતાની સાધનામાં આગળ વધી શકે છે. આ કારણે જૈન શ્રમણોને પ્રાતઃકાળે તથા સાયંકાળે એમ બે વખત અવશ્ય પ્રતિક્રમણ કરવાનું હોય છે. તેમાં દેવ-ગુરુને વિધિપૂર્વક વંદન કરી જાણતાં અજાણતાં થયેલી સ્ખલનાઓની આલોચના કરવાની હોય છે અને તે અંગે હૃદયનો ખરો પશ્ચાત્તાપ પ્રગટ કરી, જરૂરી પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવાનું હોય છે. વળી તેમાં દર્શન (શ્રદ્ધા) જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ નિમિત્તે ખાસ કાયોત્સર્ગો કરવાના હોય છે અને શક્તિ મુજબ તપશ્ચર્યાની પ્રતિજ્ઞા લઈ તે વિધિ પૂર્ણ કરવાનો હોય છે. ઓરડાને રોજ સાફ કરીએ તો જ તે સ્વચ્છ રહે છે અને વાસણોને નિત્ય માંજીએ તો જ તે ચળકતા રહે છે, તેમ પ્રતિક્રમણ વડે આત્માને નિત્ય ઉજાળવાથી તે પવિત્ર રહે છે અને છેવટે સંપૂર્ણ સંયમી બની વીતરાગતાને પ્રાપ્ત કરે છે. દર પંદર દિવસે, દર

ચાર મહિને અને વર્ષની આખરે આ ક્રિયા વિશિષ્ટ પ્રકારે કરવામાં આવે છે, તેમાં પણ આ જ હેતુ રહેલો છે.

પ્રાતઃકાલની ક્રિયાઓમાં પ્રથમ પ્રતિલેખના પડિલેહણ હોય છે, તેમાં વસ્ત્ર, પાત્ર અને સંયમનાં બીજાં સાધનોનું બારીકાઈથી અવલોકન કરવામાં આવે છે, કોઈ જીવજંતુ ચડી ગયું હોય તો તેને યતનાપૂર્વક દૂર કરવામાં આવે છે અને બધું ફરી વ્યવસ્થિત કરી યથાસ્થાને મૂકી દેવામાં આવે છે. પછી નજીકમાં જિનમંદિર હોય તો ત્યાં જઈ દર્શન-સ્તુતિ-વંદના કરે છે અને પશ્ચાત્ ગુરુની આજ્ઞા મુજબ 'વૈયાવૃત્ત્ય' કે 'સ્વાધ્યાય'ની પ્રવૃત્તિમાં જોડાય છે.

સ્વાધ્યાયના સમયે આચાર્ય સૂત્ર-સિદ્ધાંતનું વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાન કરે છે અને શ્રમણો તેને અનન્ય ચિત્તે ગ્રહણ કરી શ્રુતજ્ઞાનની અભિવૃદ્ધિ કરે છે. આ રીતે અરિહંતોએ ઉપદેશેલા સિદ્ધાંતોનું રહસ્ય વર્તમાન શ્રમણો સુધી પહોંચે છે અને તેઓ તેને જનતાનાં હૃદયમાં ઉતારવા માટે અસાધારણ પુરુષાર્થ કરે છે.

જૈન શ્રમણો શ્રોતાઓની ભૂમિકા જોઈ ધર્મનો ઉપદેશ આપે છે. તેમાં પ્રથમ ભૂમિકાવાળાઓને તેઓ ન્યાય, નીતિ, દયા, દાન, પરોપકાર, સદાચાર વગેરેનું રહસ્ય સમજાવે છે અને તેને લગતા જરૂરી નિયમો આપે છે, જેથી તેમનામાં સુસંસ્કારોનું આરોપણ થાય અને આગળ જતાં ત્યાગ-તપશ્ચર્યાનું યોગ્ય આરાધન કરવાની શક્તિ આવે. બીજી ભૂમિકાવાળાઓને તેઓ ધર્મનું સ્વરૂપ સમજાવે છે અને તેના ભિન્ન ભિન્ન અંગો વિષે વિશદ સમજૂતી આપે છે, જેથી તેમનામાં દેશવિરતિ એટલે ગૃહસ્થ ધર્મ અને સર્વવિરતિ એટલે સાધુધર્મ પાળવાની ઉત્કટ અભિલાષા જાગે. તેથી આગળ વધેલાઓને તેઓ યોગ, અધ્યાત્મ અને તત્ત્વનું સૂક્ષ્મ રહસ્ય સમજાવે છે, જેથી તેમના મનમાં ઊંડે ઊંડે શંકારૂપી જે શલ્યો ભરાઈ બેઠા હોય તેનું નિરાકરણ થાય અને મોક્ષમાર્ગ પ્રત્યે ગમન કરવાનો અપૂર્વ ઉત્સાહ પ્રકટે.

જૈન શ્રમણોની વાણી નિર્દોષ, મધુર અને હિતકર હોવાથી લોકોને તેમનો ઉપદેશ સાંભળવો ગમે છે અને તે ઉપદેશની તેમના મન પર ખૂબ અસર થાય છે. એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે તથા પ્રકારની યોગ્યતા વિના ઉપદેશ આપવો તેનું કંઈ પણ પરિણામ આવતું નથી.

પ્રાતઃકાળનો સ્વાધ્યાય લગભગ બીજા પ્રહરના અંત સુધી ચાલે છે. તે પૂરો કર્યા પછી જૈન શ્રમણો ગોચરી માટે બહાર નીકળે છે અને પોતાને કલ્પે તેવા આહાર-પાણી વહોરી લાવે છે. તેઓ ગોચરીમાં લાવેલી બધી વસ્તુઓ પ્રથમ ગુરુને બતાવે છે અને તેમની અનુજ્ઞા મળ્યા પછી જ વાપરે છે. ગરમ-ઠંડી, ગળી-મોળી, ખારી-ખાટી બધી વસ્તુઓ તેમનાં મનથી સમાન છે, એટલે તેને ભેગી કરીને વાપરે છે.

જૈન શ્રમણો ઉપવાસ, આયંબિલ, એકાશન, વૃત્તિ સંક્ષેપ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ કરતા જ હોય છે અને દેહને ટકાવવા પૂરતાં જ આહાર-પાણી ગ્રહણ કરે છે. તેઓ કોઈ વસ્તુ છોડતા નથી કે બીજા દિવસે કામ આવશે એમ જાણીને તેનો સંગ્રહ કરતા નથી.

જૈન શ્રમણો આહાર કર્યા પછી પાછા સ્વાધ્યાય, ધ્યાન આદિ પ્રવૃત્તિમાં જોડાય છે અને મુમુક્ષુઓ મળવા આવ્યા હોય તેમની સાથે ધર્મસંબંધી કથા ચર્ચા-વાર્તાલાપ કરે છે તથા યોગ્ય માર્ગદર્શન આપે છે. તેમની આ પ્રવૃત્તિ લગભગ સાયંકાળ સુધી ચાલુ જ રહે છે. તેમાં ત્રીજા પ્રહરના અંતે તેઓ વસ્ત્રાદિની પુનઃ પ્રતિલેખના કરે છે અને આહાર-પાણી વાપરવા હોય તો ચતુર્થ પ્રહરના અંતે પહેલાં વાપરી લઈ સાયંકાલના પ્રતિક્રમણની તૈયારી કરે છે.

તેઓ સાયંકાલનું પ્રતિક્રમણ કર્યા પછી સૂત્ર-સિદ્ધાંતનું પરાવર્તન કરે છે, મુમુક્ષુઓ સાથે ધર્મગોષ્ઠી કરે છે કે કાયોત્સર્ગમાં રહી ધર્મ ધ્યાનનો અભ્યાસ વધારે છે. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે કે તેઓ રાત્રિના સમયે દીવાબત્તી કે વીજળીના પ્રકાશનો બિલકુલ ઉપયોગ કરતા નથી.

રાત્રિના છેલ્લા પહોરથી જાગીને સ્વાધ્યાય, ધ્યાન તથા અન્ય ધર્માનુષ્ઠાનોમાંજ સતત પ્રવૃત્તિ શીલ રહીને આખો દિવસ તથા દિવસના અંતે રાત્રિના પહેલા પહોર સુધી મોક્ષ માર્ગની સ્વ-પર ઉપકારક સાધના કર્યા બાદ હવે સાધનામાં ઉપયોગી દેહની આવશ્યક વિશ્રાન્તિ આપવાની તૈયારી કરે છે, એ માટે દૈનિક ચર્યા પૈકી છેવટની સંથારા પોરિસીની વિધિ કરવામાં આવે છે. તેમાં પ્રથમ જીવ વિરાધનાના પાપને દૂર કરવા ઈર્યાપથિકી પ્રતિક્રમણની ક્રિયા કરાય છે પછી સર્વ વિઘ્નહર શ્રી પાર્શ્વનાથ ભગવાનની વિશિષ્ટ સ્તુતિ કરવા પૂર્વક ભાવ જિનની સ્તવના સર્વ કાળના જિનેન્દ્ર દેવોને નમસ્કાર, સમસ્ત જિન ચૈત્યોને વંદના, સમસ્ત સાધુ ભગવંતોને પ્રણામ, કરીને પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવા પૂર્વક શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ઉપસર્ગહર સ્તવન ભણવામાં આવે છે તે પછી પ્રાર્થના સૂત્ર દ્વારા ભવ નિર્વેદ માર્ગાનુસારિતા લોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ, ગુરુજન સેવા, પરોપકાર વગેરે તથા ભવોભવ જિનાજ્ઞાની ઉપાસના સમાધિ મરણ વગેરેની પ્રાર્થના કરવામાં આવે છે.

ત્યારપછી મુખવસ્ત્રિકાના પ્રતિલેખન પૂર્વક દોષોનો નિષેધ કરીને પ્રથમ ગણધર શ્રી ઈંદ્રભૂતિ ગૌતમસ્વામિ વગેરે મહામુનિઓને તથા નમસ્કાર સૂત્ર દ્વારા પંચ પરમેષ્ઠિને નમસ્કાર અને પાપ વ્યાપારોના ત્યાગની પુનઃ પ્રતિજ્ઞા કરવામાં આવે છે આવું ત્રણવાર કરીને સંથારો અર્થાત્ વિશ્રાન્તિ કરવા માટે જ્યેષ્ઠ આર્યોની સંમતિ માગવા વગેરે અંગેનું સૂત્ર ભણવામાં આવે છે. એને સંથારા-પોરિસી સૂત્ર કહે છે.

આ સંથારા પોરિસી સૂત્રમાં વિશેષે કરીને ભાવનાઓ કરવામાં આવે છે. તેમાં એક ભાવના, કદાચ ઉંઘમાં આયુષ્યની પૂર્ણાહૂતિ થઈ જાય તો શરીર, ઉપકરણ અને આહારના મમત્વ ઉભા ન રહી જાય તથા પરલોક જતાં સાથે ન થઈ જાય એ માટે, શરીરાદિને વોસિરાવવામાં આવે છે, અર્થાત્ એના ત્યાગનો સંકલ્પ કરવામાં આવે છે. આત્માને જન્મ પામ્યા પછી જરૂર એવા પુણ્ય શરીરાદિ પર પદાર્થો પર આસક્તિ મમત્વ ન રહી જાય એની પૂરેપુરી કાળજીનું આ દ્યોતક છે. એની ગાથા આ પ્રમાણે છે.

**जइ मे हुज्ज पमाओ, इमस्स देहस्स इमाइ रयणीए ।**
**आहारमुवहिदेहं, सव्वं तिविहेण वोसिरियं ॥**

ત્યાર પછી પ્રાણાતિપાત (હિંસા) આદિ અઢાર પાપસ્થાનકને મોક્ષમાર્ગની સાધનામાં વિઘ્નભૂત તરીકે દુર્ગતિના કારણ તરીકે યાદ કરીને એને વોસિરાવવાનું કરાય છે.

**वोसिरिसु इमाइं मोक्खमग्ग-संसग्ग-विग्घभूयाइं ।**
**दुग्गइनिबंधणाइं अट्ठारसपावठाणाइं ॥**

જીવનમાં એકપણ પાપનું સ્થાનક ઉભું ન રહે એની તકેદારીનું આ સૂચક છે.

ત્યારપછી સાધુ, જગતના બે મુખ્ય તત્ત્વો જીવ અને જડ પૈકી પોતાના જીવાત્માનાં વાસ્તવિક સ્વરૂપની જાગ્રતિ રહે. એ માટે આ પ્રકારે ભવ્ય ભાવના ભાવે છે.

**'एगोऽहं नत्थि मे कोई नाहमन्नस्स कस्सइ ।**
**एवं अदीणमणसो अप्पाणमणुसासइ ॥**

**एगो मे सासओ अप्पा नाणदंसणसंजुओ ।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा ॥**

**संजोगमूला जीवेण पत्ता दुक्खपरंपरा ।**
**तम्हा संजोगसंबन्धं सव्वं तिविहेण वोसिरियं ॥'**

આ ગાથાઓનો ભાવાર્થ આ પ્રમાણે છે :-

આ સંસારમાં હું એકલો છું. અર્થાત્ મારું કોઈ સ્વજન નતી. તેમ હું પણ કોઈનો સ્વજન નથી.' આમ દીનતા રહિત મનથી વિચારી આત્માને સાવધાન કરવાનો છે. કેમ કે આત્મા જન્મે છે એકલો મરે છે એકલો, કર્મ બાંધે છે એકલો, અને એનાં ફળ ભોગવે છે એકલો. પરલોકમાં વિવિધ ગતિઓમાં એકલો જ ભમે

છે. આવી સિદ્ધ હકીકત હોય ત્યાં જરાય દીન બન્યા વિના પોતાના એકાકીપણાનો બરાબર ખ્યાલ રાખી આત્મભાવમાં લીન રહેવા જેવું છે. આ માટે સાધુ વિચારે છે કે 'મારો આત્મા એકલો અને શાશ્વત છે, તથા જ્ઞાન-દર્શને કરીને યુક્ત છે. બાકીના બધા પદાર્થો આત્માથી બાહ્ય ભાવો છે. એ બાહ્ય ભાવોના સંયોગથી મારા જીવે આ વિરાટ ભવસાગરમાં ભીષણ દુઃખોની હારમાળા પ્રાપ્ત કરી છે. માટે સર્વ પ્રકારના સંયોગ-સંબંધોથી મારા આત્માને મન-વચન-કાયાએ મુક્ત કરવા ચાહું છું.'

અર્થાત્ હે આત્મન્ ! તું શાશ્વત છે, સંસારનું કોઈ પણ આક્રમણ તારા અસંખ્ય પ્રદેશોમાંના એકનો પણ ક્ષય કરવાની તાકાત ધરાવતું નથી. તો તારે શી ચિંતા છે ? વળી તું શુદ્ધ જ્ઞાન-દર્શનની અનંત સંપત્તિ ધરાવે છે, ત્યાં બાહ્ય સુખ-દુઃખાદિના ગમનાગમનમાં કોઈ હર્ષ-વિવાદ શા સારુ કરવા જોઈએ ? કેમ કે એથી સચ્ચિદાનંદઘન એવા તારી જ્ઞાનદર્શનની સંપત્તિમાં કશો ફરક પડતો નથી. વળી બાહ્ય પદાર્થો અને રાગદ્વેષાદિ ભાવોના સંયોગ નિમિત્તે જ તું આજ સુધી દુઃખી દુઃખી રહ્યો છે, દુઃખો ઉપર દુઃખોની હારમાળા પામ્યો છે. સંયોગો તો પાછા વિનશ્વર હોવાથી પલટાતા ચાલે છે, પરંતુ તારે દુઃખનો પ્રવાહ અખંડ ધારાએ સહવો પડે છે. માટે એવા સંયોગ પાત્રને વોસિરાવી દે, સંબંધ માત્રથી મુક્ત થઈ જા. અને આત્માના અસાંયોગિક શુદ્ધ આનંદમાં લીન રહે.

આ પ્રમાણે ભાવના ભાવીને સમ્યગ્દર્શનનું પુનઃ સ્મરણ કરી સાધુ ત્રણ પરમેષ્ઠી-નમસ્કાર પૂર્વક જગતના જીવો સાથે ક્ષમાપના કરે છે, અને પોતાના મન-વચન-કાયાના દુષ્કૃત્યોના પશ્ચાત્તાપ રૂપે મિથ્યાદુષ્કૃત દે છે. પછી બરાબર ભૂમિને પૂંજી પ્રમાર્જી નિર્જીવ ભૂમિ પર સંસ્તારક પાથરી, શરીર પ્રમાર્જીને એના પર સૂઈ જાય છે.

જૈન શ્રમણો રાત્રિના બીજા પ્રહર કે અંત ભાગે મંગલ ભાવના ભાવીને તૃણ કે ઊનના સંથારિયા પર અને ચાતુર્માસમાં પાટ-પાટિયા પર ઉનના આસન પર શયન કરે છે અને શાંતિપૂર્વક નિદ્રા લે છે. અનુભવીઓએ ઠીક જ કહ્યું છે કે 'જે સુખ સર્વ તૃષ્ણાથી પર થયેલા સાધુ પુરુષોને હોય છે, તે સુખ લાખો-ક્રોડોની મિલકતના માલિકને નથી, છખંડ ધરતીના સ્વામીને નથી કે અપૂર્વ ઋદ્ધિ-સિદ્ધિવાળા દેવોને પણ નથી.

# પ્રકરણ-૧૫ - પદાધિકાર



જે જૈન શ્રમણો વિધિપૂર્વક અમુક શાસ્ત્રાભ્યાસ કરે છે તેને ગણિપદ અપાય છે, અમુક શાસ્ત્રાભ્યાસ કરે છે તેને પંન્યાસપદ અપાય છે, બધાં જિનાગમો તથા અગત્યનાં શાસ્ત્રોમાં પારંગત થાય છે તેને ઉપાધ્યાયપદ અપાય છે અને શાસ્ત્ર પારંગતતા ઉપરાંત વિશિષ્ટ પ્રકારની યોગ્યતા ધરાવતા હોય તેમને આચાર્યપદ અર્પણ થાય છે. આ રીતે આચાર્યપદ પામેલા શ્રમણો ગચ્છ એટલે અમુક સાધુસમૂહના વડા ગણાય છે. અને તેઓ જિનશાસનને વફાદાર રહી સર્વ પ્રવૃત્તિઓનું સંચાલન કરે છે. ખાસ કરીને તેઓ પોતાના હાથ નીચે રહેલા શ્રમણોની વારંવાર સાર-સંભાળ કરે છે અને તેમને સદાચારી બનાવવા માટે તેમની જે ભૂલો થતી હોય તેનું સ્મરણ કરાવે છે (સારણા), તેમના ચારિત્રમાં અતિચાર લાગતો હોય કે કોઈ પ્રકારના અતિચાર-અનાચારનું સેવન થતું હોય તો તેમને વારે છે (વારણા), તે શ્રમણો પ્રમાદમાં પડ્યા હોય અને જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં શિથિલ બન્યાં હોય તો તેમને સન્માર્ગે વાળવાની પ્રેરણા કરે છે. (ચોયણા) અને તેમ છતાં ન માનતા હોય તો વારંવાર કઠોર શબ્દો કહીને પણ તેમને સદાચારમાં સત્ ક્રિયામાં પ્રવર્તાવે છે. (પડિચોયણા) ટૂંકમાં શ્રમણ સંઘની સ્થિરતા, પ્રવૃત્તિ અને પ્રગતિનો સર્વ આધાર આચાર્યોની કાર્યકુશળતા પર જ અવલંબે છે.

# પ્રકરણ-૧૬ - લોકોપકાર



જૈન શ્રમણો દ્વારા થયેલા અને થઈ રહેલા લોકોપકારનું વર્ણન કરવા માટે તો એક જુદો જ ગ્રંથ લખવો પડે એમ છે, પણ અહીં પ્રકરણવશાત્ તેનો ટૂંકો નિર્દેશ કરીને પ્રસ્તુત નિબંધની પૂર્ણાહૂતિ કરીશું.

જૈન શ્રમણોએ અનેક રાજા-મહારાજાઓને ધર્મનો બોધ પમાડીને તેમના રાજ્યમાંથી જુગાર, ચોરી, માંસભક્ષણ, મદિરાપાન, પરસ્ત્રીસેવન, વેશ્યાગમન અને શિકાર એ રૂપી મહાવ્યસનોને દેશવટો દેવડાવ્યો છે તથા તેમની પાસે અમારી-પડહ વગડાવીને લાખો-ક્રોડો મૂંગા પશુઓને અભયદાન અપાવ્યાં છે. વળી કારાગારમાં રહીને નરકની યાતના ભોગતા હજારો બંદીવાનોને છોડી મૂકવાનાં ફરમાનો બહાર પડાવ્યાં છે. અને પ્રજાને આકરા કરવેરામાંથી મુક્તિ પણ અપાવી છે. તે ઉપરાંત તેમણે રાજા-મહારાજાઓને સ્તૂપો તથા ચૈત્યો બાંધવાની તીર્થોનો ઉદ્ધાર કરવાની અને વિવિધ રીતે શ્રુતજ્ઞાનની પ્રભાવના કરવાની પ્રબળ પ્રેરણા પણ કરી છે. તાત્પર્ય કે પ્રજાનું નૈતિક ધોરણ ઉંચું રહે અને તે સદા ધર્માભિમુખ રહે તે માટે તેમણે પૂરો પરિશ્રમ ઉઠાવ્યો છે.

જ્યાં રાજા-મહારાજાઓ કે સત્તાધિકારીઓએ સત્તાના મદમાં ચકચૂર બનીને પ્રજાની પ્રત્યે પાશવી વૃત્તિઓનું પ્રદર્શન કર્યું છે અને અનેકવાર વાર્યા છતાં સંત-સાધ્વીઓની સતામણી કરવાનું ચાલું રાખ્યું છે, ત્યાં તેમણે ઉગ્ર બનીને દંડ પણ દીધો છે અને એ રીતે તેમની સાન ઠેકાણે આણીને ન્યાય, નીતિ અને ધર્મની પુનઃ સ્થાપના કરી છે.

જૈનાચાર્યના સદ્દુપદેશથી તેમના અનુયાયિઓએ લાખો-ક્રોડો રૂપિયા ખર્ચીને

કલામય ગગનચુંબી ભવ્ય જિનાલયો બંધાવ્યાં છે, જીર્ણાવસ્થાને પ્રાપ્ત થયેલાં પ્રાચીન તીર્થોનો ઉદ્ધાર કરાવ્યા છે. યાત્રા નિમિત્તે અપૂર્વ સંઘો કાઢ્યા છે, જેનાથી હજારો લોકોને ધર્મરસ, પવિત્રતા વગેરે મળવા ઉપરાંત રોજી પણ મળી છે. હજારો તાડપત્રો અને પુસ્તકો લખાવી જ્ઞાનભંડારો સ્થાપ્યાં છે. અન્નનો દાણો ન મળે એવા ભયંકર દુષ્કાળમાં પોતાના સર્વ અન્ન ભંડારો લોકો માટે ખુલ્લા મૂકી દીધા છે અને દેશની સ્વતંત્રતા જાળવવા માટે ધન, માલ અને યાવત્ પ્રાણ સુધી સર્વસ્વનાં બલિદાન પણ આપ્યાં છે.

એ પ્રતાપ જૈનાચાર્યોના-જૈન શ્રમણોના ઉપદેશનો જ છે કે જૈન ગૃહસ્થોનાં દ્વાર અતિથિ-અભ્યાગત માટે સર્વદા ખુલ્લા રહે છે અને પરોપકારની કોઈ પણ પ્રવૃત્તિ શરૂ થઈ કે તેમનાં નામો પ્રથમ પંક્તિમાં લખાવા માંડે છે. જૈન શ્રમણોના ઉપદેશથી દયાળુ બનેલા ગૃહસ્થો લૂંલા, લંગડા કે અશક્ત થઈ ગયેલા પશુઓને પાળવા માટે પાંજરાપોળો બંધાવે છે, પક્ષીઓને ખાવા માટે જોઈતું અનાજ અને પીવા માટે પૂરતું પાણી મળી રહે તે માટે પરબડીઓ બંધાવે છે, મચ્છીમારોની જાળમાંથી માછલાં છોડાવે છે, કસાઈઓના ક્રૂર હસ્તે થનારી કત્લમાંથી નિર્દોષ પ્રાણીઓને બચાવે છે, તેમજ કોઈ પણ દીન-દુઃખી મનુષ્યોને યથાશક્તિ મદદ કરી આત્મસંતોષ અનુભવે છે.

જૈન શ્રમણોની ઉપદેશધારા ચોર, લૂંટારા, ખૂની અને યુદ્ધ પિપાસુઓ સુધી પણ પહોંચી છે અને તેમનું જીવનપરિવર્તન કરવામાં સફળ નીવડે છે. હજારો મનુષ્યો એકી સાથે હિંસક હથિયારો છોડી દે અને કૃષિ, ગોપાલન કે વાણિજ્ય જેવા સીધા શાહુકારીના વ્યવસાયોનો આશ્રય લે એ જેવી તેવી ઘટના નથી ! આજે ગુનેગારોને અંકુશમાં રાખવા તથા સુધારવા માટે પ્રતિવર્ષ કોર્ટ, કચેરી તથા પોલીસનો જે દિલ ધ્રૂજાવનારો ખર્ચ આવે છે, છતાં એટલો અંકુશ આવતો નથી, તેની સરખામણીમાં વિના ખર્ચે થતો આ ભવ્ય લોકોપકાર કેટકેટલી પ્રશંસા માગી લે છે ? ભારતવર્ષની ગુનેગાર જાતિઓમાં જે કંઈ સુધારણા થઈ છે તે આવા સંત-મહાત્માઓના પ્રયાસનાં પરિણામે જ થઈ છે.

જેમ શ્રમણોએ સાહિત્યનાં ક્ષેત્રમાં પણ ઘણું જ સુંદર કાર્ય કર્યું છે અને ધર્મ, તત્ત્વજ્ઞાન, યોગ, અધ્યાત્મ, ભાષા, ગણિત, જ્યોતિષ, મંત્ર, તંત્ર આદિ સર્વ વિષયોને પોતાની નિર્મળ પ્રજ્ઞાની પ્રસાદી આપી છે.

ભારતીય સમાજ તથા ભારતનો રાજકર્તા વર્ગ જૈન શ્રમણોને સાચાં સ્વરૂપે ઓળખી તેમની મહાન શક્તિઓનો પોતાના ઉદ્ધાર અર્થે સદુપયોગ કરે એ જ અભ્યર્થના.

# પરિશિષ્ટ-૧

# દીક્ષા પ્રાપ્તિ માટેના ૧૬ ગુણો

### ગ્રંથકાર : પૂ. આચાર્યશ્રી મુનિચંદ્રસૂરિ મ.સા.

જૈન શાસ્ત્રો કહે છે કે દીક્ષા લેવા માટે નીચેના ૧૬ ગુણો હોવા આવશ્યક છે. શ્રી મુનિચંદ્રસૂરિએ **ધર્મબિન્દુ**ની વૃત્તિમાં તે આપેલા છે.

(૧) **आर्यदेशोत्पन्नः**- જે આર્યદેશમાં ઉત્પન્ન થયેલો હોય. પ્રાચીન કાળમાં મગધ, અંગ, બંગ, કાશી, કોશલ વગેરે સાડા પચીસ દેશની ગણના આર્યદેશોમાં થતી હતી. કાલક્રમે તેમાં થોડો ફેરફાર થયો હતો. એટલે જે કામે જે દેશની ગણના આર્યદેશમાં થતી હોય તેમાં જન્મેલો પુરુષ જૈન શ્રામણ્યનો અધિકારી છે, એમ સમજવાનું છે. અનાર્ય દેશમાં જન્મેલાઓને પણ કવચિત્ શ્રામણ્યની પ્રાપ્તિ થાય છે, પણ તે અપવાદરૂપ છે. આર્યદેશના સંસ્કારો પામ્યા વિના શ્રમણધર્મનું પાલન થવું અતિ દુર્લભ છે, એ આ નિયમનું તાત્પર્ય છે.

(૨) **विशिष्टजातिकुलान्वितः**- જે વિશિષ્ટ જાતિ અને કુલવાળો હોય. અર્થાત્ વિવાહ કરવા યોગ્ય એવા ચાર વર્ણની અંતર્ગત રહેલા પિતા અને માતાના પક્ષરૂપ જાતિ અને કુલથી સહિત હોય. તાત્પર્ય કે જેની જાતિ અને કુલ પ્રકટ હોય તે જ દીક્ષા લેવાના અધિકારી છે.

(૩) **क्षीणप्रायकर्ममलः**- જેનો કર્મમલ એટલે જ્ઞાનાવરણીય, મોહનીય આદિ કર્મોનો મેલ મોટા ભાગે ક્ષીણ થયેલો હોય. આ વસ્તુ તેની જીવનચર્યા એટલે રહેણી કરણીથી જાણી શકાય છે.

(૪) **तत एव विमलबुद्धिः**- અને તે કારણે નિર્મળ બુદ્ધિવાળો હોય.

(૫) **दुर्लभं मानुष्यं जन्ममरणनिमित्तं संपदश्चलाः विषया दुःखहेतवः संयोगे वियोगः प्रतिक्षणं मरणं दारुणो विपाकः इत्यवगतसंसारनैर्गुण्यः**- જેણે સંસારનું નૈર્ગુણ્ય એટલે સંસારની અસારતા આ પ્રમાણે જાણેલી છે. મનુષ્યભવ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે, તે ઘણા કાળે ઘણા પરિશ્રમે પ્રાપ્ત થાય છે. જન્મ એ મરણનું નિમિત્ત છે, એટલે જે કોઈ જન્મ્યું તેને અવશ્ય મરવાનું છે. સંપત્તિઓ ચપળ છે, એટલે આજ હોય અને કાલે ચાલી જાય છે. એ સ્થિર વસ્તુ નથી. વિષયો દુઃખના હેતુ છે, એટલે વિષયભોગનું અંતિમ પરિણામ અનેક પ્રકારનાં દુઃખોમાં આવે છે. ભોગ એટલા રોગ એ ઉક્તિ જાણીતી છે. સંયોગમાં વિયોગ રહેલો છે, એટલે જે કંઈ પ્રાપ્ત થયું છે તે વહેલું મોડું આપણાથી અવશ્ય છુટું

પડવાનું છે. મરણનો ભય પ્રતિક્ષણે રહેલો છે. અને કર્મનો વિપાક ઘણો દારુણ છે એટલે આ ભવમાં જે કંઈ પાપ કર્મો ઉપાર્જ્યાં હોય તેનાં ભયંકર પરિણામો જીવને જરૂર ભોગવવા પડે છે, વગેરે.

(૬) **तत एव तद्विरक्तः**- તે કારણે તેનાથી એટલે સંસારથી વિરક્ત થયેલો હોય.

(૭) **प्रतनुकषायः**- જેના કષાયો પાતળા પડેલા હોય. અર્થાત્ જે અત્યંત ક્રોધી, અત્યંતમાની, અત્યંત કપટી ને અત્યંત લોભી ન હોય.

(૮) **अल्पहास्यादि**- જે કદાચ હાસ્યાદિ કરે તો અલ્પ કરનારો હોય, અર્થાત્ વારંવાર ખડખડાટ હાસ્ય કરનારો ન હોય, વારંવાર ખડખડાટ હસવું એ ગંભીરતાની ખામી સૂચવે છે.

(૯) **कृतज्ञः**- જે કરેલા ગુણને-ઉપકારને જાણનારો હોય એટલે જે કૃતઘ્ન હોય-કરેલા ઉપકારોને ભૂલી જનારો હોય તે શ્રામણ્યનો અધિકારી નથી.

(૧૦) **विनीतः**- જે વિનયવાળો હોય. વિનય વિના વિદ્યાની પ્રાપ્તિ નથી, ધર્મની પણ પ્રાપ્તિ નથી. ગુરુની સમીપે રહી આધ્યાત્મિક વિકાસ કરનારમાં આ ગુણની અત્યંત આવશ્યકતા છે.

(૧૧) **राजामात्यपौरजनबहुमतः**- જે રાજા, અમાત્ય, નગરજનો વગેરેથી માન પામેલો હોય. તાત્પર્ય કે જેની રાજદરબાર અને લોકમાં પ્રતિષ્ઠા હોય. રાજા અને પ્રજાની જોડે મોટી દુશ્મનાવટ કરીને આવેલા પુરુષને શ્રમણ સંઘમાં દાખલ કરતાં અનેક અનિષ્ટો થવાની સંભાવના છે.

(૧૨) **अद्रोहकारीः**- કોઈનો દ્રોહ કરનારો ન હોય.

(૧૩) **कल्याणाङ्गः**- કલ્યાણકારી અંગવાળો હોય. અર્થાત્ શરીરે ખોડખાંપણ વિનાનો હોય.

(૧૪) **श्राद्धः**- શ્રદ્ધાવાળો હોય.

(૧૫) **स्थिरः**- સ્થિર બુદ્ધિવાળો હોય. અર્થાત્ આરંભેલાં કાર્યને વચમાં મૂકી દે તેવો ન હોય.

(૧૬) **समुपसंपन्नः**- આત્મસમર્પણ કરવા ગુરુ સમીપે આવેલો હોય.

# પરિશિષ્ટ-૨

## દીક્ષા આપનારના ગુણો

## શાસ્ત્ર-ધર્મબિંદુ

(૧) **विधिप्रतिपन्न प्रव्रज्यः**- જેમણે વિધિપૂર્વક દીક્ષા અંગીકાર કરેલી છે.

(૨) **समुपासित गुरुकुलः**- જેમણે ગુરુકુલની સારી રીતે ઉપાસના કરેલી છે.

(૩) **अस्खलित शीलः**- જે અસ્ખલિત શીલવાળા છે.

(૪) **सम्यगधीतागमः**- જેમણે આગમોનું (તેમજ તેને લગતાં બીજાં શાસ્ત્રોનું) સારી રીતે અધ્યયન કરેલું છે.

(૫) **ततत्वज्ञ विमलतरबोधतत्त्ववेदी**- અને તેથી અતિ નિર્મલ બોધ વડે તત્ત્વના જે જાણકાર છે.

(૬) **उपशान्तः**- જે ઉપશાત એટલે જેમના કષાયો શમી ગયા છે.

(૭) **प्रवचनवत्सलः**- જે પ્રવચન એટલે સંઘનું હિત કરનાર છે.

(૮) **सत्त्वहितरतः**- જે પ્રાણી માત્રના હિતમાં આસક્ત છે.

(૯) **आदेयः**- જેમનું વચન ગ્રહણ કરવા યોગ્ય છે.

(૧૦) **अनुवर्तकः**- જે ગુણી પુરુષોને અનુસરનાર છે.

(૧૧) **गम्भीरः**- જે ગંભીર છે.

(૧૨) **अविषादीः**- પરિષહ વગેરેમાં દીનતા ન પામે.

(૧૩) **उपशमलब्ध्यादिसंपन्नः**- બીજાને ઠંડા પાડી શકે એવી આવડતવાળા શિષ્યોને ઉપકરણ વગેરે મેળવી આપી શકે એવી શક્તિવાળા.

(૧૪) **प्रवचनार्थवक्ताः**- આગમમાં કહેલ અર્થના યથાસ્થિત પ્રરૂપણા કરનારા હોય.

(૧૫) **स्वगुर्वनुज्ञातगुरुपदः**- પોતાના ગચ્છનાયક વડે આચાર્ય પદવીને પામેલા હોય.

# પરિશિષ્ટ-૩

## દીક્ષા માટેના ૪૮ અયોગ્ય

**अट्ठारस पुरिसेसुं वीसं इत्थीसु दस नपुंसेसु ।**
**पव्वावणा अणरिहा अनला अह इत्तिआ भणिआ ॥**

પુરુષોમાં ૧૮, સ્ત્રીમાં વીસ અને નપુંસકમાં દસ એમ અડતાલીસ પ્રકારે દીક્ષા માટે અયોગ્ય જીવો કહ્યા છે.

**દીક્ષાને અયોગ્ય અઢાર પુરુષો :-**

**बाले[1] वुड्ढे[2] नपुंसे[3] य जड्डे[4] कीबे[5] अ वाहिए[6] ।**
**तेणे[7] रायाऽवगारी[8] य उम्मते[9] य अदंसणे[10] ॥ पंचकल्पभाष्य-२००**

**दासे[11] दुट्ठे[12] य मूढे[13] य अणते[14] जुंगिए[15] इय ।**
**ओबद्धये य भयए सेहनिप्फेडिआ इय ॥ पंचकल्पभाष्य-२०१**

(૧) **બાલ** :- જન્મથી લઈને આઠ વર્ષની નીચેના બાલ ગણાય છે. આવા જીવોને તથાસ્વભાવથી જ ચારિત્ર માટેના પરિણામ જાગતા નથી. તથા એવા બાલજીવો સંયમની પૂરી સમજણ તથા તે અંગેની ગંભીરતા ન હોવાથી સંયમનું પાલન કરી શકે નહિ. ઊલટાની વિરાધના ઘણી કરે. લોકમાં પણ શાસનની અપભ્રાજના થવાનો સંભવ હોય છે.

(૨) **વૃદ્ધ** :- સીત્તેર વર્ષની ઉપરની ઉંમરના વૃદ્ધ કહેવાય છે. વૃદ્ધ વ્યક્તિની શારીરિક શક્તિ ક્ષીણ હોવાથી સંયમની આરાધના યોગ્ય રીતે કરી શકે નહિ. તથા ઉંમરમાં મોટા હોવાથી મનમાં અભિમાન રાખે. તેથી સાધુજીવન બીજાના અનેક શાસનમાં રહેવા રૂપ વિનય પાળવામાં ઘણો ઉણો ઉતરે. અહિ આ વય મર્યાદા ૧૦૦ વર્ષના આયુ પ્રમાણે સમજવી. બાકી જે કાળમાં જે ઉત્કૃષ્ટ આયુષ્ય હોય તેના ૧૦ ભાગ કરો. ૮-૯-૧૦ માં ભાગની વયને વૃદ્ધ તરીકે લેખવી.

**बाला किड्डा मन्दा बला य पन्ना य हायणी पवंचा ।**
**पब्भार मुम्मुही विथं सयणी दसमा य णायव्वा ॥१॥**

**तहियं पढमदसाए अट्ठमवरिसादि होति दिक्खा तु ।**
**सेसासु छसुवि दिक्खा पब्भारादीसु सा ण भवे ॥२॥ ( पंचकल्प भाष्य )**

આયુષ્યને ભોગવવાની દશ દશા હોય છે. તે આ પ્રમાણે : બાલ, ક્રીડા, મંદા, બલા, પદ્મા, હાયણી, પ્રવંચા, પ્રાગ્ભારા, મુન્મુખી અને સયણી તેમાં પહેલી

દશામાં આઠમા વર્ષથી ઉપર દીક્ષા થાય. શેષ છ દશામાં દીક્ષા અપાય. પ્રાગ્ભારાદિ ત્રણમાં નહિ.

(૩) **નપુંસક** - સ્ત્રી અને પુરુષ બંનેનો અભિલાષી અને પુરુષની આકૃતિ ધારણ કરનાર નપુંસક કહેવાય છે. તે બહુ દોષકારી હોવાથી દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૪) **કલીબ** - વિષયની વાર્તાઓ સાંભળી તથા સ્ત્રીઓનાં અંગોપાંગ દેખી તેમજ તેમની વિષય ભોગની પ્રાર્થનાથી કામાતુર થનારો પુરુષ કલીબ કહેવાય છે. તેવો પુરુષ કામોત્તેજનાને વશ થઈ સ્ત્રીઓનું બલાત્કારે આલિંગનાદિ કરે છે. તેવા પુરુષને દીક્ષા આપવાથી શાસનનો ઉડ્ડાહ થાય છે, માટે દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૫) **જડ** - જે પુરુષ જ્ઞાનધારણ કરવાને અશક્ત હોય તે ભાષાજડ કહેવાય છે, જે પુરુષ શરીરની સ્થૂલતાને લીધે વિહાર કરવાને તથા આહાર પ્રમુખ લાવવાને અશક્ત હોય છે, તે શરીર જડ કહેવાય છે, અને જે પુરુષ વારંવાર ઉપદેશ કરવા છતાં જડપણાને લઈને પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રતિક્રમણ, પડિલેહણ આદિ ક્રિયાઓ કરવાને અશક્ત હોય છે, તેને કરણ જડ કહેવાય છે. આ ત્રણે જડ દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૬) **વ્યાધિગ્રસ્ત** - જે પુરુષ ભગંદર, અતિસાર, કુષ્ટ, પથરી, ફેફસં (વાઈ), અર્શ, ઉધરસ તથા જ્વરાદિ રોગોથી ગ્રસ્ત થયો હોય તે વ્યાધિગ્રસ્ત કહેવાય છે. તેની ચિકિત્સા કરતાં ષડ્ જીવનિકાયની વિરાધના થવાનો સંભવ છે. તેમજ તેને સ્વાધ્યાયાદિકની હાનિ થાય છે, તેથી તે દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૭) **સ્તેન** - જે ચોર અથવા લૂંટારો હોય તે અનર્થનું કારણ હોવાથી દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૮) **રાજાપકારી** - જે પુરુષ રાજાના ભંડારનો, અંતઃપુરનો, શરીરનો અને રાજકુટુંબનો દ્રોહ કરનાર હોય તે રાજાના અપકારને લઈને કારાગૃહ કે દેશનિકાલ જેવી શિક્ષાનો પાત્ર બને છે, તેથી તે દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૯) **ઉન્મત્ત** - ગાંડો અથવા પ્રબળ મોહના ઉદયથી ભૂતપ્રેતાદિથી પરવશ થયેલો પુરુષ ઉન્મત ગણાય છે. તેવાને દીક્ષા આપવાથી કષ્ટ થવાનો સંભવ છે અને તેથી સ્વાધ્યાય, ધ્યાન તથા સંયમને સાધવામાં મોટી હાનિ થાય છે, તેથી તે દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૧૦) **અદર્શન** - જે પુરુષ આંખ વડે જોઈ શકતો નથી કે થીણદ્ધિ નિદ્રાના યોગવાળો છે અથવા સમ્યગ્ દૃષ્ટિ વિનાનો છે, તે અદર્શન કહેવાય છે. એવો

પુરુષ દીક્ષા આપવાને યોગ્ય નથી. દષ્ટિનાં વિકલપણાથી ષડ્જીવ વિરાધનાનો સંભવ છે, તેમજ કાંઈ વિષમ સ્થાનમાં પડે તો આત્મ વિરાધના કરે છે, માટે તે દીક્ષાને અયોગ્ય છે. જો તેનામાં થીણદ્ધિ નિદ્રાનો ઉદય હોય તો કોઈ વખતે તેના આવેશથી શ્રાવક કે સાધુનું મરણ નીપજાવે છે, તેથી તે દીક્ષાને અયોગ્ય છે. જેની દષ્ટિ સમ્યક્ નથી, એ તો દીક્ષા આપવાને યોગ્ય ગણાય જ કયાંથી ? એટલે આ ત્રણે પ્રકારના પુરુષોને દીક્ષા માટે અયોગ્ય માનવામાં આવ્યા છે.

(૧૧) **દાસ** - જે પુરુષ દાસીથી ઉત્પન્ન થયેલો હોય, દુકાળ આદિ કારણથી નિર્ધન થયેલા કોઈ માણસ પાસેથી વેચાતો લીધેલો હોય અથવા કરજથી ગ્રહણ કરેલો હોય એટલે લ્હેણામાં લીધેલો હોય, તેને દીક્ષા આપવી નહિ, કારણ કે તેનો સ્વામી દીક્ષા મૂકાવી લઈ જાય વગેરે ઉપદ્રવો થવાનો સંભવ છે.

(૧૨) **દુષ્ટ** - જે પુરુષ દૂષિત થયેલ હોય તે દુષ્ટ કહેવાય. આવા દુષ્ટો બે પ્રકારના હોય છે : (૧) કષાય દુષ્ટ અને (૨) વિષય દુષ્ટ. જે અલ્પ કારણે ઘણો કષાય કરે તે કષાય દુષ્ટ કહેવાય છે. અને જે પરસ્ત્રી વગેરેમાં અતિ લુબ્ધ થાય તે વિષય-દુષ્ટ કહેવાય છે. આ બંને દુષ્ટો સંકલેશવાળા અધ્યવસાયને લઈને દીક્ષા આપવાને અયોગ્ય છે.

(૧૩) **મૂઢ** - સ્નેહ અથવા અજ્ઞાન વગેરેનાં પરતંત્રપણાને લીધે વસ્તુનાં જ્ઞાનથી શૂન્ય એવો મૂઢ પુરુષ કાર્યાકાર્યના વિવેકથી રહિત હોવાને કારણે દીક્ષા આપવાને અયોગ્ય છે.

(૧૪) **ઋણાર્ત્ત** - રાજા અથવા સાહુકારનો કરજદાર હોય તેને દીક્ષા આપવાથી વખતે રાજાપ્રમુખ તેને પકડાવી કદર્થના કરે માટે તેવો પુરુષ દીક્ષાને અયોગ્ય છે.

(૧૫) **જુંગિત** - જાતિ, કર્મ અને શરીરથી દૂષિત એટલે હલકી જાતના પુરુષને જુંગિત કહેવામાં આવે છે. ચંડાળ, કોળી, મોચી, છીપા વગેરે જાતિ જુંગિત કહેવાય છે. મોર, કૂકડા, પોપટ વગેરેને પોષણ કરી વેચવા રાખનારા તથા વાંસ અને દોર ઉપર ચડી રમત કરી આજીવિકા કરનારા તેમજ શિકાર વગેરે નિંદિત કર્મ કરનારા વાઘરી વગેરે કર્મ જુંગિત કહેવાય છે. અને જે બુચા, બહેરા, લૂલા, લંગડા, પાંગળા, કુબડા, કાણા અને ઠીંગણા હોય તે શરીર જુંગિત કહેવાય છે. આ ત્રણે પ્રકારના જુંગિતો દીક્ષા આપવાને અયોગ્ય છે, કારણ કે તેવાઓને દીક્ષા આપવાથી લોકમાં નિંદા થાય છે.

(૧૬) **અવબદ્ધ** - પૈસા લેવા અથવા વિદ્યા ભણવા માટે ભીક્ષા લેવા આવનારો, તેમજ 'હું અમુક દિવસ સુધી તમારો છું.' એવો કોઈ જાતનો ઠરાવ

કરી આત્માને પરાધીન કરનારો પુરુષ દીક્ષા આપવાને યોગ્ય નથી, કારણ કે તેમાં કલહ વગેરે દોષો ઉત્પન્ન થવાનો સંભવ છે.

(૧૭) **ભૃતક** - અમુક મુદત સુધી નોકરી કરવાના ઠરાવથી રાખેલા પુરુષને ભૃતક કહેવાય છે. જ્યાં સુધી તેની અવધિનો કાળ સમાપ્ત ન થાય ત્યાં સુધી તે દીક્ષા આપવાને યોગ્ય નથી.

(૧૮) **શિષ્ય નિષ્ફેટિકા** - વગર સંમતિએ દીક્ષા આપવી તેને નિષ્ફેટિકા એટલે શિષ્યની ચોરી કહેવામાં આવે છે. તે માટે પંચકલ્પભાષ્યમાં જણાવ્યું છે કે–

**जो सो अपडुप्पण्णो बिरङ्कवरिसूण अहव अणिविङ्गो ।**
**तं दिक्खितअविदिण्णं, तेणो परतो अतेणो तु ॥ गा. ५२७ ॥**

સોળ વર્ષથી ઓછો, અપ્રતિપૂર્ણ અથવા નહિ વિવાહિત તેને માબાપના આપ્યા સિવાય જો દીક્ષા આપે તો (દીક્ષા આપનારને) ચોર ગણી શકાય અને સોળ વર્ષની ઉપરાંત રજા સિવાય પણ જો દીક્ષા આપે તો તે ચોર ગણી શકાય નહિ.

કેટલાક કહે છે કે આ નિયમ માત્ર ૮ થી ૧૬ વર્ષની વયવાળાને જ નહિ પણ તેથી મોટી વયવાળાને પણ લાગુ પડે છે, તેથી જ આર્યરક્ષિતજીની દીક્ષાને જૈન શાસનમાં પ્રથમ શિષ્ય નિષ્ફેટિકા કહેવામાં આવી છે. આર્યરક્ષિતજીને માબાપની સંમતિ વિના દીક્ષા આપવામાં આવી ત્યારે તેમની ઉંમર ૨૨ વર્ષની હતી. આ બનાવ વીર નિર્વાણના છઠ્ઠા સૈકામાં બન્યો હતો.

પરંતુ અહીં ૨૨ વર્ષનો જે ઉલ્લેખ કરવામાં આવે છે, તે સત્ય નથી. એ વખતે એમની ઉંમર ૧૧ વર્ષની હતી એમ યુગ પ્રધાન ગંડિકામાં સાદર જણાવ્યું છે અને તેજ કારણે તેને શિષ્ય નિષ્ફેટિકા એટલે શિષ્યની ચોરી કહેવામાં આવી હતી.

શ્રી ગૌતમસ્વામીએ ખેડૂતને ખેતરમાં જઈને દીક્ષા આપી. તેમાં કોઈની સંમતિ લીધી ન હતી. તે માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે રચેલા ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમાં જણાવ્યું છે કે-

પ્રભુએ ખેડૂતને બોધ કરવા માટે ગૌતમને મોકલ્યા. ગૌતમે તે ખેડૂત પાસે આવીને કહ્યું કે 'આ શું કરે છે ?' તે બોલ્યો : 'મારા ભાગ્યની પ્રેરણાથી આ ખેતી કરું છું.' ગૌતમે ફરીથી કહ્યું કે 'આવી ક્ષુદ્ર આજીવિકાથી જીવતાં તને શું ચિરકાળે સુખ થવાનું છે ? અરે ભદ્ર ! આ કષ્ટ તને કેવળ આ ભવમાં જ પ્રાપ્ત થયું છે તેમ નથી, પણ આ ખેતીમાં થતી પારાવાર જીવહિંસાથી આવું કષ્ટ બીજા ભવમાં પણ તને પ્રાપ્ત થશે. આ મહા આકરા કર્મના કષ્ટથી એક લાખમાં અંશનું કષ્ટ પણ

ધર્મકાર્યમાં કરાય તો તત્કાળ સર્વ કષ્ટનો અંત આવે છે.' આવા ગૌતમસ્વામીનાં વચનો સાંભળી તે બોલ્યો કે 'હે સ્વામી ! તમે મને સારો બોધ આપ્યો. હવે હું સંસારથી ઉદ્વેગ પામ્યો છું, માટે મને દીક્ષા આપો.' પછી 'આ પ્રતિબોધ પામ્યો છે' એવું જાણી ગૌતમે તરત જ તેને દીક્ષા આપી અને વીરપ્રભુનાં ચરણ પાસે જવા માટે તેને લઈ ચાલ્યા.'

શ્રી સ્થૂલભદ્રજીને શ્રી સંભૂતિ વિજય આચાર્યે રસ્તામાં તેમની માતાની કે સંબંધીની અનુમતિ લીધા વિના જ દીક્ષા આપી હતી. શ્રી શય્યંભવસૂરિને પણ તેમના ગુરુ પ્રભવસ્વામીએ તેમની ગર્ભિણી સ્ત્રી વગેરે સંબંધીની અનુમતિ મેળવ્યા વગર જ દીક્ષા આપી હતી. આવા દાખલાઓ પાંચ પચાસ નહિ પણ સેંકડો છે, એટલે ૧૬ વર્ષની ઉપરના પુરુષને તેના માતાપિતા કે વડીલની સંમતિ વગર દીક્ષા આપતાં નિષ્ફેટિકા દોષ લાગતો નથી.

અહીં એટલું સ્પષ્ટીકરણ આવશ્યક છે કે દીક્ષા લેનાર પોતાના માતાપિતા અને વડીલ વગેરેની સંમતિપૂર્વક દીક્ષા લે તે ઈચ્છવા યોગ્ય છે પણ તેવો મોટાદિનાં કારણે તે પ્રકારની સંમતિ ન આવે તો અટવીગ્લાન ન્યાયથી માતાપિતાને છોડી દીક્ષા લઈ શકે છે. (જુઓ **પંચસૂત્ર-સૂત્ર ૩ જુ**) દીક્ષા આપનાર ગુરુ સર્વ સંયોગોનો વિચાર કરી તેને સંમતિ વિના પણ દીક્ષા આપી શકે છે અને એમ કરતાં શિષ્ય નિષ્ફેટિકા થતી નથી.

**દીક્ષાને અયોગ્ય વીશ પ્રકારની સ્ત્રીઓ :-**

ઉપરના અઢાર અને

**गुव्विणी[१९] बालवच्छा[२०] य पव्वावेउं न कप्पइ...... ॥२०२॥**

આ રીતે દીક્ષા આપવાને અયોગ્ય એવા અઢાર પ્રકારના પુરુષોનું વર્ણન કર્યું. હવે દીક્ષા આપવાનો અયોગ્ય એવી વીસ પ્રકારની સ્ત્રીઓનું વર્ણન કરવામાં આવે છે. તેમાં પ્રથમ અઢાર પ્રકાર તો પુરુષની માફક જ સમજવાના છે. ઓગણીસ્સમો પ્રકાર **સગર્ભા**નો છે, એટલે જે સ્ત્રી ગર્ભવતી હોય તે દીક્ષા આપવાને યોગ્ય નથી. અને **વીસમો પ્રકાર** નાના બાળકવાળી સ્ત્રી છે, એટલે જેને બચ્ચું ધાવણું હોય કે બહુ નાનું હોય તે દીક્ષા આપવાને યોગ્ય નથી.

**દીક્ષાને અયોગ્ય દશ પ્રકારના નપુંસકો :-**

દશ પ્રકારના નપુંસકો દીક્ષા આપવાને યોગ્ય નથી, તે આ પ્રમાણે :-

(૧) **પંડક** - જેનો સ્વભાવ સ્ત્રીઓના જેવો હોય અને આકાર પુરુષના જેવો હોય.

(૨) **વાતિક** - પોતાના અથવા બીજા કોઈના નિમિત્તથી પુરુષ ચિહ્ન સ્તબ્ધ થતાં સ્ત્રીસેવા કર્યા વિના તે વેદને ધારણ કરવા સમર્થ થતો નથી.

(૩) **કલીબ** - તેની ઓળખાણ આવી ગઈ છે. છતાં પ્રકરણ વશાત્ એટલું વિશેષ જણાવવાનું કે કલીબ ચાર પ્રકારના હોય છે. તાદષ્ટિ કલીબ એટલે જે સ્ત્રીને નગ્ન જોઈને ક્ષોભ પામે. (૨) શબ્દ કલીબ તે સ્ત્રીનાં મુખના શબ્દો સાંભળીને ક્ષોભ પામે. (૩) આલિંગન કલીબ, તે સ્ત્રીને આલિંગન કરીને ક્ષોભ પામે. અને (૪) નિમંત્રણ કલીબ તે સ્ત્રીનાં નિમંત્રણથી કામાતુર થાય.

(૪) **કુંભી** - જેનું પુરુષ ચિહ્ન મોહના ઉત્કટપણાથી કુંભી નપુંસક કહેવાય છે. કોઈક તેનો અર્થ કુંભના જેવો સ્તનવાળો પણ કરે છે.

(૫) **ઈર્ષ્યાલુ** - પોતાનામાં સ્ત્રી ભોગવવાની શક્તિ નથી, તેથી બીજો પુરુષ સ્ત્રી ભોગવે તે ઉપર ઈર્ષ્યા કરનારો પુરુષ ઈર્ષ્યાલુ નપુંસક કહેવાય છે.

(૬) **શકુનિ** - વેદના આવેશથી ચકલાની જેમ વારંવાર સ્ત્રી સેવવામાં આસક્ત રહે તે શકુનિ કહેવાય છે.

(૭) **તત્કર્મસેવી** - મૈથુન સેવીને વેદના ઉગ્રપણાને લીધે જીહ્વા વડે ચાટવા વગેરે નિંદ્ય કર્મ કરે છે, તે તત્કર્મ સેવી કહેવાય છે.

(૮) **પાક્ષિકાપાક્ષિક** - જેને શુક્લ પક્ષમાં અતિશય મોહનો ઉદય થાય અને કૃષ્ણપક્ષમાં અલ્પમોહનો ઉદય થાય તે પાક્ષિકાપાક્ષિક કહેવાય છે.

(૯) **સૌગંધિક** - પોતાનાં લિંગને સુગંધવાળું જાણી સુંઘ્યા કરે તે સૌગંધિક કહેવાય છે.

(૧૦) **આસક્ત** - વીર્યપાત થયા પછી પણ જે સ્ત્રીનું આલિંગન વગેરે પ્રવૃત્તિ કરે છે તે આસક્ત કહેવાય છે.

આ પંડક વગેરે દશ પ્રકારના નપુંસકોની ઓળખ તે પુરુષથી અથવા તેના મિત્રો વગેરેના કહેવાથી જાણવામાં આવે છે.

અહીં કોઈને શંકા થાય કે પ્રથમ પુરુષમાં નપુંસકો કહ્યા અને અહીં પણ કહ્યા ત્યારે તેમાં અને અહીં કહેલામાં વિશેષતા શી ? તેનો ઉત્તર એ છે કે 'પ્રથમ જે નપુંસકો કહ્યા તે પુરુષાકૃતિ નપુંસકો હતા. અને અહીં જે કહેવામાં આવ્યા તે નપુંસકાકૃતિ નપુંસકો છે. એટલે જે પુરુષાકૃતિ નપુંસકો છે તેને પુરુષો ગણેલા છે, સ્ત્રી આકૃતિ નપુંસકો છે તેમને સ્ત્રીમાં ગણ્યા છે અને નપુંસક આકૃતિ નપુંસકો છે, તેમને નપુંસક ગણ્યા છે. આ નપુંસકોને નગરના દાહ જેવો ઉત્કટ કામ હોય છે, તેથી તેમનાં ચિત્ત સંકલેશને લીધે મલિન હોય છે, તેથી દીક્ષા આપવાને યોગ્ય નથી.

અહીં એવો પ્રશ્ન પૂછાવાનો પણ સંભવ છે કે શાસ્ત્રમાં સોળ પ્રકારના નપુંસકો કહ્યા છે અને અહીં તો દશ જ પ્રકાર કહ્યા તેનું કેમ?' તેનો ઉત્તર એ છે કે અહીં જે દશ પ્રકારના નપુંસકો કહ્યા તે દીક્ષાને અયોગ્ય છે અને બાકીના છ નપુંસકો **દીક્ષાને યોગ્ય** છે. તે માટે કહ્યું છે કે-

**वद्धिए चिप्पिए चेव मंतओसहिं ओवाहए ।**
**इसिसत्ते देवसत्ते य पव्वावेज्ज नपुंसए ॥**

(૧) **वर्द्धितक** - અંતઃપુરની રક્ષા માટે રાજાએ ઈંદ્રિયનો છેદ કરીને નાજર કરેલો પુરુષ.

(૨) **चिप्पित** - જન્મ થતાં જ આંગળીઓનાં મર્દનથી જેના વૃષણ ગળાવ્યા હોય તેવો પુરુષ.

(૩) **मंत्रोपहत** - મંત્રથી જેનો પુરુષવેદ નાશ પામ્યો હોય તેવો પુરુષ.

(૪) **औषध्युपहत** - ઔષધના પ્રયોગથી જેનો પુરુષવેદ નાશ પામ્યો હોય તેવો પુરુષ.

(૫) **ऋषिशप्त** - કોઈ ઋષિના શાપથી જેનો પુરુષવેદ નાશ પામ્યો હોય તેવો પુરુષ.

(૬) **देवशप्त** - કોઈ દેવનો શાપ થવાથી જેના પુરુષવેદ નાશ પામ્યો હોય તેવો પુરુષ, આ છ પ્રકારના નપુંસકોને નિશીથ સૂત્રમાં કહેલાં વિશેષ લક્ષણો સંભવે છે, તેથી તેઓ દીક્ષા લેવાને યોગ્ય છે.



# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા ભાગની વિગત

ભાગ - ૧ થી ૧૦, અગ્રલેખામૃત

**સુકૃત અનુમોદન :** કે.પી. સંઘવી પરિવાર,(સ્વદ્રવ્ય) માલગાંવ, સુરત,અમદાવાદ.
શ્રી ધર્મનાથ પો.હે. જૈનનગર જૈન સંઘ(જ્ઞાનખાતા)અમદાવાદ.
શ્રી મુલુંડ ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સમાજ(જ્ઞાનખાતા)મુલુંડ, મુંબઈ.
શ્રી નમિનાથ ગૃહ જિનાલય (જ્ઞાનખાતા) ઘાટકોપર-ઈસ્ટ, મુંબઈ.

---

ભાગ - ૧૧, અગ્રલેખામૃત + દિવ્યદર્શન + ગણધરવાદ

**સુકૃત અનુમોદન :** શેઠ શ્રી ઘેલાભાઈ કરમચંદ સેનિટોરિયમ ટ્રસ્ટ (જ્ઞાનખાતા), વિલેપાર્લે, મુંબઈ.

---

ભાગ - ૧૨, સાધર્મિક ભક્તિ + જીવનના આદર્શ + અનંતના પ્રવાસે

**સુકૃત અનુમોદન :** શ્રી ગીતાંજલી શ્વે.મૂ.પૂ.જૈન સંઘ (જ્ઞાનખાતા), બોરીવલી,મુંબઈ.

---

ભાગ - ૧૩ / ૧૪, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય

ભાગ - ૧૫, શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય + નિશ્ચય અને વ્યવહાર

**સુકૃત અનુમોદન :** શ્રી શાંતિ નિકેતન જૈન સંઘ (જ્ઞાનખાતા), સુરત.

---

ભાગ - ૧૬, અનાથી મુનિ + મદનરેખા + કલ્યાણ મિત્ર + નમિરાજર્ષિ

ભાગ - ૧૭, સંસારની જડ + જીવનમાં દિશાનું પરિમાણ+ સંસારના ત્રિવિધ તાપ

ભાગ - ૧૮, ગૃહસ્થ ધર્મ કેમ દીપે ? + દર્શનની ષડ્‌વિધ કલા + અરિહંત પરમાત્માની ઓળખાણ + જૈનશાસનમાં ભાગવતી દીક્ષાનું સ્થાન + સંસ્કૃતિના સંરક્ષણ

**સુકૃત અનુમોદન :** શ્રી રિદ્ધિ સિદ્ધિ આદર્શ શ્વે.મૂ. જૈન સંઘ (જ્ઞાનખાતા),મલાડ, મુંબઈ-૬૪.

---

ભાગ - ૧૯, ધ્યાન અને જીવન

ભાગ - ૨૦, ધ્યાન અને જીવન + ચિંતા ચાર પ્રકારની

**સુકૃત અનુમોદન :** શ્રી લબ્ધિનિધાન સીમંધરસ્વામી જૈન સંઘની આરાધક શ્રાવિકાઓ(જ્ઞાનખાતા)
એલફીન્સ્ટન, વરલી, મુંબઈ.

---

ભાગ - ૨૧/૨૨/૨૩, શ્રી સમરાદિત્ય કથા

**સુકૃત અનુમોદન :** શ્રી નવજીવન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ (જ્ઞાનખાતા), મુંબઈ.

---

ભાગ - ૨૪/૨૫, શ્રી સમરાદિત્ય કથા, ભાગ - ૨૬, શ્રી સમરાદિત્ય કથા + અમીચંદની અમીદૃષ્ટિ + મહાસતી દેવસિકા + રૂપસેન અને સુનંદા

**સુકૃત અનુમોદન :** શ્રી વિલેપાર્લે શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘ એન્ડ ચેરિટી ટ્રસ્ટ
(જ્ઞાનખાતા) પાર્લા- ઈસ્ટ, મુંબઈ.

---

ભાગ - ૨૭, પર્યુષણ પર્વના પ્રવચનો

ભાગ - ૨૮/૨૯, આત્માનો વિકાસ અને મહાસતી સીતાજી

**સુકૃત અનુમોદન :** શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જૈન શ્વેતાંમ્બર મંદિર ટ્રસ્ટ
શ્રી કુંભોજગિરિ જૈન તીર્થ (જ્ઞાનખાતા)

ભાગ - ૨૧ થી ૩૦ - સ્વ. શેઠશ્રી નેમચંદ્ર જે. મહેતા (ઘાટકોપર) સાધારણ ખાતામાંથી

ભાગ - ૩૦, લલિત વિસ્તરા + સતી દમયંતી
ભાગ - ૩૧, શ્રી શાંતિનાથ ભવ - ૧ થી ૪
ભાગ - ૩૨, શ્રી શાંતિનાથ ભવ - ૪ થી ૬
**સુકૃત અનુમોદન** : પૂજ્ય સાધ્વીશ્રી રત્નત્રયીશ્રીજી મ.સા.ની દીક્ષામાં થયેલ ઉપજમાંથી

ભાગ - ૩૩, શ્રી શાંતિનાથ ભવ - ૬ થી ૮, ભાગ - ૩૪, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦
ભાગ - ૩૫, શ્રી શાંતિનાથ ભવ - ૮ થી ૧૦ + પ્રારબ્ધ પર પુરુષાર્થનો વિજય
+ ઉબ્બુડ્ડો મા પુણો નિબુડ્ડિજ્જા
**સુકૃત અનુમોદન** : શ્રી શાંતિસુધા પાર્ક જૈન સંઘ (જ્ઞાનખાતા), ઘાટકોપર(ઈ), મુંબઈ.

ભાગ - ૩૬, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૧, ભાગ - ૩૭, શાંતસુધારસ અને ઋષિદત્તા - ૨
ભાગ - ૩૮, વીસસ્થાનક-અરિહંત પદ-દેવપાલની સાધના + તામસભાવના તાંડવ
ભાગ - ૩૯, વીસસ્થાનક-સિદ્ધપદ - હસ્તિપાલની સાધના + રાગદ્વેષ કરાવે કલેશ
ભાગ - ૪૦, રાગદ્વેષ કરાવે કલેશ + નરસિંહની કથા + દાનધર્મ
ભાગ - ૪૧-૪૨ શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન ૧ -૨
**સુકૃત અનુમોદન** : શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન સંઘ (જ્ઞાનખાતા),
સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ.

ભાગ - ૪૩, શ્રી કુવલયમાળા-ચરિત્ર વ્યાખ્યાન -૩ + કષાય રોકો: છૂટવાનો મોકો
**સુકૃત અનુમોદન** : અમદાવાદ વાસણાની આરાધક બહેનો (જ્ઞાનખાતા),અમદાવાદ.

ભાગ - ૪૪, કષાય રોકો: છૂટવાનો મોકો
ભાગ - ૪૫, શ્રી પંચસૂત્ર-૧
ભાગ - ૪૬, શ્રી પંચસૂત્ર ભાગ-૨ + ભવાભિનંદીજીવના ૮ દુર્ગુણ + જીવનસંગ્રામ
**સુકૃત અનુમોદન** :શ્રી વર્ધમાન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ (જ્ઞાનખાતા), નાસિક.

ભાગ - ૪૭, સંદેશો પ્રભુવીરનો + કામલતાની કરુણ કહાની
ભાગ - ૪૮, સુલાસાચરિત્ર + ભોગોપભોગ પરિમાણવ્રત
ભાગ - ૪૯, તરંગવતી-૧
**સુકૃત અનુમોદન** :શ્રી મરીનડ્રાઈવ જૈન અરિહંત ટ્રસ્ટ, શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલય

ભાગ - ૫૦, તરંગવતી-૨ + અસંખયં જીવિયં મા પમાયએ
**સુકૃત અનુમોદન** : કરબટીયા-પિપળધન(ધર્મપુરી) શ્વે.મૂ.પૂ.જૈન સંઘ

ભાગ - ૫૧/૫૨, રુક્મિરાજાનું પતન અને ઉત્થાન-૧/૨
ભાગ - ૫૩ રાજપુત્ર આર્દ્રકુમાર
**સુકૃત અનુમોદન** :શ્રી શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ (શિવ) સાયન-મુંબઈ.

ભાગ - ૫૪ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૧ થી ૫
ભાગ - ૫૫ આનંદઘનજી કૃત સ્તવન રહસ્યાર્થ -૬ + ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૧ થી ૭
ભાગ - ૫૬ ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫
**સુકૃત અનુમોદન** :શ્રી મુલુન્ડ શ્વેતાંબર મૂ.પૂ.જૈન સંઘ, મુલુન્ડ-મુંબઈ.

ભાગ - ૫૭ પરમતેજ સારોદ્ધાર

**સુકૃત અનુમોદન** : શ્રી કાન્તીનગર જૈન સંઘ, જે.બી. નગર, અંધેરી અને શ્રી નીલમણી બિલ્ડિંગના આરાધકો, પાર્લા, મુંબઈ.

ભાગ - ૫૮ અરિહંત-સિદ્ધ-આચાર્યપદ પૂજા

**સુકૃત અનુમોદન** :શ્રી મલાડ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ,જીવતલાલ ચંદ્રભાણ કોઠારી જૈન દેરાસર, મુંબઈ.

ભાગ - ૫૯ ઉપાધ્યાય+સાધુપદપૂજા+માર્ગાનુસારી જીવન+ષોડશક+ગણધરવાદ (૨થી૧૧)

**સુકૃત અનુમોદન** :શ્રી કલ્યાણ કલ્પતરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ, મલાડ-મુંબઈ.

ભાગ - ૬૦ ધ્યાનશતક + શ્રી તત્ત્વાર્થ ઉષા + નમસ્કાર ગ્રન્થનો ઉપોદ્ઘાત

**સુકૃત અનુમોદન** :શ્રી હસમુખભાઈ કેસરીચંદ ચૂડગર પરિવાર

ભાગ - ૬૧ ઉચ્ચપ્રકાશના પંથે **સુકૃત અનુમોદન** : દિવ્ય દર્શન ટ્રસ્ટ

ભાગ - ૬૨ શ્રી ભગવતીસૂત્ર વિવેચન ભાગ-૧ + ઉપદેશમાલા

ભાગ - ૬૩ ધર્મ કેમ અને કેવો આરાધ્ય ? + પ્રકરણ દોહન + પળમાં પાપને પેલે પાર, + પ્રકીર્ણ પ્રસાદ

ભાગ - ૬૪ શ્રદ્ધાંજલી-૧

**સુકૃત અનુમોદન** :શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વે.મૂ. તપાગચ્છ જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ, ઈસ્ટ.

ભાગ - ૬૫, શ્રદ્ધાંજલી-૨

**સુકૃત અનુમોદન** :શ્રી સેફાલી જૈન સંઘ, અમદાવાદ, વાસણા.

ભાગ - ૬૬, સમાચાર-૧

**સુકૃત અનુમોદન** :શ્રી દેસાઈપોળ જૈન શ્રાવિકા ઉપાશ્રયની બહેનો, સુરત.

ભાગ - ૬૭, સમાચાર-૨

**સુકૃત અનુમોદન** :શ્રી દેસાઈપોળ જૈન શ્રાવિકા ઉપાશ્રયની બહેનો, સુરત., શ્રી લબ્ધિનિધાન સીમંધર સ્વામી જૈન સંઘ, એલફીન્સ્ટન-વરલી, મુંબઈ.

ભાગ - ૬૮, સમાચાર-૩

ભાગ - ૬૯, સમાચાર-૪

**સુકૃત અનુમોદન** :શ્રી ધર્મવર્ધક ગેલેક્ષી શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, અઠવાલાઈન્સ, સુરત.

ભાગ - ૭૦, સમાચાર-૫

**સુકૃત અનુમોદન** :શ્રી નડિયાદ શ્વે.મૂર્તિપૂજક જૈન સંઘ, દેવચકલા, નડિયાદ.

ભાગ - ૭૧, શાસન પ્રભાવના-૧

**સુકૃત અનુમોદન** :શ્રી નવાપુરા જૈન સંઘ, સુરત.

ભાગ - ૭૨, શાસન પ્રભાવના-૨

**સુકૃત અનુમોદન** :શ્રી સંવેગી ઉપાશ્રય (રિલીફ રોડ), હાજાપટેલની પોળ, અમદાવાદ.

ભાગ - ૭૩, શાસન પ્રભાવના-૩

ભાગ - ૭૪-૭૫, શિબિર ૧-૨

**સુકૃત અનુમોદન** :શ્રી અઠવાલાઈન્સ શ્વે.મૂ.પૂ.જૈન સંઘ, શ્રી ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.

ભાગ-૭૬ અગ્રલેખામૃત, પ્રકીર્ણ પ્રસાદ-૧

**સુકૃત અનુમોદન**: સકલ જૈન સમાજ-નાગપુર, અધ્યક્ષ વિજય દર્ડા (સાંસદ)

ભાગ-૭૭, અગ્રલેખામૃત + (પ્રકીર્ણ પ્રસાદ-૨) શ્રદ્ધાંજલી, કલ્યાણ, સુઘોષાના વિવિધ લેખો + શ્રમણ માર્ગ સાધનાના લેખો + બાર ભાવની સજ્ઝાયની ભાવાર્થના

**સુકૃત અનુમોદન:** સકલ જૈન સમાજ-નાગપુર, હ. ગણેશકાકા જૈન
(અધ્યક્ષ-વર્ધમાન નગર જૈન સંઘ-નાગપુર)

---

ભાગ-૭૮ જૈન ધર્મનો પરિચય + (પ્રકીર્ણ પ્રસાદ-૩)

**સુકૃત અનુમોદન:** સકલ જૈન સમાજ-નાગપુર, હ. ગણેશકાકા જૈન
(અધ્યક્ષ-વર્ધમાન નગર જૈન સંઘ-નાગપુર)

---

ભાગ-૭૯ ઉત્તરાધ્યયન સૂત્ર 'નમિરાજર્ષિ'ના પ્રવચનો + (પ્રકીર્ણ પ્રસાદ-૪)
જાહેર પ્રવચનો, પત્ર પ્રેરણા, યતિહિત શિક્ષા

**સુકૃત અનુમોદન:** શ્રી કુંથુનાથ જૈન સંઘ, પ્રીતમનગરનો અખાડો, અમદાવાદ.

---

ભાગ-૮૦ શ્રી ભુવનભાનુસૂરિ સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા + (પ્રકીર્ણ પ્રસાદ-૫)
શ્રી ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયામાં આવતા કથાનકોની અકારાદિ અનુક્રમણિકા, જૈન શ્રમણ

**સુકૃત અનુમોદન:** શ્રી જેઠાભાઈ પાર્ક જૈન સંઘની બહેનો, અમદાવાદ.

## સાદર સમર્પણ

પ્રતિછાયાની જેમ આજીવન વડિલબંધુ પૂજ્યપાદ મુનિ/ પંન્યાસ શ્રી **ભાનુવિજય** ગણિવરની શાસનપ્રભાવનાદિ સાધનામાં ખભેખભા મિલાવીને પૂર્ણ સહયોગ દાખવનારા વિદ્વદ્વર્ય મુનિ-શ્રાવકસ્થિરીકરણ કુશલ બ્રહ્મનિષ્ઠ તપસ્વી...

**પ.પૂ. પદ્મવિજય** ગણિવરશ્રીના કરકમલમાં

**સમ્પૂર્ણ ભાગ-૧ થી ૮૦**

**ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયાનું**



ધર્મપ્રવૃત્તિમાં વિશેષ ઉજમાળ રહેવું. જેથી આત્મરક્ષા ઊભી થાય. જાતને બિનસલામત કરી બહારનું સલામત કરવામાં કાંઈ જ ડહાપણ ન ગણાય. માનવભવ ભૂતકાળની ઊભી કરેલી અનેક બિન સલામતીઓને ભૂંસી નાંખીને નવેસરથી મહાસલામતી ઊભી કરી લેવા માટે છે.

આ. ભુવનભાનુસૂરિ

પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪